# કવિચરિત

(ભાગ ૨)

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : અમદાવાદ

P. P. Ac. Gunratnasuri M.S.		Jin Gun Aaradhak Trust

કચ્છ બિપ્સ સ્મારક ગ્રંથમાળા, ગ્રંથાંક ૧૭ મો

# કવિચરિત

[ ભાગ ૨ ]

લેખક

કેશવરામ કાશીરામ શાસ્ત્રી

પંડિત, સંશોધન-વિભાગ
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : અમદાવાદ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રકાશક:
રસિકલાલ છોટાલાલ પરીખ
અધ્યક્ષ,
ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી
ભદ્ર, અમદાવાદ

આવૃત્તિ ૧ લી
પ્રત : ૧૭૦૦

ઇ. સ. ૧૯૪૧
વિ. સં. ૧૯૯૭

*

કીમત ૧ રૂપિયો

મુદ્રક:
મણિલાલ પુ. મિસ્ત્રી, બી. એ.
આદિત્ય મુદ્રણાલય
રાયખડ : અમદાવાદ

P. P. Ac. Gunratnasuri M.S.

Jin Gun Aaradhak Trust

## કચ્છ ગિબ્સ સ્મારક ગ્રંથમાળાનો

# પરિચય

**મ**હારાવ સર ખેંગારજી સવાઈ બહાદૂર એમના સગીરપણામાં નિમાયેલી રીજન્સીએ, સરકારની પરવાનગી લઇને ઇ. સ. ૧૮૮૦માં ઑનરેબલ જેમ્સ ગિબ્સ સી. એસ. આઇ., જેઓ તે વખતે વાઇસરૉય અને ગવર્નર–જનરલની કાઉન્સિલના મેમ્બર હતા, અને જેઓ એક વખત મુંબઇ યુનિવર્સિટીના વાઈસ–ચાન્સેલર હતા, તેમના કચ્છ કાઠિયાવાડ તથા ગુજરાત સાથેના સંબંધના સ્મરણાર્થ તથા ગુજરાતી સાહિત્યની અભિવૃદ્ધિને ઉત્તેજન આપવાને માટે સોસાયટીને રૂ. ૨૫૦૦) ની નોટો સ્વાધીન કરી છે, તેના વ્યાજમાંથી વખતોવખત ઇનામ આપી પુસ્તકો રચાવવામાં આવે છે, અને તે પુસ્તકો સોસાયટી છપાવે છે. આજ સુધી આ ફંડમાંથી નીચેનાં પુસ્તકો તૈયાર કરવામાં આવ્યાં છે:

૧ ઉદ્યોગથી થતા લાભ અને આળસથી થતી હાનિ
૨ માંદાની માવજત
૩ જીવજંતુ અને વનસ્પતિની અજાયબીઓ
૪ રણજિતસિંહ
૫ માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન
૬ લૉર્ડ લૉરેન્સ
૭ બ્રાહ્મણોના સોળ સંસ્કાર
૮ હિન્દની રાજ્યવ્યવસ્થા અને લોકસ્થિતિ
૯ વનસ્પતિશાસ્ત્ર (આર્થિક દૃષ્ટિએ)
૧૦ અભિનયકલા
૧૧ પુરાણવિવેચન
૧૨ ભૂસ્તરવિજ્ઞાન, પૂર્વાર્ધ
૧૩ " ઉત્તરાર્ધ
૧૪ અર્વાચીન ગુજરાતી સાહિત્ય
૧૫ રસગંગા
૧૬ કવિચરિત, ભાગ ૧ લો
૧૭ " ભાગ ૨ જો

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી
ભદ્ર, **અમદાવાદ**
તા. ૮–૧–૧૯૪૧

**રસિકલાલ છોટાલાલ પરીખ**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# નિવેદન

**કવિચરિત**, ભાગ ૧લામાં અસાઇતથી માંડી વસ્તા ડેડિયા સુધીના ૪૦ કવિઓનું ચરિત આપવામાં આવ્યું હતું, અને **નરસિંહયુગ** અને **નાકરયુગ**ના કવિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો, આ બીજા ભાગમાં વિષ્ણુદાસથી શરૂ કરી કુંવર સુધીના–સ્વતંત્ર રીતે **વિષ્ણુયુગ** કહિયે તો તે યુગના, પણ વિષ્ણુદાસ મોટી સાહિત્યસેવા છતાં કવિત્વની દૃષ્ટિએ યુગધર બની શકવાની સ્થિતિમાં ન હોવાને કારણે—**નાકર-યુગના** બાકીના ૬૨ કવિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે; હવે **પ્રેમાનંદયુગ** ત્રીજા ભાગમાં શરૂ થશે. પહેલા ભાગમાં ફીકુ વસહી **નરસિંહયુગ**માં રહી ગયેલો તે આ બીજા ભાગમાં શરૂમાં મૂકવામાં આવ્યો છે, તેને તેના યોગ્ય સ્થાને ગણી લેવો.

નરસિંહ મહેતાને હાથે વવાયેલા, ભાલણને હાથે નવપલ્લવિત થયેલા, નાકરને હાથે શાખા–પ્રશાખામાં ખીલેલા આખ્યાનવૃક્ષને પૂર્ણ સમૃદ્ધિ અર્પવાનો પ્રયત્ન વિષ્ણુદાસથી શરૂ થતા કવિઓએ કર્યો છે, એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. આ યુગમાં આખ્યાનપ્રકાર ખૂબ સમૃદ્ધ થયો છે. આ યુગમાં જ્ઞાની કવિઓ પણ થયા છે. અખો એમાં મૂર્ધન્ય છે. પણ એ સાથે ગરબા–ગરબી સાહિત્યનો વિકાસ આ યુગમાં ભાણદાસને હાથે થયો છે. પદ–પ્રકાર પણ આ યુગમાં નવજીવન પામ્યો છે, પણ તે મોટે ભાગે જ્ઞાનમય કવિતામાં. આમ ત્રિવિધ કાવ્યવિકાસ આપણા આ જૈનેતર કવિઓએ સાધ્યો છે.

ગૂજરાતી ભાષા અને સાહિત્ય કેટલું વિકસિત હતું, તે આ કવિઓનાં ચરિતોમાંથી મળશે, તો આ લેખકની મહેનત સાર્થક છે.

ગુ. વ. સો. સંશોધનવિભાગ,<br>અમદાવાદ, તા. ૮–૧–૧૯૪૧

**કેશવરામ કા. શાસ્ત્રી**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# અનુક્રમણિકા


| કવિ | પૃષ્ઠ | કવિ | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ અસાઇત | ૩ | ૨૬ ચતુર્ભુજ | ૨૩૧ |
| ૨ શ્રીધર વ્યાસ | ૮ | ૨૭ જુગનાથ | ૨૩૬ |
| ૩ ભીમ | ૧૪ | ૨૮ ગંગાદાસ | ,, |
| ૪ અબ્દુર રહેમાન | ૧૬ | ૨૯ નારાયણ | ૨૪૨ |
| ૫ નરસિંહ મહેતો | ૧૯ | ૩૦ જ્ઞાનાચાર્ય | ૨૪૫ |
| ૬ વસંતવિલાસકાર | ૫૫ | ૩૧ શશિકલાકાર | ૨૫૩ |
| ૭ મયણ | ૬૧ | ૩૨ પ્રેમાવતીકાર | ૨૫૭ |
| ૮ પદ્મનાભ | ૬૩ | ૩૩ ઈસર બારોટ | ૨૫૯ |
| ૯ વીરસિંહ | ૭૨ | ૩૪ ભીમ વૈષ્ણવ | ૨૬૧ |
| ૧૦ કર્મણ મંત્રી | ૭૭ | ૩૫ મધુસૂદન વ્યાસ | ૨૬૩ |
| ૧૧ કેશવદાસ કાયસ્થ | ૭૯ | ૩૬ બ્રહ્દેવ | ૨૭૫ |
| ૧૨ માંડણ બંધારો | ૯૧ | ૩૭ સુરદાસ | ૨૮૦ |
| ૧૩ ભાલણ | ૯૮ | ૩૮ રાજધરદાસ | ૨૮૪ |
| ૧૪ ભીમ | ૧૨૩ | ૩૯ માંગુ | ૨૮૮ |
| ૧૫ જનાર્દન ત્રવાડી | ૧૪૨ | ૪૦ વસ્તો ડોડિયો | ૨૯૧ |
| ૧૬ વાસુ | ૧૫૩ | ૪૧ કીકુ વસહી | ૨૯૭ |
| ૧૭ દેહલ | ૧૫૭ | ૪૨ વિષ્ણુદાસ | ૩૦૪ |
| ૧૮ નરપતિ | ૧૫૯ | ૪૩ વછરાજ | ૩૩૬ |
| ૧૯ મીરાંબાઈ | ૧૬૮ | ૪૪ ગોપાલદાસ વણિક | ૩૪૨ |
| ૨૦ શ્રીધર કવિ | ૧૯૨ | ૪૫ લીલો | ૩૪૮ |
| ૨૧ જાવડ | ૧૯૯ | ૪૬ મેગલ | ૩૫૦ |
| ૨૨ નાકર | ૨૦૨ | ૪૭ હરિદાસ વાળંદ | ૩૫૪ |
| ૨૩ ગણપતિ | ૨૧૫ | ૪૮ લક્ષ્મીદાસ | ૩૬૦ |
| ૨૪ ઉદ્ધવ | ૨૨૧ | ૪૯ હરિદાસ રૈક્વ | ૩૬૮ |
| ૨૫ વિષ્ણુદાસ | ૨૨૭ | ૫૦ વાસણદાસ | ૩૭૩ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| કવિ | પૃષ્ઠ | કવિ | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૫૧ વજિયો | ૩૭૬ | ૭૭ ગોપાલદાસ વ્યારાવાળા | ૪૯૮ |
| ૫૨ કાશીસુત શેધજી | ૩૮૫ | ૭૮ મહાવદાસ | ૫૦૦ |
| ૫૩ ઉદ્ધવદાસ | ૩૯૧ | ૭૯ વૈકુંઠદાસ | ૫૦૨ |
| ૫૪ રામદાસસુત | ૩૯૨ | ૮૦ પોઠો | ૫૦૩ |
| ૫૫ કાહાન | ૩૯૭ | ૮૧ મુરારિ | ૫૦૬ |
| ૫૬ ધનરાજ | ૪૦૧ | ૮૨ નારાયણ | ૫૧૧ |
| ૫૭ સંત | ૪૦૪ | ૮૩ ગોપાલ ભટ્ટ | ૫૧૪ |
| ૫૮ તુલસી માધવસુત | ૪૦૭ | ૮૪ ફાંગ | ૫૧૭ |
| ૫૯ ફૂઢ | ૪૦૯ | ૮૫ પોચો | ૫૧૮ |
| ૬૦ દેવીદાસ ગાન્ધર્વ | ૪૧૫ | ૮૬ ધનદાસ | ૫૨૧ |
| ૬૧ મનોહરદાસ | ૪૨૨ | ૮૭ નરસિંહ નવલ | ૫૨૩ |
| ૬૨ રામભક્ત | ૪૨૫ | ૮૮ પૂંજાસુત કૃષ્ણ | ૫૨૬ |
| ૬૩ શિવદાસ | ૪૩૦ | ૮૯ નરહરિ | ૫૨૭ |
| ૬૪ ભુધર | ૪૪૫ | ૯૦ ગોપાલદાસ | ૫૩૭ |
| ૬૫ કૃષ્ણદાસ | ૪૪૬ | ૯૧ બૂટિયો | ૫૪૫ |
| ૬૬ ભાઉ | ૪૫૨ | ૯૨ અખો ભક્ત | ૫૪૮ |
| ૬૭ ગોવિંદ | ૪૫૭ | ૯૩ સુરભટ્ટ | ૫૭૧ |
| ૬૮ ભગવાન કાયસ્થ | ૪૬૧ | ૯૪ ગોવિંદ મોરાસુત | ૫૭૫ |
| ૬૯ કેશવદાસ | ૪૬૪ | ૯૫ માધવદાસ | ૫૭૮ |
| ૭૦ અવિચલદાસ | ૪૬૫ | ૯૬ ભાણદાસ | ૫૮૩ |
| ૭૧ મધુસૂદન | ૪૭૨ | ૯૭ માધવ | ૫૯૨ |
| ૭૨ રાણાસુત | ૪૭૩ | ૯૮ વિશ્વનાથ જાની | ૫૯૬ |
| ૭૩ પરમાણંદ | ૪૭૫ | ૯૯ જન તાપી | ૬૦૮ |
| ૭૪ વૈકુંઠ | ૪૭૯ | ૧૦૦ મુકુંદ ગૂગળી | ૬૧૨ |
| ૭૫ હરિરામ | ૪૯૦ | ૧૦૧ રતનજી | ૬૧૫ |
| ૭૬ કેશવદાસ વૈષ્ણવ | ૪૯૪ | ૧૦૨ હામો | ૬૨૦ |
| | | ૧૦૩ કુંવર | ૬૨૨ |


P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

# કવિચરિત

ભાગ ૨ જો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## કીકુ વસહી

[ સં. ૧૫૫૦ લગભગમાં હયાત ]

વિક્રમના સોળમા શતકે જે કેટલાક સારા કવિઓ આપ્યા છે, તેમાં એક કીકુ વસહી નામનો અયાચક અનાવળો કવિ પણ તેની જોવામાં આવેલી કૃતિઓ ઉપરથી એક સારો કવિ થઈ ગયો જણાય છે. [ આ કવિના વિષયમાં માહિતી પૂર્વે બરોબર નહિ મળી હોવાને કારણે તેના યોગ્ય સમયમાં મૂકી શકાયો નથી. ]

આ કવિ ગણદેવીનો વતની હતો તેવું તેના "બાલચરિત્ર" નામના કાવ્યને અંતે આપેલી આ વીગતથી જણાય છે; ત્યાં તેણે પોતાની જ્ઞાતિના સંબંધમાં પણ જણાવ્યું છે; જેમકે

"આદિ ઉતપંતિ કવિ તણી નયર **અનાઉલિ** ઠાંમ;
ઋષિ અજાચી શર્જ્યા, થિર થાપ્યા શ્રીરામ. ૬૨૩
ઉત્તમ કુલ ઉદીચનૂં, વિશ્વંભર વર દીય,
કર આપુ કરસણ કરૂં. દેવિ દાતા કીધ. ૬૨૪
**ગણદેવી** ગણ નયરનૂં, **નરહરિ** નાંમિ નાંમ,
વાડિવ વંશિ અવતર્યું, વશિ વાશિ તીણિ ઠાંમિ. ૬૨૫
**વસાહી ઓદા–સંભમી**, કહિ **કીકુ** કર જોડિ;
**બાલચરિત્ર** નરહરિ સુણી ભવભય-બંધન છોડિ. ૬૨૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કવિભાવિ કીરતિ કરૂં, કરૂં તે પૂજાનાદ:
કહિ કીકુ પ્રહલ્લાદ પરિ સમર્યા દીજે સાદ. ૬૨૯
વિપ્ર અજાચી સરજ્યા, હૂં તહ્ય યાચૂં દેવ,
આપિ ઉચિત કીકુ કહિ, ભવિ ભવિ તાહારી સેવ." ૬૩૦[1]

આ અવતરણમાં તેણે વંશવર્ણન કરી લીધું છે. ઉત્તરમાંથી આવેલા ઔદીચ્ય બ્રાહ્મણો ગણદેવીમાં આવી વસેલા, તેમાં એક નરહરિ નામનો બ્રાહ્મણ આવી વસેલો, તેના વંશમાં ગોદા વસહી નામનો જે પુરુષ થયો, તેનો પુત્ર તે આ કીકુ વસહી છે. વસહી એ અવટંક લાગે છે. અંગદવિષ્ટિ નામના તેના કાવ્યને છેડે પણ આ અવટંક તેણે આપી છે:

"વસહી કીકુ ઇમ ભણિ હરષિ રામ સજન મલ્યૌ:
વિષ્ટૈ જે સુણિ અંગદ તણી તે નિસિ ભવ ટલ્યૌ." ૬૦[2]

"વસહી" નો અર્થ શો થતો હશે, તે જાણવામાં નથી. સં. "वसति–રહેઠાણ" એ શબ્દ સાથે કાંઈ ખાસ સંબંધ જણાતો નથી. આ અવટંક આજે પણ અનાવળા બ્રાહ્મણોમાં ચાલુ છે.

આ કીકુનું સ્થાન તો ગણદેવી નજીકનું "અનાવલા" ગામ જણાય છે. અહીંના ઔદીચ્યો અનાવળા કહેવાયા છે, એમ આ એક પુરાવાથી સમઝી શકાય તેમ છે.

આ કવિનાં ઉપર બતાવ્યાં તે બે કાવ્ય ૧. બાલચરિત્ર[3] અને ૨. અંગદવિષ્ટિ મળે છે. આમાંનું ૧ લું કાવ્ય ભગવાન શ્રીકૃષ્ણની બાલલીલાઓને આપતું ૬૩૦ કડીનું દૂહા અને ચોપાઇ બંધનું એક

---

૧ ફા. ગૂ. સ. ત્રૈમાસિક, વર્ષ ૫મું, પૃ. ૧૪૪ (શ્રી. ક. મા. મુનશીનો "નરસિંહ યુગના કવિઓ"નો લેખ).

૨ બુદ્ધિપ્રકાશ, વર્ષ ૭૦મું, પૃ. ૩૬૪

૩ બાલચરિત્રની એક તૂ. હાથપ્રત ફા. ગૂ. સ. હ. લિ. ગ્રં. સં. નં. ૨૧૫ ख ની છે; જ્યારે અંગદવિષ્ટિ સં. ૧૬૦૦ લગભગની એક હાથપ્રત ઉપરથી "બુદ્ધિપ્રકાશ" પુ. ૭૦ માંનાં પૃ. ૩૫૩–૩૬૪ ઉપર છપાયેલી છે. હાથપ્રત હાલ પ્રાપ્ય નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિસ્તૃત કાવ્ય છે. ભાગવતના દશમ સ્કન્ધને આધારે તેણે આ કાવ્ય રચ્યું છે. કૃષ્ણની બાલલીલાને લગતાં લખાયેલાં કાવ્યોમાં નરસિંહ અને ભાલણનાં કાવ્યો પછી આ ૩ જું કાવ્ય છે. કવિનો આ એક સ્વતંત્ર પ્રયત્ન દક્ષિણ ગૂજરાતમાં રહીને થયેલો છે. કવિનો ચોક્કસ સમય નથી મળતો; એમ છતાં તેનાં કાવ્યોની હાથપ્રતો સં. ૧૬૦૦ આસપાસની મળતી હોવાથી તે પૂર્વનો છે, એ તો સ્પષ્ટ જ છે. એટલે એને સં. ૧૫૫૦ લગભગ ભાલણના સમયમાં મૂકવામાં બાધ નથી. આ કવિનો તેથી આ સ્વતંત્ર જ પ્રયત્ન છે, એ પણ અટકળી શકાશે. એણે આ કાવ્યને કડવાબદ્ધ ન લખતાં સળંગ જ લખ્યું છે, એ પણ તેનું સમર્થક થશે. નરસિંહ અને ભાલણની જો તેના ઉપર અસર થઇ હોત તો આવો સળંગ બંધ તેણે કદાચ ન સ્વીકાર્યો હોત. આ જાતનો સળંગ બંધ એ " પ્રબંધ " પદ્ધતિનો છે. આવા પ્રબંધો કેટલીકવાર સળંગ અને કેટલીક ૧૦૦-૧૨૫ કડીના ખંડ પાડી આપવામાં પણ આવ્યા હોય છે. " અસાઈત " ની " હંસાઉલી ", " પદ્મનાભ " નો " કાન્હડદે પ્રબંધ " એ ખંડમાં વિભક્ત કાવ્યો છે, જ્યારે " હીરાનંદસૂરિ " નો " વિદ્યાવિલાસપવાડો ", " વીરસિંહ " નું " ઉષાહરણ ", " ભીમ " ની " સદયવત્સકથા ', એ વગેરે સળંગ કૃતિઓ છે. આ પ્રકાર પાછળથી બહુ વ્યાપક નથી બન્યો.

કવિ તરીકે ફીકુનું સ્થાન ગૂજરાતી સાહિત્યમાં કેવું છે તે એની કૃતિઓ નક્કી કરી આપે છે. બાલચરિત્રમાં તેણે યશોદા વગેરેની વિહ્વલતા આપી છે, તે જોઇયે:

"સુણી વાત માતા દડવડી, રુદન કરિ ચાલિ ચડવડી,
નંદ ગોપ મનિ વિહ્વલ થાઇ, નયરલોકશૂં યમુના જાઇ. ૨૫૫
ગોકુલ સકલ સુણી ખલભલ્યૂં, નંદ કેડિ સવિ આવિ મિલ્યૂં;
ગોપનારિ સહૂ સાથે જાઇ, કરિ વિલાપ યશોદા માય. ૨૫૬
કહિ માતા મહીધરનિ કાજ, કરૂં પ્રાણ હવિ માહારા ત્યાજ્ય,
ઝંપાવાનિ આધી થાઇ, અવર નારિ સહૂ બાંહિ સાંહિ. ૨૫૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નંદ નિસાસા મૂકિ ઘણા, ઘસિ હાથ હઈઇ આપણા,
દુઃખ કિહિનિ કહ્યૂં ન જાય, પુત્રવિયોગ નહી સહિવાય. ૨૫૮"[1]

ભાગવતના કથાનકને અનુસરી કવિ કથાનક બરોબર આપતો જાય છે. પ્રેમાનંદે દશમસ્કન્ધમાં કૃષ્ણને યમુનામાં પડવાનું કારણ દડો પાણીમાં પડયો તે બતાવ્યું છે, જ્યારે ભાગવતને અનુસરી કીકુએ તો ગાયો વગેરે યમુનાના એ નાગથી ઝેરવાળા બનેલા પાણીથી મરી જતાં હતાં તે સહન ન થઈ શકવાથી કૃષ્ણે ઝંપલાવ્યું તેવું કહ્યું છે.

કવિએ કેટલાંક વર્ણન સારાં બનાવ્યાં છે. કૃષ્ણચંદ્ર યમુનાના ધરામાંથી કાલિય–દમન બાદ બહાર નીકળતાં જે આનંદ ગોવાળિયાઓમાં થાય છે, તેનું વર્ણન કરતાં કવિ પોતે પણ જાણે તેમાં સાથે જ હોય તેમ કહે છેઃ

[ દૂહા ]

"વસહી કીકુ વીનવિ સુણિ તું દેવ મોરારિ,
યમ ગોધન જીવાડયું તિમ તૂં કરજે સાર. ૨૯૬
માયા મોહનિ વસિ પડયાં વીસાર્યાં તુઝ નામ,
દયા કરિ તું સાંભરે, ભક્તાજન–વિશ્રામ. ૨૯૭

[ ચોપાઇ ]

ગોવાલા સાજન પરવર્યું, ગોવ્યંદ ગોકુલ માંહિ સાંચર્યું,
સરસા બંદી જન ગાજંતિ, ચંગ મૃદંગ ઢોલ વાજંતિ. ૨૯૮
ઇમ પુહતા ઘરિ ત્રિભોવન રાય, હરખિ ધવલ નારિ સવિ ગાઇ,
તલીયા તોરણ બાંધ્યા બારિ, ઘરિઘરિ ઉચ્છવ જયજયકાર. ૩૦૩
વીઠલ વિપ્ર થિકુ વાંમયુ, તીણિ નંદ હરખ પામીયુ,
અતિ આનંદિ માંડયું કર્ણ, હાથ ઉડાવ્યા વર્ણાવર્ણ. ૩૦૧"[2]

અલંકારો ભલે ન મળે, પણ કવિએ વર્ણનો રસિક અને ગમતાં બનાવવાં સાવચેતી લીધી છે; નકામું લંબાણ નથી કર્યું; તેથી તે વાંચવાં ગમે છે.

---

૧ ફા. ગૂ. ત્રૈ: વર્ષ ૫મું, પૃ. ૧૪૬ ૨ એજન, પૃ. ૧૪૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"અંગદવિષ્ટિ" એ કાવ્ય તો ૬૦ છપ્પાઓમાં લખ્યું છે. છપ્પાઓ અને છપ્પાઓમાં જ કાવ્યો રચાયેલાં અગાઉ પણ મળી આવ્યાં છે. "વિનયચંદ્રસૂરિ" નું "ઉપદેશમાલાકહાણય"[1] "ખરતરગચ્છ–ગુણવર્ણન" વગેરે છપ્પય–બદ્ધ કાવ્યો જ છે. એ ઉપરાંત લાંબાં કાવ્યોમાં ઘણા કવિઓએ છપ્પયનો પ્રયોગ કર્યો છે. રણમલ્લછંદ–કાર શ્રીધર વ્યાસ, જયશેખરસૂરિ, સદયવત્સકથા–કાર ભીમ, વગેરેએ તેનો બહોળે હાથે પ્રયોગ કર્યો છે. પછી થયેલા સં. ૧૫૯૯ માં ગંગાદાસે સૂરતમાં રહી, "લક્ષ્મીગૌરીસંવાદ"ની રચના છપ્પયમાં જ કરી છે.[2]

પૂર્વે આ વિષયનું કાવ્ય રચાયેલું જાણવામાં નથી. માંડણે અને ઉદ્ધવે રામાયણ લખ્યાં છે, તેમાં ગૌણરૂપે આ સંવાદ આવે છે; પણ વિશિષ્ટ પ્રયત્ન તો આ ફીકુનો જ છે. ફીકુએ આ કાવ્યમાં વીરરસને મુખ્ય રસ તરીકે વર્ણવ્યો છે. શરૂઆત જ જોઇયે:

"અંગદ કરી પ્રણામ રામનૂં આયસ માગિ
કરશૂં વિષ્ટૈ ષરી કહ્યું અહ્ય કાંઇ ન લાગિ,
કરી પિજ ગીઉ લંકરાઇ–અંગણઇ જઇ બિઠુ
આચરીજ સહુ સભા કપ્ય એકલુ દીઠું.
રાવણ રાઇ આગલ જઇ તા ઉર ઊપર બિઠુ ચડી
કાઇર જન લાગા કંપવા તુ સભા સહૂ સંસિ પડી. ૩

અવલોકયુ અંગદ સભા સહૂ દસશર દીઠા
ઇચ્છાહ રૂપ તે કરિ રૂધી માયા તવ બિઠા
તવ વાલિપુત્ર બોલીયુ સબલ પણ સમરથ થાઇ
જે રાવણની મા કૌસિકી તે ભૂંડ તણી પિર વ્યાઇ.
ઇણિ દૂધ વિણાસ્યાં જન રાજકાજ કાંઇ ન સરયું
સુણી વચન વંનરાં તણું તવ પ્રગટ રૂપ રાજા ધરયું. ૪"[3]

---

૧ જુઓ આપણા કવિઓ–ભાગ ૧લો, પૃ. ૧૮૦ અને ૩૩૮–૯
૨ જુઓ આ પૂર્વે, ભાગ ૧લો, પૃ. ૨૩૬–૨૪૨
૩ બુદ્ધિપ્રકાશ–વર્ષ ૭૭મું, પૃ. ૩૫૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કવિએ અંગદ અને રાવણ વચ્ચેના સંવાદમાં અંગદ રામનાં વખાણ કરે છે અને રાવણ રામનાં દૂષણો બતાવે છે, તેવી યોજના કરી છે. આ પણ શૂરત્વદર્શક છેઃ

[અંગદ:] "લીધી જાણે લંક દસિ શર તાહરાં કાપી
પાછા વલસી રામ રાજ વિભીષણ આપી
તવ રંડાસિ રાણીઅર રાજ લંકાનૂં જાસિ
ગજ રથ હય સહૂ સેન સજનશૂં નિગ્રહ થાસિ.
રાવણ રાઇ સુણિ વીનતી ઉતર એક અંગદ કહ્યુ
જેણિ વાલ હેલાં વંધ્યુ જેહની કક્ષાપટ માંહિ રહ્યુ. ૧૩

[રાવણ:] મનસ્ય માત્ર એ રામ કપ્યે ગિરિનાં સાવિજડાં
કુંભકરણ જાગસિ ભક્ષ કરિસિ જ હવડાં
મઝ મુખિ કોઇ ન ઉગરિ સહીસ તૂં સાચૂં જાણહ
ચાલ્યુ રણ સાહમઉ તવ પડસિ ભંગાણહ.
દ્રૂડંઈ દિહુ દિશિ વંનરાં તહ્મે ચપલ જાતિ જાશુ પલી
વિગોસિ લક્ષણ રામનિ જિમ લંકા નહી આવી વલી. ૧૪

ઐહણિ હણ્યુ સખાહ સબલ સંગ્રામિ જીતુ
ફરસરામ અતિ શૂર તેજ-બલ-હીણ કીધુ
સુરપનષા વિગોઇ ષર દૂસર તે મારયા
કબંધનિ વિરાધ અશા તિહાં સંહારયા.
સાયર જ બાંધી આવિયા, શૂં રાક્ષસ મછર જ કરિ
દશરથદ્રાાર તૂં રાવણ યશા દીવટીયા દીવી ધરિ." ૧૭[1]

કવિએ માત્ર અંગદવિષ્ટિથી ન અટકતાં પછી રામ-રાવણ-યુદ્ધની પણ હકીકત આ કાવ્યમાં સાંચવી લીધી છે. ઇંદ્રજિતે આવી ઘોર સંહાર કર્યો તેનું કડક બાનીમાં કવિ વર્ણન આપે છે કે-

"ઉતપતિયુ આગરા રહ્યુ રવિ કર્ણ મધ્ય જાઇ
બાંણવૃષ્ટિ તે કરિ આપ અદષ્ટિ થાઇ
પડ્યૂં વંનર-સેન અંગિ આયુધિ ભેદ્યાં
સુભટ થયા સાહામુઆ તાસ તકે શર છેદ્યાં.

---

૧ એજન, પૃ. ૩૫૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લક્ષ્મણ રાય હોઇ મૂરછ અવર સેન પાડયૂં ઘણૂં
રાવણઘરિ દુંદભ વાજ્યા તુ હરખ્યૂં દલ રાક્ષસ તણૂં.” ૨૭૧

આ કાવ્યમાં કવિએ કુંભકર્ણને યુદ્ધ સમયે નિદ્રામાંથી જગાડવાનો પ્રસંગ પણ સુંદર રીતે આપ્યો છે, જેમાં તેની શક્તિ ઠીક ઠીક ખીલી દેખાય છે. આમ આ કાવ્ય કાવ્યની દૃષ્ટિએ પણ એક સારો કહેવાય તેવો નમૂનો છે. છપ્પાદ્વારા એક “વીર કાવ્ય” રજૂ કરે છે, એ ગૂજરાતી સાહિત્યના ઇતિહાસમાં એક મહત્ત્વની વાત છે. શામળ પર આ કવિની અસર હો કે ન હો, તેનાં મૂળ તો અવશ્ય આટલાં જૂનાં આમાં મળે છે.

કોઇ કીકુનું “સોઢી અને દેવડાનું ગીત” એ ઐતિહાસિક કાવ્ય, સં. ૧૬૨૧ માં નકલ થયેલું, જૂની ભાષા સાચવતું મળે છે,[૨] એ આ જ કીકુનું છે કે અન્યનું તે કહી શકાતું નથી.

કવિનાં કાવ્યોની નકલ સં. ૧૬૦૦ જેટલી જૂની મળતી હોવાથી ભાષા પણ લગભગ તેના સમયની મધ્ય ગૂજ. ની ૩ જી ભૂમિકાની મળી આવે છે. સં. ૧૫૫૦ આસપાસથી આ ભૂમિકા સ્થિર થવા માંડી હતી; જેમાં ભાલણની કાદમ્બરી પાછળથી પરિણત થયેલી આજે આપણે જોઇ શકિયે છિયે. આ કવિની આ કૃતિમાં આમ છતાં પ્રચલિત બોલીનાં એ–ઓ–વાળાં રૂપો પણ કવચિત્ દેખા દે છે; જો કે પાછલી કૃતિમાં ઐ–ઔ પણ લખાયેલા મળે છે, જેમાં રાજસ્થાની જોડણીની છાંટ ગણાય.

ચરિતસામગ્રીઃ

૧. ફાર્બસ ત્રૈમાસિક–વર્ષ ૫મું–શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીનો “નરસિંહયુગના કવિઓ” એ લેખ

૨. બુદ્ધિપ્રકાશ, વર્ષ ૭૦મું, શ્રી હરિનારાયણ આચાર્યે સંપાદિત “અંગદવિષ્ટિ”

---

૧ એજન, પૃ. ૩૫૭ ૨ ફા. ગૂ. સ. હ. પુ. નં. ૩૯૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# વિષ્ણુદાસ

[ સં. ૧૬૨૪–૧૬૬૮ માં હયાત ]

**ન**રસિંહે જેનાં બીજ રોપ્યાં, ભાલણે જેમાં જલસિંચન કર્યું, ઉદ્ધવ–નાકરાદિએ જેનું સંગોપાન કર્યું, તે આખ્યાનપદ્ધતિની પૌરાણિક કાવ્યવાટિકાને નવપલ્લવિત કરવામાં વિક્રમના ૧૭ મા સૈકાના જે કવિ–માળીઓએ અથાગ પરિશ્રમ લીધો છે, તેઓમાં ખંભાતનો નાગર બ્રાહ્મણ વિષ્ણુદાસ સૌથી આદિસ્થાન ભોગવે છે. મહાભારત અને રામાયણની સમગ્ર કથાઓને માતૃભાષામાં રજૂ કરવાનું અસાધારણ કાર્ય તેણે પાર પાડવા કેડ બાંધી હતી, અને શાંતિ–અનુશાસન–આશ્રમ-વાસિક એ ત્રણ પર્વો સિવાયનાં મહાભારતનાં ૧૫ પર્વો અને રામાયણ, ઉપરાંત કેટલાંક પ્રકીર્ણ આખ્યાનો, નરસિંહ મહેતાના જીવનને લગતા મામેરું–હૂંડી એ પ્રસંગોને લગતાં, વગેરે કાવ્યો ગૂજરાતી જનતા સમક્ષ ધરવા તે શક્તિમાન થયો હતો. વ્યાસકૃત મહાભારતમાંના "અશ્વ-મેધ–પર્વ" થી તેને સંતોષ ન થતાં જૈમિનીય અશ્વમેધનાં વિસ્તૃત આખ્યાનો ગૂજરાતીમાં રચી તેણે મહાભારતનો પરિચય વધુ વિશદ સ્વરૂપમાં કરાવવાનો પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે. નાકરની સાહિત્યપ્રવૃત્તિને લક્ષ્યમાં લઇ **નરસિંહયુગ**ના અનુસંધાનમાં **નાકરયુગ** જેમ યોજી શકાય છે, તે પ્રમાણે વિષ્ણુદાસની સાહિત્યસેવાને લક્ષ્યમાં લેવામાં આવે તો **નાકરયુગ** અને **પ્રેમાનંદયુગ**ની વચ્ચે સ્વતંત્ર **વિષ્ણુદાસયુગ** કહી શકાય તેમ છે. બેશક નાકરની શક્તિઓ, વિષ્ણુદાસમાં તેટલા પ્રમાણમાં જણાતી નથી, અને એનાં મોટાં આખ્યાનો મહાભારત, રામાયણનાં મૂળને અનુસરતા ટૂંકસાર જેવાં છે, તેથી એ પુષ્કળ સાહિત્ય–સર્જન કરે છે, છતાં યુગધર તરીકે એ દીપી ઊઠતો નથી, અને નાકરની જ સાહિત્યસૃષ્ટિના વેગને ઝીલતો શિવદાસ–કુંવરદ્વારા પ્રેમાનંદયુગની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કવિતાને સાંકળી દે છે, તે એવી રીતે કે નાકર સં. ૧૬૨૪ માં રામાયણ પૂરું કરે છે, તે વર્ષે લગભગમાં વિષ્ણુદાસ લક્ષ્મણાહરણ–રુકમાંગદપુરી સંભવતઃ રચી આપે છે; રુકમાંગદપુરીનું રચ્યાવર્ષ ૧૬૩૪ જ સ્વીકારિયે તો અશ્વમેધનાં આખ્યાનો તો સંભવતઃ તે વર્ષ આસપાસથી રચવા માંડે છે. એ કારણે **નાકરયુગના** અંગમાં જ તે સમાઇ જાય છે; તેથી ગૂજરાતી સાહિત્યના યુગોમાં **વિષ્ણુદાસયુગ** સ્વતંત્રપણે શોભી ઊઠતો નથી, એ અહીં ન ભુલાવું જોઇયે. પ્રેમાનંદ એ જ વિષ્ણુદાસની કવિતાનાં ધાવણ ધાવ્યો છે, એમ પ્રેમાનંદની શરૂઆતની કેટલીયે કૃતિઓ જોવાથી જણાય છે.

લક્ષ્મણાહરણ, મામેરું, હૂંડી, વગેરે કાવ્યોમાં વિષ્ણુદાસની કેટલીક પંક્તિઓની પંક્તિઓ પ્રેમાનંદે ઉઠાવી છે.[૧] પ્રેમાનંદનાં કેટલાંક કાવ્યોનાં નામ પણ પ્રેમાનંદે નાકર અને વિષ્ણુદાસનાં કાવ્યોનાં નામે નામ આપ્યાં છે, એ પણ ઓછું સૂચક નથી. ખુદ પ્રેમાનંદે એક દિવસમાં “ લક્ષ્મણાહરણ ” રચી કાઢયું, તેનો આધાર તેને વિષ્ણુદાસના “ લક્ષ્મણાહરણ ”-નો મળ્યો છે. અને તેણે એ કાવ્યને આરમ્ભે વિષ્ણુદાસને યાદ પણ કર્યો છે:

> “મોટા કવિજન આગળ થયા, આઇ તે તારો પ્રતાપ.
> વ્યાસ મુનિ પરાસર સરખા, પ્રલ્હાદ વિભિષણ સાર,
> **નૃસિંહ મેહેતો, વિપ્ર વિષ્ણુદાસ,** કોઇ નવ પામ્યા પાર.”[૨]

ભકતો અને કવિઓને ગણાવતાં નવો કવિ થતો પ્રેમાનંદ માનપૂર્વક પોતાની દીનતા બતાવે છે, જેમાં પોતા કરતાં વિશેષ શક્તિઓ ધરાવતા, સરસ્વતીનો પાર નથી પામી શકયા તો હું કોણ માત્ર, એમ સૂચવે છે.

આમ વિષ્ણુદાસનું ગૂજરાતી સાહિત્યસર્જનમાં માનવંત સ્થાન સ્પષ્ટ રીતે જૂના સમયથી જણાય છે. એ આ કવિનો જન્મ કયારે

૧ જુઓઃ શ્રી. ભા. નિ. મહેતા-કૃત “વિષ્ણુદાસ”, પૃ. ૮૮ વગેરે.
૨. બૃ. કા. ભાગ ૩જો, પૃ. ૧૫૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થયો, કેટલાં વર્ષ જીવ્યો અને ક્યારે મૃત્યુ પામ્યો, તે વિશે આજે કશી માહિતી મળતી નથી; માત્ર તે ખંભાતના ખાનપુર પરામાં રહેતો હતો, ત્યાંના ત્રણ પૌરાણિકો પાસેથી સંસ્કૃત કથાઓનું જ્ઞાન મેળવ્યું હતું અને તે પછી તે કથાઓને તેણે માતૃભાષામાં અમુક અમુક સમયે ઉતારી હતી, તેટલું જ જાણવા મળે છે. આ પ્રસંગોએ તેણે પોતાની જ્ઞાતિ અને એક સ્થળે પોતાની માતાનું પણ નામ આપ્યું છે, જેમકે

"સાગરત્રટ **ત્રંબાવટી** વાસ સદા સર્વદા લીલ વીલાસ ॥૪૫॥
કવી જંન જ્ઞાત **મકરકુલ** સોય વાશ **ખાંનપુર** મધે હોય ॥૪૬॥
**અંબાજીનો સુત વીષ્નુદાસ** સદા શ્રીકૃષ્નજ મુને તાહારી આશ ॥૪૭॥[1]

તેણે પોતાની જ્ઞાતિના વિષયમાં ભીષ્મપર્વમાં "મકરકુલ" એટલો જ નિર્દેશ કર્યો છે, પણ આરણ્યકપર્વમાં નાગર હોવાનું લખ્યું છે, જ્યાં ત્રંબાવટી એક ઉપરગામ હોય તેવો નિર્દેશ મળે છે. સંભવ છે કે ખાનપુર એ ત્રંબાવટીનો એક ભાગ હશે. ખંભાત તે જમાનામાં મોટું હતું અને આસપાસનાં ગામડાંઓ તેના અંગમાં જ હતાં. આ વિષયમાં વિષ્ણુદાસ કેટલીક ચોખવટ પણ કરી આપે છે; જેમકે

(૧) "**સ્તંભતીર્થ**માં મારો વાસ, સદા સર્વદા લીલ-વિલાસ
ત્યાં સાગરતટ **ત્રંબાવટી** વાસ, કથા પ્રબંધ કર્યો મેં ખાસ
કવિ **નાગર** નૌતમ કુળમાંય, પવિત્ર ને ઉત્તમ વર્ણ જ્યાંય ॥"[2]

(૨) "**સ્તંભતીર્થ નયરપુર વાસ**, જોતાં પાતિક પામે નાશ;
તે પૂરમાં કવિતાનો વાસ, નામ કહે તેહનુ **વિષ્ણુદાસ**"[3]

---

૧ ગૂજરાતી પ્રેસની હાથપ્રત નં. ૩૩૨ख

૨ બૃ. કા. દો. ભાગ ૮ મો–પ્રસ્તાવના: અંબાલાલ બુ. જાની કૃત "વિષ્ણુદાસ", પૃ. ૬૧, "આરણ્યક પર્વ" માંનો ઉલ્લેખ. શ્રી ભાનુસુખરામે થોડું પાઠાંતર બતાવ્યું છે: જેમકે ૨જી લીટીથી: "ત્યાં સાગરતટ ત્રંબાવટી વાસ સ્નાન માત્ર હોય સુરપદ વાસ, કથા પ્રબંધ કર્યો મેં ત્યાંહે, કવિતા નાગર મકરકુલ માંહે." વિષ્ણુદાસ, પૃ. ૨૧–૨

૩ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૨૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ ઉલ્લેખોમાં સ્તંભતીર્થ, ત્રંબાવટી, નયરપુર, ખાનપોર એ સ્થાનો છે, તેમાં સ્તંભતીર્થ=ખંભાત એ મુખ્ય શહેર, અને ત્રંબાવટી એનું મુખ્ય પરું અને નયનપુર અને ખાનપુર એ ત્રંબાવટીનાં નાનાં પરાં–મહોલ્લા સંભવે છે; નયરપુર એ "નગરા" હોવાનું શ્રી. ભા. નિ. મહેતા[૧] કહે છે; એ "નગરા" નો ભાગ તે જ તેમને મતે ત્રંબાવટી. એ બધાનો મથિતાર્થ એ છે કે કવિ ખંભાતનો વતની હતો.

કવિનું કુલ "મકર" છે. વડનગરા નાગરોમાંની "માંકડ" એ અવટંક આ છે, એમ શ્રી ભા. નિ. મહેતા માને છે.[૨] પણ મને લાગે છે કે આ અવટંક સ્વતંત્ર જ છે. વડનગરા નાગરોમાં માંકડ, મંકોડી, હાથી, ઘોડા એ અવટંકો આજે પણ છે.[૩] તેવી જ "મકર= મગર" અવટંક વિષ્ણુદાસની હશે, જે આજે લુપ્ત થઈ છે. બેશક એ ક્યાંય પણ પોતે "**વડનગરો**"જ નાગર છે, એમ લખતો જણાતો નથી.

કવિએ પોતાના પિતાનું નામ એના કોઈ પણ કાવ્યમાં આપ્યું નથી. એના પિતાનું નામ "ભીમ" હશે એવો મત આપતાં શ્રી ભા. નિ. મહેતાએ અવિચળના ષષ્ઠ સ્કંધને[૪] અંતે આવતા એક ઉલ્લેખથી અવિચળને વિષ્ણુદાસનો દીકરો ઠરાવ્યો છે. અવિચળનો એ ઉલ્લેખ અત્રે જોવા જેવો છેઃ

"સંવત સોલ ચોરાશીઉ પૌષ અસિત શુભ ચેહ ।
**ભીમકવિ–તન** યસ કહિ ગાતાં નીમલ દેહ ॥૩૦॥
વાડવ નાગર **વિષ્ણુ–સુત અવિચલ** ગાવા હામ ।
દસમીનિ દિન સોપીઉ ગાતે રીઝે રામ ॥૩૧॥

---

૧ વિષ્ણુદાસ, પૃ. ૨૩

૨ વિષ્ણુદાસ, પૃ. ૨૬

૩ શ્રી રામલાલ મોદી આ અવટંકને સ્વતંત્ર જ માને છે. જુઓ જાલંધર આખ્યાન, પ્રસ્તા, પૃ. ૨૦

૪ શ્રી. ભા. નિ. મહેતાએ ભૂલથી અષ્ટમ સ્કંધ કહ્યો છેઃ વિષ્ણુદાસ પૃ. ૧૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નયર વડુ **નટપદ્રમાં** શ્રીનારાયણદાસ ।
શ્રીકૃષ્ણકથા પ્રાકૃત કરી ગાશે **અવિચલદાસ** ।"[१]

આરણ્યકપર્વને અંતે આ પ્રમાણે ઉલ્લેખ છેઃ

"ગુજરખંડે **નટપદ્ર**નિવાસ નાગર નારાયણના દાસ ।
સંવત ૧૬ પંચાણુંઓ ધન્ય શ્રાવણ વદિ એકાદસી દિન ॥

× × ×

**વિષ્ણુદાસસુત અવિચલ** વાણે સકલ સભાને દે કલ્યાણ ॥"[२]

આ બંને કાવ્ય અવિચળે પોતાને હાથે જ ઉતાર્યાં છે, તે પુષ્પિકા જોવાથી માલૂમ પડશેઃ

"श्रीरामप्रसादात् । संवत १६९५ वरषे श्रावण शुदि १२ रवउ अदेह **नटपद्र**वास्तव्य **आभ्यंतर नागरज्ञाती** महं **विष्णुजीसुत अचलदास** स्वयं बुद्धिदाता श्रीनारायणने प्रसादे प्राकृत गांन आरणीक पर्व संकेप्ये कवि श्रीनारायणने चरणे सोप्युं ।"[२]

આમાં અવિચલ નટપદ્ર = નડિયાદનો વતની અને આભ્યંતર નાગરજ્ઞાતિ = સાઠોદરો[૩] જણાય છે. એના પિતાનું નામ વિષ્ણુજી કે વિષ્ણુદાસ છે, પણ પોતાને આભ્યંતર કહેનારો અવિચલ કયાંય પણ મકરકુલનો ઉલ્લેખ કરતો નથી. "ભીમકવિતન યસ"ને સ્થાને "શ્રીભાગવત–યશ કવિ" એવો પાઠ દલપતરામ હ. લિ. પુ.ની યાદીમાં છપાયો છે,[૪] જે ભૂલભરેલો છે. એના બળે શ્રી રામલાલ ચૂ. મોદીએ "ભીમ"નું નામ ઉડાવ્યું છે. પણ એ રીતે ઉડાવવાની જરૂર નથી. કવિના જ હાથની એ નકલ હોવાથી એમાં શંકા લાવી શકાય તેમ

---

૧ ગૂ. વ. સો. હ. ન. ૪૭૭ ૨ એજન, નં. ૪૭૭ અ

૩ સાઠોદરા અને વીસનગરા નાગરોમાં જ બાહ્ય અને આભ્યંતર એવા પેટા ભેદ છે, બીજામાં નહિ. નડિયાદમાં સાઠોદરાઓની પણ વસ્તી છે–હતી. શ્રી મણિભાઈ નભુભાઈ આભ્યંતર સાઠોદરા નડિયાદમાં જ થયા છે.

૪ પૃ. ૧૫૭: ગૂ. વ. સો હ. લિ. પુ. નં. ૪૭૭નો અંત નોંધતાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નથી. અહીં જોવાનું જ એટલું છે કે અવિચળ જે વિષ્ણુદાસનો પુત્ર છે, તે વિષ્ણુદાસ અને ખંભાતનો વિષ્ણુદાસ એક છે કે નહિ.

અવિચલના હાથે જ પોતાનાં કાવ્યો સાથોસાથ વિષ્ણુદાસના રુક્માંગદપુરીની નકલ થયેલી છે; સાથે જનાર્દનના ઉષાહરણની પણ નકલ તે જ હાથે છે. એ જ વિષ્ણુદાસનો એ પુત્ર, પિતાએ આરણ્યકપર્વ રચ્યું હોય તો ફરી પાછું નવું આરણ્યકપર્વ રચે, એ બહુ સંભવતું નથી. પણ અવિચળના મનમાં "વિષ્ણુદાસ" જાણે કે સામાન્ય નામ હોય તેમ પણ જણાય છે અને તે પોતાને પણ એક સ્થળે "વિષ્ણુદાસ" કહે છે:

> "આર્ણીકપર્વ વિષે એ કથા રાય યુધિષ્ટિર પ્રતિ સર્વથા ।
> દ્વિત વનમા પાંડવવાસ **અવિચલ** ભક્તિ કહિ **વિષ્ણુદાસ** ॥"[૧]

આ વસ્તુ તો વિષયને ઓર મુશ્કેલીમાં મૂકે છે. ષષ્ઠ સ્કંધ લખનારો વિષ્ણુજી–સુત અવિચલ છે, આરણ્યકપર્વ લખનારો વિષ્ણુદાસ–સુત વિષ્ણુદાસ અવિચલ છે. પણ એક વસ્તુ લક્ષ્યમાં લેવા જેવી એ છે કે ખંભાતના વિષ્ણુદાસે પુષ્કળ સાહિત્યસેવા કરી છે, તેનો અવિચલ ઉલ્લેખ માત્ર પણ નથી કરતો. જો તેનો બાપ જ કવિ હોત તો પોતાનો પરિચય આપતાં પિતાનો પરિચય આપ્યા વિના ન રહત; પણ તેમ થયું જ નથી; ખંભાતથી એ નડિયાદ આવી વસ્યો છે, તેમ પણ ક્યાંય કહેતો નથી. શ્રી ભા. નિ. મહેતા કહે છે,[૨] તેમ "વડુ નયર" નયરા = ત્રંબાવટી પણ નથી, કેમકે આરણ્યકપર્વમાં કાવ્યમાં તેમ પુષ્પિકામાં મળી ત્રણ સ્થળે નટપદ્રનો સ્પષ્ટ નિર્દેશ છે, અને એક સ્થળે તો આરણ્યકપર્વ કોને માટે અથવા કોની પાસેથી લખ્યું તે પણ સ્ફુટ રીતે આપતાં નટપદ્ર નોંધ્યું છે:

---

૧ એજન, પૃ. ૫૫

૨ વિષ્ણુદાસ, પૃ. ૨૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"નયર વડુ **નટપદ્ર** નિધાન હરજીસુત ધરણીધર માંહાન ।
મૂલકથા સંભલાવી સહી તે માટ એ પ્રાકૃત કહી."[1]

આમાંથી એ પણ અર્થ નીકળી શકે તેમ છે કે નડિયાદના એ ધરણીધરે મૂળ કથા વાંચી અને પછી અવિચલે "પ્રાકૃત"માં લખી નાખી. એમાંથી ગમે તે અર્થ લો તેથી મૂળ વિષયને ટેકો નથી કે અવિચળ નડિયાદમાં ખંભાતથી આવી વસ્યો હતો. "ભીમકવિ-સુત" એનો અર્થ તો "કવિ ભીમનો પુત્ર" એવો થાય છે. એ જ અર્થનો બીજો નિર્દેશ ૫૪ સ્કંધના ૧૫મા અધ્યાયને અંતે છે; જેવો કે

"**ભીમકવિશ્વરસુત** એમ કહિ **અવિચલ** રામ પ્રતાપ્યે લહિ ૧૩૪"[2]

શું અવિચલને સંસ્કૃતમાં કથા કહેનારો આ કોઈ કવિ ભીમનો પુત્ર તો નથી ને? આરણ્યકપર્વની સં. કથા હરજી-સુત ધરણીધરની મદદથી પ્રાકૃતમાં ઉતારી એમ સ્વીકારવામાં આવે તો આ ભીમકવિ-પુત્ર અજ્ઞાતની મદદથી ૫૪ સ્કંધ પ્રાકૃતમાં અવિચળે ઉતાર્યો હશે, એમ આમાંથી તો નીકળે છે. આમાં ક્યાંય પણ "ભીમનો પૌત્ર" અવિચલ એવો અર્થ નીકળતો નથી. આમ આ ભીમ અજ્ઞાત જ છે કે જે પ્રભાસ પાટણ કે સિદ્ધપુરવાળો હરિલીલાષોડશકલાકાર ભીમ તો નથી જ.

શ્રીભાનુસુખરામ મહેતાએ વિષ્ણુદાસની માતાનું નામ વિકલ્પે "કાશી" પણ હોવાની સંભાવના કરી છે[3] અને તેથી "કાશીસુત" નામે મળતાં કાવ્યો પણ વિષ્ણુદાસનાં હોવા માન્યું છે; પણ કાશીસુત તો શેધજી કરી બંધારા જ્ઞાતિનો હતો કે જેનાં અંબરિષકથા, દ્રૌપદી-વસ્ત્રાહરણ, પ્રહ્લાદાખ્યાન, રુક્મિણીહરણ, વિરાટપર્વ, સભાપર્વ અને હનુમાનચરિત્ર એ સાત કાવ્યો મળે છે.

---

૧ ગૂ. વ. સો. હ. લિ. નં. ૪૭૭, પૃ. ૩૭૯

૨ એજન, પૃ. ૪૬

૩ વિષ્ણુદાસ, પૃ. ૨૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"પલવટકુલ બંધારા સાર, રામચંદ્ર દીધો અવતાર
તે મેં ગ્રંથ કીધો પ્રતિબંધ કાસીસુત શેધજી મતીમંદ."[૧]

આ શેધજીનાં સભાપર્વ અને વિરાટપર્વ વિષ્ણુદાસનાં સભાપર્વ અને વિરાટપર્વથી જુદાં જ મળે છે; એટલે જુદા બે કર્તા હોવાના વિષયમાં કાંઈ પણ શંકા નથી. આ શેધજીનું નામ "મેઘજી" હોવાનું શ્રી. રા. ચૂ. મોદીએ લખ્યું છે, પણ અમને શેધજી જ નામ મળે છે.

આ વિષ્ણુદાસ ભાલણસુત વિષ્ણુદાસથી જુદો છે, એ વસ્તુ આ પૂર્વે શ્રી. અંબાલાલ બુ. જાનીએ[૨] તેમ જ શ્રી. ભા. નિ. મહેતાએ[૩] બતાવી જ છે, તેમાં હવે કાંઇ પણ શંકા રહી નથી.

નાકરે જેમ ગુરુ પાસેથી કથા સાંભળીને આખ્યાનો રચ્યાં છે, તે પ્રમાણે વિષ્ણુદાસે પણ ગુરુ પાસેથી કથા સાંભળીને આખ્યાનો લખ્યાં છે. નાકરે ગુરુનું નામ જાહેર કર્યું નથી, પણ વિષ્ણુદાસના હરિ ભટ્ટ, ભૂધર વ્યાસ, વિશ્વનાથ વ્યાસ અને બાળકૃષ્ણ ભટ્ટ એ ચાર ગુરુઓ અત્યારસુધી માનવા મનાવવાનો પ્રયત્ન થયો છે. આમાં હરિ ભટ્ટ જ ગુરુ છે, એમ શ્રી. રામલાલ મોદી માને છે;[૪] બાલકૃષ્ણ ભટ્ટ હોવાનું સ્વ. નર્મદાશંકર માને છે;[૫] શ્રી અંબાલાલ જાની બાલકૃષ્ણ ભટ્ટ ભૂધરવ્યાસ અને વિશ્વનાથ વ્યાસ હોવાનું જણાવે છે;[૬] જ્યારે શ્રી ભાનુસુખરામ મહેતા ચારે (અને "હરિ" સ્થાને "હરિહર" મળતાં પાંચે) ગુરુ હોવાનું જણાવે છે.[૭] આમાંથી સાચા નિર્ણય

---

૧ ગૂ. વ. સો. હ. લિ. નં. ૫૦ અને ફા. ગુ. સ. હ. લિ. યાદી, ભાગ ૨–પૃ. ૨૫

૨ બૃ. કા. દો. ભાગ ૮મો, પ્રસ્તા. પૃ. ૫૯

૩ વિષ્ણુદાસ, પૃ. ૬

૪ જાલં. આ. પ્રસ્તા. પૃ. ૩૦

૫ બૃ. કા. દો. ભાગ ૮, પ્રસ્તા. ૬૦

૬ બૃ. કા. દો. ભાગ ૮મો, પ્રસ્તા. પૃ. ૬૦–૬૧

૭ વિષ્ણુદાસ, પૃ. ૨૮–૨૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપર આવવાની જરૂર છે. બાળકૃષ્ણ ભટ્ટ ગુરુ છે, એમ નીચેનું ઉત્તર કાંડનું અવતરણ કરે છે:

"ભટ્ટ બાળકૃષ્ણે કરુણા કરી જાણ, બુદ્ધ આપી શીશ મૂકયો પાણ।
તેહ તણી કૃપાએ કરી, ઉત્તરકાંડે કહ્યું વીસ્તરી."[1]

પણ આ ઉત્તરકાંડ તે વિષ્ણુદાસનો ઉત્તરકાંડ નહિ, પણ રામજન કુંવરનો છે. શ્રી રામલાલ મોદીએ આ વસ્તુનું સૂચન માત્ર કર્યું છે,[2] પણ હવે તો કુંવરના ઉત્તરકાંડની પ્રત પણ મળે છે, જેમાં આદિ અને અંતમાં તેણે પોતાની છાપ સ્પષ્ટ આપી છે:

"માહારા શ્રીગુરૂને ચરંણે નમૂં કવી તણે લાગે પાએ
ભટ્ટ બાલકૃષ્ણની કૃપાથી એ ગ્રંથ પૂરંણા થાએ ॥૬॥
ઉથલો—થઇ રહો જેએજેએકાર ભાઇઓ તેમાં કાંઇ સંધે નહી ॥
રામજનકૂઅર કેહે હવે રૂક્ષી સહુ આવા સહી ॥૨૫॥
વળી—ભટ બાલકૃષ્ણ કરૂણા કરી જાંણ બૂધ આપી સીર મૂકો પાંણ ॥
તેહ તણી કીપાએ કરી ઉતરકંડ કથા વીસ્તરી ॥૧૭॥
શવત ૧૭૧૬ બોત્રા (? સોળ) સાર આસો વદ તૃતીયા સોમવાર ॥
તા દીન પૂરંણા હવૂ આખાંન શાહ કરી મૂને શ્રીભગવાંન ॥૧૯॥
વાસે સ્તમ્ભતીરથ છે જાંહ કવીતાગ્નીનાત મકરકૂલ મેહે ॥
અક્ખરત્તર મધે મૂઝ વાસ વહશ્નવજનના કાહાવૂં દાસ ॥૨૧॥
કવી કૂઅર કેહે શઘવરાએ મૂઝને કરજો પરમ કીપાએ ॥૫૭॥"[3]

અને આ જ ૫૭ કડવાનું કાવ્ય છેલ્લાં બે કડવાં વિના ઉદ્ધવકૃત રામાયણમાં ભાલણસુત વિષ્ણુદાસનું કરી સ્વ. હ. ગો. કાંટાવાળાએ છપાવ્યું છે, જ્યાં અનેક કડવાંઓમાં કુંવરનું નામ આવે છે.[4]

પ્રકૃત વિષ્ણુદાસે અયોધ્યાકાંડને મથાળેથી જ બાલકાંડની શરૂથી કથા શરૂ કરી ઉત્તરકાંડ સુધીની કથા સ્વતંત્ર લખી છે, તે અને

---

૧ વિષ્ણુદાસ, પૃ.
૨ જાલં. આ. પ્રસ્તા. પૃ. ૩૦
૩ ફા. ગૂ. સ. હ. લિ. યાદી, ભાગ ૨ જો, પૃ. ૧૯૮–૯૯
૪ ગૂ. વ. સો. નું પ્રકાશન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કુંવરનો ઉત્તરકાંડ તદ્દન જુદો છે, કેમકે કુંવરના ઉત્તરકાંડમાં ૫૭ કડવાં છે, જ્યારે વિષ્ણુદાસનામાં ૮૨ કડવાં છે. ગૂ. વ. સો. એ નકલ કરાવેલા રામાયણમાં ૮૩ મું કડવું તે કુંવરનાનું ૫૭ મું કડવું છે, અને તે છેવટે જણાય છે તેમ કોઈ દેવ ભટ્ટે[1] ઉમેર્યું છે અને કુંવરનું નામ બદલી વિષ્ણુદાસનું નામ અને અકૂબરત્તરપરાને બદલે ખાનપુર નામ ઉમેરી વર્ષ બદલી સં. ૧૬૫૬ સુધાર્યાં છે. એ અગાઉના કાંડોના વર્ષની સાથે મેળવવા કર્યું દીસે છે. બાકી વિષ્ણુદાસના ઉત્તરકાંડમાં તો–

"ઉતર કાંડની કથા પૂરણ હોય, દારુણ દુકૃત ટળે સાંભળે સોય,
રામકથા શ્રવણે સુણે ભાવ રે ધરિ, સંકટ ભવનાં ટાળે સ્વયં હરિ.
પ્રાકૃત બંધ એ સુણશે શિવજી વાણી, **વિષ્ણુદાસ** કહે ત્રણભુવને જાણી."[2]

—એટલો જ કાવ્યાંતે ઉલ્લેખ આવે છે. આ વસ્તુને લક્ષ્યમાં લેતાં બાલકૃષ્ણ ભટ્ટનું ગુરુત્વ ઊડી જાય છે. એટલું સંભવે છે કે કુંવર કવિ વિષ્ણુદાસનો ભત્રીજો થતો હોય.

ખંભાતના જ શિવદાસનો ગુરુ ભૂધર વ્યાસ વિષ્ણુદાસનો પણ ગુરુ હોવાનું જણાય છે. વિષ્ણુદાસના આરણ્યકપર્વના અંતભાગમાં નીચે પ્રમાણે ઉલ્લેખ છે:

"સંવત સોળ સડ ચાલીસ વરખે જેઠ માસે પૂર્ણ કીધું હરખે
તિથિ પંચમી ને ગુરુવાર તવ પૂર્ણ કીધું મેં સાર
**ભૂધર વ્યાસ** તણે મુખથી લીધી તો ગુરુકૃપાથી પૂરણ કીધી
નિજ ગુરુ મુખથી પામ્યો સાર, કીધો પંડિત જન આચાર"[3]

આરણ્યકપર્વનું રચ્યાવર્ષ આ સં. ૧૬૪૭ છે, અને તે ગણતરીએ ખોટું છે અને તે સં. ૧૬૭૧ માં રચાયું છે, તેવો શ્રી

---

૧ "દેવભટ વદે સમરો શ્રીહરી ઠાલી મુઠીએ જાસો મરી."
ગૂ. વ. સો. હ. લિ. નં. ૩૧

૨ બૃ. કા. દો. ભાગ ૮ મો, પ્રસ્તા. પૃ. ૫૯. આની જૂની પ્રત ગૂજ. પ્રેસમાં સં. ૧૯૯૮–૯૯ માં નકલ થયેલી છે. કાલિદાસે ભોજને રામકથા કહ્યાનું તેમાં નોંધ્યું છે.

૩ બૃ. કા. દો. ભાગ ૮મો, પ્રસ્તા. પૃ. ૬૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રામલાલ મોદીનો મત છે:[1] મુશ્કેલી તો તેમને મુખ્ય એ છે કે તે પૂર્વેનું સભાપર્વ સં. ૧૬૭૦ માં રચાયું છે; પણ તે સભાપર્વ તો ૨૦ કડવાંનું છે, અને વિષ્ણુદાસનું સભાપર્વ તો જુદું જ કડવાં ૩૬ નું છે, તે મેં અન્યત્ર પુરવાર કર્યું છે,[2] જે સં. ૧૬૫૪ ના આશ્વિન કૃષ્ણ ૩ રવિવારે રચાઇ પૂરું થયું છે. બેશક શ્રી. મોદીની એ શંકા રહેશે જ કે એ બીજું સભાપર્વ સં. ૧૬૫૪ માં રચાયું હોય તો તેના પ્રછીનું આરણ્યકપર્વ તે પૂર્વે સં. ૧૬૪૭ માં કેમ રચાય ? પણ આનો જવાબ એ કાવ્યોનાં રચનવર્ષની ચર્ચા કરતાં આવશે, એટલે આરણ્યક-પર્વ શિવદાસની કૃતિ છે, એમ ગણવા કરતાં વિષ્ણુદાસની જ સ્વીકારવી. સં. ૧૬૪૭ નહિ પણ **"સંવત સોળ સડ+ચાલીશ=૧૬૪૬"** ના જેઠ વદિ ૫ ને ગુરુવાર એ તદ્દન સાચાં તિથિ–વાર–વર્ષ છે. અને ભૂધર વ્યાસ વિષ્ણુદાસ આરણ્યકપર્વ રચે ત્યારે યુવાન હોય તો શિવદાસ કાવ્યો રચે છે ત્યારે જીવતો હોઈ શકે, જેનો બંનેએ લાભ લીધો હોય. એક જ ગામમાં એક જ વિદ્વાનના બે શિષ્ય હોવામાં શંકા લાવવા કારણ નથી. બેશક શિવદાસની સભાપર્વ, દ્રૌપદી સ્વયંવર, કુંવરની ઉત્તરકાંડ એ વગેરે કૃતિઓમાં "વિષ્ણુદાસ" નામ લહિયા-ઓના સમઝફેરને કારણે કવચિત્ ઘૂસ્યાં છે, તે ખરું, પણ તેથી થોડી પણ શંકાથી વિષ્ણુદાસની કૃતિઓ અન્યની છે, એમ કહી દેવું તે વાજબી નથી. એટલે ભૂધરનું ઋણ વિષ્ણુદાસને હોય તો તેમાં આશ્ચર્ય ન હોઇ શકે. તેથી શ્રી. અં. બુ. જાનીનો મત ગેરવાજબી નથી જણાતો.

વિષ્ણુદાસને વિશ્વનાથ વ્યાસ ગુરુ હોવાનું પણ જણાય છે, શ્રી. જાનીએ ભીષ્મપર્વનું અવતરણ આપ્યું પણ છે.[3] ભીષ્મપર્વની હાથ-પ્રતમાં આ પ્રમાણે ઉલ્લેખ છે:

---

૧ જાલં. આ. પ્રસ્તા. પૃ. ૩૯

૨ મહાભારત–પદબંધ, ગ્રંથ ૧લો, ઉપોદ્ઘાત પૃ. ૪૯ વગેરે

૩ બૃ. કા. દો. ભાગ ૮મો, પ્રસ્તા. પૃ. ૬૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"માહારા સીગરૂને ચરણે નમુ વીશવનાથ વાશ નીધાંન
જેણાં પીરીછવો મુને પેર કરી પરતીબંધ શરવરા થાંન"[1]

મને લાગે છે કે વિષ્ણુદાસને ભીષ્મપર્વના રચનમાં કોઈ વિશ્વનાથ વ્યાસની મદદ મળી હોય. ભીષ્મપર્વની એક કરતાં વધુ પ્રતોમાં એક સરખો ઉલ્લેખ મળે છે, એટલે આપણે તેને ઉવેખી ન શકિયે. બેશક એટલું સ્વીકારવું જોઇયે કે એનું એક એક કાવ્ય જ અનુક્રમે ભૂધર વ્યાસ અને વિશ્વનાથ વ્યાસને ગુરુ તરીકે ઉલ્લેખે છે.

વિષ્ણુદાસ આ ઉપરાંત હરિ ભટ્ટને ગુરુ તરીકે યાદ કરે છે; જેમકે

(૧) ભીમહાસ્યની કથા

"જૂગધાત્રી જીવાગ્ર વશે ઝડ ઝાડ જૂગત જંન જાંણી
વીસ્નૂદાસ વંદી પદ પાવન વંછે અવીચલ વાંણ ॥૧૦॥
હેતવંત હરી ભટ જે શ્રીગુરુ શકલ આપદા–હરણ ।
કથા તણો પ્રારંભ જ કીધો, પ્રણમી તેહેનાં ચરણ" ॥૧૧॥[2]

(૨) યુવનાશ્વનું આખ્યાન

"માહરા શ્રીગુરુને ચરણે નમી હરી ભટને લાગુ પાએ ।
જે થકી સુભમતી પાંમીએ દૂરમત દૂર પલાએ ॥૯॥[3]

× × ×

હરિહર ભટ આપ્યો ઉપદેશ અંતરયાંમી વશા નરેશ"[4]

(૩) સુધન્વાનું આખ્યાન (હંસકેતનું આખ્યાન)

"સીગુરુને ચરણે નમું હરી ભટને લાગુ પાયિ
જેહેની કરપા થકી મનોરત પૂરણ થાયિ."[5]

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૮ ब: અને ફા. ગૂ. સ. હ. લિ. યાદી ભાગ ૨ જો, પૃ. ૯૫

૨ ફા. સ. હ. લિ. યાદી, ભાગ ૨ જો, પૃ, ૭૨

૩ એજન, પૃ. ૭૧

૪ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૧૩ (પૃ. ૭મું) (યાદી, પૃ. ૧૧)

૫ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૮૧૧ ब

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### (૪) રુકૂમાંગદપુરી

"શ્રીગુરુનિ ચરણે ચિત્ત ધરું રુદિમાહિ હરિ–ચિંતન કરું ।
વ્યાસ વાલ્મિક હરી–કૃપાએ કરી ગાંઉ ચરીત્ર રુકમાંગદપુરી."૧

પણ છાપેલી પ્રતોમાં આ પ્રમાણે મળે છે:

"શ્રીગુરૂને ચરણે ચિત્ત ધરૂં હૃદેમાં તેનું ચિંતવન કરૂં;
હરિ ભટની કૃપાએ કરી ગાઉ ચરિત્ર રૂકમાંગદપુરી."૨

### (૫) ચંદ્રહાસનું આખ્યાન

"માહારા શ્રીગુરુને ચરણે નમું હરી ભટને લાગુ પાએ
તે તણી કીપાયકી પદબંધ પુરણ થાએ"૩

પણ તેથી હરિ ભટ્ટ કે હરિહર ભટ્ટ એ નામની સંભાવનામાં વાંધો નથી. ચંદ્રહાસના આખ્યાન અને રુકમાંગદપુરીની રચ્યાસાલ સં. ૧૬૩૪ હું સિદ્ધ માનું છું, એટલે શરૂઆતની અશ્વમેધ પર્વને લગતી કૃતિઓ વગેરે હરિ ભટ્ટ પાસેથી ભણીને, આરણ્યકપર્વ એ મધ્યકાળની કૃતિ ભૂધર વ્યાસ પાસેથી ભણીને અને ભીષ્મપર્વ વિશ્વનાથ વ્યાસ પાસેથી ભણીને તેણે કરી સ્વીકારવામાં બાધ નથી. હરિહર ભટ્ટ નામનો પુરાણી નાકરનો ગુરુ હોવાનું મળી આવ્યાનું કહેવાય છે; જેમકે સુધવ્યાખ્યાનને અંતે

"હરીહર ભટની કૃપાયે પદબંધ કીધો એહ ૧૪"૪

પણ સં. ૧૬૫૧ની[૫] તેમ જ સં. ૧૮૦૨ની[૬] હાથપ્રતોમાં આ

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૪૭૭ અ, પૃ. ૧

૨ પ્રા. કાવ્ય. ત્રૈ. વર્ષ ૮–અંક ૪થો, પૃ. ૧ અને બૃ. કા. દો. ભા. ૮મો, પૃ. ૩૮૭

૩ ફા. ગૂ. સ. હ. લિ. પુ. યાદી, ભાગ ૨ જો, પૃ. ૫

૪ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૧૩ અ; (છપાયેલી યાદી, પૃ. ૧૨)

૫ એજન, નં. ૭૩૮

૬ ફા. ગૂ. સ. હ. લિ. પુ. યાદી, ભાગ ૨ જો, પૃ. ૭૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કડી જ નથી; એ જોતાં પાછળથી કોઇએ ઉમેરેલી લાગે છે; એટલે નાકરનો એ ગુરુ હોવાનું પુરવાર થઈ શકે તેમ નથી. નાકરે રામાયણ સં. ૧૬૨૪ માં રચ્યું છે, એટલે સમય તો બેસી જાય, પણ હરિ ભટ્ટને ઉપાડીને વડોદરા લાવવા પડશે, અથવા વડોદરાથી ખંભાત લઈ જવા પડશે. પણ આમ કરવાની કાંઇ જ જરૂર નથી; કેમકે નાકરે બીજે ક્યાંય હરિ કે હરિહર ભટ્ટને ગુરુ કહ્યા નથી; એટલે શ્રી. ભા. નિ. મહેતાની કલ્પના એ કલ્પના જ રહેશે.

આ બધા ઉપરથી સ્ફુટ એ થાય છે કે શરૂમાં હરિ ભટ્ટ, મધ્યમાં ભૂધર વ્યાસ અને અંતે વિશ્વનાથ વ્યાસની વિષ્ણુદાસને મદદ મળી છે, અને તેણે ગૂજરાતી ભાષામાં આખ્યાનો આપ્યાં છે. ખંભાતમાં એ પરંપરા સો સવાસો વર્ષ પર્યંત ચાલી છે અને વિષ્ણુદાસના અનુસંધાનમાં શિવદાસ, કુંવર, મુકુંદ વગેરેએ ખંભાતમાં રહીને કાવ્યો લખ્યાં છે.

ઉપર જણાવ્યું છે કે વિષ્ણુદાસે ચંદ્રહાસનું આખ્યાન અને રુક્માંગદપુરી સં. ૧૬૩૪માં રચ્યાં છે. પણ તે પૂર્વે અશ્વમેધનાં પૂર્વનાં આખ્યાનો અને ત્રણેક પ્રકીર્ણ કાવ્યો મળી ૧૩ જેટલાં કાવ્ય તેણે રચ્યાં સંભવે છે, તેથી દશેક વર્ષ પૂર્વે કાવ્યપ્રવૃત્તિ શરૂ કરી માનવામાં ભૂલ નથી થતી. તો નાકરના રામાયણના રચનવર્ષમાં સં. ૧૬૨૪થી વિષ્ણુદાસની પ્રવૃત્તિ સંધાય. અહીં રુક્માંગદપુરીના[1] રચનવર્ષમાં મતભેદ છે, તે પ્રથમ જોઇયે; કેમકે સં. ૧૬૨૪ અને ૧૬૩૪ બંને મળે છે. છપાયેલી નકલોમાં આવો પાઠ છે:

---

૧ "રુક્માંગદપુરી" અને "હરિશ્ચંદ્રપુરી"ના નામમાં "પુરી" શબ્દ માટે શ્રી રામલાલ મોદીએ પ્રશ્ન કરી તે "સંપૂર્ણ"ના અર્થમાં હોવાનું એક પુષ્પિકા: "શ્રી કથા હરીચંદ પુરી શપૂરણ" પ્રમાણે માન્યું છે; (જાલં; આ. પ્રસ્તા. પૃ. ૩૮), પણ "રુક્માંગદપુરી" એવું કાવ્યમાં જ નામ મળે છે (જુઓ ઉપર પૃ. ૨૧૬) તો પછી "હરિશ્ચંદ્રપુરી" નામ શા માટે ન હોઇ શકે ?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"સંવત સોળ ચોત્રીસો સાર જેષ્ઠ શુદી દશમ ગુરૂવાર
અણજાણ્યે કીધો અભ્યાસ, બેહુ કર જોડી કહે વિષ્ણુદાસ."[1]

પણ સં. ૧૬૯૫ ની કવિ અવિચળદાસના હાથની નકલમાં નીચે મુજબ પાઠ છે:

"સંવત સોલ ચોવીસો સાર જેષ્ઠ શુદિ દસમી ગુરૂવાર ।
કાલાવાલા કીધા સહી એહ કથા પરીપૂરણ થઇ ॥૧૬॥
× × × ×
રામકૃપાએ કીધો રાસ કર જોડીને કહે વિષ્ણુદાસ ॥૧૮॥"[2]

શ્રી રામલાલ મોદી ચોત્રીસો પાઠ ગણિતની દષ્ટિએ સ્વીકારે છે, કેમકે ચોવીસો ગણતાં ગુરુવારને બદલે શુક્રવાર જોઇયે.[3] અહીં એક જ વારનો ભેદ છે. જો કે તે લક્ષ્યમાં લેવા જેવો ન ગણાય, કેમકે સાદી ગણતરીએ ગુરુવાર પણ આવી શકે છે. છતાં સં. ૧૬૩૪ સિદ્ધ જ છે, તે સ્વીકારવો વાજબી છે. અને તેથી તે પૂર્વે જ અશ્વમેધનાં આખ્યાનો બાંધે છે, અને છેલ્લું ચંદ્રહાસાખ્યાન તે પૂર્વે સં. ૧૬૩૪ માં રચી આપે જ છે:

"સંવત સોલ ચોત્રીસો સાર ચૈત્ર માસ ઉત્તમ ગુરુવાર ॥૨૬॥
કૃષ્ણ પક્ષ ને તીથી ત્રયોદસિ સુણી કથા માહારે મન્ય વશી ॥૨૭॥"[4]

ગાણિતિક દષ્ટિએ એ તિથિ સાચી છે. એથી રુક્માંગદપુરીની રચના ચંદ્રહાસાખ્યાન પછી જ છે, એ અત્યંત સ્પષ્ટ છે.

૧૬૩૬ માં તેણે સુધન્વાનું આખ્યાન લખ્યું મળે છે:

"સંમત સોલ છત્તીસે સાર જેઠ સુદ અસ્ટમી ભ્રગુવાર
આંણજાંણી કીધો અભાસ કર જોડીને કેહે વીસનવદાસ ॥"[5]

---

૧ પ્રા. કા. વર્ષ, ૮મું, અંક ૪થો, પૃ. ૩૪, અને બૃ. કા. દો. ભાગ ૮મો, પૃ. ૪૧૭

૨ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં, ૪૭૭

૩ જાલં. આ; પ્રસ્તા. પૃ. ૩૫

૪ એજન, પૃ. ૧૧ વગેરે

૫ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૮૧૧ બ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગણિતની દષ્ટિએ આ તિથિ સાચી છે ખરી, પણ સં. ૧૬૩૨ માં પણ જ્યેષ્ઠ સુદિ અષ્ટમીને શુક્રવાર આવે છે. ઉપર એક જાતનું સૂચન કરવામાં આવ્યું છે કે કેટલાંક પરચૂરણ આખ્યાનો અને અશ્વ-મેધનાં આખ્યાનો હરિ ભટ્ટ પાસેથી સાંભળી ગૂજરાતીમાં રચ્યાં સંભવે છે. પરચૂરણ આખ્યાનોમાં લક્ષ્મણાહરણ, મામેરું, હૂંડી, શુકદેવાખ્યાન, રુક્માંગદપુરી એ ચોક્કસ કૃતિઓ અને ઓખાહરણ, જાલંધર આખ્યાન, નાસિકેતાખ્યાન, અંગદવિષ્ટ, દ્વારિકાવિલાસ, રુક્મિણીહરણ, ગુરુશિષ્યસંવાદ, લૂણનાથાખ્યાન એ શંકાસ્પદ કૃતિઓ આ સમયનું સર્જન હોઈ શકે. અશ્વમેધનાં આખ્યાનોમાં ક્રમ પ્રમાણે યુવનાશ્વની કથા, અનુશાલ્વનું આખ્યાન, અશ્વપ્રયાણ, નીલધ્વજનું આખ્યાન, ચંડીનું આખ્યાન, સુધન્વાનું આખ્યાન, લવુકશાખ્યાન, મોરધ્વજનું આખ્યાન અને ચંદ્રહાસનું આખ્યાન આ આવે છે. વચ્ચે કેટલાંક આખ્યાનો જેવાં કે ભીષણ–પ્રેમલાનું આખ્યાન, વીરવર્માનું આખ્યાન, અને છેલ્લું બકદાલ્ભ્યનું આખ્યાન–આ ત્રણ આખ્યાનો કવિએ લખ્યાં મળતાં નથી. રચ્યા વર્ષની દષ્ટિએ સુધન્વાખ્યાન છેલ્લા ચંદ્રહાસા-ખ્યાન પછી બે વર્ષે લખાયેલું મળે છે, આટલો રચનમાં ક્રમભેદ છે, પણ ઉપર બતાવ્યું છે, તેમ "છ" ને બદલે "બ" હોય તો સુધન્વાખ્યાનની રચ્યાસાલ સં. ૧૬૩૨ ના પ્રથમ જ્યેષ્ઠ સુદિ ૮ ને શુક્રવાર આવે; તો આ ક્રમભેદને કારણ ન રહે. આ રીતે સં. ૧૬૩૪ સુધીમાં વિષ્ણુદાસે અશ્વમેધનાં આખ્યાનો રચી નવરા પડતાં રુક્માંગદપુરી રચી કાઢી સંભવે.

આ બધી કૃતિઓમાં સૌથી પ્રથમ કૃતિ કઇ એ જાણવું જરા મુશ્કેલ છે. પણ મને એમ લાગે છે કે કદાચ પ્રેમાનંદની જેમ લક્ષ્મણાહરણ જ વિષ્ણુદાસની પ્રથમ કૃતિ હશે. ૯ કડવાંની એ નાની કાચી કૃતિ છે. વાણી વિશે જશ આપવાની વિષ્ણુદાસે આમાં પ્રથમ પ્રાર્થના કરી છે:

"સ્વાંમિ વીઘન સીગ્રે થઇ હરે આપજે સુભમતી સોહ ।
જસ કીરત સુભ મતી પાંમવા તુને આરાધે શ્રવ કોએ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કમલભુતનઆને સ્તવુ આંણિને મન ઓહોલાસ ।
**વાણી વીખે જસ આપજો** કર જોડી કેહે **વિષ્ણુદાસ** ॥"

અને આ કાવ્યને અંતે બીજી કથાઓ પણ કહેવાની એ સૂચના કરે છે:

"એ કથા સાંભલે જેહ ભવ-સંકટદુખ છુટે તેહ ।
**વલી કથા વિસ્તારીશ** અંન એ તાં જન સહુ ધરજો મંન ॥
સાંભલતાં હોઅ અતી હુલાસ બેહુ કર જોડી કેહે **વિષ્ણુદાસ** ॥"[1]

આ જ કાવ્ય તેમ છતાં પ્રથમ કૃતિ જ હોવું જોઇયે, તેમ કહેવાનું સ્પષ્ટ સાધન આપણી પાસે નથી. સુધન્વાખ્યાન અને ચંદ્રહાસાખ્યાનનાં રચનવર્ષ જોતાં તો સ્પષ્ટ જ છે કે ૧૬૩૨–૧૬૩૪માં એ કૃતિઓ રચેલી છે. બીજી કૃતિઓને અંતે રચ્યા વર્ષ નથી છતાં સામાન્ય રીતે દર વર્ષે એકથી એ આખ્યાન રચવાનો તેણે નિયમ રાખ્યો હોય તો સં. ૧૬૨૪–૨૬ થી તેની કાવ્યરચનપ્રવૃત્તિના વિષયમાં બહુ શંકા નથી. તેની શંકાસ્પદ કૃતિઓ જોતાં વિષ્ણુદાસનું કર્તવ્ય એમાં નથી જણાતું: દાખલા તરીકે જાલંધર આખ્યાન. ભાલણ અને શિવદાસનાં તે તે કાવ્ય કરતાં એ આખ્યાન ચઢતું છે; પણ વિષ્ણુદાસની પદ્ધતિનો ખ્યાલ કરવામાં આવે તો તે મૂળ કથાઓને જ મુખ્યત્વે દૃઢ રીતે વળગી રહેનારો હોવાને કારણે જાલંધર આખ્યાન, તે પણ આટલું લાંબુ અર્પી શકે નહિ. વળી કથા અધ્યાયવાર આપવામાં આવી છે, જે પણ વિષ્ણુદાસનાં કાવ્યોની પદ્ધતિ જ નથી, લક્ષ્મીદાસની ખરી. તેમ વિષ્ણુદાસનો સામાન્ય નિયમ હતો કે કડવાંઓને અંતે, બધામાં નહિ તો કેટલાંકમાં " કર જોડી કિહિ વિષ્ણુદાસ " કહેવાની તેની પદ્ધતિ હતી, તે આમાં મળતી નથી, ઓખાહરણમાં પણ નથી મળતી; એથી જ એ જોયેલાં બંને કાવ્યો તેનાં ન હોઇ શકે. બીજી શંકાસ્પદ કૃતિઓ માટે હાલ કાંઇ પણ કહી શકાય તેમ નથી. મોસાળું, હૂંડી અને

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૧૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શુકદેવાખ્યાન એ ત્રણ કૃતિઓ આ કવિની જ હોવા વિશે શંકા નથી; અને એ કાચી કૃતિઓ પણ અમને આરમ્ભકાળની જ લાગે છે.

સં. ૧૬૩૪ પછી મુખ્યત્વે વિષ્ણુદાસે વ્યાસકૃત મહાભારતનાં શરૂનાં પર્વોને ગૂજરાતીમાં સારબદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે. એની પાછળ એણે પોતાના સમયનો મોટો ભાગ અર્પ્યો હોય તેમ જણાય છે. એણે કવિતા ઊંચા પ્રકારની થાય કે ન થાય, તેની પરવા નથી કરી જણાતી; તેનું ધ્યેય તો મહાભારતનાં કથાનકોને પ્રામાણિકપણે ગૂજરાતીમાં ઉતારવાનું હતું. તેનાં સભાપર્વ અને ઉદ્યોગપર્વનું તેમજ કર્ણપર્વનું સંપાદાન કરતાં આ ધ્યેય સ્પષ્ટ જોઇ શકાયું છે.

મહાભારતનાં તેણે રચેલાં પર્વોનાં રચ્યા–વર્ષોમાં ભારે વિસંવાદ છે. એનો નિર્ણય લાવવા પ્રયત્ન કરું તે પૂર્વે તેના રામાયણના કાંડોનાં રચ્યાવર્ષનો નિર્ણય કરી લેવામાં આવે તો તેનાથી કેટલીક સરળતા થશે. એ વસ્તુ જણાવવાની કે વિષ્ણુદાસની રચેલી અયોધ્યાકાંડથી ઉત્તરકાંડ સુધીની કૃતિઓ જ મળે છે. એણે બાલકાંડ ન જ રચ્યો હોય તેવું ઉત્તરકાંડના આરમ્ભના કડવા ઉપરથી જણાય છે:

(કડવું ૧:) "આદિ અયોધ્યાકાંડ પાવન રાંમ જન્મા યેહ ।
જાંનકી સ્વયંવર પરમ પ્રાક્રમ ભગ્ન ત્રંબક તેહ ॥૮॥

× × ×

બીજૂં અર્ણ્યકકાંડ માંહિ ઉત્તમ ડંડકારણ માહિ ।
ષર દૂષર ત્રીશરા હણ્યા બહૂ દૈત્ય સાથિ ત્યાંહિ ॥૧૦॥

× × ×

ત્રીજા કીષ્કંધ્યાકાંડ માંહિ મલ્યુ કપી હનૂમંત ॥૧૨॥

× × × ×

ચોથા સૂદરકાંડ માંહિ સૂદર બાંધી સેત ॥

(કડવું ૨:) શ્રીરાંમ તણાં પ્રાક્રમ કહ્યાં હવિ પાંચ કાંડ પૂરાં થયાં,
અહી થકી ઉત્તરકાંડ આરંભીઇ ॥૧॥[1]

૧ રા. નટવરલાલ ઈ. દેશાઇની સં. ૧૯૯૮–૯૯માં નકલ થયેલી હાયપ્રત, અને ગૂ. વ. સો. ની હ. લિ. પુ. નં. ૩૧ની નકલ (થોડા પાઠભેદે)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ રીતે ૭ કાંડ તેણે આપ્યા છે: આમાં બધા કાંડને છેડે તેણે રચ્યાવર્ષ ન આપતાં માત્ર કિષ્કિંધાકાંડ અને યુદ્ધકાંડને અંતે જ આપેલ જણાય છે. કિષ્કિંધાકાંડને અંતે:

"સંવત ૧૬ ચુપનિ ચીત્ત ધરી રાંમકીર્ત્તિ બોલ્યો વીસ્તરી ।
ચૈત્ર માસ શુકલ પક્ષ સાર ત્રયોદશી ઉત્તમ રવીવાર ॥"[1]

યુદ્ધકાંડની રચ્યા સાલ નીચે મુજબ મળે છે:

"સંવત ૧૬૬૦ નીરધાર ફાગણ શુદી પૂન્યમ રવીવાર ।
યૂધકાંડ ઇમ પૂરણ થઉં કવીતાંઇ કર જોડી કહ્યૂં ॥ ૨૩"[2]

પણ ઉત્તરકાંડને અંતે પણ કવચિત્ મળે છે:

"સંવત ૧૬ છપન વીસ્તાર આંસો માસ ત્રતીઆ ચંદ્રવાર ॥
તે દીન પુરણ હવું આક્ષાન, સાહે કરો મુને શ્રીભગવાન ।।"[3]

પણ આ કાંડનું છેલ્લું કડવું તો રામજન કુંવરનું છે, કે જ્યાં વર્ષ સં. ૧૭૧૬ છે; પણ લહિયાએ કિષ્કિંધાકાંડમાં ૧૬૫૪ જોઇ આ પ્રક્ષિપ્ત કડવામાં સં. ૧૬૫૬ કરી લીધા છે. ગણિતની દૃષ્ટિએ આ વર્ષ ખોટું જ છે, તે શ્રી રામલાલ મોદીએ પણ બતાવ્યું છે.[4] અને યુદ્ધકાંડની પૂર્ણાહુતિ સં. ૧૬૬૦ માં થયેલી સ્પષ્ટ હોવાથી એ વર્ષ બનાવટી છે, એમાં શંકાએ નથી. કિષ્કિંધાકાંડ અને યુદ્ધકાંડનાં રચ્યાવર્ષ સાચાં છે. આ જોતાં ઉત્તરકાંડની પૂર્ણાહુતિ વિષ્ણુદાસે સં. ૧૬૬૦ પછીનાં એક કે બે વર્ષમાં કરી હશે. આમ રામાયણ સં. ૧૬૬૧-૬૨ સુધીમાં પુરું થયું સંભવે છે. એની શરૂઆત તેણે ક્યારે કરી તે કહેવું મુશ્કેલ છે; એમ માનિયે કે સં. ૧૬૫૪ પૂર્વે ચાર પાંચ વર્ષ ઉપર સં. ૧૬૪૯-૫૦ માં શરૂ કર્યું હશે.

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૨૭૬ (કિષ્કિંધાકાંડ-પાનું ૨૧મું)
૨ શ્રી નટવરલાલ ઇ. દેશાઇની સં. ૧૬૯૮-૯૯ની હાથપ્રત, પૃ. ૨૫૭
૩ ગૂ. વ. સો. હ. પુ. નં. ૩૧
૪ જાલં. આ. પ્રસ્તા. પૃ. ૩૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હવે મહાભારતનાં પર્વોનો રચનાકાળ નક્કી કરવો અનુકૂળ થઇ પડશે. આરણ્યકપર્વના રચ્યાવર્ષના વિષયમાં લખતાં ઉપર જણાવ્યું છે કે તે સં. ૧૬૪૬ છે, નહિ કે શ્રી રામલાલ મોદી જણાવે છે તે પ્રમાણે સં. ૧૬૭૧.[1] જે સભાપર્વ શ્રીભાનુસુખરામે સં. ૧૬૧૭ માની છપાવ્યું છે, તે સં. ૧૬૭૦ છે, એમ શ્રીરામલાલ મોદીએ[2] બતાવ્યું તે તો શિવદાસનું છે.[3] વિષ્ણુદાસનું સભાપર્વ તો જુદું છે અને તે સં. ૧૬૫૪ માં રચ્યાનું ઉપર જણાવવામાં આવ્યું છે; જે કડી આ છેઃ

"સંવત **શોલ ચોપન** મધ્ય ઊત્યંમ દીવશ અપાર ।
અસ્વન માશ કૃષ્નપક્ષ પાવંન ત્રીતીયા ને રવીવાર ॥૧૪॥"[4]

ગણિતની દૃષ્ટિએ આ મિતિ સાચી છે. એ જણાવવાનું આવશ્યક છે કે આ આષાઢાદિ સંવત છે. અને વિષ્ણુદાસના સમયમાં તો ઠીક પણ છેક ભાગવત–પદબંધકાર વલ્લભના સમયમાં પણ તે જ પ્રકાર ગૂજરાતમાં ચાલુ હતો, એમ મારા તરફથી અન્યત્ર બતાવવામાં આવ્યું છે. આમ ક્રમની દૃષ્ટિએ બે ઊલટી સાલ સભાપર્વ અને આરણ્યકપર્વની મળે છે, જે સં. ૧૬૫૪ અને સં. ૧૬૪૭. આમ કેમ બન્યું હશે, વારુ ? મને એમ લાગે છે કે મહાભારત લખનારાઓમાં નાકરે જેમ વિરાટપર્વથી શરૂઆત કરી છે, તેમ વિષ્ણુદાસે પણ પ્રથમ વિરાટપર્વ લખ્યું હશે, જેનો સમય સં. ૧૬૩૪ અને ૧૬૪૬ વચ્ચે આવી શકે. એ પછી આરણ્યક (સં. ૧૬૪૬), વચ્ચે અંબરિષાખ્યાન (સં. ૧૬૪૭), પછી સભા (સં. ૧૬૫૪) અને તે પછી આદિપર્વ રચ્યું સંભવે છે. વર્ષો નહિ મળતાં હોવાથી આમ સંભાવના કરવામાં આવી છે. અહીં એ સ્પષ્ટ થશે કે સભાપર્વના જ

---

૧ જાલ. આ. પ્રસ્તા. પૃ. ૩૯

૨ એજન, પૃ. ૩૮

૩ જુઓઃ મહાભારત–પદબંધઃ ગ્રંથ ૧લો, ઉપો. પૃ. ૪૯ વગેરે.

૪ ગૂજરાતી પ્રેસની હાથપ્રત, નં. ૩૩૨ क (આ કાવ્ય **મહાભારત–પદબંધ**, ભાગ ૧લામાં છપાયું છે.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સમયમાં તેનું રામાયણરચન ચાલુ છે અને કિષ્કિંધાકાંડ સભાપર્વ પછી ૬ મહિને રચી પૂરું કર્યું છે. અને રામાયણ–રચનાના ગાળામાં જ સ્વતંત્ર હરિશ્ચંદ્રાખ્યાન તેણે સં. ૧૬૫૭ માં રચી આપ્યું જ છે; જેમકે

"સંવત **સોળ ને સતાવનો** ઉજ્વળ પક્ષ માઘ માસનો ।
મૃગશીર્ષ નક્ષત્ર અતિસાર તિથિ નવમી અને રવિવાર ॥"[1]

ફા. ગૂ. સભાની હાથપ્રતમાં[2] મહિનો માગસર કોઇ પ્રતમાં છે, પણ માર્ગશીર્ષમાં તો પૂર્ણિમાને દિવસે મૃગશીર્ષ નક્ષત્ર હોય, એટલે માઘ માસ જ સાચો છે: અને ગૂ. વ. સો. ની હાથપ્રતમાં માઘ જ મળે છે.[3] આ વર્ષ ગણિતની દૃષ્ટિએ પણ બરોબર છે.

વળી કર્ણપર્વની રચના પણ એ જ ગાળામાં સં. ૧૬૫૫ માં થઇ છે; જેમકે

"સંવત **સોલ પંચાવન** સાર ચેષ્ટ સુદ ચોથ્ય શનવાર ॥૧૨॥
તે દીન પૂર્ણા થઇ એ કથા બુધ્યમાંને બોલીશ સર્વથા ॥૧૩॥"[4]

કર્ણપર્વની રચ્યાસાલ બીજી પણ મળે છે; અને તેવી સાલોમાં સં. ૧૬૮૧ અને ૧૬૮૪ છે.[5] એ તો જાણે ખોટી જ છે, પણ સં. ૧૬૫૫ નું વર્ષ પણ ખોટું હોવાનું શ્રી રામલાલ મોદીએ જણાવ્યું છે.[6] એમનું કહેવું છે કે તે દિવસે શનિવાર નહિ, પણ શુક્રવાર જોઇયે.

---

૧ પ્રા. કા. ત્રૈ. વર્ષ ૭મું, અંક ૩જો, પૃ. ૪૧

૨ ફા. ગૂ. સ. હ. લિ. પુ. યાદી, ભાગ ૨જો, પૃ. ૬ (નં. ૫૨–હ)

૩ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૨૦૦ (સૂચી પૃ. ૮૨)

૪ ફા. ગૂ. સ. હ. લિ. પુ. યાદી, ભાગ ૨જો, પૃ. ૩૭૪ (નં. ૧૩૩–ક). આ પ્રત અને ગૂ. વ. સો. ની રામાયણની પ્રત એક જ વર્ષમાં ગોપાલ ગીર સંન્યાસીને હાથે ઉતરાયેલી છે. નં. ૬૬–ત (પૃ. ૯૦)ની હાથપ્રતમાં પણ ૧૬૫૫ મળે છે.

૫ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૨૭૭ માં ૧૬૮૪, જ્યારે નં. ૨૭ માં ૧૬૮૧ છે. જુઓ સૂચીનાં પૃ. ૧૦૭ અને ૨૦

૬ જાલં. આ. પ્રસ્તા. પૃ. ૪૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માત્ર "સુદિ" ને બદલે "વદિ" કરતાં તિથિ અને વાર બંને સાચાં થઇ જાય છે. આમ હોય તો શા માટે એ વર્ષને જૂઠું ગણવું જોઈયે?

દ્રોણપર્વની રચ્યાસાલ સં. ૧૬૫૭ મળે છે:

**"સંવત સોળસેં સતાવન** તવ પ્રબંધ હવો પાવંન ।
માસ દામોદર ઉત્તમ સાર દિવસ પંચમી નવ રવિવાર ॥"[1]

શ્રી રામલાલ મોદી કહે છે કે આમાં માસ કે પક્ષ નથી; પણ "દામોદર" જોતાં માલૂમ પડશે કે એ માર્ગશીર્ષ માસ છે. નાકરે વિરાટપર્વ સં. ૧૬૦૧ ના "દામોદર" માસમાં જ રચ્યું છે.[2] તે ગણિત પ્રમાણે માર્ગશીર્ષ છે. તો આ પણ માર્ગશીર્ષ હોવામાં શો બાધ ગણાય? પક્ષ નથી તે નક્કી કરવો રહ્યો. અને વદિમાં પંચમીને દિવસે રવિવાર આવે છે; એટલે કે "નવ" ને સ્થળે "વદ" વાંચતાં બધું સ્વસ્થ થઇ જાય છે. આમ હોવાથી જ તે સ્પષ્ટ થઈ જશે કે વિષ્ણુદાસે એકી સાથે અથવા તો વચગાળામાં અન્યાન્ય કાવ્યો લખ્યાં હોય. કિષ્કિધાકાંડ અને યુદ્ધકાંડ વચ્ચેનો ચાર વર્ષનો તફાવત એમ નથી બતાવતો કે કવિએ કર્ણપર્વ, દ્રોણપર્વ અને દ્રોણપર્વ પછી બે માસમાં હરિશ્ચંદ્રાખ્યાન રચ્યાં છે? અને દ્રોણપર્વ પછી અને કર્ણપર્વ પહેલે કેમ રચ્યું એનું સમાધાન તો એમ હોઇ શકે કે કર્ણપર્વ નાનું હોવાથી તેને વહેલું પતાવ્યું અને પછી દ્રોણ હાથમાં લીધું. ઉદ્યોગપર્વની સાલ નથી મળતી પણ એ કર્ણપર્વ પછી કે પૂર્વે એકાદ વર્ષમાં જ રચાયું હોવાની પૂરી સંભાવના છે.

મહાભારતનાં બાકીનાં ભીષ્મ, શલ્ય, ગદા, સૌપ્તિક, સ્ત્રી, મૌશલ, પ્રસ્થાન અને સ્વર્ગારોહણ એ પર્વોની રચ્યાસાલમાં ભારે વિસંવાદ છે. ઉપર આપણે જોયું છે કે સં. ૧૬૬૦ સુધી તો વિષ્ણુદાસની પ્રવૃત્તિ અવિરત રહી છે. ક્યાંસુધી ચાલી તે નક્કી કરવા જેવું છે. એ માટે પ્રથમ ભીષ્મપર્વનું રચ્યાવર્ષ જોઇયેઃ

---

૧ ગૂજરાતી પ્રેસની નં. ૩૩૧ ख પ્રતમાં પણ સં. ૧૬૫૭ છે.

૨ મહાભારત-પદબંધ, ગ્રં. ૩ જો, ઉપો. પૃ. ૨૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"હવે સંવત ૧૭૧૩ પ્રમાંણ માશ માગશર પાવંન જાણ ॥૪૮॥
શુકલપક્ષ પંચમી સોમવાર એહ કથાનો કીધો વીસ્તાર ॥૪૯॥"[1]

ગણિતની દૃષ્ટિએ આ તિથિવાર તદ્દન સાચાં છે અને તે દિવસે ૧૦ મી નવેમ્બર ઈ. સ. ૧૬૫૬ છે, અને નહિ કે ૨૦ મી નવેમ્બર ઈ. સ. ૧૬૫૬.[2] પણ તે માટે વિષ્ણુદાસને સો વર્ષની વયનો સ્વીકારવો પડે છે. મૂળમાં પાઠભેદ થયાની સંભાવના છે; કેમકે એક હાથપ્રતમાં નીચે મુજબ પાઠાંતર છે:

"હાવે સંવત તેરના (?) પરમાંણ માશ માગશર પાવંન જાણ ।
શુકલપખશ પંચમી સોમવાર એહે કથાનો મેહે કીધો વીશતાર ॥"[3]

આ ઉપરના કરતાં જૂની એટલે કે સં. ૧૮૯૦ ની પ્રત છે. એમ સંભવે છે કે આંકડામાં કાંઈક ગરબડ થઈ હશે. કોઈ હાથપ્રતમાંના "૧" અને "૩" એ આંકડા રહી ગયા છે, બીજા નષ્ટ થયા છે. અને શ્રીરામલાલ મોદી "તેર"ને "૧૬૭૩" વાંચે છે. ગણિતની દૃષ્ટિએ તે મિતિ આવી રહે છે. અને તેમને મતે સભાપર્વ સં. ૧૬૭૦ માં રચાયું સિદ્ધ છે કે જે મારે મતે તો શિવદાસનું છે, તેથી ત્રણ વર્ષ પછી ભીષ્મપર્વ રચાયાની તેમની કલ્પના છે.[4] પણ સં. ૧૬૬૩ માં પાંચ દિવસમાં એક તિથિની વૃદ્ધિ હોય (અને તે મહિનો ત્રીસો હોવાથી સંભવ પણ છે) તો માર્ગશીર્ષ સુદિ ૫ ને સોમવાર આવી

---

૧ ગૂજરાતી પ્રેસ હ. લિ. પુ. નં. ૩૩૨ ख; પણ નંબર ૩૩૧ क માં "૧૭૦૦" મળે છે.

૨ જાલ. આ. પ્રસ્તા. પૃ. ૪૦ ઉપર શ્રી મોદીએ આ પાછલી તારીખ આપી છે. શ્રી પિલાઇની Indian Cronology—પૃ. ૧૧૩ ઉપર સં. ૧૭૧૩ના માર્ગશીર્ષ સુદિ ૧ ગુરુવારને દિવસે ઇ. સ. ૧૬૫૬ ના નવેંબરની ૬ ઠ્ઠી તારીખ નોંધાયેલી છે.

૩ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૮ ब

૪ જાલં. આ. પ્રસ્તા. પૃ. ૩૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શકે તેમ છે.[૧] તો તે જ મિતિ શા માટે ન સ્વીકારવી અને સં. ૧૬૬૦–૬૧ પછી ૧૨ વર્ષવાળી મિતિ સ્વીકારવી ? કડવાં ૯૪ નું લાંબુ કાવ્ય રચતાં ઉત્તરકાંડની સંપૂર્તિ પછી આખું એક વર્ષ નીકળી ગયું હોય, તેમાં આશ્ચર્ય નથી: બાકીનાં પર્વો સિવાયની બીજી કોઇ કૃતિ તેને બાકી રહી સંભવતી નથી, તેથી એક વર્ષનો ગાળો પૂરતો છે. શલ્યપર્વ, ગદાપર્વ સૌપ્તિકપર્વ, મૌશલપર્વ અને સ્વર્ગારોહણીમાં રચ્યાવર્ષ નથી મળતું, પણ સ્ત્રીપર્વ અને પ્રસ્થાનપર્વમાં મળે છે; જેવાં કે

(૧) સ્ત્રીપર્વ:

"શવત **શતર પંનોતરા** ને માશ માગશેર ધંન્ય ।
શુકલપક્ષે ને પંચમી ગુરૂવાર પૂંજ પાવંન ॥ "[૨]

(૨) પ્રસ્થાનપર્વ:

"સંવત **શોલ એકાણૂં** શોએ શ્રાવણમાસ ઊજલ પક્ષ હોએ ।
એકાદશીને દીને પ્રતીવાર (?) તે દીને એ કીધો વીસ્તાર ॥ "[૩]

આ બંને વર્ષ ખોટાં છે. ગણિતની દૃષ્ટિએ સં. ૧૬૬૫ ના માર્ગશીષ સુદિ ૫ ને ગુરુવાર આવે છે, જ્યારે આષાઢી સં. ૧૬૬૮ ના શ્રાવણ સુદિ ૧૧ ને દિવસે પ્રતીવાર (?)=બૃહસ્પતિ વાર=ગુરુવાર આવે છે. આ જોતાં સં. ૧૬૬૮–૬૯ સુધીમાં તેની સાહિત્ય પ્રવૃત્તિ સંકેલાતી લાગે છે; અને નહિ કે શ્રી રામલાલ મોદીએ બતાવ્યા મુજબ સં. ૧૬૮૧ સુધીમાં. અને એક આશ્ચર્યનો વિષય છે કે વિષ્ણુદાસના એક ગુરુ ભૂધર વ્યાસનો શિષ્ય (જે કામેશ્વરનો પણ પછીથી શિષ્ય છે તે) લગભગ એ જ સમયથી કાવ્યપ્રવૃત્તિ કરે છે, અને બાલલીલા તેણે સં. ૧૬૬૭ના માઘ સુદિ પૂર્ણિમાને દિવસે ત્રણ જ દિવસમાં પૂરી આઇ છે.[૪]

---

૧ શ્રી પિલાઇની Indian Cronology, (પૃ. ૧૧૧)માં સં. ૧૬૬૩ના માર્ગશીર્ષ સુદિ ૧ બુધવારને દિવસે ૧૯મી નવેંબર છે, ઇ. સ. ૧૬૦૬ છે.

૨ ફા. ગૂ. સ. હ. લિ. પુ. યાદી, ભાગ ૨જો, પૃ. ૨૧૦

૩ એજન, પૃ. ૨૦૮

૪ એજન, પૃ. ૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિષ્ણુદાસે સં. ૧૬૪૬ પૂર્વે ભૂધર વ્યાસ પાસેથી આરણ્યકપર્વની કથા સાંભળી તે પર્વ ગૂજરાતીમાં તે વર્ષમાં રચ્યા પછી ૧૯ વર્ષે શિવદાસ તે જ ગુરુના આશ્રયે કાવ્યારંભ કરે તેમાં વિસંવાદ નથી. કદાચ વિષ્ણુદાસે વિશ્વનાથ વ્યાસ પાસેથી ભીષ્મપર્વ વગેરે સાંભળી સં. ૧૬૬૩ થી પછીનાં પર્વો લખ્યાં, તેની હરીફાઈમાં ગુરુપ્રેરણાથી શિવદાસે કાવ્યરચન શરૂ કર્યું હોય તો તે ઓછું સંભવિત નથી.

આ પ્રમાણે વિચારતાં વિષ્ણુદાસની સિદ્ધ કૃતિઓનો કાલાનુક્રમ નીચે મુજબ આવે:

| કૃતિ | રચન-વર્ષ |
| --- | --- |
| ૧. લક્ષ્મણાહરણ | સં. ૧૬૨૪-૨૮ આસપાસ |
| ૨. કુંવરબાઇનું મોસાળું | ,, |
| ૩. નરસિંહ મહેતાની હૂંડી | ,, |
| ૪. શુકદેવાખ્યાન | ,, |
| ૫-૧૫. અશ્વમેધનાં આખ્યાનો | સં. ૧૬૨૪ થી સં. ૧૬૩૪ |

(૧) યુવનાશ્વની કથા, (૨) ભીમહાસ્યની કથા, (૩) અનુશાલ્વનું આખ્યાન, (૪) અશ્વપ્રયાણ, (૫) નીલધ્વજનું આખ્યાન, (૬) ચંડીનું આખ્યાન, (૭) સુધન્વાખ્યાન, (સં. ૧૬૩૨), (૮) બભ્રૂવાહનનું આખ્યાન, (૯) લવકુશાખ્યાન, (૧૦) મોરધ્વજનું આખ્યાન અને (૧૧) ચંદ્રહાસનું આખ્યાન. (સં. ૧૬૩૪)

| | |
| --- | --- |
| ૧૬. રુક્માંગદનું આખ્યાન | સં. ૧૬૩૪ |
| ૧૭-૨૩. મહાભારતનાં પર્વો: | સં. ૧૬૩૪ થી સં. ૧૬૫૭ |

(૧) વિરાટ પર્વ, (૨) આરણ્યક પર્વ (સં. ૧૬૪૬), (૩) સભાપર્વ (સં. ૧૬૫૪), (૪) આદિપર્વ, (૫) ઉદ્યોગપર્વ, (૬) કર્ણપર્વ (સં. ૧૬૫૫), (૭) દ્રોણપર્વ, (સં. ૧૬૫૭)

| | |
| --- | --- |
| ૨૪. અંબરિષાખ્યાન | સં. ૧૬૪૩ |
| ૨૫-૩૦. રામાયણ | સં. ૧૬૫૦ થી સં. ૧૬૬૧ |

(૧) અયોધ્યાકાંડ, (૨) અરણ્યકાંડ, (૩) કિષ્કિંધાકાંડ, (સં. ૧૬૫૪) (૪) સુંદરકાંડ, (૫) યુદ્ધકાંડ (સં. ૧૬૬૦), (૬) ઉત્તરકાંડ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૩૧. હરિશ્ચંદ્રપુરી સં. ૧૬૫૭
૩૨–૩૯ મહાભારતનાં બાકીનાં પર્વો: સં. ૧૬૬૩ થી સં. ૧૬૬૮

(૧) ભીષ્મપર્વ (સં. ૧૬૬૩), (૨) શલ્યપર્વ, (૩) ગદાપર્વ, (૪) સૌપ્તિકપર્વ, (૫) સ્ત્રીપર્વ (સં. ૧૬૬૫), (૬) મૌશલ પર્વ, (૭) પ્રસ્થાનપર્વ (સં. ૧૬૬૮), (૮) સ્વર્ગારોહણી

અંગદવિષ્ટિ, ઓખાહરણ, જાલંધર આખ્યાન, દ્વારકાવિલાસ, શિવરાત્રિની કથા, અને સુદામાચરિત્ર, આ કૃતિઓ વિષ્ણુદાસની હોવા વિશે મને શંકા છે. છેલ્લા બે ગ્રન્થોનું સૂચન શ્રી. ભા. નિ. મહેતાએ કર્યું છે, તે હાલ પ્રાપ્ય નથી. દ્વારકાવિલાસ ગૂ. વ. સો. ના સંગ્રહમાં હોવાનું શ્રી રામલાલ મોદીએ સૂચવ્યું છે, પણ તે ત્યાં નથી. અંગદવિષ્ટિ વેડાછામાં હોવાનું નોંધ્યું છે. પણ તે મળ્યા પછી જ તેના કર્તૃત્વના વિષયમાં કાંઈ કહી શકાય.

ઉપરની યાદી અને ચર્ચા ઉપરથી ખ્યાલમાં આવશે કે નાકર અને શિવદાસ વચ્ચે વિષ્ણુદાસ એક સળંગ સાંકળ સાંધી આપતો જણાય છે. ૪૦–૪૫ વર્ષ જેટલી એની સાહિત્યપ્રવૃત્તિ વિસ્તૃત છે. એટલા સમયમાં એણે નાની મોટી તેની જ હોવામાં શંકા નથી તેવી ૩૯ કૃતિ રચી આપી છે અને શાંતિપર્વ, અનુશાસન અને આશ્રમવાસિકપર્વ રચ્યાં હોત તો પૂરી ૪૨ કૃતિ સાથે રામાયણ અને મહાભારત તેના તરફથી ગૂજરાતીમાં પૂરાં મળી ગયાં હોત; પહેલાંના કે પછીના કોઇપણ પ્રસિદ્ધ કવિઓએ એ ત્રણ પર્વ ગૂજરાતીમાં આપ્યાં જણાતાં નથી.

વિષ્ણુદાસની આટલી વિશાળ સાહિત્યસેવા છતાં એ કવિતાની દૃષ્ટિએ ઉચ્ચ પ્રકારની કવિતા નથી આપી શક્યો, એ એનાં કાવ્યો જોવાથી માલૂમ પડે છે. મોટા ભાગનાં કાવ્યો સંસ્કૃત કથાનકોના સારરૂપ જ છે, એટલે તેમાં ચમત્કૃતિ બતાવવાનો તેણે ખાસ પ્રયત્ન કર્યો નથી. સ્વાભાવિક જે કાંઈ આવે તે આવવા દીધું છે. એનાં સ્વતંત્ર કાવ્યોમાં તો "મોસાળું" અને "હૂંડી" જ ગણી શકાય. આ


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ કાવ્યોની મદદ મહાકવિ પ્રેમાનંદે લીધી છે, એ કાંઇ ઓછું માનપ્રદ નથી; એટલું જ નહિ પણ બીજાં આખ્યાનકાવ્યોની પણ મદદ પ્રેમાનંદે લીધી છે.

મોસાળું અને હૂંડી બંનેમાં નરસિંહ મહેતાના જીવનના એ પ્રસંગો કવિએ ગાયા છે. નરસિંહના જીવનના પ્રસંગ ગાનારો એ સૌથી પ્રથમ કવિ છે. નરસિંહના વૃદ્ધમાન્ય સમય પછી લગભગ ૯૦ વર્ષ પછી આ પ્રસંગો વિષ્ણુદાસે ગાયા છે. જો નરસિંહ શ્રી. ક. મા. મુનશી પ્રમાણેના સમયમાં થયો હોત તો માત્ર ગાળો બહુ તો વીસેક વર્ષનો જ રહે છે. એક ભક્તનું ચરિત્ર કવિતાના નાયક જેવું બનવાને માટે વીસેક વર્ષનો ગાળો ઘણો નાનો કહી શકાય. અને વિષ્ણુદાસે એ કાચી કૃતિઓ મોટી ઉમરે લખી હોય એમ કહી શકાય તેમ નથી જ. વિષ્ણુદાસ નાગર હતો એટલે તે પોતાની જ્ઞાતિના એક પરમભક્તનું ચરિત્ર ગાવા ઉદ્યત થયો છે એ સ્પષ્ટ છે.

રાગ કેદારો

"નરસહી મેતો રે નાગરની નાત, સદ્ગુરૂ મળિયા વારૂ રળીયાત;
અવિચલ વાણી બાઇ જેણે મન ધરી, તેને મળીયા શ્રીનરહરી.
બેહુ મળીને કેહે કરજોડ ભુલાં ભણી મ દેશો ખોડ;
તેણે હરિની સેવા કરી ત્રિભુવન નાથ ત્યાં સંમરી.
નરસિંહ મેતાની રે પુત્રી જેહ, વિજેનગર પરણાવી તેહ;
તે વાતને વરસ વહી ગયાં, સીમંત જોગ કુંવરબાઇ થયાં.
માસ સાતનાં મૂરત પૂછીએ, એણી પેરે પંચમાસી કીજીએ;
મૂરત કીધાં રે પંચમાસી તણાં, નગરલોક જમાડાં ઘણાં.
સાસુ નણંદ ને સહીઅર મળી, રત્નજડીત્ર બાંધી રાખડી;
દેરાણી જેઠાણી મન ઉલટ ઘણો, સોનાનો રે બાઇ તેને ચાંદલો.
સાસુ પૂછે રે વહુ સાંભળ વાત, અનાથીયો રે વહુ તારો તાત;
અનાથીઓ બાઇજી તાત જ ભલો, તે કારણ કાગળ મોકલો,
કંકોતરી વેગે મોકલો, લઈ જાએ પંડયો ખોખલો."[1]

---

1 સભાપર્વ વગેરે (શ્રી. ભા. નિ. મહેતા) પૃ. ૯૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રકારનો કવિએ ઉપક્રમ આપ્યો છે. વેલ જોતરવામાં આવી તે વગેરે જોઇયે:

"પીઆરા બલદ પીઆરી જોસરી, માગી ત્રાગી મેતે વેહેલ જોતરી,
જે તેડવાં હુતાં તેડીઆ, ઘરનાં માણસ ઘેર મલીઆં.
કુટુંબ સમસ્ત ને બહુ પરિવાર, મેતાજી લેઈ ચાલ્યા નગર મોઝાર;

× × ×

**ઝાઝા ચાંચણને ઝાઝા જુઆ, ત્યાંહાં નરસહી મેતાના ઉતારા હુઆ,**
ભેટચા વેવાઇ ને લાગ્યું ઝોડ, મોસાલામાં નથી દીસતો મોડ."[1]

આ પ્રસંગે કુંવરબાઈના શબ્દો કવિની વાણીમાં ઠીક કરુણરસના દ્યોતક સરી આવ્યા છે:

"ક્રોહો મહારા તાતજી ભલે આવીયા, અમને મોસાલું શું લાવીઆ,
અમો લાવ્યા છું બાઈ ચંગ ને તાલ, મોસાલું કરશે શ્રીગોપાલ;
એ બાપથી હું કહીએં નવ ઠરી, જ્યારે માગું ત્યારે કે બાઇ હરી,
મા મોઇ તારે અમો શેં ન મુઆં, નિર્ધન માબાપને ઉદર શીદ રહ્યાં;
આછી પાતળી પીરસતી રાબડી, દોહલી વેલા મારી માવડી,
જેમ બહુ ઉતરી સલી, તેમ દૂધનો ભંડાર મારી માવડી;
મા વિના આંણુ પીઆણું કોણ કરે, **મા પહેલું છોરૂ શેં ન મરે.**
**જલ વછોઈ જેમ માછલી, મા વિના કુંવરબાઈ તેમ એકલી.**
**ઘડો જેમ ભાગે ઠીકરી,** મા પેલી મરજો દીકરી.
દીપક તેલ વિના ઝાંખાં તેજ, **માત વિના તેમ બાપનાં હેજ.**
**ધૃત વિના જેમ લુખાં અન્ન,** માત વિના તેમ બાપનાં મન.
મા મોઈ તારે બાપ ચોરીએ ગયો, **મા વિના સંસાર સુનો થયો.**
મા વિના ન શોભીએ કાપડૂં, મા વિના છોરૂ હોએ બાપડુ."[2]

વિષ્ણુદાસ પોતાના કાવ્યમાં દામોદર દોશીને હાજર કરતો નથી, એ લક્ષ્યમાં રાખવા જેવું છે:

---

૧ એજન, પૃ. ૯૫ ૨ એજન, પૃ. ૯૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"નરસઇઓ હરિનું ધ્યાન જ ધરે, તે કારણ મારૂં આસન ફરે,
નરસઇ મેતો મનમાં હરખીઆ, શ્રીકૃષ્ણદેવ આવ્યા ઢુકડા;
છલક છાબ સોનઇએ ભરી, અંત્રીખથી ઓચીંતી પડી."[1]

માત્ર નણંદના મુખમાં નીચેનું વાક્ય મૂકે છે:

"ભાભી તમારે બાપે શું કર્યું, મોસાળું તો શ્રીકૃષ્ણે કર્યું,
દ્વારકાથી કૃષ્ણદેવ આવીઆ, મોસાળું તો તે લાવીઆ."[2]

પણ કાવ્યમાં ક્યાંય પણ કૃષ્ણની હાજરી જણાતી નથી.[3] છેવટ નણંદીની છોકરીનું કાપડું પણ:

"શ્રીહરીનું મંદિર ઉઘાડીઉં બાણીનું કાપડું ઉપરથી પડ્યું."[4]

પણ "હૂંડી"માં "સાંમલ પારેખ સરખું રૂપ" ધરી પ્રભુ દ્વારકામાં આવ્યા અને હૂંડી ભરી અદશ્ય થઈ ગયાનું કવિ ગાય છે.

એનાં આખ્યાનોમાં લક્ષ્મણાહરણ મને સૌથી પહેલું લાગે છે. એ અદ્યાપિ અપ્રસિદ્ધ છે. ભાગવત–દશમ–ઉત્તરાર્ધમાંના એ પ્રસંગને અનુસરી એ કાવ્ય બાંધ્યું છે. કવિ સમાધાન પછી સાંબને લઈ બળદેવજી હસ્તિનાપુરમાં લગ્નને માટે આવ્યા ત્યારે દુર્યોધને પહેરામણી આપી તે પ્રસંગ આ પ્રમાણે આપે છે:

"સહસ્ર ખટ ગજ મદન ઝરંત ઐરાવતને ગંજેજી ।
અનેક વસ્ત્ર–વભુખીત જોતાં ભુપતણાં મન રંજેજી ॥૨॥
વલી કનક તણા રથ સોભીત શુદીર ગજને માંને તેહજી ।
દ્વાદશ અયુત તુરંગમ તેજી અણાવિ આપા તાંહજી ॥૩॥
વલી સીબકા બહુ મણ માંણક વસ્ત્ર તણો નહિ પારજી ।
ભુખણ વીવધ મનોહર કુંડલ આપા તેણી વારજી ॥૪॥
વલી સેહેસ્ર દાસી માહાસુંદર અતીસે જોબનવંતીજી ।
કનક–વભુખીત અંગ તેહેનાં અનેક પે ગુણવંતીજી ॥૫॥"[5]

---

૧ એજન, પૃ. ૯૮ ૨ એજન, પૃ. ૯૯

૩ "મોસાળા"માં છાબમાં બે પાણા મૂકયાની વાત પણ વિષ્ણુદાસે આપી છે. આ અને પ્રેમાનંદના "મામેરા"ના સામ્ય વિશે શ્રી ભો. જે. સાડેસરાનો લેખ જુઓ: "સુવાસ" માસિક, પુ. ૩ અંક ૭, પૃ. ૩૦૧–૩

૪ એજન, પૃ. ૧૦૦ ૫ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૧૭, પૃ. ૧૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને આવેલી સેનાને નિરખવા આવતી પુરનારીઓ:

"કોએક વિનતા સીર પેહેરણે અધવચ્ય આવી તારે ।
દમેતી કેરુ રૂપ નીરખતાં હરખી ઘણુ મન માંહે ॥૧૫॥
કોએક વિનતા નેત્ર આંજતી કો સીર ગંથન કરતી ।
કોએક મેખલા હાથ ધરીને આવિ આનંદ કરતી ॥૧૬॥
કોઅ જ સ્ત્રિનો હાર ટુટે મોતી શ્રવ વેરાએ ।
કોઇએકની તાં છુટી મેખલા ગોફણે ચરણ ભરાયે ॥૧૭॥"[1]

આ પ્રમાણે તેણે રસિકતા લાવવા પ્રયત્ન કર્યો છે. એનાં પ્રસિદ્ધ થયેલાં કાવ્યો જાણીતાં છે. મહાભારતનાં પર્વો અને રામાયણમાંથી સભા–ઉદ્યોગ–કર્ણ–શલ્ય જ છપાયાં છે. એમાં એણે સાર આપતાં એટલું અવશ્ય ધ્યાન રાખ્યું છે કે કવિતા કર્ણકટુ ન થઈ પડે. નમૂના તરીકે આપણે સુંદરકાંડમાં આવતું રાવણના ભવનનું વર્ણન જોઇયે:

"મારુતસુત મન માંહા તવ હરખ્યો અતી બલવંત ઓદાર ।
ત્યાંહાં દીઠો એક માહ્યામનોહર અર્કવર્ણ પ્રાકાર ॥
અનેક રાષસ ત્યાંહા થકા અધષ્યણ અલગા નવ થાએ ।
એણી પેરે નીત કરે કેસરી આસુમવંન રખ્યાએ ॥
ભૂપભવન કેરી અતી સોભા જે દીઠે મન હીસે ।
રત્નકનકમે જ્યોત જલહલે સુર્ય કોટ તવ દીસે ॥
અનેક આઉધ અનેક અસ્ત્ર સુભાસન દેવ વીમાંન ।
અનેક સેજ્યા બહુ સામગ્રી ભૂપભવન સનીધાંન ॥
નાહાનાવીધ વાજીંત્ર અનોપમ વીવીધ પ્રકારે વાજે ।
વેદાધ્યાન કરે બહુ વાડવ્ય નાદ ઘોષ ઘન ગાજે ।
રોષવંત મલ્યા છે રાષસ રખ્યા તણે ઊદેસ ।
તે મધે પછે પવનકુંમારે જઇ કીધો સીગ્ર પ્રવેસ ॥
ત્યાંહા દીઠા અસ્વ અનંત જાત્ય જે ભૂપતણાં મન રંજે ।
દીઠા હસ્તી અસંખ્યાત જે ઐરાવતને ગંજે ।
દીઠી મણીમે જડીત પાલખી તેહ તણો નહી પાર ।
પછે અનેક વીવીધ ક્રીડાસ્થાંનેક તે દીઠાં તેણી વાર ॥

[1] એજન, પૃ. ૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભૂતલ લંક વીષે અતી સુંદર પવન પરમનીધ્યાંન ।
સ્વર્ગસમાંન ત્યાંહાં હનમંતે દીઠુ પુષ્પ વીમાંન ॥
પુર્વે જે રચું વીસ્વકર્મા બ્રહ્મા તણે ઉદેસ ।
તે પૂષ્પક માહાં પવનસુતે પછી કીધો સીગ્ર પ્રવેસ ॥ "૧

લાઘવ સાચવ્યું હોવાથી વાંચવા સાંભળવામાં કંટાળો ઊપજતો નથી. મહાભારતમાં પણ આ જ પ્રકાર તેણે સાધ્યો છે.[૨]

કાવ્યબંધની દૃષ્ટિએ વિચાર કરતાં કવિએ ચાલુ દેશીઓનો જ પ્રયોગ કર્યો છે; વિશિષ્ટ છંદો કયાંય પ્રયોજ્યા નથી.

ભાષાની દૃષ્ટિએ વિચાર કરતાં એનો સમય મધ્યકાલીન ગૂજ.ની ૪થી ભૂમિકા (સં. ૧૬૨૫–૧૭૦૦)માં પડે છે; એની ભાષા જોતાં પણ તે બરાબર છે. કરિ, કરે; કર્યું, કર્યો; તણિ, તણે; એમ વિકલ્પ રૂપો તેની લખાયેલી નકલોમાં સાંપડે છે. દાખલા તરીકે કર્ણ-પર્વમાંથી જોઈયેઃ

"શ્રીશલ્ય કિહિ સાંભલ્ય વાત સુત કહીઇ તાહારો તાત ।
વીક્ષાત્ય યશ પાંડવ માહાપ્રાક્રમી રે ॥૧॥
તે માહાબલીઆ કુંતાજાત પાંડુરાય એહનો તાત ।
કહુ વાત તે આગલી તૂ શૂ લહિ રે ॥૨॥

**ઢાલ**—તે આગલિ તૂં શૂ પોસાઇ કયાંહાં અર્જુન બલધારી ।
તેહના યશ પ્રાક્રમ તણી તૂહિન કહુ કથા વીસ્તારી ॥૩॥
યમ રણમાંહિ સીંહ રહ્યો મહાપ્રૌઢ શીરોમણિ શાંત ।
તે શૂં સ્વાર્દ્ધાં કરિ શ્રગલો પોતે પાંમવા અંત ॥૪॥
મદોનમત્ત સહી વનમાં યેણિં મારગ કીધો રૂંધ ।
પણ શશ તણો સુત સાંહાંમો આવી કરવા ઈછિ યુદ્ધ ॥૫॥
યમ કૃષ્ણ સર્પ મણીધર માહા મોટા બલ્લમાં પિઠો જાણીં ।
કાષ્ટ ચડિયો બાલક તેહનિ ત્યાહાથો કાઢિ તાણી ॥૬॥

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૨૭૬ ( સુંદરકાંડ–કડવું ૩જું )
૨ શ્રી અં. બુ. જાની અને શ્રી ભા. નિ. મહેતાએ પોતાના નિબંધોમાં કેટલાંક સારાં અવતરણો લીધાં છે, તે જિજ્ઞાસુઓએ જોવાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચેહનૂ શૂં બલ જાંણિ મૂરષ જલમલ્યો ધ્રૂક ।
તે યમ તે શૂં કરિ બૂંવારવ મૂંકી મુક્ષથી હૂંક ॥૭॥
ધણી મૃગલી શશાંક પકડચો સીંહની શૂં ગત્ય જાંણિ ।
આજ મૃગેંદ્રપણું પામ્યો અંતિ એહવૂં મન્ય આંણિ ॥૮॥
તમ તૂ કર્ણ કૌરવે પરવરચો પાર્થપણું મન્ય ભાવિ ।
બીજા સહુ પ્રમાંણ કરિ પણ મુઝ મન્ય વાત ન આવિ ॥૯॥
યમ આકાશિ મેઘ ગડગડિ વાયુ સારથિ પાશિ ।
ત્યમ અર્જુન નિ કૃષ્ણ સારથી દૃષ્ટિ થકી તૂં નાહાસિ ॥૧૦॥
વલી વીભાવસુ પ્રગટ્યો વનિ જાંણી વાયુ સારથી થાય ।
ત્યમ અર્જુન નિ કૃષ્ણ સારથી પાસિ તિ ન જવાય ॥૧૧॥
× × × ×
યમ મુષક વૃષભુક પ્રતીરે શૃંગાલ સીંહનિ જાંણિ ।
વલી યમ શશક કુંજરનિ દેષી ગર્વિ બોલિ વાંણી ॥૧૪॥
યમ ષદ્યોત ભડિ રવી આગલિ યથા પાપ નિ પૂન્ય ।
ત્યમ અર્જુન આગલિ તૂં રાધે રહિ કરી કહુ મુન્ય ॥૧૫॥"[1]

આમાં પ્રયોજાયેલાં રૂપો જોવાથી ૪થી સંકીર્ણ ભૂમિકાનો ખ્યાલ આવી શકશે. આ વિષ્ણુદાસની સેવા તેના બહોળા શબ્દસમૂહને માટે ગૂજરાતી ભાષામાં અસાધારણ રહેશે.

ચરિતસામગ્રીઃ

૧ બૃહત્કાવ્યદોહન, ભાગ ૮મો, શ્રી અંબાલાલ જાનીએ લખેલું ચરિત્ર
૨ વિષ્ણુદાસ–શ્રી ભાનુસુખરામ નિ. મહેતા સંપાદિત
૩ જાલંધર આખ્યાન–શ્રી રામલાલ ચૂ. મોદી–સંપાદિત
૪ ગૂજ. વ. સો.ની હ. લિ. સૂચી અને વિષ્ણુદાસનાં કાવ્યોની હાથપ્રતો
૫ ફાર્બસ ગૂજ. સભાની હ. લિ. પુ. સૂચી–ભાગ ૨જો
૬ બુદ્ધિપ્રકાશની જૂની ફાઇલો
૭ પ્રાચીન કાવ્ય ત્રૈમાસિક ( સ્વ. હ. ગો. કાંટાવાળા સંપાદિત )
૮ મહાભારત–પદબંધ (ફા. ગૂ. સભા–કે. કા. શાસ્ત્રી–સંપાદિત) ભાગ ૧–૪
૯ સુવાસ માસિક–પુ. ૩–અંક ૭ માંનો શ્રી ભો. જે. સાંડેસરાનો લેખ

---

૧ ફા. ગૂ. સ. હ. લિ. પુ. નં. ૧૩૩ (પૃ. ૨૦, કડવું ૧૦મું).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# વછરાજ

[ વિ. સં. ૧૬૩૫માં હયાત ]

વિક્રમના ૧૭મા શતકમાં લોકકથાકાર કવિઓમાં પહેલો સં. ૧૬૩૫માં હયાત લોકકથાકાર કવિ વચ્છરાજ અત્યારે મળતા તેના એક માત્ર કાવ્ય "રસમંજરીની વાર્તા"થી જાણવામાં આવે છે. થોડા દોહરા અને થોડા છપ્પાથી વણાયેલી ચોપાઈઓનું ૬૦૫ કડીઓનું લાંબું કાવ્ય રચી તેણે એક મહત્ત્વની પ્રબંધપ્રકારની લોકકથા ગૂજરાતી સાહિત્યને અર્પી છે. ૧૬મા શતકના નરપતિ અને ગણપતિની હરોળમાં ઊભી શકે તેવો આ કવિ છે. કાવ્યને અંતે તેણે માત્ર પોતાના સમય વિશે નીચે મુજબ લખ્યું છે; એ વિશે કશી બીજી માહિતી મળતી નથી:

"સંવત **સોલ પાંત્રીસ** એહ, શાકે પંદરસે સાથે તેહ
માસ અષાઢ અજુવાળો સાર, તિથિ ત્રીજ ને વાર રવિવાર ૬૦૦

× × × ×

કથા તણો મેં કીધો સાજ, **વિનાયેકસૂત કવિ વચ્છરાજ** ૬૦૫"[૧]

બૃ. કા. દો. ના સંપાદક સ્વ. ઈચ્છારામ દેસાઈએ તેના કાવ્યને મથાળે "જાણવા પ્રમાણે તે જંબુસરનો રહીશ હતો," એવી નોંધ કરેલી છે.[૨] નામ ઉપરથી એમ માનવા કારણ મળે છે કે એ વણિક હોવો જોઇયે. પરંતુ ચોક્કસ સ્વરૂપે કહેવાનું આપણી પાસે કોઈ પ્રમાણ નથી. એના પિતાનું નામ "વિનાયક" જણાય છે.

કવિએ પ્રેમાવતીની પ્રચલિત કથાને આધારે આ કાવ્યની રચના કરી છે; જોકે કથામાં પુષ્કળ રૂપાંતર વછરાજે કર્યું છે. એને મળતી

---

૧ બૃ. કા. દો. ભાગ ૪થો, પૃ. ૨૪૬
૨ એજન, પૃ. ૧૯૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વસ્તુ ધરાવતું માત્ર ૧૧૩ કડીનું એક દૂહાબદ્ધ કાવ્ય[1] કોઈ અજ્ઞાત કવિનું મળ્યું છે, જેની ભાષા વછરાજના સમયની જ છે. બંનેએ, સંભવ છે કે સ્વતંત્ર રીતે વસ્તુ મેળવી કાવ્યરચના કરી હોય, તે વધુ સંભવિત છે.

કવિ શામળની લોકકથાઓમાં જે પ્રકારની પદ્ધતિનાં દર્શન થાય છે, તે વછરાજની કૃતિમાં શામળ પૂર્વે લગભગ ૧૫૦ વર્ષ ઉપર દેખાય છે. વછરાજનો બંધ નવો નથી, પણ તેણે ચોપાઈઓની વચ્ચે અત્રતત્ર દોહરા અને છપ્પાઓ મૂકયા છે, તે યોજના લગભગ નવી છે. છપ્પાને લીધે એમાં વર્ણનો સારી રીતે દીપી ઊઠે છે. નીચેના તેના "કપૂત–સપૂત" વિશેના બે છપ્પાઓ જુઓ:

" બાપ રળેલું ધંન, પુત્ર કપૂત તે ખાએ;
બાપ રળેલું ધંન, દોહો દિશ લક્ષ્મી જાએ;
બાપ રળેલું ધંન, ચોરી કરીને લૂટે;
બાપ રળેલું ધંન, જારી જુગટે તે ખૂટે;
બારે માસ રળી મૂઓ, સૂતે ખોયૂં સર્વથા,
એવા કપૂત અનેક છે, વાદ કરો સર્વે વૃથા. ૪૫
સપૂત કહેવાયો જેહ, પિતાનું કરજ જ કાપે;
સપૂત કહેવાયો જેહ, બોલ્યું અબોલ્યું થાપે;
સપૂત કહેવાયો જેહ, આપ ઉપાર્જન ખાયે;
સપૂત કહેવાયો જેહ, ધર્મમારગને ચાહે;
સપૂત બાપ સવાઇથી, સહૂ પૂછીને વાત જ કરે;
સપૂત નામ તેનું સદા, કુળ એકોતર ઓધરે. ૪૬ "[2]

પ્રેમરાજ વાણોતર માટે પરદેશ સિધાવે છે, ત્યારે જુદાં જુદાં સંબંધીઓને ગમતી ચીજો મગાવવાનું કહે છે અને છેવટે પ્રિયા પ્રેમાવતીને પણ વસ્તુ મગાવવા કહે છે. પ્રેમાવતી પતિ પાસે પરદેશથી "સ્ત્રીચરિત્ર" લાવવાનું વચન માગે છે: ભોળિયા ધણી કેવા હોય છે, તેનો આમાં નિર્દેશ છે:

---

૧ ગૂજ. દીપો. અંક, ઇ. સ. ૧૯૨૨, પૃ. ૧૯–૨૦
૨ બૃ. કા. દો. ભાગ ૪થો, પૃ. ૨૦૩–૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છપ્પો

"સ્ત્રીચરિત્ર વસ્ત એહ સહુ વસ્તોમાં મોંઘી:
ચરિત્ર ભારે એહ, ગાંધી ઘેર નથી એ સોંઘી;
પિતા ભાઇ ને માત, મગાવ્યું તેનૂં લાવો;
વાહાલી નહીં પ્રેમાવતી, ગમે તો ઠાલા આવો;
પરદેશ જાઓ વાહાણે ચઢો, કમાઈ બહુ લાવો સહી;
હૂં વાહાલી નહીં પ્રેમદા, જો સ્ત્રીચરિત્ર લાવો નહીં. ૮૩

દોહરા

તહાં શેઠ રીઝયો મન ઘણું, લખીઓ કાગળ લેખ,
બહુ દામ જો બેસશે, વિનય કરી વિવેક. ૮૪
પાપ બાંધું પૃથિવી તણું, શોધું ગામોગામ;
સ્ત્રીચરિત્ર લાવું ખરો, તો પ્રેમરાજ મુજ નામ. ૮૫"[1]

પણ આમાં કવિ સ્ત્રીને ચતુર ચીતરે છે, તે સ્પષ્ટ છે, તેવી જ રીતે લખલીલા નામની વેશ્યાની ચતુરાઈ પણ કવિએ બતાવી છે. એણે યુક્તિથી પ્રેમરાજને સ્ત્રીનો વેશ આપી રાજાના દરબારમાં પાઠવી સ્ત્રીચરિત્રનો અનુભવ કરાવવા યોજના કરી દીધી; પણ રાજા અજાણી યુવતિને પોતાને ત્યાં રાખતાં ગભરાયો અને મંત્રીને વાત કરી. એટલે મંત્રીએ ધના શેઠને ત્યાં પ્રેમરાજને મૂકયો. ધના શેઠને ત્યાં તેની પુત્રવધૂ રસમંજરી હતી, તેને પ્રેમરાજ સોંપવામાં આવ્યો. ધનાશેઠનો પુત્ર તો પરદેશ હતો. સ્ત્રીવેશધારી પ્રેમરાજ રસમંજરી પાસે રહેવા લાગ્યો. બંને મકાનના ત્રીજે માળે રહે છે અને આનંદ કરે છે. અચાનક એક દિવસે સ્ત્રીરૂપધારી પ્રેમરાજનો હાથ ભારે લાગતાં રસમંજરીને શંકા થઇ કે આ રખે પુરુષ હોય; આ રસમંજરીનું વર્ણન આપતાં કવિ કહે છે:

"રસમંજરી રસ આંગળી વાસકવેણી વાન,
હસ્ત વીસ રસાવલાં, જાણે પોયણ પાન. ૨૫૨

---

૧ એજન, પૃ. ૨૦૬–૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૂનેમ રસ ભુરો ચાંદલો મુખ ઓપમા છે જેહ;
મૃગનેણી રસાવળી, જાણે ઉનયો મેહ. ૨૫૩
નાસિકા કીર તો રસભરી, અધર બિંબ પરવાળ;
દાઢમ દંત રસીકમય, રસના અમીય રસાળ. ૨૫૪
રસિક શ્રવણ સોહામણા જેસાં પીપળ પાન;
કોકિલા સ્વર આગળી, કરે તે મધુરાં ગાન. ૨૫૫
કનક રસ ભુજ શોભતાં કુચ કઠણ રસ અંબ
કટી પંચાયણ રસભરી સુંદર તાકો ખંભ. ૨૫૬
ગંભીર નાભી તે રસભરી, જંઘ તો કદલી થંભ;
રસભરી હંસગતી ચાલતી, રસશિરોમણી રંભ. ૨૫૭
મગફળી રસ આંગળી, પાંની અળતા રંગ:
દીસંતી જાણે પૂતળી, કરે તપેસર ભંગ. ૨૫૮
શીર સોહંતી રાખડી, ફૂલી ખીટલીચા માન;
મધ્ય ભાગ શેંથો શોભતો, ઝાલ ઝબૂકે કાન. ૨૫૯
નિલવટ ટીલી રતનમે, કંઠ એકાવળ હાર:
કાંકણ ચૂડી કર ભલી, દશવિધ મુદ્રડી સાર. ૨૬૦
નાકે મોતી રૂડેરડાં, નયણે કાજળ માદ;
પાયે ધુઘરડા ઠળકતા, ઝળકે નેપુર નાદ. ૨૬૧
કટી પતળી રૂડેરડી, કંચુ પીરોજી વાન;
વેણીદંડ સોહામણી, ભમર ઠળકે કાન. ૨૬૨
મુખ તંબોળ તે અતિ ભલો, રૂડો તેહનો રંગ;
અંગે સ્વેદ પરિમલ ઘણો, મધુકર લુબ્ધ અનંગ. ૨૬૩ ”[૧]

અને તેવી રસમંજરી ડરાવીને પ્રેમરાજના મૂળ સ્વરૂપની વાત તેની પાસેથી જાણી લે છે; અંતે બંને પ્રેમી બને છે; અને સ્ત્રીચરિત્રનો હવે પ્રેમરાજને અનુભવ થવા લાગે છે. એ રસમંજરી અંતે પતિને મરાવી ધનાશેઠને પટાવી પ્રેમરાજ સાથે ચાલી નીકળે છે.

એનું કાવ્ય આકર્ષક અને રોચક છે. આખું કાવ્ય “સ્ત્રીચરિત્ર”ની

૧ એજન, પૃ. ૨૧૯–૨૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અનેકવિધ યુક્તિઓના નમૂના આપનારું છે. કવિએ લોકમાનસનો કેટલો ઊંડો અભ્યાસ કર્યો છે, એ આમાંથી તરી આવે છે. પણ કવિની મતલબ ઉચ્ચ પ્રકારના ચારિત્ર્યમાં જ છે, તે કાવ્યમાં સાદ્યંત એણે જાળવી રાખ્યું છે. પરસ્ત્રી તરફના પ્રેમનાં કૂડાં પરિણામ બતાવવામાં એ હાર્દ પકડાઇ આવે છે; જેમકે—

"જે સ્ત્રીનો લે કેડ, કોઇક દીન મરતક આવે;
જે સ્ત્રીનો લે કેડ, વળી કાંઇ શીશ વઢાવે:
જે સ્ત્રીનો લે કેડ, ગામ કોઇક દન છંડે;
જે સ્ત્રીનો લે કેડ, જાણે તો રાજા દંડે;
શૂલી ઉપર સાથરો, તેવો સ્ત્રી કેડ લીજે તહીં;
પરસ્ત્રી પાળી જસી, સુખે ઠરી બેસે નહીં. પ૨૭
પરસ્ત્રીની પ્રીત, વણજ વેપાર ન સૂઝે;
પરસ્ત્રીની પ્રીત, સ્વાદ એકે નવ બૂઝે;
પરસ્ત્રીની પ્રીત, પેટ ભરી અંન ન ખાવે;
પરસ્ત્રીની પ્રીત, નેક નિદ્રા ના આવે.
પરસ્ત્રીથી પ્રીત કરીએ નહીં. મન મળે જાએ ખસી;
ઘણા દિન ઘણું ભોગવી શીશ વઢાવે ધસી ધસી. પ૨૮"[1]

મુખ્યત્વે શૃંગારરસનું જ આ કાવ્ય છે; પણ કવિએ એક "ચતુરાઇનું કાવ્ય" કરી મૂકયું છે; અને તેમાં લોકમાનસનું સ્પષ્ટ પ્રતિબિંબ પાડવાનો પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે.

૧૭ મા શતકના કવિઓમાં આમ આ કવિ કાંઇક નવીન ભાત પાડતો લાગે છે. આ જમાનાના શ્રેષ્ઠ જૈન લોકકથાકાર કવિઓની હરોળમાં તે ઊભી શકે તેવી તેની મહેનત છે. આ કવિ જૈનેતર છે, તેના વિષમાં તો શંકા નથી; કેમકે તેણે આરંભમાં ગણેશ–કાર્તિકેય અને શારદાનું સાદું સ્તવન માત્ર કર્યું છે. વર્ણનોમાં તો કશે પણ જૈનધર્મવિષયક સૂચન તેણે આપ્યું નથી. વછરાજને નામે એક કબીરપંથીનું

૧ એજન, પૃ. ૨૪૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પદ હોવાનું સ્વ. ઇચ્છારામ દેસાઇએ જણાવ્યું છે, પણ આ આખા કાવ્યમાં કબીર વિશે ક્યાંય પણ કશું પણ પ્રાપ્ત થતું નથી; એટલે કબીરપંથીનું પદ લખનારો વછરાજ કોઇ અન્ય હશે.[1]

આ કવિની શક્તિનો આંક આપણે, શામળે વસ્તુ અને વિચારનું પોતાના "સ્ત્રીચરિત્ર"નામક "સિંહાસનબત્રીશી"માંના કાવ્યમાં જે અનુસરણ કર્યું છે તેમ બીજાં અનેક કાવ્યોમાં તે ધાટીનું અનુકરણ કર્યું છે, તેથી કાઢી શકિયે તેમ છિયે. આવા એક સારા કવિ વિશે આપણે વધુ માહિતી મેળવી નથી શકતા.

આ કવિની ભાષા તેના સમયની નથી મળતી. તેના સમયમાં આપણે અગાઉ જોયું છે તેમ મધ્ય ગૂજ.ની ૩ જી ભૂમિકાને સ્થાને ૪ થી ભૂમિકાનાં બધાં લક્ષણો લેખનમાં સ્વીકારાવા લાગ્યાં હતાં. એના મૂળ સ્વરૂપમાં નથી છતાં કાવ્યમાં ખામી નથી કળાતી, તે એ કવિની સચોટ શબ્દરચનાને આભારી ગણાય.

ચરિતસામગ્રીઃ

१. બૃ. કા. દો. ભાગ ૪થો ( ગૂજરાતી–પ્રેસ, મુંબઈ)
२. ગૂજરાતી સાહિત્ય : મધ્ય. સાહિત્ય ( સાહિત્ય સંસદ્-મુંબઇ )
૩. ગૂજરાતી–દીપોત્સવાંક- ઇ. સ. ૧૯૨૨ ( મુંબઈ)

---

१ એજન, પૃ. ૧૯૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ગોપાલદાસ વણિક

[ સં. ૧૬૩૩–૪૮મા હયાત ]

શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ અને પુષ્ટિમાર્ગ નામે વૈષ્ણવ સંપ્રદાયના સંસ્થાપક પરમ વૈષ્ણવાચાર્ય શ્રીવલ્લભાચાર્યજીના પુત્ર શ્રીવિઠ્ઠલનાથજી ઉર્ફે શ્રી ગુસાંઇજીનું ચરિત્ર આપતું વલ્લભાખ્યાન નામનું એક સુંદર ઐતિહાસિક કાવ્ય રચનારા ગોપાલદાસ વણિકનો જન્મ ક્યારે થયો અને તે મરણ ક્યારે પામ્યો એ વિશે કશી માહિતી મળતી નથી. માત્ર તે શ્રી વિઠ્ઠલનાથજી (સાં. ૧૫૭૨–૧૬૪૨)ના સમયમાં હયાત હતો એટલું જ જાણી શકાય છે.

આ ગોપાલદાસ કડી પાસે આવેલા રૂપાલ ગામનો વણિક હતો. અત્યારે અમદાવાદના અસારવા પરામાં આવેલી દાદાહરીની વાવ ઉપર શ્રીવિઠ્ઠલનાથજીની બેઠક આવેલી છે, એ સ્થળે ભાઇલો કોઠારી કરી એક વણિક વૈષ્ણવ શ્રીવિઠ્ઠલનાથજીના સમયમાં રહેતો હતો. એ, એનો ભાઈ હરજી અને ત્રીજો ભાઈ મેઘજી એ શ્રીવિઠ્ઠલનાથજીના શિષ્ય હતા. શ્રીવિઠ્ઠલનાથજી ગોકુલથી જ્યારે જ્યારે દ્વારકા તરફ જતા ત્યારે આ ભાઇલા કોઠારીને ત્યાં ઊતરતા હતા. શ્રી વિઠ્ઠલનાથજી ગૂજરાતમાં સાં. ૧૬૧૩, ૧૬૧૬, ૧૬૧૯, ૧૬૨૩, ૧૬૩૧ અને ૧૬૩૮ એમ છ વાર આવેલા. આમાંના કોઇ એક વર્ષમાં–સંભવિત રીતે ૧૬૩૮ના જ વર્ષમાં જ્યારે શ્રીવિઠ્ઠલનાથજી ભાઈલા કોઠારીને ત્યાં આવેલા ત્યારે ત્યાં ભાઈલા કોઠારીની પુત્રી ગોમતીનો વર એ ગોપાલદાસ તેમના જોવામાં આવ્યો. એમ કહેવાય છે કે તે વખતે ગોપાલદાસની ઉમર માત્ર પાંચ વર્ષની હતી. શ્રી વિઠ્ઠલનાથજીએ ગોપાલદાસનું મૂંગાપણું જોઇ પ્રશ્ન કર્યો કે "આ કોણ છે?" ત્યારે ભાઇલા કોઠારીએ તે પોતાનો જમાઇ હોવાનું–ગોમતીનો વર હોવાનું કહ્યું. શ્રીવિઠ્ઠલનાથજીએ કહ્યું કે "ગોમતીનો વર તો સાગર જોઇયે." ભાઈલા કોઠારીએ કહ્યું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કે "આપની કૃપા હશે તો એ પણ થશે." શ્રીવિઠ્ઠલનાથજીએ શિષ્યનું વચન સિદ્ધ કરવા ગોપાલદાસને ચાવેલું તાંબૂલ આપ્યું. ત્યારથી ગોપાલદાસની વાચા ખૂલી અને તેણે પછી વલ્લભાખ્યાન ગાયું.

વલ્લભાખ્યાન નવ આખ્યાન (કડવાં)નું સુંદર કાવ્ય છે. અને તેમાં શ્રીવલ્લભાચાર્યજી, શ્રીવિઠ્ઠલનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજીના સાત પુત્રોની હકીકત આવે છે. આમાં સાતે પુત્રોનાં લગ્ન થયાં સુધીનો ઉલ્લેખ છે. શ્રીઘનશ્યામજીનાં લગ્ન ૧૬૪૮ પછી થયેલાં હોવાથી લગભગ તે જ વર્ષ કે એક વર્ષ પછી ગોપાલદાસે આ કાવ્યની પ્રસિદ્ધિ કરી સંભવે છે. એથી પૂર્વનું આ કાવ્ય ગણવું હોય તો તેમાં ગોપાલદાસે સાં. ૧૬૪૮ સુધીની વીગતો ઉમેરી લીધી માનવી પડે.

એમ કહેવાય છે કે જે દિવસે શ્રીવિઠ્ઠલનાથજીએ ગોપાલદાસના મુખમાં ચાવેલું તાંબૂલ આપેલું, તે જ રાત્રે એને રાસલીલાનાં દર્શન થયેલાં. આનું વર્ણન તેણે તેના "ભક્તિ–પીયૂષ" નામના કાવ્યમાં આપ્યું છે; પણ એ ગ્રંથ અત્યારે અપ્રાપ્ય છે.

વલ્લભાખ્યાન શ્રીવિઠ્ઠલનાથજીના પ્રસાદરૂપે ગોપાલદાસને સ્ફુર્યું છે, તેથી તેમાં શ્રીવિઠ્ઠલનાથજીનાં બંને પત્ની શ્રીરુક્મિણી વહુજી તેમ જ શ્રીપદ્માવતી વહુજીના નામનો નિર્દેશ નથી આવતો; એમ કહેવાય છે.

વલ્લભાખ્યાન જુદા જુદા રાગોમાં કવિએ સુસંબદ્ધ રીતે ગાયું છે; રચના પણ આલંકારિક છે, અને કવિને સારા કવિઓની હરોળમાં મૂકે તેવી છે. આ આખ્યાનો સાંપ્રદાયિકોમાં સંપૂર્ણ સન્માનપૂર્વક અહર્નિશ ગાવામાં આવે છે અને સામાન્ય રીતે ઘણાને મુખપાઠ હોય છે. આખ્યાનોના રાગ અનુક્રમે (૧) કેદારો, (૨) રામકલી, (૩) ધનાશ્રી, (૪) ભૂપ કલ્યાણ, (૫) સામેરી, (૬) પરજ, (૭) સામેરી કે બિલાવલ, (૮) ધનાશ્રી અને (૯) બિભાસ છે. રાગ પ્રમાણે એ દિવસના જુદા જુદા ભાગમાં ગવાય છેઃ એ રીતે આખ્યાનો અનુક્રમે (૧) દોઢ પહોર રાત ચઢતાં, (૨) દિવસ ઊગતે, (૩) દિવસ ઊગતે, (૪) એક પહોર દિવસ ચઢતે, (૫) સંધ્યા પછી, (૬) રાતના બે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાગતે અથવા તે પછી, (૭) સૂર્યોદય પહેલાં, (૮) એક પહોર દિવસ ચઢતે અને (૯) પ્રાતઃકાળમાં ગવાય છે. તાલ પણ એના નક્કી જ છે. તે એ રીતે કે આખ્યાનો અનુક્રમે (૧) ત્રિતાલ, (૨) આડચોતાલ, (૩) ચર્ચરી, (૪) આડચોતાલ, (૫) તૂક ૪ આડ ચોતાલ–બાકી ૬ દીપચંદી, (૬) ત્રિતાલ કે દીપચંદી, (૭) ચર્ચરી, (૮) આડચોતાલ અને (૯) આડચોતાલમાં ગવાય છે.

ગૂજરાતી ભાષાનાં આજ દિવસ સુધીનાં જૈનેતર કાવ્યોમાં આ માત્ર એક જ કાવ્ય એવું છે કે જેની વ્રજભાષામાં તેમ જ સંસ્કૃતભાષામાં વિસ્તૃત ટીકાઓ પ્રાપ્ત થાય છે. અને તે શ્રીવલ્લભાચાર્યજીના વંશજો નિ. લી. ગો. શ્રીજીવનેશજી (મુંબઈ) અને શ્રીવ્રજરાયજી(અમદાવાદ)ની અનુક્રમે છે. બંને ટીકાઓ ઉચ્ચ પ્રકારની છે, અને સંપ્રદાયના સિદ્ધાંત અને હાર્દને સારી રીતે સમઝાવનારી છે. બંને ટીકાઓ વિક્રમના આ શતકની બીજી પચીસીમાં લખાયેલી છે. એ વિદ્વાન ગોસ્વામીઓ ગોપાલદાસનું દાસત્વ ઇચ્છે છે, એટલું આ આખ્યાનોનું સંપ્રદાયમાં મહત્ત્વ છે.

કવિએ પ્રથમ આખ્યાનમાં શુદ્ધાદ્વૈત સિદ્ધાંત પ્રમાણે પ્રભુના નિત્યસ્થાન અને જગતની ઉત્પત્તિનો પ્રકાર બતાવ્યો છે, તેમાં પણ ઉત્તમ કવિતાનાં દર્શન થાય છે:

"વ્યાપકરૂપ અદ્વૈતબ્રહ્મ જે તેજોમય કહેવાય;
આરજ પન્થ અધિકારી મુનિજન, તે માંહે લય થાય. ૪
અક્ષર આદિ અખંડ અનુપમ, ઉપમા કહી ન જાય;
અસ્તિ વસ્તુ સૌ કો મલિ બોલે. નિગમ નેતિ નેતિ ગાય. ૫
નિર્ગુણનો નિર્દેશ અટપટો, રસના શી પેરેં કહિયેં;
રૂપ વર્ણ વપુ દૃષ્ટ પદારથ, ત્હાં એકો નવ લહિયેં. ૬
તેહ થકી પુરુષોત્તમ અલગા, લીલા અચલ વિહાર;
બ્રહ્મજ્ઞાની ને મુક્તિમારગી, સ્વપ્નેં નહિ વેહેવાર. ૭
જ્યાંહાં વૃન્દાવન આદિ અચલ શશી, શરદ–રેન બહુ વેશ;
વનદેવી પદ કુમકુમ મુખસુખ, પરસે રંજ વિશેષ. ૮.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાંહાં સરિતા ચામીકર મણિગણ ઉભયબદ્ધ સોપાન,
કમલ કુમુદ નાના અલિ સુન્દર, મધુર કરે તાંહાં ગાન. ૯
કનકલતા માલતી મલ્લિકા, વિવિધ કુસુમ મકરન્દ,
શીતલ પવન ઝકોરે લહરી, પરસે અતિ આનન્દ. ૧૦
પદ્મરાગ મરકત મણિ સ્ફાટિક, શ્રીગોવર્ધન સોહે;
બ્રહ્મ રુદ્ર તાંહાં કોણ બાપડા. શ્રીહરિનાં મન મોહે. ૧૧
નાના પક્ષીની શબ્દ-માધુરી, શોભા તણો નહિ પાર;
વિવિધ પ્રકારેં જુજુવા કેહેતાં, ગ્રન્થ થાય વિસ્તાર. ૧૨
શ્યામા શતદલનયન સુન્દરી જૂથ તણો નહિ પાર;
વિવિધ રાસમંડલ-રચના રચિ ખેલે નંદકુમાર. ૧૩

× × ×

એ પ્રભુને મન ઇચ્છા ઊપની, જશ થાવા વિસ્તાર;
અધિકારી પાખેં એ વાણી, નહિ કોનેં ઉચ્ચાર. ૧૫
ભ્રૂભંગેથી સૃષ્ટિ નીપની, અતિ સુન્દર બ્રહ્માંડ;
ચૌદ લોક નાના વૈચિત્ર્યેં, ભૂમંડલ નવ ખંડ. ૧૬
પર પોતાની વ્યક્તિ કરેવા, સૃષ્ટિ તે દ્વિધા પ્રકાર;
દૈવી આસુરી બે ઉપજાવી, પ્રભુ મન કરી વિચાર. ૧૭
ભક્તિ સુન્દરી (ને) માયા દાસી, બે મૂરત પ્રગટાવી;
તેમાં પેહેલી નખશિખ સુભગ, શ્રીહરિનેં મન ભાવી. ૧૮
કૃપાકટાક્ષેં હુવા અક્ષરમાં, ઊપન્યા સત્ત્વ અનંત;
ભક્તિલીન હુવા સૌભાગી, તે વૈષ્ણવ ગુણવંત. ૧૯
બીજે કટાક્ષેં જે જન ઊપના, માયામાં થયા લીન;
કર્મજડ આસુર અન્ય-ઉપાસક ભજન-ધર્મથી હીન. ૨૦
એણી પ્રકારેં સૃષ્ટિ દ્વિધાગુણ, મિશ્રિત ચાલી જાય;
ભક્તિમારગી જીવ સ્વતંતર, કેવલ ભક્ત ન થાય."૨૧[1]

શ્રીવિઠ્ઠલનાથજીના જન્મપ્રસંગનું આખ્યાન કેટલું મધુર છે, તે નીચેની પંક્તિઓથી દેખાશેઃ

૧ વલ્લભાખ્યાન, કડવું ૧લું, (કે. કા. શાસ્ત્રી-સંપાદિત).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"આ પોસ-મધ્યાહ્નને શ્રીનાથજી, અક્રાજી ઉર ઉપનો આનન્દ;
આ ચન્દ વૃન્દાવન તણો પ્રગટિયો. ૧
સૌભાગ્યસુન્દરી મલિ ધવલ ગાયે, સુહાયે રૂડા કંઠના નાદ;
આહ્લાદ ઊપનો તે અંગોઅંગ ઘણો. ૨
સૂતિકા-સદન સોહામણૂં, શોભા રૂડી લેહેરડે જાય;
આ વાય વાદિત્ર તે સમે તણાં. ૩

× × ×

પાતાળે શેષ નાગ રીઝિયા, ઊપર ઇન્દ્રાદિક દેવ,
તતખેવ સુણિ નિસાણ વજડાવિયાં. ૫

× × ×

કનક-કચોળાં કુમકુમભર્યાં, અક્ષતદૂર્વાભર્યાં રે સુથાળ;
આ માળ પારિજાતની મહમહે. ૧૦
તોરણ પરણ સહકારનાં, ઘરણિયે ચન્દન તણાં નીર:
આ વીર-શ્રીગોપીનાથ વિઠ્ઠલ પ્રગટિયા. ૧૧
દધિ દૂધ ઘૃત મધુ માંડવે, સેરડીયે વહે રે સુગન્ધ;
સુગન્ધેં મોહ્યા અલિકુલ આવિયા." ૧૨[૧]

કાવ્યબંધવૈવિધ્ય પણ કેટલું સાધવામાં આવ્યું છે, તે આ આખ્યાનના બંધથી જાણવામાં આવશે. ઝૂલણાનું આખું છઠ્ઠું આખ્યાન આ કાવ્યમાં મળે છે. એ ઉપરથી જ શ્રી. કનૈયાલાલ મા. મુનશીએ નરસિંહ મહેતાના વૃદ્ધમાન્ય કાળને જૂઠો ઠરાવી વિક્રમના ૧૬મા શતકના અંતભાગમાં તે થયો ઠરાવવાનો પ્રયત્ન કર્યો છે. એ દલીલે કે છેક સં. ૧૬૪૦-૪૮ નજીક ઝૂલણા ગોપાલદાસે પ્રયોજ્યો છે; વચ્ચે ક્યાંય એ પ્રયોજાયેલ નથી. નરસિંહનો વૃદ્ધમાન્ય સમય સ્વીકારતાં ૧૦૦ વર્ષના ગાળામાં બીજો કોઈપણ કવિ તે છંદ નથી પ્રયોજતો; માટે જ ગાળો અતિ નાનો હોવો જોઇયે; વગેરે. પણ એનો નિસ્તાર મારા તરફથી નરસિંહના ચરિતમાં જ આ પૂર્વે આપવામાં આવ્યો છે.

આઠમા આખ્યાનનો બંધ જોવા જેવો છે:

---

૧ એજન, આખ્યાન ૩જું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"લલિત મનોહર, શ્રીવલ્લભ સુવન સુજાણ;
નખશિખ સુન્દર, વ્રજજન-જીવનપ્રાણ. ૧
વદનકાન્તિ જાણે ઉદયા કોટિક ભાણ;
દ્વિજકુલમંડન, પ્રકટયા પુરુષ પ્રમાણ. ૨
નામ નિરુપમ, ઉચ્ચરે સકલ કલ્યાણ;
તેહેના સાખી, ચારે વેદ પુરાણ." ૩

બાકીમાં સવૈયાની દેશી, ચાલુ ચોપાઈની દેશી કેટલીક વિવિધતા સાથે પ્રયોજાઈ છે. કાવ્યમાંની શબ્દાવલીઓ સુંદર છે એ ઉપરનાં અવતરણોથી સમઝાશે. વિશેષમાં એ ઐતિહાસિક કાવ્ય છે; સબબ કે એમાં શ્રીવલ્લભાચાર્યજીનું, શ્રીવિઠ્ઠલનાથજીનું અને તેમના કુમારોનું થોડું ઘણું ઐતિહાસિક ચરિત્ર આવી જાય છે.

વિક્રમના સોળમા શતકમાં આમ નાનું છતાં નવીન ભાત પાડે તેવું આ કાવ્ય કવિના તરફ આદર ઉત્પન્ન કરાવે તેવું છે. આ પ્રદ્ધતિનું અનુસરણ કરી કેશવદાસ વગેરેએ વલ્લભવેલ વગેરે કાવ્યો પછીથી લખ્યાં છે.

ચરિતસામગ્રી:

૧. બસ્સો બાવન વૈષ્ણવની વાર્તા
૨. ગૂ. સા. ના માર્ગ-સ્તંભો—દી. બ. કૃ. મો. ઝવેરીકૃત
૩. બૃ. કા. દો. ભા. ૮મો (ગૂજરાતી પ્રિ. પ્રેસ-મુંબઇ)
૪. Guj. & its Lit. by K. M. Munshi
૫. વલ્લભાખ્યાન-વ્રજભાષા ટીકા (મુંબઇ)
૬. ,, સં. ટીકા (અમદાવાદ)
૭. ,, મૂળ કાવ્ય (કે. કા. શાસ્ત્રી-સંપાદિત)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# લીલો

[ સં. ૧૬૩૬ માં હયાત ]

**વ**છરાજની " રસમંજરીની વાર્તા " એ લોકકથા તો છપાયેલી છે, પણ તે જ વર્ષમાં કોઇ લીલા નામના કવિએ " સુંદર શેઠની કથા " લખી છે, જે હજી છપાઇ નથી.[1] ૩૫૪ કડીના આ લોકકાવ્યને અંતે તિથિ વાર આપતાં તેણે માત્ર બે વાર પોતાનું નામ જણાવ્યું છેઃ

[ ચોપાઈ ]

" **લીલ** કહ સાંભલયો સહૂ પુનપુન કથા છે બહુ ।
જે અષર ઉછ અધકારો મુરષ મતે કીધુ આ ધરો ॥૩૫૧॥
જે નરા નારી સુણઉ સાભલે ભાગા સહૂ જગે સવે તે મલે ।
ઉલટ અંગ ઉપજે જેહ **સુદર કથા** સાભલતા તેહ ॥૩૫૨॥
સવત **સોલ છત્રીસા** જેહે કારતગા માસ અજુઆલુ તેહે ।
તથા પચમી ન રવવાર સુદર ગાઉ **શ્રીઅરપુર** માહા ॥૩૫૩॥

× × ×

**લીલ** કહા નર સુણીયે સહૂ તહ ધરા ઉછવ મગાલ બહુ ॥૩૫૪॥

અત્યંત અશુદ્ધ સ્વરૂપમાં મળતા આ કાવ્યનો કર્તા તે "લીલ" છે " લલ " છે કે " લલ " એ નક્કી કરવું પણ ભારી છે, કેમકે આકાર અને દીર્ઘ ઈકારનાં ચિહ્નમાં લેખનમાં ખાસ કાંઇ પણ ભેદ માલૂમ નથી પડતો. સંભવ છે કે " લીલો " હશેઃ " લીલ કહે નર સાભલો " એ પદ સામાન્ય જેવું છે. ખંભાતના એક સુંદર કરીને શેઠનું ચરિત્ર કવિએ આ નાના ખંડકાવ્યમાં આપ્યું છે. એ સુંદરનું ઉજેણી નગરીના ધનદત્ત શેઠની સુભદ્રા નામક પત્નીમાં ઉત્પન્ન થયેલી કનકવતી નામની કન્યા સાથે લગ્ન થયેલું હતુંઃ એ કન્યા

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૬૫૦ની હાથપ્રત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"મેગલચાલે મલપતી બાલ અમીઅ-રસાલ ।
સીહલંકી જે સુંદરી પદમની પ્રેમી અપાર ॥૯॥
× × ×
સોવન કંઠ સોહામણી રૂપ ન લાભે પાર ।
કનક કમલદલ કામની સુંદર પરણો નાર ॥૧૨॥"

સુંદર વાણોતર માટે જાય છે, ત્યાં અનેક પ્રકારની આપત્તિ આવે છે, એમાંથી તે ઊગરે છે, તે બતાવવાનો કવિનો પ્રયત્ન છે.

આ કાવ્યમાં કવિએ કેટલાક સુંદર પ્રસંગો આપ્યા છે, પણ ભાષા એટલી અશુદ્ધ છે કે કેટલાંક પદોનો અર્થ બેસાડતાં મુશ્કેલી પડે છે; એટલે અહીં સારા નમૂના આપી શકાયા નથી.

૧૭મા શતકમાં ૧૬મા શતકની જેમ લોકકથાઓ રચવાનું ચાલુ હતું, તે આમાંથી સ્પષ્ટ થાય છે. આ પ્રબંધપ્રકારનું કાવ્ય છે. ભાષા, પ્રત સં. ૧૭૭૮ જેટલી મોડે લખેલી હોવાને કારણે લીલાના સમયની નથી મળતી.

આ કવિ ક્યાંનો વતની છે, એ કહેવું જોકે મુશ્કેલ છે, છતાં સંભવ છે કે ખંભાતનો હોય; સુંદર શેઠ ખંભાતના છે, એમ કહેવામાં તેનું એ પણ હાર્દ હોઇ શકે. ખંભાત એ સાગરતટે આવેલું છે. સાગરપુર તેથી એ હશે. "શ્રીગરપુર" એ જો "શ્રીગિરિપુર" વાંચિયે તો "ગિરિનગર" જૂનાગઢ સંભવે; પણ તે કાળે તો જૂનાગઢ જૂનાગઢ તરીકે જ જાહેર હતું.

ચરિતસામગ્રીઃ

૧. ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૬૫૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# મેગલ

[ સં. ૧૬૩૭માં હયાત ]

ધ્રુવાખ્યાન અને નાસિકેતાખ્યાન એ બે કાવ્યના કર્તા તરીકે જાણીતા થયેલા કવિ મેગલના સંબંધમાં કાંઈ પણ માહિતી મળી શકતી નથી. તેણે ધ્રુવાખ્યાન સં. ૧૬૩૭ના આશ્વિન માસની સુદિ ૫ ને રવિવારે રચ્યું છે; તે ઉપરથી જ માત્ર જાણી શકાય છે કે તે સં. ૧૬૩૭માં હયાત હતો. આશ્ચર્યની વાત છે કે હરિદાસ વાળંદે પણ એ જ વર્ષમાં ધ્રુવાખ્યાનની સ્વતંત્ર રીતે રચના કરી છે.

મેગલ માણભટ્ટ હોવો જોઇયે અને કાવ્યો ગાઈ ભરણપોષણ કરતો હોવો જોઇયે, એવું ધ્રુવાખ્યાનને અંતે આવતી નીચેની કડી પરથી માનવામાં આવે છે:

"કથા સાંભલીનિ આપિ દાંન, તેહનિ હોય ગંગાનૂં સ્નાન;
જે નર કરિ વસ્ત્રનૂં દાંન, તેહનિ પરસન થાય ભગવાંન.
રૂપ સોવરણ નર આપિ જેહ, તેહનાં પાતક છૂટિ દેહ;
અંન્નદાંન આપિ જે સાર, પુનરપ્ય તેહનિ નહી અવતાર."

મેગલનાં બંને કાવ્યો વર્ણનની દૃષ્ટિએ સારાં છે. કવચિત અલંકારો અને કવચિત્ રસની જમાવટ પણ તેણે કરી છે. તેના ધ્રુવાખ્યાનમાં ભાલણના ધ્રુવાખ્યાનની અસર જોવામાં આવે છે અને ઘણે સ્થળે એના એ શબ્દો પણ જોવામાં આવે છે. તુલસીને નામે ચઢેલા વૈકુંઠના ધ્રુવાખ્યાન (ર. સાં. ૧૬૯૪)ને સાં. ૧૬૧૪માં રચાયેલું માની એમ કવચિત્ કલ્પના કરવામાં આવી છે કે તુલસીની પણ અસર મેગલ ઉપર છે; પણ એ કાવ્ય જ મેગલના ધ્રુવાખ્યાન પછી ૫૭ વર્ષે રચાયેલું હોવાથી ઊલટી ભાલણ–મેગલનાં ધ્રુવાખ્યાનોની વૈકુંઠના ધ્રુવાખ્યાન પર અસર હોવાની સંભવિતતા છે. નાકરે પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ધ્રુવાખ્યાન" રચેલું છે, પણ મેગલે તેનું ધ્રુવાખ્યાન જોયું હોય તેમ લાગતું નથી. મેગલે ઉત્તાનપાદની પત્નીઓનાં "પ્રભાવતી" અને "નિત્યવંતી (? નેત્રવતી)" નામ શા આધારે લીધાં છે, તે જાણવાનું સાધન નથી. હરિદાસે તો સુનીતિ, સુરુચિ નામ લીધાં છે. વૈકુંઠે મેગલવાળાં જ નામ સ્વીકાર્યાં છે, એ માટે કોઇ પ્રાચીન આખ્યાન સાધનરૂપે હોવાં જોઇયે; પણ અત્યારે તેવું કોઇ આખ્યાન પ્રાપ્ત નથી.

મેગલ કાંઇક ટૂંકમાં કથાનક પતાવે છે, તેમ છતાં ક્યાંક ક્યાંક રુચે તેવું વર્ણન પણ આપે છે. નારદજીએ ધ્રુવને મંત્ર આપ્યો ત્યારે પ્રભુનું સ્વરૂપ સમઝાવતાં કવિ નારદજીના મુખમાં મૂકે છે:

"ઉપદેશ કહો તે રુદે રાખો મુનિ વદે ક્રીપાલ ।
સીસ મુગટ ને કાંન્ય કુંડલ તીલક ઓપીત ભાલ ॥૧૭॥
અનેક સેવક રહા ઉભા મલા ઢોલે વાય ।
ગરુડ આસન પ્રભુજીને પદમ ઝલકે પાય ॥૧૮॥
કર ચર્ણ આંગલી શરીર સોભીત સાંમલ વરણ ।
તેજ અંગે ઝલહલે રવીકોટ સરખા કર્ણ ॥૧૯॥
કૌસ્તભમિણનો હાર કંઠે રુદે લાંછન રંગ ।
ભુજા-ડંડ ચાર શોભીત કર ધરી સંખ સારંગ ॥૨૦॥
પાંગર્ણ પેહેરેણ પીતાંબર ગદાધર ગોપાલ ।
રૂપ એહેવૂ સ્મરજે એહેનીશે તુ બાલ ॥૨૧॥"[1]

મોટે ભાગે ભાગવતની કથાને જ તે સાચવે છે. આ કાવ્ય કરતાં તેનું બીજું કાવ્ય નાસિકેતાખ્યાન એ વધુ સારું છે. કઠોપનિષદ્ના વસ્તુના નાયક નચિકેતાનું જન્મથી યમપુરીમાં પિતાની આજ્ઞાએ જવા સુધીનું ચરિત આ કાવ્યમાં આપવામાં આવ્યું છે. નચિકેતાનું નાસિકેતા નામ આ કાવ્યમાં આપી, તે નામ કેવી રીતે પડ્યું તે કથા આપી છે. નાસિકેતાની માતાને કુંવારાં ઉદ્દાલક ઋષિના પ્રવહતા વીર્યને સૂંઘવાથી ગર્ભ રહેલો. અયોધ્યાના રાજા રઘુની તે પુત્રીનું તે પૂર્વેનું વર્ણન કવિ ઠીક ઠીક આપે છેઃ

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૩૬૨ અ, (કડવું ૭મું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ઘણી સખીશું પરવરી તે, ક્રીડા કરવા જાય,
ઘણાં આભ્રણ અંગે શોભે, નેપૂર ઝમકે પાય.
કંકણચુડી મુદ્રિકા તેને, ઝાલ ઝબૂકે કર્ણ,
ચોલવર્ણી ચુંદડી ને, ગજગતી ચાલે ચર્ણ.

માનિની મૃગલોચની, શિર વેણી વાસુકી વંક,
આનન પૂનમચંદ્ર ઓપિત, કેશરી કટી લંક.
કપોતગ્રીવા નાસિકા શુક, બીજ દાડમ દંત,
જંઘ કદલીસ્તંભ સરખી, કમલ કોમલ કાંત,

ભ્રકુટી તે કોદંડ અલીકુળ, નાભી જળ-ગંભીર,
ઉર ચંચલ તે ઉપર છે, યુગ્મ સ્તન જંબીર.
અરૂણ અધુરી મુખ મધુરી, ઉચરે મુખ વાણ,
વદન નિહાળે પ્રેમદા તે, દર્પણ ગ્રહીને પાણ."[1]

આ કન્યકાને સ્નાન કરતાં ગર્ભ રહ્યો તેની ખબર પડતાં માતા પિતાને ભારે આઘાત પહોંચ્યો અને પિતાએ તેનો ઘાત કરાવવાને જંગલમાં મોકલી આપી; પણ પ્રધાને એને જીવતી છોડી દેવાની માણસોને સૂચના કરી. વનમાં તેને છોડી દેવામાં આવી ત્યારે કવિએ વનસ્પતિનું ઠીક વર્ણન કર્યું છે. એ પછીનું ચંદ્રવતીનું રુદન કરુણરસ ઠીક જમાવે છેઃ

" હું દુભ્યા હશે વાડવ દેવ, કે ચુકી શ્રીહરિની સેવ,
કે પર સંપત્ત મેં રાખી, કે દીધી કુડી સાખી.

કે છેદી કુમળી તરુડાળ, જેથી દુભાયા દેવદયાળ,
કે મોટાં પાપ પૂર્વે કીધાં કે આળ અવર જનને દીધાં.

મેં કીધું હશે એવું કર્મ, કે ચુકવ્યા હશે મહંત ધર્મ,
કે પર્વ જોઇ ના આપ્યું દાન, નવ પૂજ્યા શ્રીભગવાન,
મેં પાપ કીધાં મોટાં એહ, તો રાજાએ દીધો છેહ."[2]

---

૧ પ્રા. કા. સુધા, ભાગ ૩જો, પૃ. ૧૧૩-૧૪

૨ એજન, પૃ. ૧૨૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માર્ગમાં ત્રણ ઋષિ મળે છે, તેમાંના એકે કુંવરીનું કલ્પાંત સાંભળી ભાળ મેળવી ત્યારે ઋષિના મુખમાં કવિએ " સુણ સુંદરી રે–ઘેલી કોણે કરી રે " એ ઢાળની છેક ભાલણના સમયથી પ્રચારમાં આવેલી દેશીનો પ્રયોગ કરાવ્યો છે. એમાં દૂહાનું બંધન મેગલે પણ સ્વીકાર્યું છે.

આ કાવ્યમાં કેટલાંક વર્ણનો સારાં અપાયાં છે. બેશક તેનાથી મેગલ ઉચ્ચ પ્રકારનો કવિ ઠરી શકતો નથી. એણે ધાર્યું હોત તો યમસંવાદને વધુ ઉત્તમ અને રોચક રીતે આપી શકયો હોત.

બે જ કૃતિ મળતી હોવા છતાં ય મેગલ એક કૃતપ્રયત્ન કવિ–આખ્યાનકાર હતો, તે વિષયમાં શંકાને સ્થાન નથી. એ ભાલણને કે નાકરને પહોંચી શકતો નથી, પણ વિષ્ણુદાસે ઘણાં કાવ્યો લખ્યા હોવા છતાં વર્ણનાદિમાં વિષ્ણુદાસ મેગલને હડાવી શકે તેમ નથી.

મેગલનાં આ બંને કાવ્યો છપાઇ ગયાં છે. " ધ્રુવાખ્યાન "ની તો ભાષા પણ મેગલના સમયની સચવાયેલી છે, તે ઉપર આપેલા ઉતારા ઉપરથી સમઝી શકાશે. મધ્યકાલીન ગૂજરાતીની ૪ થી ભૂમિકાનો એ સમય પાકતો હતો અને તે જ સ્વરૂપમાં તે કાળમાં લખાયેલી અનેક પ્રતો મળી આવતી હોવાથી મેગલની ભાષા નક્કી કરવાનું જરાયે મુશ્કેલ નથી.

મેગલની જ્ઞાતિ કે વતન વિશે કશી માહિતી નથી મળતી. ધ્રુવાખ્યાનના અંતિમ ભાગ પરથી કદાચ એ બ્રાહ્મણ માણભટ્ટ હોઈ શકે. ' મેગલ 'એ નામ અસલ હશે કે " તખલ્લુસ " હશે, એનો પણ નિશ્ચય થઈ શકતો નથી.

ચરિતસામગ્રીઃ—

૧. "સાહિત્ય માસિક"–વર્ષ ૧૩–૧૪" અને ૧૯૨૫ના અંકો
૨. પ્રા. કા. સુધા–ભાગ ૩જો, શ્રી છ. વિ. રાવળ સંપાદિત
૩. આઠમી ગૂજ. સા. પરિ. નો અહેવાલ શ્રી ભાનુસુખરામ નિ. મહેતાનો "મેગલ વિશે નિબંધ"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# હરિદાસ વાળંદ

[ સં. ૧૬૩૭ માં હયાત ]

**વિષ્ણુદાસના** જ આરંભકાલમાં ખંભાતમાં હરિદાસ નામનો એક વાળંદ આખ્યાનકાર થઇ ગયો છે. તેનું ધ્રુવાખ્યાન પ્રાપ્ત છે અને તે છપાયું પણ છે. બૃ. કા. દો. ભાગ ૮મામાં છપાયેલા ધ્રુવાખ્યાનમાં તેની બરોબર ઓળખ નથી મળતી, પણ હાથપ્રતોમાં મળી આવે છે. તેની એક હાથપ્રતમાં તેનો ઠીક ઠીક પરિચય મળી આવે છે; જેવો કે—

"સંવત **સોલ સાડત્રીસા** વર્ષે માસ ચૈત્ર તે સાર ।
**ધ્રુવજીનૂં આક્ષાન** કરચૂં એકાદશી શનવાર ॥૧૮॥
શ્રીભાગવત કથારસ નિર્મલ શ્રવણે કીધૂં પાંન ।
કાંઇએક કથા માંહી કાશીખંડની સમરચા શ્રીભગવાંન ॥૧૯॥
**સ્તંભતીરથ પુર** વૈકુંઠ તોલે કવીતાનો ત્યાંહાં વાસ ।
સાંભલતાં સુખ વૈકુંઠ પામીએ કહે **લહુઆસુત હરીદાસ** ॥૨૦॥
**વાલંદ વર્ણ** કુલિ તે ઉતપંન તેહનો શો અધીકાર ।
કહે **હરીદાસ** હરી વર્ણન જોઇ રદે વાસો યુગદાધાર ॥૨૧॥
[ ધ્રુ. આ. કડવું ૨૧મું ][1]

---

૧ ફા. ગૂ. સ. હ. લિ. પુ. નં. ૫૩'ક. બૃ. કા. દો. ભાગ ૮મા માં—

કવિતા કહે સેવક શ્રીરામ,
વાસો છે ત્રંબાવટિ ગામ. ૧૫
મહિ સંગમ છે અતિ ઉલ્હાસ,
ગાય સાંભળે વૈકુંઠ વાસ.

× × ×

બહુ કર જોડી કહે હરિદાસ. ૧૭ [ કડવું ૨૧મું ]

(પાદટીપ સામે પાને ચાલુ)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હરિદાસના વખતમાં ખંભાત આખ્યાનકારો માટે જાણીતું હતું. વિષ્ણુદાસથી માંડી કુબેરદાસ સુધીના આખ્યાનકારોએ લગભગ ૧ સૈકા સુધી પ્રાયઃ મહાભારતના પ્રસંગોને ખંભાતમાં ગાયા છે. ત્યાં હરિભટ્ટ, ભૂધર વ્યાસ, વિશ્વનાથ વ્યાસ, બાલકૃષ્ણ ભટ્ટ વગેરે સંસ્કૃતજ્ઞ પુરાણિકોનો લાભ લઈ ઘણા આખ્યાનકારોએ કવિતા રચી છે. લહુઆ-સુત હરિદાસ વાળંદે પણ ભાગવત અને કાશીખંડની કથા સાંભળી કવિતાપ્રવૃત્તિ કર્યાનું ઉપર સ્વીકાર્યું છે જ.

આ કવિએ પ્રહ્લાદાખ્યાન રચ્યાનું પણ કહેવાય છે, કે જે અદ્યાપિ પ્રાપ્ત નથી. આ ઉપરાંત "હરિદાસ"ની છાપનાં "પ્રેમલા-રાણીનું આખ્યાન,"[૧] "મૃગલીસંવાદ"[૨] અને "સુધન્વાનું આખ્યાન"[૩] એ ત્રણ કાવ્યો મળે છે. આખ્યાનપદ્ધતિનાં આ ત્રણે કાવ્યો કદાચ આ જ હરિદાસનાં હોય તો તેમાં આશ્ચર્ય નથી; આમાંના છેલ્લા "સુધન્વાખ્યાન"ની રચ્યાસાલ સાં. ૧૬૩૪, જ્યારે આપણે ઉપર જોયું છે કે ધ્રુવાખ્યાનની રચ્યાસાલ ૧૬૩૭ છે. બેશક કાવ્યાંતે કોઈ વિશેષ પરિચય નોંધાયેલો જાણવામાં નથી, એટલે તે તેનું જ છે, તે ન કહી શકાય. "તુલસીમાહાત્મ્ય"[૪] અને "ભક્તિમહિમા"[૫] આ બે કાવ્યોનો કર્તા હરિદાસ તો કોઈ અન્ય જ લાગે છે. એ ઉપરાંત વળી "પ્રેમ સંબંધી દૂહા"[૬] કોઇ બીજા જ હરિદાસના મળે છે.

---

પૃ. ૩૮૬ પર–ગૂ. વ. સો. હ. લિ. સં. ની. નીચેની પ્રત પ્રમાણે છે. ગૂ. વ. સો. હ. પુ. નં. ૨૦૦ अની પ્રતમાં પિતાનું નામ અને અહીંની છેલ્લી કડી નથી. રચ્યાસાલ આંકડામાં ૧૩૩૭ છે, તે પ્રમાદ દીસે છે. બૃ. કા. દો.માં ત્યાં 'સંવત સોલસેં સાડત્રી વર્ષે' એવો સ્પષ્ટ ઉલ્લેખ છે.

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૨૮૧ अ (ત્રુટક)

૨ એજન નં. ૭૪૮ (હ. સં. ૧૭૦૭)

૩ ડાહી. લા. નં. ૭–૬ (નડિયાદ)

૪ ફા. ગૂ. સ. હ. લિ. પુ. નં. ૨૨૨ क

૫ એજન, ૧૭૫ च

૬ એજન, ૨૩૩ घ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધ્રુવાખ્યાન અને તેની જ પદ્ધતિના "પ્રેમલારાણીનું આખ્યાન," અને "મૃગલી સંવાદ" ભાષાની દૃષ્ટિએ પણ સમાનતા ધરાવે છે. હરિદાસ કાવ્યના આરંભમાં એક વાર પોતાની છાપ મારે છે; જેમકે–

"ધ્રુવચરિત્ર કહું જેથી આનંદ, પામે શ્રી હરિદાસ"

(ધ્રુ. આ. ૧–૪)

"સકલ કામ જે સમરિ થાઇ । કહિ હરીદાસ દયા કરી માય"

—(મૃ. સં. ૧–૩)

"વીઘ્નહરણ અવીચલ મતી આપો કેહે શેવક હરીદાસ"

(પ્રે. રા. આ. ૧–૨)

હરિદાસે ધ્રુવાખ્યાન સ્કંદપુરાણાંતર્ગત કાશીખંડ અને ભાગવતને આધારે બાંધ્યું છે. આ શતકની ધ્રુવવિષયક આ પહેલાંની કૃતિઓમાં જો આષાઢી સંવત ગણવામાં આવે તો મેગલની કૃતિ પૂર્વની છે. એ પછી આ બીજું આખ્યાન છે. બંને સ્વતંત્ર છે. આખ્યાનપદ્ધતિ ભાલણથી જોર પકડવા લાગી હતી અને હરિદાસના સમયમાં તો સારી રીતે સ્થિર થઇ ચૂકી હતી, તે વિષ્ણુદાસની કૃતિઓથી જાણવામાં આવે છે. એ પ્રૌઢિનો ખ્યાલ હરિદાસની આ કૃતિ કાંઇક આપે છે. તેમાં વિષ્ણુદાસનું અનુસરણ સ્પષ્ટ જણાય છે. એટલે કે મૂળ કથા પ્રામાણિકપણે આપવા તરફ હરિદાસનું વલણ છે; છતાં ભાષા ગમતી બનાવવા તરફ લક્ષ્ય છે. નારદજી ધ્રુવને મંત્રોપદેશ આપતાં પ્રભુનું વર્ણન કરે છે; જેવું કે

"હસતું વદન હરિ તણું જોવું, કુંડલ લેહેકે કાન;
રેષા રુડી તિલકની તન શોભિત ભીને વાન, ૨
ગ્રીવાકંબુ ચિબૂક સોહિયે અધર રાતો રંગ;
દશન-પંક્તિ હીરાવળી, મધ્યે વિદ્યુત શોભે સંગ. ૩
ચાર ભુજ આયુધ સંયુત ગદાધર ચક્ર પાણ;
કટિ મેખળા સકુમાર સુંદર, પીતવસન પરિધાન. ૪
ચરણ તણી શી કહું શોભા, નખરત્ન સુંદર શોભે;
ખટદશ ચક્રે અંકિત જેથી, ભક્ત તણાં મન લોભે. ૫ "[1]

૧ બૃ. કા. દો. ભાગ ૮મો, પૃ. ૩૬૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધ્રુવને તપમાં વિઘ્ન કરવાને ઇંદ્ર તરફથી આફતો ઉતારવામાં આવે છે, એ પ્રસંગ પણ ઠીક ઠીક દીપે છે: ભૂતો આવે છે તેઃ

"એક આવ્યો ભાલાને રૂપે લાંબી કોટ કરડે દંતજી;
બીજો તે પાડાને રૂપે ભાંજે પર્વત પંથજી. ૮
ત્રીજો આવી સ્ત્રીને રૂપે, મૂકે શ્વાસોશ્વાસજી;
એક આવી વૃક્ષ ઉમાલીયું, જાણે પડે વને ત્રાસજી. ૯
એક આવ્યો છે વાઘને રૂપે, મેઘ તણી પેરે ગાજેજી;
એક પવન અતિ વસમો વાયે શૃંગ પર્વતનાં ભાજેજી. ૧૦
એક આવ્યો બાળક લેઇ, વધ કરવા ધ્રુવ પાસેજી;
એક અજગર થઇને વીંટયો, જાણ્યું બાળક નાસેજી. ૧૧
એક અગ્નિના ભડકા થઇને, સમીપ ચાલ્યો આવેજી;
અનેક પેરના ભૂત જ એહવા, બાળકને બીહાવેજી. ૧૨"[1]

મૃગીસંવાદ કે મૃગલીસંવાદ એ વિષય ઉપર જાવડનાં અને નાકરનાં કાવ્યો વિશે આ પહેલાં માહિતી આપવામાં આવી છે. હરિદાસે પણ એ વસ્તુને લઈ કાવ્ય રચ્યું છે. કયો હરિદાસ આ છે તે નક્કી કરવું મુશ્કેલ છે, કેમકે તૂટક મળી આવ્યું છે, છતાં પદ્ધતિ એ જ હોવાને કારણે એક માની ચલાવ્યું છે. સમયની અને ભાષાની દૃષ્ટિએ સામ્ય છે જ. શરૂમાં શિવજીનું વર્ણન જ જોઈયેઃ

"જેહનિ પંચ વકત્ર નિ દશ છિ પાંણિ નેત્ર ચંદ્રાર્ક વહ્નીની જાંણિ ।
એકે હાથિ ત્રિશૂલ વિશાલ બીજિ છિ જો બ્રહ્મકપાલ ॥૪॥
ત્રીજિ પાંણિ વિભૂતિ જ લાય એહૂ પાંણિ કરી વેણા વાય ।
છઠિ અક્ષુટી સાતમિ તાલ્ કંઠિ છે તેહનિ વિષ હલાહલ ॥૫॥
ત્યુહુ પાંણિ અન્ય કાંમ જ થાય લીલાવંત એહવુ શંભૂરાય ।
નીલાટિ તિલક સોહિ ઇંદુ સૂચંગ જટા મુગટમાં છિ જેહનિ ગંગ ॥૬॥
તે ભાંગ ધતૂરુ પ્રાસિ ઘણૂં પિહિરણિ ચર્મ છિ હસ્તી તણૂં ।
કોટિ સૂર્ય અંગ્ય તેજપ્રકાશ સકલમાં શંભૂ અવિનાશ ॥૭॥"[2]

---

૧ એજન, પૃ. ૩૭૩
૨ ગૂ. વ. સો. હ. પુ. નં. ૭૪૮ (કડવું ૧લું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ કાવ્ય શિવરાત્રિ–માહાત્મ્ય વિશે છે, જેમાં વ્યાધ અને મૃગલીનો સંવાદ અપાયો છે. બીલીના વૃક્ષ નીચેના શિવલિંગની ઉપર તે દિવસે અજાણતાં વ્યાધથી ભયના માર્યા પત્ર–જલ પડતાં તેનો ઉદ્ધાર થયાનું આ કથા કહે છે. હરણી પોતાના પૂર્વજન્મની વાત કર્યા પછી વ્યાધ મારવા આવતાં બંને વચ્ચે સંવાદ થાય છે કે–

### રાગ કેદારુ

"હરિણી બોલી સુણિ વ્યાધ તૂં તો કો દીસિ છિ સાધ ।
કાંઈ નથી અપરાધ વ્યાધ તે અમ તણુ એ ॥૧॥
શાંહાનિ કાચિ તૂંહનિ તે તાં કહિ રે મૂઝનિ ।
કહૂં તુઝનિ માહારા ચિત્તની વારતા એ ॥૨॥

ઢાલ—કહૂં વારતા માહારા ચિત્તની આહેડી સુણિ વાત ।
શાહાનિ કાચિ તૂં તાં મુઝનિ આજ કરિ છ ઉપઘાત ॥૩॥
વલતૂં વચન બોલ્યુ આહેડી સાંભલી હરિણી પિરિ ।
હૂં તાં માંસ તણુ છૂં અરથી કુટંબ ભૂખ્યૂં ઘિરિ ॥૪॥
અરે આહેડી સાંભલિ ભાઇ મુઝમાં તુ નથી માંસ ।
ગર્ભવંતી હૂં છૂં રે અબલા ફોક મ કરીશ આશ ॥૫॥
અનિ આહેડી ભાઇ સાંભલિ વધવા જ્યોગ્ય નહીં નારી ।
અનિં વલી હૂં બાલસહિત છૂં જો તૂં રીદિ વીચારી ॥૬॥
ઇંમ કરતાં એક મારેગ્ય એણિઇ વલી આવરિ હરણિ ।
તૂં તાં તેહનુ વધ કરે રે માહાપુષ્ટિ છિ તરણી ॥૭॥
નહીં તુ વ્યાહાણાં માંહિ આવીશ બાલ પ્રસવી ઘિરિ ।
ગર્ભવેદના છિ રે મુઝનિ તૂં નવિ જાંણિ પિરિ ॥૮॥
જુ તુઝનિ વીશ્વાસ નુહિ તુ સમ ષાઇ જાઊં તે માંન્ય ।
માહારા બાલકનિ ભાલવણ કરીનિ આવીશ આંણિ સ્થાન્ય ॥૯॥"[૧]

કથાનક સાદું છે. તૂટક હોવાથી વધુ વીગત આપી શકાય તેમ નથી. (કવિએ આ કાવ્યમાં "શિકાર" શબ્દ પ્રયોજ્યો છે.)

---

૧ એજન, (કડવું ૩જું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ આપવું અહીં જરૂરી થઇ પડશે કે શરૂઆતમાં કવિએ પોતાનું નામ આપ્યું છે, જે ધ્રુવાખ્યાન જેવું જ છે; જેમકે
(મૃ૦ સં૦): "સકલ કાંમ જે સનરિ થાઇ
કહિ હરિદાસ દયા કરી માય ।
માહારિ મંન્ય છિ આનન્દ ઘણં
કહૂં આખ્યાન એક શંભૂ તણૂં ॥૩॥"[1]
(ધ્રુ૦ આ૦): "કાશીખંડે જે કહ્યું છે, ધ્રુવજીનું આખ્યાન;
કહે હરિદાસ મારી મતિ મંદે, કહેશું તેહ નિધાન. ૬"[2]

આ હરિદાસ એ જ વિષ્ણુદાસ છે, એમ બૃ. કા. દો. ભાગ ૮મામાં છપાયેલા ભાગથી સાબિત કરવાનો પ્રયત્ન થયેલો; પણ ઉપરની હાથપ્રતોમાંના ઉલ્લેખથી એ વસ્તુ તદ્દન નિરાકૃત થઇ જાય છે. આ બંને કવિઓ એક જ સમયે ખંભાતમાં થયેલા ખરા, એટલું જ; બાકી એઓ તદ્દન ભિન્ન છે.

આ સમયે ભાષા મધ્ય. ગૂજ.ની ૪થી ભૂમિકામાં સ્થિર થતી હતી. મૃ. સં.ની હાથપ્રત સાં. ૧૭૦૭ જેટલી જૂની છે. આ રીતે હરિદાસની અસલ ભાષા જાણવામાં મૃ. સં.ની પ્રત ઉપયોગી છે. બીજાં કાવ્યોની પ્રતો પછીની છે. ધ્રુવાખ્યાનની પણ કોઇ જૂની હાથપ્રત લભ્ય નથી.

હરિદાસ વાળંદ જેવી સામાન્ય કોમમાં જન્મ્યો છતાં તત્કાળના પૌરાણિક કવિઓમાં સારી એવી કવિતા રચી શકે છે, તે તેના ઉચ્ચ સંસ્કારને આભારી જણાય છે. એની વર્ણનશક્તિ ધ્રુવાખ્યાનમાં ઠીક ઠીક દેખાય છે. અને એ પ્રમાણે ૧૭મા શતકના કવિઓમાં તે પોતાની થોડી કૃતિ છતાં માનવંતું સ્થાન મેળવવા શક્તિમાન થાય છે.

ચરિતસામગ્રી:

૧. બૃ. કા. દો. ભાગ ૮મો, (ગૂજરાતી પ્રેસ–મુંબઇ).
૨. સમાલોચક પુ. ૬, અંક ૧૧મો, શ્રી છગંગરાય કે. ઓઝાનો લેખ
૩. ગૂ. વ. સો. હ. લિ. પુ. ની યાદી, અને નં. ૭૪૮ની હાથપ્રત
૪. ફા. ગૂ. સભા હ. લિ. પુ. યાદી, ભાગ ૨જો

---

૧ એજન, (કડવું ૧લું) ૨ બૃ. કા. દો. ભાગ ૮મો, પૃ. ૩૫૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# લક્ષ્મીદાસ

[ સં ૧૬૩૯–૧૬૭૨માં હયાત ]

**ના**કરયુગમાં ધ્યાન ખેંચે તેવો એક લક્ષ્મીદાસ નામનો કવિ અંહેમદાવાદમાં સં. ૧૬૩૯–૭૨માં હયાત હતો, તેવું જાણવામાં આવ્યું છે; જેમકે ગજેંદ્રમોક્ષને અંતે:

"સંવત **સોલ તે અગણચાલુ** ઉત્તમ તે જેષ્ટ માસ ।
શુકલ તે ગુર સપ્તમી દીન ગ્રંથ હોઉ ઉલ્હાસ ॥૨૫॥
સમસ્ત વિપ્ર કીપા કરિનિ રાખયો તાં શર્ણિં ।
**વાલંભ જ્ઞાતિ** ઉપનુ હૂં જ્ઞાતિની ચર્ણરેણ ॥૨૬॥
**મિહિમદવાદ** નિ **વેત્રવતિ** નદી **જીતુલી** માંહાં વાસ ।
ચર્ણરજ સહૂ સાધની **ષોષાસૂત** કિહિ **લક્ષમીદાસ** ॥૨૭॥"[1]

ચંદ્રહાસ–આખ્યાનને અંતે નીચે મુજબ મળે છે:

"સંવત ૧૬૪૭ શ્રાવણ માસ શુકલ પક્ષ સપ્તમી સૌમ ઉલ્લાસ ॥૨૩॥
સપ્તમિ ચંદ્રને સમે કંન્યા લગ્ન પૂરણ અક્ષાન થયુ તેણે તાં દિન્ય ॥૨૪॥
યે કો સાંભલે એહ આક્ષાન વૈકુંઠપદ તે પામે ત્રુઠે ભગવાન ॥૨૫॥
**વેત્રવતી** નદિ **મધ્યનગર** વાસ કર જોડી કેહે **ષોષાસુત લક્ષ્મિદાસ**॥૨૬॥"[2]

વાત્રક નદીને કાંઠે આવેલા મહેંમદાવાદના જીતુલી પરામાં વાલમ જ્ઞાતિના આ ખોખા–સુત લક્ષ્મીદાસની સાહિત્યસેવા પણ આદર ઉપજાવે તેવી છે એમ કહી શકાય. એનાં કાવ્યો અદ્યાપિપર્યંત પ્રસિદ્ધ થયાં નથી. ગજેંદ્રમોક્ષ અને ચંદ્રહાસ–આખ્યાન ઉપરાંત દશમસ્કંધ ખાસ ધ્યાન ખેંચે છે. છેલ્લી કૃતિ મૂળ સંસ્કૃત ભાગવત દશમસ્કંધને આધારે રચેલો અધ્યાય વાર પણ ૧૯૫ કડવાંનો કાવ્યગ્રંથ છે. કાવ્યાંતે એનું નામ નથી મળતું, પણ ૧૪મા અધ્યાયને અંતે મળે છે:

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૩૩૬

૨ એજન નં. ૮૮૬ અ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ભવસાગર ગોવાલ થયા ને પોહોતી મનની આશ ।
એટલે અધ્યા થયા ચતુર્દશ એમ કહે છે **લક્ષ્મીદાસ** ॥૪૮॥"૧

ભાલણના દશમસ્કંધમાં ખૂટતાં રાસપંચાધ્યાયીનાં કડવાં આ લક્ષ્મીદાસની જ રાસપંચાધ્યાયીનાં છે. ત્યાં સ્પષ્ટ રીતે લક્ષ્મીદાસની જ છાપ આપવામાં આવી છે. બેશક ભાલણે એ ભાગનાં સુંદર પદો રચ્યાં પણ છે; પણ સ્વ. હ. ગો. કાંટાવાળાને મળેલી હાથપ્રતમાં લક્ષ્મીદાસની રાસપંચાધ્યાયી મળવાથી તે છાપી નાખેલી.

પ્રૌઢ આખ્યાનપદ્ધતિનાં આ ત્રણ કાવ્યો લક્ષ્મીદાસનાં મળે છે. નાકર પછીના કવિઓમાં, વિષ્ણુદાસના કવનકાળમાં અમદાવાદ નજીકનો કવિ આમ આખ્યાનપદ્ધતિનાં કાવ્ય એટલા જૂના સમયમાં આપે છે, એ એ પ્રદેશને માટે ગૌરવભરેલી વસ્તુ છે.

૯ કડવાંના નાના ગજેંદ્રમોક્ષની વસ્તુ તેણે ભાગવતમાંથી લીધી છે. ગજેંદ્ર જે સરોવરમાં પાણી પીવા જાય છે તેનું વર્ણન શરૂમાં તૂટતું નીચે મુજબ મળે છે:

"..........................................મીર ।
કોકીલાયૂથ ત્યાહા સ્વર કરિ મિલી પક્ષી નીર ॥૫॥
એક સોમવંશી નિ પોયણાં પાડલ સમીપ ।
હીરા માણિક બહૂ તે મધિ છીપ ॥૬॥
બકયૂથ ત્યાં પર્વરિ શોભીતા દીપ ।
પારસ સારસ ઢીક બહૂ માહા સ્નેહિ લીપ ॥૭॥
મૂક્તા-આહારી શોભના ચર્ણ ચાલિ મંદ ।
યૂથ મિલિનિ એગદા ગતિ કરિ આનંદ ॥૮॥
પંષ મનોહર શોભતી તેહેનુ વર્ણ ઇંદુ ।
પાર્જાતકના વ્રક્ષિ ત્યાંહા માહા મચકંદ ॥૯॥
એહેવૂં સરોવર માહાન ને ત્યાહાં દેડક કછ ।
મોટા મોટા કીડા કરિ માહા મગરમચ્છ ॥૧૦॥

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૪૭૦.

૫

P. P. Ac. Gunratnasuri M.S.                                    Jin Gun Aaradhak Trust

હાહા ગાંધ્રવ અવતરચુ ત્યાંહાં ગ્રાહા વછ ।
હરીસ્મર્ણ રિદિ માંહાં રિ નહી મતિ વૂછ ॥૧૧॥"૧

ચંદ્રહાસના આખ્યાનનું વસ્તુ તો બીજાઓની જેમ તેણે જૈમિનીય અશ્વમેધપર્વમાંથી લીધું છે. એ કાવ્ય ૪૫ કડવાંનું મોટું આખ્યાન છે. વિષ્ણુદાસના ચંદ્રહાસાખ્યાન પછી માત્ર બે વર્ષે જ રચાયેલું આ આખ્યાન તેના કરતાં કવિતાની દૃષ્ટિએ કાંઈક ચઢતેરું છે. વિષયાકુમારી જે ઉદ્યાનમાં ચંદ્રહાસ સૂતો છે ત્યાં વિહાર કરવાને આવે છે, તે પ્રસંગ જોઇયેઃ

"મલિ સકલ સષિ બહૂ વૃંદ ચાલિ શરોવર આનંદ ॥૧૨॥
ત્રણે મેહલા સકલ શ્રંગાર પેઠી મજન કરવા સાર ॥૧૩॥
એકને એક છાંટે પાણિ મૃદ્દુ અંમ્રિત બોલે વાંણી ॥૧૪॥
મનોહર વેણી લલકે મુષ ઇંદ્દુ યેહવાં જલકે ॥૧૫॥
એક એકને પાસે થાએ નીર ઉડે ધ્રન શોભાય ॥૧૬॥
ત્રુટે મુક્તાના હાર ત્યે પડે ઉદક મોઝાર ॥૧૭॥"૨

ત્યાંથી એકલી વનશોભા જોવા નીકળતાંઃ

"ત્યાંહાં દરશને મન મોહિ મૃગનયણિ સાંમુ જોઇઉ ॥૧॥
ત્યાંહાં દીઠો હય સુંદર ચરતો ત્યે દ્રષ્ટ પ્રભુ પર ધરતો ॥૨॥
પગ પધગી ઘટી ઘટ વારુ જંઘાસ્થલ સુંદર ચારુ ॥૩॥
તન ગર્વ ઘાટ છે યેનો ઘડતાં મોહ ઉપનો ॥૪॥
કનક પલાંણ સોહામણુ શુ કીજે વર્ણન તેહનુ ॥૫॥
અતિ રત્નજડીત્ર શોભા સાજિ કો માહારાજાનો તાજી ॥૬॥
હવે એ ઘોડો રષે હણહણે પ્રભૂ એનો શ્રવણે ધરે ॥૭॥
તેણે શબ્દ કરી જો જાગશે તો પૂરુષ નહિ જોશે ॥૮॥
પછે ચરણેથી ત્યજી વાંણહિ ત્યે દાશીને હસ્તે ગ્રહિ ॥૯॥
પગનાં નેપૂર ઉચાં લિધાં ત્યે શબ્દ રહિત કીધાં ॥૧૦॥

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૩૩૬ (કડવું ૫મું)
૨ એજન નં. ૮૮૬ અ (કડવું ૧૪મું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભુજકંકણિ ઉચી ચાંપિ કટિકંકણિ હસ્તે ચાંપિ ॥૧૧॥
એમ કરતાં આવી પાસે મન લાજે ને વિમાસે ।
કરી પલ્લવ અલગો મુષ નીરષે જોતાં મોહિ મંન્ય હરષે ॥૧૩॥
જાંણે ચંદ્રબિંબ પૂરી કલા ત્યે નિરષંતા થઇ વિવલા ॥૧૪॥
જાંણે લોચન અતિ ફુલ્યાં ત્યે નિરષંતાં વીષયા ભૂલાં ॥૧૫॥
નયણ લાંબા કાન લગે જુગ્મ ત્યે કુંડલ ઝગમગે ॥૧૬॥
નિજ ચારુ કપોલ સજ હસે કો રચી શોભા અમૃત વસે ॥૧૭॥
નાશા કિર સોહાંમણી ગ્રીવાએ બાંધ્યો મણિ ॥૧૮॥
અતિ પ્રચંડ બાહુ કંધ કેસરિ ત્યે નિરષંતા શુદ્ધ વિસરિ ॥૧૯॥
ત્યે કહિએ શોભા ત્યે તણી દશન-મોતિ હિરાવલિ ॥૨૦॥
ચારુ ચીબુક શોભા ઘણી ગ્રીવા ઉદાર બાંધ્યો મણિ ॥૨૧॥
વક્ષ વિશાલ સુક્ષ્મા કટિ નીરષંતા લાગી એક ઘટિ ॥૨૨॥
ચરણકમલ જાંણે રવીવંશી નપરત્ન-યોત્ય કરશું હશી ॥૨૩॥
અંગોઅંગ્ય અતિ ઉદાર જાંણો મનમથનો અવતાર" ॥૨૪॥[1]

"વિષ ફેડી વિષયા કરીને વિષયા ત્યાંહાંથી જાય" એ તૂક લક્ષ્મીદાસમાં પણ છે, તે લક્ષ્યમાં લેવા જેવું છે. આ પ્રમાણે લક્ષ્મીદાસે આ કાવ્ય રસિક બનાવવા પ્રયત્ન કર્યો છે.

દશમસ્કંધના અનુવાદનો એનો પ્રયત્ન પણ ઓછો નથી. ૧૯૫ કડવાંમાં ૯૦ અધ્યાય તેણે સમાવ્યા છે. એમાં ભાગવતની કથા પ્રામાણિક રીતે ઉતારી છે. એ કર્ણકટુ ન થાય તેની તેણે પૂરતી સાવચેતી રાખી છેઃ અહીં કૃષ્ણજન્મનો પ્રસંગ જ જોઇયેઃ

"જલહલપુરણ કાલાએમાં તેજ તે નવ્ય માય ।
ઉચંગે તે દેવકીજીને બાલક વૈકુંઠરાય ॥૯॥
દેવકી નેં વસુદેવનાં લોહે ભાગ્યાં બંધન ।
જીવ સહુ કો અંતરજાંમી થયા તેહ પ્રસંન ॥૧૦॥
ચંદ્રની કીર્ણાવલી તે સકલ માંહિ શોભાય ।
વન સર્વે પ્રસંન ફૂલ્યાં સૌરભ્ય આવ્યા વાય ॥૧૧॥
દશે દીશા નીર્મલ દીસે પ્રબલ તારા તેજ ।
મંદમંદ મેઘ ગાજે ઉપજે અતી હેજ ॥૧૨॥

---

૧ એજન, (કડવું ૧૫મું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જલ નીરમલ સુર–સલીતા પ્રબલ પુર ભરાય ।
દેવનાં દુંદુભી વાજે ગગન તે ગર્જનાય ॥૧૩॥
મણીમુક્તા કનક આદે તેજ વાધે અધાત ।
મધુરી ગત્યે સાગર ગાજે સકલ ધુની વિક્ષાત ॥૧૪॥
દીપ ઠાંમ્યેઠાંમ્ય દીપે અગ્નિ દીપે કુંડ ।
પ્રભુજીને પ્રગટ થાતે આનંદ્યું બ્રહ્માંડ ॥૧૫॥
શાંમસુંદર ચતુરભુજને પીતાંબર પરીધાંન ।
વૈજયંતી માલા કંઠે મકરાકૃત કુંડલ કાંન્ય ॥૧૬॥
મુકુટ તે સોહાંમણો ને કમલદલ લોચન ।
અર્ક કોટિ કોટ વારું વદન તેહ પ્રસંન ॥૧૭॥
કંઠે કૌસ્તુભ જલહલે કટીમેષલા ઝાતકાર ।
ચક્ર–અંકિત ધ્વજ અંકુશ પદ્મ પગ ઉદાર ॥૧૮॥
ગદા તે કૌમોદકી ને સોહીયે સુદરશંન ।
ખડગ નંદક ધનુષ સારયંગ શંખ તે પાંચજન્ય" ॥૧૯॥[1]

ચોથું મોટું કાવ્ય સંભવતઃ કર્ણપર્વ જણાય છે. આદિ અંત નહિ મળતા હોવાથી ચોક્કસપણે તેની જ તે કૃતિ છે, તેમ ન કહી શકાય; વચ્ચે એક સ્થળે નામ માત્ર મળી આવે છેઃ

"એ કથા તાં વૈશંપાયન જન્મેજિનિ કિહિસિ ।
**લષ્યમીદાસ** કિહિ કર્ણ–સંઘાતિ અર્જૂન યૂધિ જસિ" ॥૨૫॥[2]

યુધિષ્ઠિરના હરાવ્યા પછીનું કર્ણનું ભીમ અર્જુન વગેરેની સાથેનું યુદ્ધ આ કાવ્યમાં વર્ણિત છે, જેમાં અંતે ભીમ અને શલ્યનું યુદ્ધ આવે છે, ત્યાં પ્રત તૂટે છે.

લક્ષ્મીદાસે આમ મહાભારતનાં પર્વો આપવાનો પણ પ્રયત્ન કર્યો લાગે છે, પણ તેનાં આ અપૂર્ણ પર્વ સિવાયનાં બીજાં પર્વો જાણવામાં પણ આવ્યાં નથી. વિષ્ણુદાસનો સમકાલીન કવિ એક ખૂણે રહી આટલો પ્રયત્ન કરી ગયો છે, તે વસ્તુ ભાગ્યે જ કોઈ જાણે છે.

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૪૭૦ (કડવું ૭મું)
૨ એજન, નં. ૩૩૬ ब (કડવું ૭૩મું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એનાં નાનાં કાવ્યોમાં જ્ઞાનબોધ (ર. સં. ૧૬૭૨), લક્ષ્મણાહરણ (ર. સં. ૧૬૬૦), રામરક્ષાસ્તુતિ અને અમૃતપચીશીરસ[1] એ છે. આમાંનું છેલ્લું મહત્ત્વનું છે. બેશક એ એનું જ છે કે નહિ તે જાણવાનું આપણી પાસે સાધન નથી, કેમકે કવિના નામ ઉપરાંત એમાં બીજી કશી માહિતી આપવામાં આવી નથી. આ નાનું ૨૫ માલિની વૃત્તનું કાવ્ય છે. લક્ષ્મીદાસ ખોખાસુતે જ તે રચ્યું હોય તો ૧૭મા શતકની પૂર્વાર્ધનું એ વૃત્તબદ્ધ કાવ્ય ગણાય.

"રઘૂપતીપદસેવા મૂલ એ ધર્મ તાહારે ।
કમલનયણ મૂકી કાંએ બીજુ વિચારે ।
તન ધન સૂત દારા તે નહી દુત વારે ।
હરી ભજ **લક્ષ્મીદાશા** પાંમ સંસારપારે ॥૧॥
અભીનવધનરામં સામવર્ણં કીપાલં ।
કનકરુચીરકાંતં રાજવૈદેહીબાલં ।
નવનીધીરીધી તાહારે અંન્ય તે મોહજાલં ।
હરી ભજ **લક્ષ્મીદાશા** મારુદેશે મરાલં ॥૩॥"

કાવ્ય તરીકે એમાં ચમત્કૃતિ નથી જ, એ કબૂલ કરવું જોઇયે. 'રામરક્ષા એ ભુજંગી વૃત્તની કૃતિ છે. એમાં પણ રઘુનાથની સ્તુતિ છે. લક્ષ્મીદાસ વૈષ્ણવ હોય તેમ લાગે છે, કેમકે ચંદ્રહાસ આખ્યાનમાં તેણે ગોવિંદની સ્તુતિ આરંભમાં કરી છે અને દશમ સ્કંધમાં પણ ગોવિંદની જ સ્તુતિ કરી છે. રામની સ્તુતિ એ ન કરે એમ સ્વીકારિયે તો જ રામરક્ષા અને અમૃતપચીસી તેનાં ન ગણાય. ગજેન્દ્રમોક્ષ, ચંદ્રહાસાખ્યાન અને દશમસ્કંધના કર્તૃત્વના વિષયમાં તો શંકાને કાંઈ પણ હવે કારણ નથી; પણ આ લક્ષ્મીદાસે સ્વતંત્ર નાનાં નાનાં પદો રચ્યાં છે તેમાં રામ તેમ જ કૃષ્ણ એ ઉભયની સ્તુતિનાં પદો મળે જ છે. ભાષા પણ તેમાં મિશ્રિત છે, એટલે કે જૂની વ્રજની તેમાં છાંટ કે પૂરી તે જ ભાષા હોય તેવાં પદો મળે છે.

શરૂઆતનું પદ તો ચોખ્ખા સવૈયામાં જ છે:

---

[1] ગૂજ. હાથપ્રતોની સંકલિત યાદી, પૃ. ૧૮૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સવાઈઆ

"જાંનકિ કાય ઉપાય રચી વડ શ્રીરઘૂનાથ રલિ લરનિ ।
કપીદલ મર્કટ રીછ મિલે મદ રાવન માન સબિ હરનિ ।
કૂલાહલ હાહલ દાંત દેષાવિ લરિ ફુલ કાજિ પરિ ધરનિ ।
સીસ ડોલાત હરી તબ તિં **લક્ષમીદાસ** કિહિ મિલે કાહા કરનિ" ॥વગેરે[૧]

આવા ૪ સવૈયા કૃષ્ણને લગતા પણ છે:

"અંબર ચારુ યૂ તડીત પીતાંબર સૂંદર ગઢે ટટિય ભૂંનાં ।
કંઠ મનોહર હાર બીજી તજ લધર ઘોર છબી સૂતના ।
સીર મોર કે ચંદ આનંદ બદન કવલ્લ ભૂજાલ ટકિ ફૂદનાં ।
**લક્ષમીદાસ** કિહિ બલી જાંઉ નરભેષ ઘોષપતિ નંદકે લલનાં" ॥વગેરે

હવે શુદ્ધ પદો જોઇયે:

રાગ કેદારુ

"આજૂ સરે સફલ ભયે નયન ।
કોટિ મનમથરૂપ ચતુર જુ નિરખે ગીરિધર ચિન । આ૦ ।
કોટિ રબિછબિ-ચોતિ આનન અંબર કોટિક મિન ।
**જન લષિમિદાસ** બિચિત્ર તરૂનિ લિખિ ચિત્ર સો ચિન ।
આજુ મેરે સફલ ભયે નયન ॥"

આ પછી કેદારમાં ૧, રામગરીમાં ૧, વસંતમાં ૧, અને કાનરામાં ૧ પદ મળે છે. આમાંનું વસંતનું પદ ગૂજરાતી છે:

રાગ વસંત

"સુણિ સજનિ કહું વાત તુઝનિ જુ રાષિ મન માહિ ।
નંદસુવન ચાહારિ નયણે દિઠા ગ્રિહિ આંગણ ન સોહાઇ ।
સુણિ સજનિ ॥
ભુલિ પતિ પરિવાર હરિ વિણ સ્વજન સવ દૂરિ ણિ કાંઇ અન દેષુ ।
રયણિ દિવસ ક્ષણ સુતાં બિસતાં ચ્યંતિ ચતુર્ભુજ પેષુ ।
સુણિ સજનિ ॥
રસનાંચિ અલગુ ન મેહેલુ મન જાંણિ જૈ મ્યલીચિ ।
**લક્ષમીદાસ**ના સ્વાંમીનિ જોતાં દૂષસાગરથા ટલિચિ ।
સુણિ સજનિ ॥"[૨]

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૩૩૬ની પ્રતમાં ગજેંદ્રમોક્ષ પછી લખેલાં છે. ૨ ત્રણે પદ ઉપરની હાથપ્રતમાંથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક છેલ્લું કાનરાનું પદ તેનો ભાષા ઉપરનો કાબૂ બતાવે છેઃ

**રાગ કંનડુ**

"કનકપટિ યૂગ યૂગલ કમલ અતિ ।
તા પર બિંદ્રૂમ સ્રગયૂગલ બરન બરન રતનજડિત દ્યુતિ ।
કનકપટિ ॥
તા પર ઇંદુ અનંત કિ છબિ તા પર ધનયૂત સદકિ ગતિ ।
તા પર અલિ અમોઘ સ્રવત મકરંદકે પૂંજ સ્રવત ।
દેત ઝપટ યૂગલ કમલ બહુરિ પરસન નેહસૂ છતિ ॥
કનકપટિ ॥
અરક કોટિ કોટિ રૂચિ તા ઉપર કાહુ બરનૂ ।
કમલયૂગલ શોભાત્રિય લોક સરતિ ।
વારૂ અંગ ટૂક ટૂક બલિ બલિ ગિરિધર પર
કહા બરનિ **લક્ષમિદાસ** અલપમતિ ।
કનકપટિ યૂગ યૂગલ કમલ અતિ ॥"

હાથપ્રત જૂની હોવાથી લક્ષ્મીદાસનાં પદો હોવામાં શંકા નથી. વ્રજભાષાનું તત્કાલીન સ્વરૂપ આપણને જેમ આમાંથી મળે છે, તેમ ગૂજરાતી પદમાંથી તત્કાલીન ભાષા મધ્ય ગૂજ.ની ૪થી મિશ્ર ભૂમિકાનું સ્વરૂપ મળી જાય છે. ગજેંદ્રમોક્ષમાં તો ૩ જી ભૂમિકા હજી વધુ છે. આ રીતે લક્ષ્મીદાસ આ યુગમાં કાંઇક વિશેષતા ધરાવે છે. એનું એક માત્ર પદ બૃ. કા. દો. ભાગ છઠ્ઠામાં છપાયું છે "ઉપદેશનું પદ" એ મથાળે; એટલે એ પદો પણ રચી જાણતો હતો. એના ઉપર ભાલણની છાપ પડી હોવાની સંભાવના મને લાગે છે; કેમકે પેલું ગૂજરાતી પદ આબાદ ભાલણની જ ગરબીની પદ્ધતિનું છે.

ચરિતસામગ્રીઃ

૧. ગૂજરાત વર્નાક્યુલર સોસાયટી દ. હ. લિ. પુસ્તકસંગ્રહની નં. ૩૩૬ ૪૭૦, ૪૮૬, ૭૪૨ અને ૮૪૬ની હાથપ્રતો
૨. બૃ. કા. દો. ભાગ ૬ઠ્ઠો (ગૂજરાતી પ્રેસ–મુંબઈ)
૩. "ભારતીય વિદ્યા" ત્રૈમાસિક, વર્ષ ૧–૪ થો–એમાં "અમૃતપચીસી રસ" કાવ્ય–શ્રી. ભો. જે. સાંડેસરા–સંપાદિત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# હરિદાસ રૈકવ

[ સં. ૧૬૪૪–૪૭માં હયાત ]

જેનું માત્ર એક જ કાવ્ય "આદિપર્વ" પ્રાપ્ત થાય છે, તે હરિદાસ રૈકવ અમદાવાદ પાસે બારેજાનો વતની અને સાં. ૧૬૪૪માં[1] હયાત હતો એમ તેના તે કાવ્યને અંતે આવતા ઉલ્લેખથી જાણવામાં આવે છે:

"સંવત ષટ્ દશ વેદ ઉદધિ વર્ષાગમિ અષાઢ માસ,
ઉત્તમપક્ષ શશાંકકરાંકિત હરિદિન–વ્રત વિશ્વાસ. ૨૦
નંદાતિથિ ભૃગુવાર ઉત્તમ સિદ્ધિ યોગ અપાર,
વૃશ્ચિક શશિદિન મધ્ય દિવાકર પૂર્ણ ગ્રંથ વિસ્તાર. ૨૧
દ્વિજવર રૈકવ કુલિ ઉત્પન્ન પુર બારેજા મધ્ય વાસ,
આદિ કથા અનુક્રમ સંધાતિ કહિ કવિ શ્રીહરિદાસ." ૨૨[2]

કવિએ સ્વતંત્ર રીતે પ્રાયઃ આદિપર્વ ૮૭ કડવામાં રચી આપ્યું છે; મહાભારતની શૃંખલા જાળવી રાખવા એણે ખાસ પ્રયત્ન કર્યો નથી.[3] એના કાવ્યમાં જે કાંઇ સ્વાભાવિક મધુરતા છે, તેનાથી આકર્ષાઇ કોઇ મોહનદાસ નામના માણભટ્ટે સાં. ૧૬૬૦ માં રચાયેલા મનોહરના આદિપર્વમાંથી કેટલાએ પ્રસંગો લઈ એક આખું સંકીર્ણ આદિપર્વ તૈયાર કરી મનહરનો પરીક્ષિત–વૃત્ત વગેરે વાળો ભાગ ૩૫ કડવાંમાં જુદો કરી ૮૯ કડવામાં બાકીનો ભાગ ગ્રથિત કર્યો છે; એમ કરતાં ઘણાખરા પ્રસંગો બેવડાયા છે; અને ક્વચિત્ હરિદાસના સારા પ્રસંગો જતા પણ કરાયા છે. સદ્ભાગ્યે બે તૂટક પણ સારી પ્રતો મળી જવાથી આ ઉમેરાઓ દૂર કરી હરિદાસનું અસલ આદિપર્વ સંપૂર્ણ સંપાદિત કરી શકાયું છે.

---

૧ સં. ૧૬૪૪ અને ૧૬૪૭ બેય લેખી શકાય, અંને તિથિવાર પણ તે બંને વર્ષમાં સાચાં આવે છે.

૨ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૩૪૫

૩ મહાભારત–પદબંધ, ગ્રં. ૧લો, ઉપો. પૃ. ૨૯ (ફા. ગૂ. સભા)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ કવિના કાવ્યની જૂની ભાષા સાચવતી પ્રતો મળી જવાથી તેના સમયની ભાષામાં એનું આ કાવ્ય પ્રસિદ્ધ કરી શકાયું છે. મધ્યકાલીન ગૂજરાતીની સંકીર્ણ ૪થી ભૂમિકા એ એના કાવ્યની ભાષા છે: હરિદાસના સમયમાં ૩જી ભૂમિકા પૂર્ણ થવા આવી હતી અને નવા સંસ્કારો લેખનમાં શરૂ થઇ ચૂકયા હતા.

મહાભારતને પદબંધ કરનારા જુદા કવિઓમાં પ્રથમ કક્ષામાં નાકર અને કાશીસુત શેધજીની કવિતાને મૂકિયે તો બીજી કક્ષામાં આને ગણી શકાય. કવિતાની દૃષ્ટિએ હરિદાસ બહુ ઉત્તમ નથી; માત્ર એણે મૂળ મહાભારતને પ્રામાણિકપણે ઉતારવામાં, તેણે આપેલા જુદા જુદા પ્રસંગોને રસિક બનાવવાનો પ્રયત્ન કર્યો છે. આસ્તીક, શકુંતલા, દ્રૌપદી સ્વયંવર વગેરે પ્રસંગો તેણે સારા ચીતર્યા છે તેવું પાછળથી ઘુસાડેલા મનહરના આદિપર્વના ખંડોની સાથે સરખામણી કરતાં જાણી શકાય છે. કેટલાંક નાનાં અને અનુપયોગી કથાનકો—જેવાં કે શુકપરીક્ષિતનો મેળાપ વગેરે મૂકી પણ દીધાં છે.

એની કવિતા નીચેના કેટલાક નમૂનાઓથી ખ્યાલમાં આવી શકશે. પૌલોમપર્વમાં પ્રેમધરાનું વર્ણન જોઇયે:

"મહામનોહર રૂપ ધરતી કરતી અતિ શૃંગાર,
દેવકન્યા ગંધર્વિ જાણી નાગકન્યા અવતાર. ૨
કેશપાશ વાસુકિ ભુજ સૂંડા, અધર પ્રવાલી તંતુ સીમંત,
કરણઝાલ–યુગલ ઝલકિ ભ્રૂગતિ શુભ્ર ચલંત. ૩
નાસા ચંપક–કલિકા જાણે, ઊપરિ મુક્તાબિંદુ,
રત્નજડિત કુંતલ પરિ શોભિત, શીસ–ફૂલ આનંદ. ૪
લોચન મત્સ્ય ધવલ શુભ સ્થાનક, ચંચલ ખંજન જાત્ય,
હરિણ–વિશાલ શ્યામ ભ્રમર પરિ, મુખગત કમલની ભાત્ય. ૫
દાડિમ દંત બિંબાધર પલ્લવ, ઉત્તમ અબલા અંગ,
કંઠ કપોત તણી પરિ જાણે, ભાતિ હાર નવરંગ. ૬
સુવિશાલ ઉચ્ચ કુચમંડલ જાણે ચકવાકની જોડય,
કટીતટ સિંહ. સિંહલંકિ પિરિ, અબલા–અંગિ નહિ ઓડય. ૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હંસ તણી ગતિ, ગમન ગજ કેરૂં, જંઘા કદલીસ્થંભ,
વિપરીત ગતિ કરી જાણિ, સુંદર શોભિત રંભ. ૮ "[1]

શકુંતલોપાખ્યાનમાં દુષ્યંત કણ્વના આશ્રમમાં જાય છે, ત્યાં આશ્રમનું વર્ણન ઠીક ધ્યાન ખેંચે છે:

"એક વાર રાજા નીસર્યો, મૃગયા રમવા જાય,
ગંગાનિ ઉપકંઠિ આવ્યા, ઊલટ અંગ્ય ન માય. ૭
અનેક ગિરિ વનખંડ મધ્યિ સૈન્ય ચાલ્યૂં જાય,
મૃગ વ્યાલ હંસ નિ ક્રૌંચ પક્ષી નાસિ તે કેડિય થાય. ૮
ગિરિશૃંગ પાખલિ તરવર્યા, કો ગયા નદીનિ તીર,
વાનપ્રસ્થ વનમાંહિ રહિ ત્યાંહાં જૈનિ રહ્યા વીર. ૯
ઇમ કરતાં આશ્રમ્ય આવ્યા, ઋષિ કરિ ત્યાંહાં ધ્યાન,
તૃતીય સ્વરિ ઋગ્યજુ અથર્વણ, કરિ સામનૂં ગાન. ૧૦
યજ્ઞ યાજન નિ અધ્યાપન, દીસિ છિ ષટ્ કર્મ,
ઉપનિષદ ગીતા તણા બહુ દીઠા કરતા શર્મ. ૧૧
વેદાંતવાદી વદિ વાણી નૈયાયિક વલી યેહ,
મીમાંસક નિ તત્ત્વવાદી પૂછિ મન્ય સંદેહ. ૧૨
ઠામિ ઠામિ દીસિ ઊગવ્યાં, અંબર અનોપમ સાર,
હુત દ્રવ્ય નિ અગ્નિશાલા તેહ તણુ નવિ પાર. ૧૩

× × × ×

અનોપમ અતિ નિરખિઆં વૃક્ષ યેહ રસાલ,
કામબાણિ કરિ મોર સુંદર, વસંત કેરિ કાલ્ય. ૨૧
ચંપા કેસર કેતકી કદંબ નિ કણવીર,
શાદડ શાલ તમાલ તાલ તે દીસિ ગહિર ગંભીર. ૨૨

× × × ×

વાડી વન મધ્ય વેલ્ય દીસિ, વાલુ વીરણ્ય જાતિ;
માધવિકા નિ માલતી, માંહિ મુક્તાફલની ભાતિ. ૩૨
કામવૃક્ષ કલ્હાર કેરાં કણેર કદલીસ્થંભ,
વન મધ્ય મોટા મત્ત મધુકર કરિ નૃત્યારંભ. ૩૩

1. મહાભારત—પદબંધ, ભાગ ૧લો, પૃ. ૩૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શુક સારસ ને મોર દાદુર કરે કોકિલા કલનાદ,
તે મધ્ય મુનિવર તણો મંડપ, જાણે ધવલ પ્રાસાદ. ૩૪ "[1]

દુષ્યંતે પુત્રવતી શકુંતલાને ન સ્વીકારી ત્યારે શકુંતલાનું તેજ એક જ કડીમાં બતાવ્યું છે કે,

" જાણે દીવિથી દીપક કર્યો એહવૂં દીસિ રૂપ,
સકલ સભા થઇ સણમણી, નવિ તેડિ ભૂપ. ૩૬ "[2]

કવિએ દ્રૌપદીના સ્વયંવરમંડપનું વર્ણન પણ સારું કર્યું છે; જેવું કે,

" ત્યાં નગરનિવાસી લોક આવિ, કરિ જોઇ વિખાણ,
ઠામિઠામથી ઉચલ્યા ટોલે જાણે સાયરનૂં ઉધાણ. ૪
નગર મધ્યિ રંગભવન મધ્ય જોવા મારગ જંન,
ત્યાંહાં રચિત રચના સાંભલે, તૂં જનમેજિ રાજન. ૫
પ્રાકાર પાખલિ કરી પરિખા તોરણ–મંડિત દ્વારિ,
પટવસ્ત્ર પટમંડપ રચ્યા બહુ શિબિરનો નહિ પાર. ૬
તૂર્ય કેરા ઓઘ શત સંકીર્ણ ધ્રૂપિત ધાર,
કૃષ્ણાગરુ પ્રાકારિ ચંદન, કનકજલ નહિ પાર. ૭
પુષ્પ કેરા પુંજ દીસિ જાણે પર્વતશૃંગ,
કૈલાસ શિખર સમાન સુંદર, અંબર અંતરિ અંગ. ૮
પ્રાસાદ પાખલિ ગોળ–મધ્યિ સુવર્ણ કેરી જાલિ,
કનકકલશે રચી રચના સ્વયંવરનિ કાલિ. ૯
અટ્ટાલિકા અંબર લગિ ત્યાંહાં વિવિધ મણિની હારિ,
વૈડુર્ય મરકત ચંદ્રોપલ, રવિકાંત્ય તેહનો ન પાર. ૧૦
અતિ સોભતાં સોપાન તેહનાં, સુખિ આરોહણ થાય,
આચ્છાદન ત્યાંહાં અતિઘણાં આસન અનેક ઉપાય. ૧૧
માલા મુક્તાફલ તણી માણિક્ય કેરી હારિ,
પુષ્પ ચંપક મોગરા, તોરણ તણો નહિ પાર. ૧૨
રંગમંડપ રચી રચના, મધ્ય ચોઢયા સ્થંભ,
કટાહ આગલિ જલ તણૂં, ચાંહાં લક્ષનો આરંભ. ૧૩

---

૧ એજન, પૃ. ૬૮–૬૯
૨ એજન, પૃ. ૧૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપર ભમતી મંત્સિયકા, સ્થંભ કેરિ શૃંગિ,
વાજિત્ર-નાદિ વ્યોમ ગાજિ, જુઇ જન સહૂ રંગ. ૧૪"[1]

સુંદ અને ઉપસુંદ બ્રહ્માનું વરદાન મેળવી આવ્યા ત્યારે કવિ એક સુંદર ધવળ પ્રયોજે છે; એ એક ઉત્તમ પદપ્રકાર છે:

"વધાવિ નગરની નારિ, આવી ઊભી મંદિરદ્વારિ,
ઘરિઘરિ ઉત્સવ બહુ થાય, માતા થાલ ભરીનિ જાય;
ધવલ મંગલ ગાય. ૩

દૈત્ય બહુ ટોલે મ્યલિઆ, હશી હશીનિ વ્યલકલિઆ;
એણી પિરિ બોલિ છિ વાણી, પિહિલૂ પૃથ્વીનિ વશ આણી;
યોધ લ્યોનિ વખાણી. ૪

સ્વર્ગ નિ પાતાલ, ભરો પર્વત સૂધા ફાલ,
તહ્મનિં કો નહીં નિવારિ, ફરી વરો દિશ ચ્યારિ;
કઠિણ કામ તહ્મારિ. ૫

એહવૂં કહિતાં સૈન્ય બહુ ચાલિ, તેનિ ભારિ ધરા પર્વત હાલિ,
પડધાયિ પૃથ્વીતલિ ધ્રૂજિ, રજિ રવિબિંબ નવિ સૂઝિ;
પશુ નિ પક્ષિ અમૂઝિ. ૬"

૧૩ કડીનું આ પદ નવો ઢાળ આપે છે. આમ કવિએ કવિતા અને બંધ એમ ઉભય રીતે કાવ્યને આકર્ષક બનાવવાનો પ્રયત્ન કર્યો છે. નાકરયુગમાં આખ્યાનપદ્ધતિનો જે વિકાસ સધાયો છે, તેની ઉત્તમ પ્રતીતિ આ કાવ્ય અવશ્ય કરાવે છે;

ભાષાની દૃષ્ટિએ કવિ હરિદાસનો સમય સં. ૧૬૪૪ હોવાને કારણે મધ્યકાલીન ગૂજરાતીની ૪ થી ભૂમિકાની ભાષા આપણે તેની પાસેથી મેળવવા માગિયે; અને તેના કાવ્યની હાથપ્રતો એ ભાષા સાંચવી આપે છે, તે ઉપર આવેલા નમૂનાઓથી જાણી શકાશે. અર્વાચીન ભૂમિકાનાં રૂપો તેમાં પ્રયોજાવા લાગ્યાં હતાં; છતાં ૩ જી ભૂમિકાનાં શુદ્ધ રૂપો તરફ વલણ ઘણું જોવામાં આવે છે.

ચરિતસામગ્રી:

૧. મહાભારત-પદબંધ-ગ્રંથ ૧લો ( કે. કા. શાસ્ત્રી-સંપાદિત-ફા. ગૂ. સભાનું પ્રકાશન )

૨. ગૂ. વ. સો. દ. હ. લિ. પુસ્તક સંગ્રહની હાથપ્રતો

---

૧ એજન, પૃ. ૨૨૧-૨૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# વાસણદાસ

[ સં. ૧૬૪૮ પૂર્વે ]

કૃષ્ણને લગતાં બે નાનાં કાવ્યોઃ ૧. હરિચુઆક્ષરા અને ૨. કૃષ્ણવૃંદાવન રાધારાસ, આ બે કાવ્યોના રચનાર વાસણના સંબંધમાં આ તેનાં બંને કાવ્યોમાંથી કશી માહિતી મળતી નથી. આમાંનું ૧લું કાવ્ય કવિએ ચુઆક્ષરા=દોહરામાં રચ્યું છે, જેની ૧૦૩ કડી મળે છે, અને જેમાં કૃષ્ણની વસંતઋતુની ગોપાંગનાઓ સાથેની ક્રીડા વર્ણવવામાં આવી છે; જેવી કે—

"વૃંદાવન રલીઆમણૂં અનિ રૂડો માધવ માસ ।
રૂડા મોર કલા ધરે સ્વામી પૂરો આસ ।
રૂડી તે શોભા સૂંદરી અનિ રૂડાં તે પહેરાં ચીર ।
એક એક કંઠિ બાહુ ધરે યમુના કેરી તીર ॥૪॥"[1]

કવિનું બીજું કાવ્ય ૨૬માં થી ૧૩૫ કડીનું પ્રાપ્ત થાય છે, જે આખું "શાર્દૂલવિક્રીડિત" વૃત્તમાં છે. જૈનેતર કવિઓમાં પ્રભાસપાટણ-વાળા કેશવદાસ પછી આ વાસણદાસ બીજો છે કે જેણે એ જ વૃત્ત પ્રયોજી કાવ્યરચના કરી છે. કાવ્યબંધમાં શૈથિલ્ય અનેકત્ર પ્રાપ્ત થાય છે, જે ઉચ્ચારણની વિકૃતિને આભારી હશે કે કોઈ અન્ય કારણે હશે તેનો નિર્ણય આપવાનું એકદમ સાહસ કરી શકાતું નથીઃ

"બાલિ બોલ અપાર મંનિ આણિ ઉઠયા હરિ હર્ષશું ।
નાહ્યા દેવ અપૂર્વ ચીર પહિરયાં ભાવિ હરિ સ્યંતશૂં ।
બેઠા બેહૂ મુરારિ માહિ યમવા માંડી તે થાલી ભલી ।
પ્રીશાં અંન અનેક પ્રેમ સરસાં ભાવે તે ચંદ્રાઉલી ॥૨૬॥
તોલી હાથિ હરી રહા તિ અમથા આવો તહ્મો તો રલી ।
ભાવે નહી લગાર તુય પાષે માંને તે ચંદ્રાઉલી ।

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૭૩૮ एफ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માંન્યો બોલ ચંદ્રાઉલી તે બેઠી બેઠાં બેહૂ પ્રેમ ધરી ।
ભાવ્યાં અંન્ન યમ્યાં તે સર્વ રૂડી ખીડી કપુરે ભરી ॥૨૭॥
પીધાં અમૃત પાંન માંન સરશાં ચાલ્યા તે રમવા હરી ।
લીલા અંગિ ગહે પડી તે લડસે શ્રીકૃષ્ણ બાંહે ધરી ।
પોહોતા મંદિર માહે બિહૂ બાલાં લીલાં હસે હાથશૂં ।
છાંડયો એક પલંગ ફૂલી રુડો કોલી ભરી પાનશૂ ॥૨૮॥"[1]

કદાચ એમ કહી શકાય કે કવિએ માત્ર શાર્દૂલનો રાહ જ પસંદ કર્યો હશે, કેમકે ઉપર, જો કે એ–ઓને હ્રસ્વ ગણી તેનું તો સમાધાન કરી લઇયે, પરંતુ, "આંણી," "બાલાં" જેવા શબ્દો માપમાં આવી શકતા નથી; "રમવા" જેવા શબ્દને "રમ્વા" એમ ચલાવી લેવા પડે છે. કેશવદાસે પણ ક્વચિત્ આવી છૂટ લીધી છે.

આવી છૂટને ચલાવી લેવામાં આવતાં, આ કવિનું કાવ્ય અલંકાર-શાસ્ત્રની દૃષ્ટિએ ચઢે તેવું છે. કવિને રસશાસ્ત્રનો પરિચય છે, એ તેણે સંયોગ અને વિપ્રયોગ શૃંગારનાં ઉદાહરણો પોતાના કાવ્યમાં આપી બતાવ્યું છે; બેશક એ ઉચ્ચ પ્રતિનાં તો નથી જ; છતાં એ ક્ષેત્રમાં જેણે પૂર્તિ કરી છે, તેવા ગૂજરાતી કવિઓમાંનાથી ઉત્તમ તો છે જ; થોડા નમૂના બસ થશે:

"લીધો હાર અપાર હર્ષ પાંમી રાધા તે ગર્વી રહી ।
જાણ્યું રૂપ સ્વરૂપ અંગે માહારૂં, બીજુ તે કેહનુ નહી ।
તે જાંણૂ હરિરૂપ બ્રહ્મજ્ઞાંને માંને હુઈ અંગના ।
લીધૂ રૂપ સ્વરૂપ નારિ કેરૂં તે હારવે મંગના ॥૧૦૩॥
તે દીઠી શવિ સાથે રાધિક તણે આ કોણ દીસે રહી ।
મોડે અંગ અનંગ અતિ પુરે ગેગતિ ચાલે વહી ।
રૂપે રૂપ સ્વરૂપ ચંદ્રવદની નાકે તે ફૂલી ધરી ।
વેણી વાશિગ–નાગલક્ષણ ઘણાં બત્રીસથી ઉફરી ॥૧૦૪॥
જુ દેષે યદુરાય એહ્ય અસ્ત્રી તુ અંમ માંને નહી ।
મોટો તૂહ દયાલ યેહ શય એ સોકિ ચાલી સહી ।

[1] એંજન,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જુ નાવિ અમ સોકિ એહ અસ્ત્રી તુ નીત પુજા કરૂં ।
ઘાઢી સૂર્ય પ્રણાંમ ઇશ માનુ જુ સોકિ એહને હરૂ ॥૧૦૫॥
તે તાં રાય મુકુંદ મંનિ જાણું રાધા તે ઝાંપી થઇ ।
મુકૂ માંન અપાર દેહ કેરૂ આવ્યા તે વેણો લઇ ।
ત્યાંહાં ષેલ્યા બહૂ ષેલ મંનિ ગમતા વાડી ભલીમા જૈ ॥"[1]

કવિ પ્રસંગ બહલાવવાનો પ્રયત્ન કરે છે, અને કેટલેક અંશે સફળ પણ થાય છે.

આ કવિ નિશ્ચિત સ્વરૂપે ક્યારે થયો છે, તે કહી શકાતું નથી. એના કાવ્યની હાથપ્રત સાં. ૧૬૪૮ જેટલી જૂની મળતી હોવાથી એથી આ તરફ તો એ થયો જ નથી. અક્ષરમેળ વૃત્તના પ્રયોગને ખ્યાલમાં લઈએ તો "મોટા", "દૂષે", "મૂકું" વગેરે પ્રયોગો તેને સાં. ૧૬૦૦ આસપાસમાં મૂકે છે, જે વખતે અઇ, અઉ, અઉં વગેરેનાં ઉચ્ચારણો એ–ઓ–ઓં સ્વરૂપમાં આવી ચૂકયાં હતાં, છતાં હજી ઇ–ઉ–ઉં એમ સાથિ જેવા પ્રયોગો પણ લેખનમાં થતા હતા.

૧૭ કડીનું એક ધોળ "સુભદ્રાની કંકોતરી" મળે છે,[2] એ કદાચ આ જ કવિની કૃતિ હોવા સંભવ છે; જોકે નિશ્ચિત સ્વરૂપે કાંઈ કહી શકાય નહિ.

"સગાળશા આખ્યાન"નો રચયિતા એક "વાસુ" થઈ ગયો છે. તે પણ લગભગ "વાસણદાસ"ના જ સમયનો કે જરા પૂર્વે થયેલો છે, એ આનાથી જુદો છે. નાકરે એ વાસુના શબ્દો પોતાના સગાળશા આખ્યાનમાં કવચિત ઉદ્દ્ધૃત કર્યા છે.[3] આમ તે વાસુ તો સાં. ૧૫૫૦ થી ૧૬૦૦ સુધીમાં થયેલો છે જ.

ચરિતસામગ્રી:

૧. ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૭૩૮ एफ

---

૧ એજન,
૨ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૨૪૨ अ
૩ સગાળશા આખ્યાન, પ્રસ્તાવના પૃ. ૯૫ અને ૭૪–૭૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# વજિયો

[ વિ. ૧૬૪૯ પૂર્વે હયાત ]

આખ્યાનપદ્ધતિનાં હજી જાણે કે ધાવણ ધાવતો હોય તેવો એક વજિયો કરીને કવિ એનાં ટૂંકાં ટૂંકાં કડવાંવાળાં સીતાવેલ[૧] અને રણજંગ,[૨] તેમ જ ચુઆક્ષરા–દોહરા–પદ્ધતિના ૫૨ કડીના સીતાસંદેશ[૩] નામક કાવ્યથી આ પૂર્વે જાણીતો થયેલો છે. પાંચ કડવાની સીતાવેલ સિવાયનાં બંને કાવ્યો છપાઈ ગયાં છે. કવિએ આ ત્રણે કાવ્યોમાં પોતા વિશે કશી માહિતી આપી નથી. ત્રણેને અંતે માત્ર પોતાનું નામ મળે છે:

(૧) સીતાવેલ (૫ મા કડવાને અંતે)

"**સીતાવેલ્ય** બ્રહ્માયે વષાંણી ધનુષ ચઢાવું સારંગપ્રાંણી ।
**રામ–સીતાવેલ્ય** જોડી દાસ કહે **વજીયો** કર જોડી ॥"

(૨) રણજંગ (૧૭ મા કડવાને અંતે)

"વેદ પૂરાણ શાસ્ત્ર એમ બોલે રામ ઉતારે પાર ।
**વજીયો** કહે ગાય સુણે તે પાંમે પદારથ ચાર ॥"

(૩) સીતાસંદેશ

"પદબંધ બાવન તણો, એ રચ્યો ગુણનાથ ।
**કવિ** કહે **વજીયો** રામયસ, મેં જંપ્યો જોડી હાથ ॥"

જૂની હાથપ્રતોમાં "વજીઇ" એવું મધ્ય ગૂજ.ની ૩ જી

---

૧ આ કાવ્યની હાથપ્રતો, ગૂ. વ. સો. અને ફા. ગૂ. સભાના સંગ્રહોમાં છે. જુઓ ગૂજ. હાથ. સંકલિત યાદી, પૃ. ૧૮૭–૮૮

૨ શ્રી મં. ૨. મજમૂદારે પ્રેમાનંદ ના "રણયજ્ઞ"ના પરિશિષ્ટમાં આ કાવ્ય છાપેલ છે. પૃ. ૧૩૯–૧૫૩

૩ બૃ. કા. દો. ભાગ ૪થો, પૃ. ૭૫૦–૫૮માં છપાયેલ છે. ઉપરાંત શ્રી છ. વિ. રાવળે પ્રા. કા. વિનોદ, ભાગ ૧લામાં પણ છપાવેલ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભૂમિકાનું નામ મળે છે;[1] સં. નામ વિજય હશે એમ આ ઉપરથી જણાય છે. એ કોઇ પણ સ્ત્રીનું નામ છે, એવી શંકા લાવવાની જરૂર નથી.

સીતાવેલ એ પાંચ કડવાંનું નાનું કાવ્ય છે; એમાં સીતાજીના સ્વયંવરનું વર્ણન આપવામાં આવ્યું છે. નાનું પણ આ કાવ્ય ભાત પાડે તેવું છે. કવિ સીતાનું વર્ણન કરતાં કહે છે:

"ત્ર્યંબક ત્રોડે બાધીયું ભડ મલા ભુપાલ ।
સતી સીતા જુગદીશ્વરી તેને વરવાલો સણગાર ।
શણગાર સતી શીર માણે તેને વલતી વીધાતા ન જાંણે ।
ભમર જોત ગોફણે લાગિ જાંણું સેન્ય રચી શેષનાગી ॥
કાંને લંબીત કુંડલ લલીયાં જાંણું કામધેન્ય સાંકલીયાં ।
નાગરવેલ્ય ડાડંમકલી લાગી.................... ॥
મુખ બોલે જે પંકજ કોર ગીરીવર છાયો ઘનઘોર ।
સતી કુંકુમવરણી રે દેહ ચતુરાઇ લખી ચીત્રલેહ ॥
કર કુંભસ્થલ સમાંન પેટ નાલપટા પરમાણ ॥
અબલા આભૂષણ અંગે કટી કેસરી સીંહની લંકે ।
નીજ માન્યની જાંણીયે રંભા જંધા જાંણે કેલ કેરા સ્થંભા ।
ગજગતી તે રાધવધરૂણી તેની પાંહ્નની તે કુંકમવરણી ॥
પાયસ્થલ અંબુજ જાતી જાંણે પ્રગટ ચયો પ્રભાતી ।
પાયે નેપુર રણઝણ વાગે પાંણીમાં ભડ ગાજે ॥ કડવું ॥ ૨ ॥
સતી સીતાયે રૂપ અલેખીયું વીનતા કરો વખાંણ ।
સીતાવેલ સુચંડા છે જાંણે તરૂવર સારંગપાંણ્યજી ॥
કુંકુમ કસ્તુરી ને કેવડો અગર કપુર અબીલ ।
કંકણ ચુડી મુદ્રીકા સતી પેહ્રાં ચરણા ચીરજી ॥

---

૧ શ્રી અંબાલાલ બુ. જાનીની નં. ૭૦ ज्ञ (સં. ૧૭૩૩માં નકલ થયેલી સીતાવેલની પ્રતમાં આ નામ જોવામાં આવ્યું છે, જેમાં કાવ્યની ભાષા મધ્ય ગૂજ.ની ૪થી ભૂમિકામા સચવાઇ રહી છે. પણ સં. ૧૭૭૪ની ફા. ગૂ. સ. હ. પુ. નં. ૬૪ गમાં ભાષા અર્વાચીન બની ગઇ છે. બંને પ્રતો જોવામાં આવેલી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાચે ધુધરી ઘંમઘમે ગુણીઅલ મંગલ ગાય ।
નર સઘલા નમતા હવા જાહે દીઠા વઇકુંઠરાયેજી ॥
સતી મંડપ માંહ રે આવ્યાં મોટાં મુનીવરે મોતીડે વધાવ્યાં ।
નારીકુંજર ચરણે ચંપાઅ છત્રપતી મોહા સભા માંહ ॥"[1]

નરસિંહ મહેતાએ પ્રયોજેલો "નારીકુંજર" શબ્દ લક્ષ્યનાં લેવો. એ જાતની ચૂંદડી યા તો ઘડચોળું સીતાએ પહેર્યું હતું.

આ નાનું છતાં આકર્ષક કાવ્ય છે. રણજંગ તો ૧૭ કડવાંનું ઠીકઠીક કાવ્ય છે, જેમાં ૧૦, ૧૩, ૧૪ સિવાયનાં કડવાંઓ સીતાવેલ જેમ નાનાં માપનાં છે. રણજંગ વીરરસનું એક ખંડકાવ્ય છે. પ્રેમાનંદના રણયજ્ઞમાંના કેટલાક ઢાળ આને મળતા છે; સંભવતઃ પ્રેમાનંદે એને લક્ષ્યમાં લીધા હોય. રણને યજ્ઞનું પ્રેમાનંદે જે રૂપક આપ્યું છે, તે પણ પ્રેમાનંદની સ્વતંત્ર કલ્પના નથી; તેનાં મૂળ આમાં મળે છે;[2] જો કે પ્રેમાનંદે આપેલું યુદ્ધનું વિસ્તૃત વર્ણન અહીં કવિ એક ૧૬ મા કડવામાં જ પતાવી દે છે. મોટે ભાગે યુદ્ધકાંડને બદલે પ્રાથમિક જ વસ્તુ વજિયાએ વિસ્તારી છે; તેથી રણજંગના અનુસંધાનમાં પ્રેમાનંદનો રણયજ્ઞ વાંચતાં, રણજંગમાં બીજ તો રણયજ્ઞમાં ફાલેલું વૃક્ષ જોવા મળે છે. રણજંગમાં આપણને પૂરતો ઉશ્કેરાટ મળે છે; શબ્દની કડકાઈ પણ જોવા જેવી છે: અંગદના શબ્દ જુઓ:

"ધીગટા ધીગટા ફટફટ રે ફોકટા જોબડા થોબડા
કાં રે તું સીતાને ચોરી લાવ્યો. ૨
રામ લક્ષ્મણ રૂઠયા મારશે તુજ કાઢશે ખાલ તું ખાસ તોરી ૩
રાવણ આવડા શું દીસે દશ મસ્તક દડદડવડાં,
બાણ ચોગાન રમસે કોપે ચઢ્યો, મહારાજ દોટ દેશે,
ધારી બાબરે જોર વાસે. ૪
એક બલી સંકટ, બીજો કક્ષાપટ, ત્રીજો લંપટ
જેણે સીત ચોરી. ૫

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૧૯૪ વ (કડવાં ૨–૩ માંથી)
૨ જુઓ નીચે કડવાં ૯માની ૬ કડી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવડા રાવણા શુંઅ દીસે બાપડા, રાવણાની મા શું શ્વાન હુંતી ? ૬
અંગદ ઉચરે મર્મ રાવણ મરે, કપિ કોટયા;
રાય કહે સાંભળે નગર આખું.
ભરડક ભિક્ષુક (શું) અંક રાખી રહ્યો
રંક તું લંક માંહાં કોહોણે વાસ્યો ?
સીતા સરખી સ્ત્રીને કાં રે લાવ્યો ? ૭"[1]

( ઝૂલણાના ઢાળમાં લીધેલી ચિત્રતા ધ્યાન ખેંચે છે. )

કવિ રામચંદ્રની વીર યોદ્ધા તરીકેની સજાવટ વર્ણવે છેઃ

"આકાશથી ચારુ ઉતરયું, ઇંદ્ર મોકલ્યું વિમાન;
મનપવન ઘોડા જોતરી, એક શ્વેત ને બીજો શ્યામ. ૧
સૂત્રધારી વિશ્વકર્મા, જડાવ્યા રથની જોડ;
નીલૂઆ મણી લસણીઆ, પદ્મરાગની કોડ. ૨
કર ધરયો નેજો ભીમચો, ને લસે લોઢાં લીસ;
રઘુનાથ પાગ જ પરઠતાં ત્રેહેકયા તલાવા ઇશ. ૩
રઘુવીર વીરાસન વાજ્યું કળા સોલે સાથ;
બહુ છત્ર માથે ઝળહળે ને ધ્વજા સહીત પતાક. ૪

(કડવું ૯:) બક્તર પેહિર્યું બેસતું દસે કસણે હીરઃ
તરકસ બાંધ્યૂં શોભતું ને ઠવ્યો ગુણ જંગીર. ૧
મોજડી લાલ સુરંગ પહેરી, તેને જડયો જરદ જંગાવ;
કટિલંક ઉપર કટારી, તેને જડયો કોડ જડાવ. ૨
કટિ ધર્યા ભાથા ને પૂંખ ઝળકે, બેઠા શ્રીરઘુરાય;
ટોપ આગળ ઝઝૂમ ઝૂમે, જાંણે વીજ આષાડ સોય. ૩
તાકવી જાણે ત્રિકૂટ ઉપર પૂજ્યા પોખ્યા તીર;
વીરહાક વાજે વછૂટે તે સોસરાં શરીર. ૪
રાંમજી નવાણુ તરલ ને વદન રાતુ, દેહ ધખીયા ઘોમ;
રાવણને ઘેર કોપ્યો રાઘવ કરે અસુરાં હોમ. ૫

---

૧ રણયજ્ઞ, પરિશિષ્ટ, પૃ. ૧૪૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સારંગ સરૂઓ અસુર આહુત, શોણિત તે સોમપાન;
ઠબકે ઠીકે થયા પોતે તાં જજમાન. ૬"[1]

આમાં પ્રેમાનંદની "રણયજ્ઞ"ની કલ્પનાનું બીજ છેલ્લી કડીમાં લક્ષ્યમાં લેવા જેવું છે, અને તેથી એમ માનવા કારણ મળે છે કે પ્રેમાનંદની આંખ સામે વજિયાનો રણજંગ ઊભો છે. આ તરફ શ્રી. મં. ર. મજમૂદારનું ધ્યાન ખેંચાયું છે જ: પાદટીપમાં "અહીં રણનું યજ્ઞ તરીકેનું રૂપક કવિએ કલ્પ્યું છે" એવી નોંધ કરી છે;[2] બેશક પ્રસ્તાવનામાં એ વિશે સૂચન કરવું રહી ગયું જણાય છે.[3] તેમણે ત્યાં "પ્રેમાનંદને કોઈ પણ રીતે ઉપકારક થયું હોય એવું એમાં બહું જ થોડું છે," એમ મત આપ્યો છે; પણ "બહું જ થોડું" પણ મળતું છે, તે થોડી મહત્ત્વની વાત નથી. "રણયજ્ઞ"નું રૂપક એ પ્રેમાનંદની જ માત્ર કલ્પના નથી; પણ તે વિજયા જેટલી જૂની છે; એટલે પ્રેમાનંદને તેટલા પૂરતું ઋણ પણ અવશ્ય વિજયાનું છે જ. અને ઢાળોનું સામ્ય તો શ્રી. મજમૂદાર પણ સ્વીકારે છે; જેમકે—

" 'રામજી વાંકો ને આપણ પાધરાંરે સાથે લક્ષ્મણવીર, સુણ હો રાણા રે," અહીં રણયજ્ઞ કડવું ૮મું સરખાવવા જેવું છે. આ કડવામાંના શબ્દો 'વાંકો તે વાંકો સુગ્રીવ રાજીયો રે, વાંકી રઘુનાથજીની મૂછે' અને 'વાંકે સાયર બાધી પાજ'–પ્રેમાનન્દમાં બીજા અર્થમાં વપરાયલા મળી આવે છે. અગીઆરમાં કડવામાં મંદોદરી રાવણને કહે છે 'હઠ છાંડો આણીવાર હઠીલાર ાણા રે'–ત્હેવા જ, ધ્રુવપદવાળું રણયજ્ઞનું 'કહે મંદોદરી માગીને માન, હોં રે હઠીલા રાણા'વાળું કડવું ખાસ સરખાવવા જેવું છે. રાવણ મંદોદરીને જે જવાબ આપે છે 'કયમ નમું હું નરવાનરને (રણયજ્ઞ–કડવું ૯)' અને જેમ પોનાનો વૈભવ ગણાવી જાય છે ત્હેવી જ રીતનો જવાબ ૧૧મા કડવામાં રાવણ કને વજીયો અપાવે છે. છતાં

૧ એજન, પૃ. ૧૪૩ (કડવું ૮–૯)

૨ એજન, પૃ. ૧૪૩

૩ એજન, પ્રસ્તા. પૃ. ૪૫–૪૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મંદોદરી કંથને વિનવે છે કે મ્હને દુઃસ્વપ્ન આવ્યું છે અને અપશુકન થાય છે–'આજ દહાડો ધુંધળો, સુણ પીયુડા મોરી વાત'–એ લીટીમાંના શબ્દ રણયજ્ઞ કડવું ૮–૫ માં મળી આવે છે."[૧]

આટલું સામ્ય પણ કાંઇ ઓછું મહત્ત્વ નથી દર્શાવતું. પ્રેમાનંદને નરસિંહ, વિષ્ણુદાસ વગેરેનું ઉપજીવ્યત્વ સિદ્ધ જ છે, તો વજિયાનું પણ સંભવી શકે છે; અને છે જ તે સ્પષ્ટ છે.

અહીં વિજયાનું યુદ્ધવર્ણન નમૂના તરીકે જોઇયે:

"ત્રિકૂટાચળ તાલ, મળ્યા કપિરાલ, ઉગતે સુર સુ સોફળીયા;
રામનો રણજંગ, જાંણી અણભંગ, ઇંદ્ર બેસી વિમાન જોવા ચઢીયા. ૧
કરડે કપિ દંત, ગાજે ગિરિશૃંગ, ત્રુટે શિરબંધ ઢળે ઢળીયા;
દેઈ તે દડાક, વાજે વીરહાક, પડે શેષ ઢાક શીસે ઢળીયા. ૨
ખળહળે લોહી ખાલ, જયંતા ખંધાલ, ધાકંતા તો ખાર, સો ઢગ વળીયા;
કીધો રિપુ હોમ, દેઇ ખંધ ધોમ, ઉઠયા અંગ રોમ, ઉભા વળીયા. ૩
ગડેડે જાંબુવંત, હાકે હનુમંત, ઇંદ્રજીત ને હનુમાન આથડીયા;
હનુ કરે હોકાર, ગદાના ગુંજાર, તાંહાં કુંભકર્ણ ને લક્ષ્મણ આથડીયા. ૪
ભાજંતે ગામ, રોળ્યા એક ઠામ, ત્યાંહાં રાવણ રાંમ ધાયે મળીયા;

× × ×

કળે દશ કંધ, તાણે ગુણ બંધ, જાંણે અધચંદ્ર રાહુ ગળીયા. ૬
રાવણનાં વાઢયાં દશ વેણ, જાણે શૃંગમેર, માથાં નાલકેર પૂજા ચઢીયાં;
રઘુનાથજીનો રણજંગ, જાંણી ઇંદ્ર, બેસી વિમાન જોવા ચઢીયા. ૭
છેદી વીશ અંગ, કીધૂ દેહભંગ, લસીને ચોરંગ, શુ લડથડીયા;
રહ્યો રૂદે રાંમ, પાંમ્યો નિજઠામ, બેસીને વિમાંન વૈકુંઠ ગયા. ૮
ત્રૂટે કડીઆલ, ફૂટે અણીઆલ, વાજે વીર બાંણ, આરાં પરીયા;
હોયવ પુકાર વાજે હથીઆર તે જાયે ઘટસુ સોંસરીયા. ૯
મારયા સર્વ મીર, કોપ્યો રઘુવીર, સાહ્યો શૂરધીર, સોસે ઢલીયા;
કોપ્યો કપિ કાળ, કાઢી અંતરાળ, ગળે ઘાલી માળ, કેસુ ફુલીયાં. ૧૦

૧ એજન, પ્રસ્તા. પૃ. ૪૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઢોળ ઢમકતે દદાંમા દમકતે, ઘંટા વાગે નાદશું ઘમઘમીયા;
નિપન્યો રણજંગ ગંગાનો તરંગ, માંહે નવરંગ, કથા લખીયા. ૧૧

× × ×

જયો રણયાગ, કીધો ચાર ભાગ, આપ્યો મહાત્યાગ, લંકા દરીયા;
વજીયા મુખવાંણ, ગાયું ગુણજાંણ, સતી ભગવાંનજી લેઇ વળીયા. ૧૩"[1]

વજિયાની કલમ ઉપરનો કાબૂ આમાં આપણને જણાય છે, સાથે તે રણજંગ ને રણયાગનું રૂપક આપી કાવ્યને આકર્ષક બનાવવા સાવચેત છે, તે પણ સમઝાય છે.

વજિયાનું ત્રીજું કાવ્ય "સીતાસંદેશ" પર કડીનું (એટલે કે ૧૦૪ દોહરાનું) શોકકાવ્ય છે (જેમાં પર મી કડી તૂટે છે.). એમાં અશોક વાટિકામાંથી સીતા હનુમાનને શ્રીરામચંદ્રજી પાસે લઇ જવાનો સંદેશો કહે છે. એ સંદેશો શ્રીરામચંદ્રજી પાસે પહોંચતાં તેઓ સૈન્ય લઇ આવવા તૈયાર થાય છે. આને આપણે રણજંગના ઉપોદ્ઘાત તરીકે મૂકી શકિયે. બંધની દષ્ટિએ આ ધ્યાન ખેંચે છે; જેમકે,

"સાગરતનયા સરસ્વતી, ગવરીનંદન ગણેશ;
**સીતાસંદેશો** ગાઈશું, મુને આપજો ઉપદેશ;
હનુમંત હાથે મુદ્રિકા, મોકલી જગદાધાર;
અથાક મહાજળ ઊતર્યો, કપિ પહોંત્યો પેલી પાર; રામજી
સુંદરી સંદેશો મોકલે, જળ ઉપર પાજ બંધાય, રામજી
તારું સબળ સૈન્ય લઇ, આવ રૂડા રામજી—ધ્રુપદ."[2]

આમાં પ્રત્યેક બે દોહરા પછી છેલ્લી બે લીટી—ધ્રુવપદની કડી બતાવ્યા પ્રમાણે ગવાય છે. આ બંધ નવો જ છે.

બંધની દષ્ટિએ આમ વજિયો અવશ્ય ધ્યાન ખેંચે છે. સીતાવેલ અને રણજંગનાં ઉપર આપેલાં અવતરણોથી તે સ્પષ્ટ થાય છે, જેમાં ઝૂલણાનો બંધ અને મોતીદામનો કે સવૈયાનો ઢાળ ખાસ ધ્યાન ખેંચે છે.

---

૧ એજન, પૃ. ૧૫૧–૫૨
૨ બૃ. કા. દો. ભાગ ૮મો, પૃ. ૭૫૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાષાની દૃષ્ટિએ વિચારતાં તેનાં કાવ્યોની જૂની હાથપ્રતોમાં મધ્ય. ગૂજ'ની ૪ થી મિશ્ર ભૂમિકાની ભાષા સચવાયેલી મળે છે; પણ જેનાથી ધ્યાન ખેંચાય છે તે તો રણજંગમાં તેણે જૂની વ્રજભાષાનું મિશ્રણ આપ્યું છે, તે છે; જેવું કે—

"રામ સારંગનો ગુણ સજ કરી, પોંખીયા તાજા તીર:
છત્ર ભાજીને ભોમ પાડયું, જયો જયો રઘુવીર–૧
આયો લશ્કર પૂર સાયર–તીર ઉતરે રિ;
તબહી સાયર–પૂર અગાધ, સહી ભૂખે મરે રિ–૩
તબ એક આંબલીકો વૃક્ષ, ત્યાંહાંથી આંબલો ડરો રિ,
વાંનર સબહી ધામ, આંબલા પાછલ ફરો રિ. ૪"[૧]

એવું જ ૪ થું કડવું પણ:

"તીન દિન ભયો ઉપવાસ, રામજી કાહા કરે રે;
રામજી પૂર્યો શોવત બાંણ, સાયર તબ ડરે રે–૧
સાગર લે બ્રાહ્મણકો રૂપ, આઇ પાયે પર્યો રે;
તબ રાંમજી કેહિ એક બાત, ભટજી બચન સુણો રે.–૨
'તુમ લીયો બ્રાહ્મણકો રૂપ, ભટજી કાહ પઢો રે?'
'પ્રભુ તુમકુ હે સબ ગ્યાન, તુમસે કાહ કહું રે.–૩
× × ×
સીતા હરી ગયો રાવણ રામ, મેરો કછૂ ન ચલે રે.–૪
તુહ્મારે સુગ્રીવ હનુમંત સાથ, એસી વિધ કરે રે;
પાષાણે બાંધો પાજ, સેન્યાઓ ઉતરે રે'–૫
જબ બાંધી સાયર પાજ સેન્યાએ ઉતરી રે;
તબ આયો લંકા હેઠ, રાવણ કછૂ ન ડરે રે.–૬"[૨]

ભાલણ, લક્ષ્મીદાસ વગેરેએ વ્રજભાષામાં પદો લખ્યાં છે, તે પ્રકાર આ છે. ગૂજરાતમાં વજભાષા તરફ એ સમયમાં આદર હોવાનું આથી સમઝાય છે.

---

૧ રણયજ્ઞ, પરિશિષ્ટ, પૃ. ૧૩૯–૪૦ (કડવું ૨જું)
૨ એજન, પૃ. ૧૪૦–૪૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વજિયાની કવિતામાં અરબી ફારસી શબ્દો પણ પ્રયોજાયેલા મળે છે, ઉપર "બકતર", "પુકાર", વગેરે શબ્દો આવી ગયા જ છે. આમ વજિયો ગૂજરાતી સાહિત્યમાં પોતાની નાની ૩ કૃતિથી પણ સારું એવું ધ્યાન ખેંચે છે. એ કવિ કયારે અને કયાં થયો અને જાતે કેવો હતો, તે આમ છતાં આપણે જાણી શકતા નથી.

ચરિતસામગ્રી:

૧. રણયજ્ઞ–શ્રીમં. ર. મજમૂદાર–સંપાદિત (૧૯૨૪)

૨. બૃ. કા. દો. ભાગ ૪થો (ગૂજરાતી પ્રેસ–મુંબઇ)

૩. ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૧૯૪ વ

૪. ફા. ગૂ. સભા. હ. લિ. પુ. યાદી, ભાગ ૨જો (શ્રી. અં. બુ. જાની-સંકલિત)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# કાશીસુત શેધજી

[ સં. ૧૬૪૭-૪૮માં હયાત ]

**ખંભાતમાં** જે વખતે વિષ્ણુદાસ મહાભારતનાં અને રામાયણનાં કાવ્યો વિસ્તારવાના કામમાં પડયો હતો, તે જ સમયે ત્યાં જ એક કાશીસુત શેધજી નામનો કવિ જાતે બંધારો, પણ સભાપર્વ, વિરાટપર્વ, રુક્મિણી-હરણ, હનુમાનચરિત્ર, અંબરિષકથા અને પ્રહ્લાદાખ્યાન ગૂજરાતીમાં ઉતારવાનો પ્રયત્ન કરી રહેલો હતો. તેનાં જે જે કાવ્યોમાં રચ્યાવર્ષ મળે છે, તે સાં. ૧૬૪૭ અને ૧૬૪૮ છે; જેવાં કે—

(૧) રુક્મિણીહરણ:

"રૂકમણીહર્ણ પરીપૂરણ કીધૂં । ઉત્તમ પદ શ્રીનાથે કીધૂં ॥૧૧॥
સંવત સોલસત્તાલા જાંણ્ય । માગશર (?માઘ)સુદ પંચમી પરમાંણ ॥૧૨॥
નક્ષત્ર ઉત્તરા ને રવીવાર । રુકમણીહર્ણ કરયો વીસ્તાર ॥૧૩॥
શ્રી સ્તંભપુર સાયર છે માંહિ કવીતા કુલ બંધારા માંહિ ॥૧૪॥
કાશીસુત કહે કાંઇ ન જાંણૂં કૃષ્ણકીપાલ તે રદયામાં આણૂં ॥૧૫॥[1]

(૨) હનુમાનચરિત્ર:

"સંવત શોલ શડતાલા સોય ॥ માગશર (? માઘ) દ્વીતીય વદ હોયે ॥
નક્ષેત્ર હસ્ત હતો રવીવાર ॥ તે માંહે કીધો વીસ્તાર ॥
પલવટ કુલ બંધારા શાર ॥ રામચંદ્રે કીધો આધાર ॥
તે મેં ગ્રંથ કીધો પદબંધ ॥ કાસીસૂત શેધજી મતીમંદ" ॥[2]

(૩) વિરાટપર્વ

"સંવત ૧૬ શોલ અઠતાલા અંતે ઉતરાયણ આદીત્ય ॥
રતુ સંક્રાતે વીના પુરૂસોતમ ॥ અષાઢ માસ સુસંત ॥

---

૧ ફા. ગૂ. સભા હ. નામાવલી, ભાગ રજો, (પૃ. ૯)
૨ એજન, પૃ. ૨૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુકલપક્ષ પંચમી પ્રમાંણે રવીવારનો દીન ॥
મધ્યાંન માંહા આરંભ ॥ આનંદ ઉપન્યો મંન ॥
શ્રીપૂર સ્તંભનપર સાગરત્રટ ॥ સર્વલોક પુન્યવંત ॥
જગ્નદાંન તપ શીલપણે બહૂ ભાવ ભજે ભગવંત ॥
તે સ્વસ્થલ વસે છે કવીતા ॥ કૂલ બંધારા વર્ણ ॥
...ગજી વ્યાસ તણા મૂષથી કથા પાંન કરયૂં સૂંભ કર્ણ ॥
દીન ભણી કરૂણા ચીત આંણી । કીપા કરી અવીનાસે ॥
બૂધ્યમાને વીરાટ વર્ણવ્યો ॥ કાશીસુત એ કવીદાશે ॥"[1]

અંબિરષઆખ્યાન સાં. ૧૬૪૭ અને દ્રૌપદીવસ્ત્રાહરણ (સભાપર્વનો એક ભાગ) સાં. ૧૬૪૮માં રચાયેલી છે.[2] પ્રહ્લાદાખ્યાન અને સભાપર્વની રચ્યાસાલ નથી મળતી.

કવિના યુગમાં કેટલાએક સારા વ્યાસો ખંભાતમાં હતા. તેઓની પાસેથી કથા સાંભળી કેટલાક કવિઓએ કાવ્યરચના કરી હતી તે ખંભાતના તે તે કવિનાં ચરિત્ર જોવાથી માલૂમ પડશે. આ કાશીસુત શેધજી પણ તેવા જ કોઈ......ગજી (નાગજી હોય કે પ્રાગજી; અક્ષર તૂટે છે તેથી શંકાસ્પદ) નામના વ્યાસ પાસેથી કથા સાંભળી કાવ્યરચના કરતો હતો, તે વિરાટપર્વને અંતે આવેલા ઉલ્લેખ પરથી સમજાય છે.

એનું સભાપર્વ અત્યારે સંકીર્ણ મળે છે: તે એવું કે શરૂઆતમાં ૨૨ કડવાં શેધજીનાં જ છે, જ્યારે ૨૩માંથી ૩૨માં સુધીનાં નાકરનાં ઘૂસેલાં છે. આ ઘુસાડવાનું કોઇ માણભટ્ટને શું પ્રયોજન થયું હશે, તે અટકળી શકવાની મુશ્કેલી છે. એમ કદાચ હોય કે કવિએ દ્રૌપદીવસ્ત્રાહરણ રચ્યું છે, તે સભાપર્વમાં જ અંતર્ગત, કોઈ નકલ કરનારાને નહિ મળ્યું હોય એટલે વસ્ત્રાહરણવાળા નાકરના વિરાટપર્વના આરંભમાં સભાપર્વનો આવતો ભાગ કડવાં ૩–૧૩ સુધીનો આમેજ કરી છેવટે "કાશીસુત કેહે" એવો સુધારો કરી નાખ્યો હોય. નાકરનું કાવ્ય સુપ્રસિદ્ધ છે, એટલે અને કાશીસુતનું દ્રૌપદીવસ્ત્રાહરણ જુદું મળે

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૬૫૫ જી

૨ જુઓ વડોદરા–પ્રા. વિ. સંગ્રહ ૨૪૯૦ અને ફ્રા. ગૂ. સ. હ. નં. ૩૨૭ ગ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે, એટલે કાશીસુતને નાકરનું કાવ્ય ચોરવાની કોઈ આવશ્યકતા સંભવતી નથી. નાકર કરતાં કાશીસુતની કૃતિ વધારે સુંદર તેમ જ આલંકારિક હોવાથી એ કાશીસુતને નાકરનું કાવ્ય પોતાના કાવ્યમાં દાખલ કરવાની કોઈ જરૂર નથી સંભવતી. અથવા જેમ વિરાટપર્વ ૨૨ કડવાનું જ રચ્યું છે તેમ સભાપર્વ પણ ૨૨ કડવાનું જ રચ્યું હોય અને દ્રૌપદીવસ્ત્રાહરણનું સ્વતંત્ર કાવ્ય રચ્યું હોય; અને આમ હોતાં કોઈ માણભટ્ટને કાશીસુતનું સભાપર્વ તેના દ્રૌપદીવસ્ત્રાહરણની ભાળ ન હોવાને કારણે, નાકરના વિરાટપર્વાંતર્ગત સભાપર્વનાં ૩–૧૩ કડવાંથી ઉમેરવા મન થયું હોય અને તેણે ઉમેરી લીધાં હોય.

કવિ પોતાની કૃતિઓમાં પોતાનું નામ "કાશીસુત" જ આપે છે; પણ "હનુમાનચરિત્ર" જોતાં માલૂમ પડે છે કે તેનું પોતાનું નામ "શેધજી" છે. આવી રીતે પિતાના નામથી કાવ્ય કરનાર બીજા પણ મળે છે. અબંરિષઆખ્યાનકાર "રામદાસસુત" જાણીતો છે.[1] સુંદર મેવાડા જેવા "ધનદાસસુત" લખી પોતાનું નામ આપનારા પણ મળે છે.

કવિ જાતનો વસ્ત્ર વણનારો બંધારો છે. એણે ભાગવત, વિષ્ણુ-પુરાણ, હરિવંશ તેમ જ મહાભારત અને રામાયણની કથાઓ સારી રીતે સાંભળી જણાય છે. રુક્મિણીહરણના આરંભમાં તેણે નીચે પ્રમાણે લખ્યું છે:

"શ્રીભાગવત હરીવંશમાં એ કથા વીષ્ણુપુરાંણ ॥
કંહી એક છિ વીસ્તાર, કંહી સંક્ષેપ સુધ્ધ જાંણ ॥૧૩॥
દશમ સ્કંધ કથા કોમલ સાંભલી ચીત્ત લીધ ॥
કાઇ એક લીધી હરીવંશની પ્રતીબંધ પૂરણ કીધ" ॥૧૪॥[2]

રામાયણમાં આવતું હનુમાનના પરાક્રમનું વસ્તુ લઈ કવિએ ૧ લું હનુમાનચરિત્ર ૧૮ કડવાંનું નાનું આખ્યાન રચ્યું છે. કવિનું આખ્યાન-પદ્ધતિનું આ કાવ્ય ચાલુ પરિપાટી પ્રમાણે નિરાડંબર કવિતા આપે છે, છતાં તેમાં જોમ છે. હનુમાન સૂધ લેવા ગયા પછી અશોકવાટિકા ભાંગતાં જે યુદ્ધ થાય છે, તે જોઈએ:

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૬૯
૨ ફા. ગૂ. સ. હ. નામા. ભાગ ૨જો, પૃ. ૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"કોપીયો લંકાનો ધણી વાનરનુ બલ સુંણિ ।
તેડાવ્યો પછે વેધ કરી વાહનધણી. કોપીયો લંકાનો ધણી. ૧
એસી શહસ્ત્ર માહામલ સંગ્રામે શધલા ભલ,
મોકલો વાડી શત્રુના સાલ. કોપીયો રાવણ રાયો.
જાવો રે વાંનરને હણો રખે મંનમાં દયા ગણો,
કટકે કટકો કરો પાપી તણો. કોપીયો૦ ૨
રાખશ આવ્યા માહાવીકરાલ દરશણ દીશતા કાલ,
તેહેને આગ્યના આપી વિસાલ. કોપીયો૦ ૩
ગજ રથ અંબર પટા કવચ તંબુરા ઘટા,
ઉલટી રાખશ શંધની ઘટા. કોપીયો૦ ૪
દારૂણ દલ ચડી વેઢ કપીવરની લીધી કેડ,
દશોદીશાથી ધાયા જોધા બહુ. કોપીયો૦ ૫
વાડીને તાંહાં વીટી જઇ નગ્ન આયુધ ગ્રહિ,
વાંનર રાખશની દ્રષ્ટ એક થઈ. કોપીયો લંકાનો ધણી. ૬

( નવું કડવું )

કપીવર વીટીયો વાડીયે વેગજી જેમ સસી રૂધ્યો દ્વાદશ મેઘજી ।
ડલ ફરી વલિયુ ઓઘ અનંતજી વચમાં ધાલ્યો વીર હનુમંતજી ॥

ટેક—હનુમંત લેઇ વચે ઘાલ્યો શેન થયુ સાવધાંન ।
રખે વાંનર જતો નાસી હણો જોધ સુજાંણ ॥૧॥
સાંગ્ય ફરસી પરીઘ તુમર બાણ ચંક્ર સુરંગ ।
ચોહોગમાં મારે શહસ્ત્ર ધારે, ઢાંકીયો પલવંગ ॥૨॥
હનુમંત્યે વલી ફેરવી લેઇ, પુછ મેહેલી શાટ ।
ઊતપતી દલમાં ગયો એક પરીઘ લીધી હાથ ॥૩॥
હનુમંત દેખી કુએર મનમાં શબલ પામ્યો ખેદ ।
બહુ બાંણ મેહેલાં કપેશ્વરનો કરવા છેદ ॥૧૦॥
શહસ્ત્ર મુકયાં એક સીર ઊપર જૂજાવે બીજું જાણુ ।
ત્રીજી લેઇ મુખમાં મુકયુ અર્ધચંદ્ર પ્રમાંણ ॥૧૧॥
પલવંગનું તન સર્વ ભેદી પણ મોહોટા વર્ણ ।
રૂધિરના પ્રવાહ ચાલ્યા જેમ શઇલ ઝરે નીરઝરણ ॥૧૨॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હનુમંત ત્યાંથી ઊઠતાં એક શલ્યા લીધી પ્રાંણ ।
પ્રધાનસુતને કરી ચુરણ મોકલ્યો દશ ખાંણ ॥૧૩॥"[૧]

આ કવિની શક્તિનો સારો પરિચય તેની સભાપર્વ અને વિરાટપર્વ એ કૃતિઓમાં થાય છે. મયદાનવે રચેલી સભાનું વર્ણન જુઓ:

"માંહિ મંદીર મોટાં નીપાયાં અતિ ઉચા આવાસ ।
મણી માણેક મુક્તાફલ ઝલકિ ચિત્રામણિ ચોહ પાસ ॥૨૮॥
ગોખ જાલીયાં અતિ અનોપમ જાણું નહિ તાં પાર ।
રત્ન પ્રવાલ માણીક મુગતાફલ જડોયાં હરિ હાસ્ય ॥૨૯॥
હેમ તણા ત્યાંહા ચોક કરાવ્યા જ્યાં બેસે રાણારાય ।
ત્યાંહાં વિવિધ પિરચ ચીત્રાંમણિ લખીઆ અકલીત કલ્યા ન જાય ॥૩૦॥
ત્યાંહાં વાપી કૂપ સરોવર અનોપમ વાડી બહુ વિસ્તાર ।
ચીત્રામણ ત્યાંહાં એહવાં કીધાં નવી લહિ કો પાર ॥૩૧॥
શરોવર માંહિ તે કમલ પ્રકાશે ભ્રમર-ગુંજારવ થાય ।
ત્યાંહાં દાદુર મોર બપૈયા બોલિ તે દીઠિ દુઃખ જાયી ॥૩૨॥
હંસ સારસ ચકવાક ચ્યોહોપાસ શબ્દ મધુરી વાસિ ।
સભા તણી તા રચના જોતાં જન્મ તણાં દુખ નાહાસિ ॥૩૩॥
વાડીમાં ફલ નવાં બહૂ પાકાં પંખી કરે કલોલ ।
મધુરા શબ્દે કોયલ બોલિ કરિ ચરે ચકોર ॥૩૪॥"[૨]

આ સભાપર્વના અંતભાગનો દ્રૌપદીવસ્ત્રાહરણનો પ્રસંગ પણ કવિએ જુદો સારો આપ્યો છે. વિરાટપર્વ તો પ્રસંગથી પણ દીપતું છે: જો કે પ્રસંગો બહુ ટૂંકાણથી પતાવવાનું કવિએ વલણ લીધું જણાય છે. ભીમ-કીચકના યુદ્ધનો પ્રસંગ જોઇયે:

"કેશ ગ્રહીને મારી મૂષ્ટ પછે ફરી વલગે પાપીષ્ટ ।
બાથેબાથ થયા બેહૂં મલ જાંણે ગજ વલગા મહાબલ ।
કરે ઢીક શીર ગડદા ધાએ એણી પેર જૂધ્ય અંન્યોઅન્ય થાએ ।
ચર્ણપ્રાહારે કંપે મેદીની અતી સંગ્રામ કરે બલ ઘણી ।
એમ કરતાં બેહૂં થાકા શાહી કરડે દાંત અંન્યોઅન્ય રહી ।
આગે વાલવયા સુંગ્રીવ એમ અરીષ્ટ કરે બેહૂં જીવ ।

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. ન. ૫૦ (પૃ. ૮)
૨. એજન, નં. ૨૬, (કડવું ૧લું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વલભરાએ મંન આંણી રીશ ઝાલ્યો કંઠ ન પાડી ચીશ ।
રૂદે માંહે લેઇ મારચો ચર્ણ પડચો જોધ્ય પામીને મર્ણ ।
અરોપરી રોલ્યો રણ માંહે કૌતીક એક કરચૂ છે ત્યાહે ।
ચર્ણ શીશ પાપીના હાથ ધડમાંહાં ઠોકી ઘાલ્યા શાથ ।
મારેગ વચે મેહેલ્યો તેણીવાર કછપનો કીધો આકાર ।
ઉપેર એહેવૂ નાંમૂજ કરયૂં મે મારચો મે મારચો ખરો ॥"[1]

લાઘવનો આશ્રય કર્યો હોવાથી કવિતા કર્કશ બનતી નથી, તે ગુણ કાશીસુતનાં કાવ્યોમાં જોવામાં આવ્યો છે.

તત્કાલીન પૌરાણિક કવિઓમાં કાશીસુત તેની કૃતિઓથી ઠીકઠીક દીપે છે. તેની ભાષા પ્રૌઢિયુક્ત અને આલંકારિક છે. વર્ણનો કરતી વેળાએ શબ્દપ્રવાહ સારી રીતે વહાવી શકે છે. સભાપર્વમાં આવતું સભાનું વર્ણન અને રાજસૂયયજ્ઞનું વર્ણન તેની ઉત્તમ કૃતિઓ છે; એ જ રીતે વિરાટપર્વમાં દ્રૌપદી, કીચકની પજવણી પછી ઊભી વાટે નાસે છે, તે પ્રસંગ પણ કરુણરસની ઠીકઠીક જમાવટ કરે છે.

આ કવિના સમયમાં ભાષા મધ્ય ગૂજ.ની ૩ જી ભૂમિકા વટાવી ૪ થી ભૂમિકામાં આવી હતી. રુકિમણીહરણની સાં. ૧૭૧૬ની પ્રતમાં તેમ સભાપર્વમાં પણ તેવી ભાષા સચવાઈ રહેલી છે, તે આ ઉપરના અવતરણમાં 'છિ' વગેરે પ્રયોગથી સમઝાય છે. બીજાં કાવ્યોની જૂની પ્રતો નહિ મળતી હોવાથી ભાષા નવીન સ્વરૂપ પામી ચૂકી મળે છે.

કવિનું એક પણ કાવ્ય અદ્યાપિ પ્રસિદ્ધ થયું નથી; તેથી જ તેના વિષયમાં કશી માહિતી બહાર આવી નથી. ૧૭ મા શતકના કવિઓમાં એ નાકરની હરોળમાં અને કેટલેક સ્થળે નાકરથી આગળ વધે તેવો છે. માંડણ પછી આ બીજો બંધારો કવિ છે કે જેણે ગૂજરાતી સાહિત્યની સેવા–તે પણ સારી કરી છે. આ કવિના જન્મ–મરણ વિષયમાં કશો પ્રકાશ પાડી શકાતો નથી.

ચરિતસામગ્રી:

૧. ગૂ. વ. સો. હ. લિ. પુ. ની સૂચી
૨. ફા. ગૂ. સ. હ. નામાવલી, ભાગ ૨ જો

[1] ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૬૫૫ જી, (કડવું ૧૦ મું, પૃ. ૩૨૬)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ઉદ્ધવદાસ

[ સાં. ૧૬૪૮ માં હયાત ]

"વિષ્ણુસહસ્રનામ" ગૂજરાતીમાં મહાકવિ પ્રેમાનંદે ઉતારેલ છે, એનાથી પૂર્વે લગભગ ૧૦૦ વર્ષ ઉપર કોઈ ઉદ્ધવદાસે સં. ૧૬૪૮માં એક "વિષ્ણુસહસ્રનામ" પદ્યમાં રચ્યું છે.[૧] આ કાવ્યમાં તત્કાલીન ભાષા-સ્વરૂપ પણ સચવાઇ રહેલું છે. આ ઉદ્ધવદાસ કોણ હતો, અને કયાંનો હતો, એ વિશે કશી માહિતી મળી શકતી નથી. તેમ કાવ્ય પણ સામાન્ય ઘાટીનું હોવાથી તે કોઇ વિશિષ્ટ ગુણવાળો કવિ હોય, તેમ જણાતું નથી.

પ્રેમાનંદ પૂર્વે પણ "વિષ્ણુસહસ્રનામ" નો અનુવાદ ગૂજરાતી પદ્યમાં થયેલો છે, તે રીતે આ પદબંધકાર જાણવા જેવો ખરો.

ચરિતસામગ્રીઃ—

૧ ફા. ગૂ, સ. હ. લિ. પુ. નં. ૧૬૬

---

૧. ફા. ગૂ. સ. હ. લિ. પુ. નં. ૧૬૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# રામદાસસુત

[ સં. ૧૬૪૯ માં હયાત ]

**રામદાસ-સુત** નામે એક કવિનું સાં. ૧૬૪૯માં રચાયેલું અંબરિષ-આખ્યાન તત્કાલીન પૌરાણિક સાહિત્યમાં અનેરી ભાત પાડે તેવું છે. આ કાવ્યનો કર્તા "રામદાસસુત" છે, એવું કાવ્યને અંતે કરેલા ઉલ્લેખથી જાણવામાં માવે છે. ગૂ. વ. સો. દ. હ. લિ. પુ. સંગ્રહની યાદીમાં "રામદાસસુત મન્ય" નામ છપાયેલું છે; પણ "મન્ય" કવિનું નામ હોય તેમ લાગતું નથી, એ નીચે કવિએ આપેલા વાકયસંદર્ભથી સમઝાય છે; જેમકે—

"મહિમાય શ્રીગુરુપાય રજથી પૂર્ણ એ આક્ષાંન ॥
**રામદાસસુત** મન્ય આસ ઈમ હરિ કરિ ભક્તિપ્રદાંન ॥"[૧]

( ૧૫ મું કડવું—અંતે )

આમાં "રામદાસના પુત્રના 'મનમાં' એવી આશા છે," એ વાકયાર્થ છે. આવી સ્થિતિ હોવાથી "મન્ય" વિશેષ નામ નથી. જેમ "કાશીસુત" નામ છે, તેવું જ આ "રામદાસસુત" નામ છે. કવિએ કયાંય પણ કાવ્યમાં પોતાનું નામ આપ્યું જણાતું નથી.

કવિએ આ કાવ્ય સાં. ૧૬૪૯માં રચ્યાનો એ નીચે મુજબ નિર્દેશ કરે છે:

"સ્વસ્તિ **સંવત** ગણીત **દશ રસી એક** વીણ પંચાસ ॥
ઉડુરાજવાસર શ્વેત દશમી સુખદ શ્રાવણ માસ ॥૧૫॥"

"એક વીણ પંચાસ" એટલે ૪૯, અને 'દશ-રસી" એ ૧૦+૬=૧૬ એટલે સં. ૧૬૪૯ છે.

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૬૯; આ નકલ સાં. ૧૬૬૮ માં એટલે કે રચાયા પછી ૧૯ વર્ષે ઉતરાયેલી છે, અને સદ્ભાગ્યે મધ્ય. ગૂજ. ની ૩ જી ભૂમિકામાં ૪ થીની છાંટવાળી ભાષા સાચવી રાખે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કવિએ, પોતે કયાંનો છે, એ વાત પણ નિર્દેશી છે; જેવી કે—

"શ્રીનર્મદાતટ શર્મદાયક ધર્મકેરૂ ધામ ॥
અતિ અછ શ્રી ભૃગકછ માંહી મેં સુણ્યું સહુ અભીરામ ॥ ૧૬ ॥
તે કહ્યું પ્રાકૃત પ્રગટ ભાષા પ્રીચ્છયું મેં જેહ ॥
પદ ખોટી કોટા કોટિ હુશિ અપરમીત સંદેહ ॥ ૧૯ ॥"

તેણે નર્મદાતટે ભૃગુકચ્છમાં ગુરુ પાસેથી સાંભળી આ કાવ્ય રચ્યું છે. એનો ગુરુ સારો વિદ્વાન જણાય છે, જેણે તેને શ્રીધર સ્વામીએ કરેલી ભાગવતની ટીકા—અનુસારનો અર્થ સમઝાવ્યો છે. કવિએ આ ખુલ્લા દિલે જણાવ્યું પણ છે:

"શ્રીભાગવતને નવમસ્કંધે પંચમો અધ્યાય ।
શ્રીધરાચાર્ય-વિચાર્યિત જલદુગ્ગ સિત ખગ ન્યાય ॥ ૧ ॥
તે અર્થ દ્વિજવર અર્થવી મમ કર્ણ કરયા પૂર ॥
પદ પાદ પ્રતિ પીયૂખરસ હરિભક્તિકરણ અદૂર ॥ ૧૧ ॥"

પરંતુ આ દ્વિજવર કોણ. એ સંબંધમાં તેણે કશો પણ ખુલાસો કર્યો નથી: તેમ પોતાના વિષયમાં તદ્દન મૌન સેવ્યું છે. દ્વિજવર તરફના માનથી એમ માની શકાય કે તે કવિ પોતે કદાચ દ્વિજ ન હોય.

વિક્રમની ૧૭ મી સદીના પૂર્વાર્ધમાં જે કવિઓ થઇ ગયા છે, તેમાં પદગત ઝડઝમકથી—યતિને અંતે લીધેલા અનુપ્રાસથી આ કવિ જુદો તરી આવે છે. એથી કરીને એની કવિતા પણ જોસ્સાવાળી અને કર્ણમનોહર લાગે છે. સંસ્કૃત સાહિત્યની દૃષ્ટિએ આવી ઝડઝમક એ અવરકાવ્ય છે, છતાં ચાલુ પૌરાણિક ધાટીનાં કાવ્યોમાં તો તેવું ભાગ્યે જ દેખાય છે, એ જોતાં કવિની મહેનત પ્રશસ્ય છે.

જેમ શબ્દોનું માધુર્ય તેણે પસંદ કર્યું છે, તેમ કથાનકને પણ મધુર અને પ્રસાદયુક્ત કરવામાં તેણે સાવધાની રાખી છે. તેણે ખાસ કરીને "હરિગીત"ના રાહની દેશીમાં આવો અંતર્યમક લીધેલ છે, એ વગેરે વસ્તુ આકર્ષક છે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અંબરિષનું વર્ણન આપતાં કવિ જણાવે છે:

"તે માહા ત્રીપ અંબરીખ અતી સૌભાગ્ય શોભાવંત ।
સુણ્ય તાત સાતે દ્રીપમાં તેહની આંણ્ય માંનિ જંતુ ॥ ૫ ॥
મણીકનક રત્નભંડાર ગજરથ તુરી વીભવ અપાર ।
જે પરમ દુર્લભ પુરૂષને સંસાર મધ્યં સાર ॥ ૬ ॥
એ પદારથ પૂર્ણ પાંમી નવ્ય ધરિ મન્ય ગર્વ ।
સ્વપનાઅવસ્થા તણી સંસ્થા કરી માંનિ સર્વ ॥ ૭ ॥
મન્ય જાંણ્ય એ નીર્વાણ્ય વૈભવ-રાસનો છે નાશ ।
સંસારથી અતીરક્ત ભક્ત ન પડિ માયા પાશ ॥ ૮ ॥
જ્યમ સરોવરમાં સરોરુહ તે સલીલસ્પરશ ન થાય ।
સંસારવારિધિ મધ્ય ત્યમ અલગો ચતુરવર રાય ॥ ૯ ॥
જ્યમ નારય કો વીભીચારયને ભર્ત્તારથી પ્રીય જાર ।
ત્યમ રાજ્ય પાલિ રાજરખી પણ લક્ષ જગદાધાર ॥ ૧૦ ॥
જ્યમ અંભપૂરીત કુંભ શીર અંભોજનયની દેય ।
સર્વ સખી સરખી શશીમુખી ચાલંતી ગજગતી લેય ॥ ૧૧ ॥
ત્યાહિ વદિ વીવીધી વીનોદ મદોદ મન રહિ ઘટ લાગ્ય ।
ત્યમ રાજ્ય પાલિ રાજરષી મનમાં પરમ વૈરાગ્ય ॥ ૧૨ ॥
શ્રીવાસુદેવ પુરાણ પુરુષોત્તમ તણી જે ભક્તી ।
તે વીખી પાંમ્યો પરમ ભાવ સ્વભાવ અતી આસક્ત ॥ ૧૩ ॥
ત્યાહિ સર્વ ઇંદ્રય ભકતીયુકત સ્વબુદ્ધિ શક્તિ કીધ્ધ ।
સુણ્ય કહૂં તે વિસ્તાર સાર વિચાર સંત પ્રસીધ્ધ ॥ ૧૪ ॥"[1]

અંબરિષ પ્રભુનું પૂજન કેવી રીતે કરે છે, તે કવિ જણાવે છે:

"પ્રથમ પંચામૃતેં મર્જ્જન કરાવૂં જગદીશ ।
પછિ વસ્ત્ર સુંદર સમર્પીને મુકુટ ધરીયો શીશ ॥ ૭ ॥
કર્ણ્ય કુંડલ મેખલા-કટી ચરણનૂપુર સાર ।
કરવલય કંકણ મુદ્રિકા ઉર શુભ્ર મુકતાહાર ॥૮॥
બાવન ચંદન લીપ્ત અંગે અગર કેરો ધૂપ ।
સુષ્ટરાગી પરાગી બહુ કુસુમ અર્પ્યાં ભૂમ ॥૯॥

૧. ગૂ. વ. શા. હ. લિ. પુ. નં. ૬૯ (કડવું ૨ જું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એણી પરિ પૂજા કરી પૂજીઆ દ્વીજવીર ત્યાંહ ।
જેહૂનિ અર્થ સિદ્ધ પ્રસિદ્ધ છે યશ જગત સઘલાં માંહ ॥૨૦॥"[૧]

દુર્વાસાનો કોપ વ્યક્ત કરતાં રૌદ્ર રસની છાંટ જણાય છે, તે તેની પુષ્ટ શબ્દાવલીથી ઓર દીપે છે:

રાગ મેઘરાગ

"ઋષી કાંપ્યા રે કોપી લોપી સીમા ક્ષમા કેરી ।
અંગ ધ્રૂજિ ને અમૂઝિ સુઝિ વાત ન અનેરી ॥

ત્રોટક—સૂઝય ન પડિ ધ્રૂજતાં અમુઝતાં મન માહ્ય ।
ક્રોધ પાપી વ્યાપીઉ પરીતાપ અંતર બાહ્ય ॥૧॥
મહા ભીમ ભ્રીકુટી કુટિલ જેહવી સર્પિણી દ્વય હોય ।
આરક્ત લોચન ક્રૂર જાંણિ અગ્નિજ્વાલા હોય ॥૨॥
નાસા તે શ્વાસોશ્વાસ ભાસિ એહવિ આકારિ ।
જયમ ધમણય ધમતાં ધૂમ વર્જિત વહ્નિકણ વિસ્તાર ॥૩॥
દ્વિજરાજિ ઉત્કટ કટકટિ તે શ્રવણ સુણીઅિ ઇંમ ।
વજ્ર વજ્રિ ઘસંત મહાશબ્દ હોઅિ જયંમ ॥૪॥
અતિ વક્ર મુષ વિકરાલ કાલસમાંન દીસિ રૂપ ।
જયમ સૃષ્ટિના સંહાર સમયેં શોભિઅિ ગિરિભૂપ ॥૫॥
ક્ષુધાઅિ ક્ષીતિદેવ વ્યાકુલ અનેં વ્યાપ્યો કોપ ।
તાહ્નિ જ્ઞાનદ્રષ્ટિ ન જોય જયમ કલ્પાત નિધિ મહી લોપ ॥૬॥[૨]

× × ×

ત્યાહ્નિ જટા નીલટ અછાટી નેં પ્રગટ કૃત્યા કીધ ।
તે કાલ અગ્નિ સમાંન માંનો શસ્ત્ર હસ્તિ લીધ ॥૨॥
મુનિ ક્રોધના અવબોધથી પ્રજ્વાલતિ અતી ઊજાય ।
પદઘાત ધર ધ્રૂજાવતી આવતી સન્મુષ રાય ॥૩॥"[૩]

આ પછી ચક્ર પાછળ પડતાં દુર્વાસાની જે દશા થઇ છે, તેનું

---

૧ એજન (કડવું ૫ મું)
૨ એજન (કડવું ૭મું)
૩ એજન, (કડવું ૯મું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ કવિએ ઘણું સુંદર વર્ણન આપ્યું છે. જ્યારે પણ પ્રસંગ આવ્યો ત્યારે વર્ણન સચોટ અને આકર્ષક કરવા તેણે પ્રયત્ન કર્યો છે.

બીજા કવિઓનાં અંબરિષ આખ્યાન મુખ્યત્વે કૃષ્ણદાસ, રામભક્ત અને વિષ્ણુદાસનાં મળે છે, તેના કરતાં આ કાવ્ય તેના કવિત્વયુક્ત ગુણોને લીધે જુદું તરી આવે છે. આ કવિના સમયમાં થયેલો કાશીસુત શેધજી એક બીજો એવો કવિ છે કે જે તેના સભાપર્વમાં એવા થોડા ગુણોને કારણે અલગ તરી આવે છે. એ સિવાયના વિષ્ણુદાસ–શિવદાસ વગેરે કવિઓ કાવ્યત્વની દૃષ્ટિએ ભાગ્યે જ સારાં કાવ્યો આપે છે.

ભાષાની દૃષ્ટિએ વિચારતાં આ કવિનો સમય મધ્ય. ગૂજ.ની ૪ થી મિશ્ર ભૂમિકાનો છે. ઉપર આવેલાં "હુશિ", "પાંચમો", "મેં," "વ્યાપીઉ" એ વગેરે ઉદાહરણો એની ખાત્રી આપી શકશે.

બીજા ઘણા કવિઓની જેમ આ નવા કવિના વિષયમાં જ્યાં નામ પણ મેળવવું મુશ્કેલ છે, ત્યાં તેના સંબંધમાં બીજી વિશેષ હકીકતો મેળવવી બની ક્યાંથી શકે ?

ચરિતસામગ્રી:

૧. ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૬૯ (અમદાવાદ)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# કાહાન

[ વિ. ના ૧૭મા શતકનો પૂર્વાર્ધ ]

**અમદાવાદના** રાણીપ ગામમાં આવી વસેલા એક ઉમરેઠના કાહાન નામના કવિનાં બે અપ્રસિદ્ધ કાવ્યો મળે છે. એનું ૩૩ કડવાનું ઓખાહરણ[1] નાનું છતાં સુંદર કાવ્ય છે; અને પ્રેમાનંદના સમયની જ તેની હાથપ્રતો મળતી હોવાથી પ્રેમાનંદના ઓખાહરણની પૂર્વે રચાયેલું તે સંભવે છે, આ રીતે આ કવિ જૂનો છે. તેના "એકાદશી–માહાત્મ્ય"-માં એ પોતાના વિષયમાં નીચે મુજબ માહિતી આપે છેઃ

"ગામ **અમરાવતિ** સદા પૂર્વજ ઠાંમ ।
**કાંમરાજ** તણો તે નંદન પ્રગટ **હીરો** નામ ॥૬॥
રાજનગર સમીપ તે **રાંણીપ** કીધો વાસ ।
**હીરાસુત કહે કાહાંન** શ્રીગોપાલ પૂરો આસ ॥૭॥"[2]

આ કાવ્ય નાનું છે અને તેમાં કવિ "વિષ્ણુધર્મોત્તર પુરાણ"નો આધાર લઇ એકાદશીની કથાઓ વર્ણવે છે. ખાસ ધ્યાન ખેંચે તેવું તો તેનું "ઓખાહરણ" છે.

શરૂઆતમાં આ કાવ્યનાં માત્ર ૩૩ કડવાં હોય તેમ જણાય છે. પાછળથી નાકરના ઓખાહરણ સાથે સેળભેળ કરી ૭૮ કડવાં સુધી આ કાવ્યનું પૂર વધી ગયું છે. મૂળ કાવ્ય તો એણે વૈશંપાયન અને જનમેજયના સંવાદમાં રચ્યું છે, અને પ્રાયઃ દરેક કડવાને અંતે તેણે પોતાનું નામ આપ્યું છે. કવચિત્ તેણે પિતાનું નામ પણ સાથે આપ્યું છે; જેમકે—

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. સં. ની યાદી, નં. ૨૩૪, ૨૮૬, ૨૯૩ અ, ૩૭૫, ૩૮૪, ૪૮૭, વગેરે. આમાંના ઓખાહરણની પ્રત લીથોમાં છાપેલી મળે છે ખરી.

૨ ગૂ. વ. સો. હ. લિ. પુ. સં. નં. ૩૨૮ બ (સં. ૧૭૪૮માં લખેલી પ્રત)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"સહુ કોને સંતોષ્યાં દેઇ માંન રે ।
કહે છે તે **હીરાનંદન કાંહ્નન** રે ॥" [કડવું ૨૮મું]

જ્ઞાતિએ તે કેવો હતો તે જૂની પ્રતોમાં નથી, પણ પછીની પ્રતોમાં તે ઔદીચ્ય બ્રાહ્મણ હોવાનું જણાય છે:

"**કામરાજ** દ્વિજનો સુત **હીરો**
**ઔદીચ્ય** ન્યાત પ્રકાશજી" ॥[1]

એના પિતૃનિવાસ માટે એ "અમરાવતી" નામ આપે છે; તે "ઉમરેઠ" શકય છે. જનાર્દનનું "અમરાવતી" અને આ અનન્ય સંભવી શકે. અને કદાચ કવિ તેની જ જ્ઞાતિનો હોઇ શકે. તે વખતે ખેડાવાડ બ્રાહ્મણો ઔદીચ્ય કહેવાતા હોય તો આ સંભવી શકે.

કાહાનનું આ "ઓખાહરણ" સ્વતંત્ર છે. બેશક રસની દૃષ્ટિએ એ જનાર્દનના "ઉષાહરણ"ને કે પ્રેમાનંદના "ઓખાહરણ"ને લગે તેમ નથી, છતાં નિકૃષ્ટ કોટીનું પણ નથી જ. નમૂના તરીકે ઉષાનું સ્વપ્ન જોઇયે:

**રાગ કલ્યાંણ**

" સ્વપ્ન લાધૈ છે ઉષાનેં તેણી વારજી, જાણૈ પાસૈં બૈઠૌ છૈ ભરતારજી ।
તેહ્ના રૂપ તણૌ નહી પારજી, તેહનૂં કોમલ અંગ સુકુમારજી ॥
અતિ સુંદર મનોહર પોતૈજી, દૃષ્ટિ નિમેષ ન થાયૈ જોતૈજી ।
માથૈ મુગટ જડિત્ર અતિ શોભૈજી જોતાં જોતાં ત્રિભોવન લોભૈજી ।
કાંને જલહલ કુંડલ દીસેજી અંગે અંગ જોતાં મનડૂં હીસૈજી ॥
નેત્ર વદનકમલ સુખકારીજી માલા મોતી નેં ડુગડુગી સારીજી ।
બાજૂબંધ બૈરખા લલકૈજી કટિમેષલા ઘૂઘરી પાય ખલકૈજી ॥
અંગ સુંદર પીતાંબર ધારચાંજી નવશત ભૂષણ સારચાંજી ।
નખશીખ અતિ સુંદર રૂપજી જાણૈ સકલ ભુવનનૌ ભૂપજી ॥
બૈઠા ઇંદ્ર બ્રહ્મા મહાદેવજી રોલ રંગના થાયે છે તતપેવજી ।
થાય નાટારંભ થેઇથેઇકારજી વાજૈ વાજિત્ર અનેક અપારજી ॥

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૨૮૬ની પ્રત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બ્રહ્મા સમય સાધૈ કન્યાદાંનજી કહૈ વરકન્યા સાવધાનજી ।
વરત્યાં વરત્યાં તે મંગલ ચ્યારજી વરકન્યા પાયૈં કંસારજી ॥
ત્યાંહાં તે થયૌ અતિ સુંદર વિહિવાહજી મન્ય વાધ્યો અતિ ઉછાહજી ।
તેણે સમે ચિત્રલેખા જાગીજી નિદ્રા આવી હુતી તે ભાગીજી ॥
ચિત્રલેષાયૈં જગાડી ઊષા બાઇજી ત્યજિ નિદ્રા ને ઊઠી તે તૌ ધાઇજી ।
જાગી તો નવ દેષે ભરતારજી ઉષા આક્રંદ કરૈ તે અપારજી ॥
તે તેં શાંનેં મુહને જગાડીજી મુજનેં વિરહની પીડિ લગાડીજી ।
બેહ્નની તેં શૂં કીધૂં એહ કાંમજી કયહાં ગયૌ માહારૌ આત્મારામજી ॥"[૧]

આ ઉપરથી કાહાનની કૃતિનો કાંઇક ખ્યાલ આવશે. આ અસલ કાવ્ય હજી છપાયું નથી. આ જૂની કૃતિ છે, એ રીતે પણ ઉપયોગી છે. એમાં એણે કેટલાક સારા જૂના ઢાળ સાચવી રાખ્યા છે.

ભાષાની દૃષ્ટિએ કવિની કૃતિઓ લક્ષ્યમાં લેવા જેવી છે. એમાં ઐ, ઔ એવી જોડણી એ – ઓ( < अ + इ અને अ + उ )ને સ્થાને મળે છે. એમ તો નહિ હોય કે મૂળ નકલમાં अ + इ, अ + उ હશે ને તે ચાલુ રખાતાં ઐ, ઔ તરીકે લખાયા હોય ? તો તો કાહાનને લગભગ નાકરનો સમકાલીન ગણવો પડે; અથવા તેથી યે પૂર્વનો, કેમકે તે જોડણી મધ્ય. ગૂજ.ની ૨ જી ભૂમિકા સુધી વિકલ્પે પ્રચારમાં હતી.

[૨]અશ્વમેધાખ્યાન, ગોવર્ધનરાસ, હિંગુલામંત્રચરિત્ર, હોલાહોલીનું આખ્યાન, આણાનું પદ, કુંડલિયા, કૃષ્ણજન્મવધાઈ, રાસનું ધોળ એ કૃતિઓ કાહાન કે કાહાનદાસની છે, પણ તે આ જ કાહાનની છે તે નક્કી નથી થઇ શકતું, કેમકે આ કાહાનની કૃતિઓમાં તો તે પોતાને **હીરાસુત** અવશ્ય કહે છે. મને લાગે છે, ઉપરની કૃતિઓના લેખક પણ એક નહિ, પણ જુદા જુદા લાગે છે, અને અશ્વમેધાખ્યાન તેમ જ હોલાહોલીનું આખ્યાન એ કૃતિઓનો કર્તા જુદો જ હોવાની સંભાવના

---

૧ ગૂ. વ. સો. હ. લિ. નં. ૭૭૯ (કડવું ૧૪મું)
૨ ગૂજ. સો.ની હાથપ્રતોની સંકલિત યાદી, પૃ. ૧૫-૧૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે, જ્યારે પદોનો લેખક મોડો થયેલો કોઈ લાગે છે. ગોવર્ધનરાસ અને કૃષ્ણજન્મવધાઇનાં પદો[1] એ નરસિંહ મહેતાની પદ્ધતિની ચાતુરી અને છૂટક પદો જેવાં છે, જેમાં ક્યાંક "કા'નીયાચા સ્વામી"ની છાપ પણ છે. બંધની દૃષ્ટિએ આ કૃતિઓ ઉપયોગી છે.

ચરિતસામગ્રીઃ

૧. ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૩૩૮ અને ૭૭૯

૧ બૃ. કા. દો. ભાગ ૭મો, પૃ. ૭૮૩-૭૯૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ધનરાજ

[ વિ. ૧૭મા શતકનો પૂર્વાર્ધ ]

**ન**રસિંહ અને ભાલણની જેમ સ્વતંત્ર પદો રચનારા કવિઓ છેક વિક્રમના અઢારમા શતક સુધી થોડા મળે છે. એવાઓમાં એક ધનરાજ નામનો પદકાર વિ. સત્તરમા શતકના પૂર્વાર્ધ લગભગમાં થઈ ગયો છે. એના સમયની આ તરફની અવધિ તેનાં પદોની મળેલી હાથપ્રતની[1] શૈલી કહે છે. આ હાથપ્રત પડીમાત્રામાં લખાયેલી છે અને મધ્ય. ગૂજ.ની ૩ જી ભૂમિકાને સાચવી રાખે છે, જેમાં ૪ થીના અંશો કવચિત્ મળી આવે છે. એ જોતાં એ હાથપ્રત સાં. ૧૬૫૦ થી આ બાજૂની સર્વથા નથી:

"સ્વામી એક વીનતી અવધારિ । તાહરુ બોલ રલિ સંસારિ ।
નિર્મલ કરી લિ આપણ માહિ । એક કરી રહિ તૂં સુખમાંહિ ।અ૦૨૯
એકમનાં યે ગાઇ **રાસ** । તે છૂટિ ભવસંકટ પાશ ।
બ્રહ્મમહેશ્વર દૂર્બલ યેહ । પસા કરુ સ્વાપી પરબ્રહ્મ તેહ ।અહ૦।।
ઇતિ શ્રીપંડિત ધનરાજ–વિરચિતો **અહનિશિરાસઃ** સપાસ ।"

ધનરાજનાં કાવ્યોની હાથપ્રતમાં ભક્તિ અને જ્ઞાનને લગતી કૃતિઓ છે; જેમકે ખાંડણાં (તૂ.), ગિરૂઆ ગણપતિ (રાસ), ચતુરવદનનુ રાસ, વેદપુરાણ, વાણી, ભમારુલી, ઘોડલી, હેલિ, વીનતી, શોકભાવના, સાહેલડી, વૃદ્ધકારિક, લઘુકારિક, બીડુ, ઉમાહડુ, હીડુલુ, હર્ષભાવના, પદ્મનાભશ્લોક, સારંગી, ખાંડણાં એ મથાળે લાંબાં મોટાં પદો છે; બધાં જ કોઈ દોહા–સોરઠાની રાહ તો કોઇ ચોપાઇની રાહમાં તો કોઇ ચોપાઈદાવડીમાં મળે છે. આ પદ્ધતિનાં જૈનેતર કવિઓનાં ભાગ્યે જ મળે છે. જૈન ધાર્મિક સ્તવનોની રસિક પદ્ધતિ ધનરાજે સ્વીકારી છે. એણે વિષયને સરલ

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૩૪૬

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

કરવાનો પ્રયત્ન કર્યો છે. એને જ્ઞાની કવિ કહી શકાય તેમ છે, કેમકે સંસારની અસારતા, વેદાંતમત પ્રમાણે જગતની ઉત્પત્તિ, જીવસ્વરૂપ, જીવના ધર્મો, એ વગેરે પણ વિષયો કાવ્યમાં લીધા છે; વસ્તુસ્થિતિએ વૈરાગ્યપ્રધાન કવિતા તેને રુચે છે.

"વાણી" મથાળે એ જણાવે છે કે—

"પરબ્રહ્મ વાણી પરણીઇ બ્રહ્માંડિ જયજયકાર ॥૧॥
ચ્યારિ ષાંણિ હવી નિરમલી ભાગુ મોહ સંસાર ॥૨॥
લોપ્યાં લેષાં યમ તણાં ઉઠીયુ નરકવ્યાપાર ॥૩॥
બંધન છૂટાં જીવનાં સહૂ મુગતૂં અપાર ॥૪॥
મુગતા સ્થાવર જંગમ મુગતા સુરનર નાગ ॥૫॥
મુગતા તાપસ ઋષિ નવગ્રહ મુગતા મુનિવર યાગ ॥૬॥
હરિહર બ્રહ્મા આંનંદીયા ઘરિઘરિ હૌઉ ઉત્સાહ ॥૭॥
ઊલટ હૌઉ અતિ ઘણુ ગાઈઇ વાણી અનાહ ॥૮॥
ઘરિઘરિ ગૂડીય ઉછલિ તલીયા તોરણ બારિ રે ॥૯॥
બ્રહ્માંડ ફૂલપગર ભરચા । છરિ તુ હરિષ ધરેયો" ॥૧૦॥

કવિનું આત્મજ્ઞાન રમત કરતું હોય તેમ તેની કવિતામાં ઊતરતું આવે છે. એમાં ગાંભીર્ય એમ છતાં વ્યાપ્ત છે. કાંઈક અંશે નવી જ ભાત ગૂજરાતી કવિતામાં આમ આ કવિ પાડતો જણાય છે.

કવિ પોતાને "પંડિત" કહે છે. તેની કૃતિઓમાં માત્ર 'ચતુરવદન રાસ" ને અંતે છાપ મળે છે; એટલે બીજા કોઈની આપેલી "પંડિત" ઉપાધિ નથી જ:

"વૈષ્ણવ ભક્તિ મુક્તિ ફલ કાજિ
**રાસ** કીધુ **પંડિત ધનરાજિ** ।
કાજ કરુ હરિ નામિ" ॥૫૪॥

એ જોતાં એ સંસ્કૃતજ્ઞ લાગે છે, અને પોતાના જ્ઞાનનો લાભ યથાશક્તિ આપવા લલચાયો છે, અને એમાં એ સરલતા લાવી પણ શકયો છે; જુઓ:

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"પરબ્રહ્મ અવિગત યેહ । તેહ પહિલુ પરમાતમા હેલિ ॥૧॥
યેહના ત્રણિ અંશ શરજિ પાલિ સંહરિ હેલિ ॥૨॥
બ્રહ્માદિક છિ જીવ । તેહ તણી ગોચર નથી હેલિ ॥૩॥
નિશ્ચિ છિ અવિનાશ હાસિ છતૂં અછતૂં કરિ હેલિ ॥૪॥
આદિ એકલ મલ્લ વ્યાપ માંડિ તેહ અતિ ઘણા હેલિ ॥૫॥
સનકાદિક મુનિ યોગ । તેહ તણી ગોચર નથી હેલિ ॥૬॥
સેવિ સુરનર નાગ સહૂઇ હારઇ આલસિ રહ્યૂં હેલિ ॥૭॥
યેહથૂં વિગતૂં થાઇ તેણિ વલી સહૂ આયમિ હેલિ ॥૮॥
અકલ અલક્ષ અભેદ । વેદ નિરંતર સ્તુતિ કરિ હેલિ ॥૯॥
જનમ મરણ નહી યેહ યેણિએ એહૂ શરજીયાં હેલિ ॥૧૦॥
તૃપતુ વિણ આહાર સુખ સઘલા સેવા કરિ હેલિ ॥૧૧॥
સવુહ તણુ યે બાપ । માત પિતા નહી યેહ તણિ હેલિ ॥૧૨॥
સવુહ તણુ યે સ્વામી સ્વામીઅ યેહ તણિ કો નથી હેલિ ॥૧૩॥
સવુહ ઊફરુ યેહ । યેહ ઊફરુ શરજ્યુ નથી હેલિ ॥૧૪॥"

કવિએ "હેલિ" કાવ્યમાં પરમાત્મસ્વરૂપ આમ બતાવ્યું છે, જેમાં ગીતામાં પ્રતિપાદિત ઇશ્વરસ્વરૂપની વ્યક્તિ જણાય છે. ઉચ્ચ પ્રકારનો કાવ્યગુણ ન દેખાતો હોય છતાં તેની કવિતામાં પ્રસાદગુણ છે અને તે રીતે પણ કવિ મહત્ત્વનો છે. એ બ્રાહ્મણ સંભવે છે, અને સામાન્ય વેદાંતમતાવલંબી જણાય છે.

ચરિતસામગ્રીઃ

૧. ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૩૪૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# સંત

[ વિ. સ. ના ૧૭મા શતકનો પૂર્વાર્ધ ]

**ભીમે** "હરિલીલા ષોડશકલા" માં આખા ભાગવતપુરાણનો સાર બાંધ્યા પછી તેવો સ્વતંત્ર પ્રયત્ન બહુ થોડાએ કર્યો છે. પ્રસિદ્ધ થયેલો તેવો પ્રયત્ન વલ્લભ ભટ્ટનું પદબંધ ભાગવત (સાં. ૧૭૫૪–૬૫) છે. એ પછી અમરેલીના મૂળદાસ ભક્તે કેટલાક સ્કંધો ઉતાર્યા છે. આવો જ એક પ્રયત્ન ભીમની પછી અને વલ્લભ ભટ્ટની પૂર્વે ગૂજરાતીમાં કોઇ "સંત" નામના કવિએ કર્યો જણાય છે. આ સંત જ્ઞાતિએ કેવો છે, કયાંનો વતની છે, કયારે થયો છે, એનું નામ "સંત" જ છે કે બીજું કાંઇ છે, એ વગેરે કશું નિશ્ચિત સ્વરૂપે કહી શકાતું નથી. એના પ્રાપ્ત થતા ૧–૨–૩–૪, ૮–૯, ૧૧ એ આખા સ્કંધોમાં કશું મળતું નથી; માત્ર દરેક અધ્યાયને અંતે "સંત" એટલો નામોલ્લેખ મળે છે; જેમકે—

"અધ્યાનો આશે એટલો, સંષેપે આણ્યો તેટલો;
સંષેપે કહે **સંત** સંબંધ પ્રથમ અધ્યા ને પ્રથમ સ્કંધ."

૧૨મા સ્કંધનો અંત ભાગ તૂટક છે, એટલે જો તેણે કાંઈ આપ્યું હોય તો તે આજ પ્રાપ્ય નથી. ૧૦મા સ્કંધનો પણ આદિ–અંત તૂટે છે; પણ સદ્ભાગ્યે ૧લા અધ્યાયના અંતમાં માત્ર નીચે મુજબ હકીકત મળે છે:

"ગુણસાગર **નાગર** નીર્દોષ । વૃત્ય અયાચેં અંતરિ તોષ ॥
નીપૂણ નવ વય નીર્મલગ્ન્યાંન । ષષ્ટી પાઇ પૂરારક સ્થાન(?) ॥૩॥
**ભટ વૃંદાવન** ભગ્વદ્ભક્ત । **કુષ્ણપૂત્ર** યૈ કરૂણાયુક્ત ।
દીધુ આશ અનુગ્રહ કરી । તેથી વાંણિ વિશેષે સ્ફુરી ॥૪॥
સરસ પ્રગટયા શબ્દાંકુર । પલ્લવ પુષ્પ ને પરિમલ પૂર ।
અચલા ભક્ત ફ્લોદે આશ । યોજે કર શિર જાંણી દાસ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંતનો સવારથ સરે । અધુના યશ અવસાને તરે ।
પાંમે સૂષશીમા પર્યંત । કરે કીપા શ્રીકમલાકંત ॥૬॥"[૧]

કવિ આમાં ભટ્ટ વૃંદાવન નામના ગુરુનો ઉલ્લેખ કરે છે, જેના પિતાનું નામ "કૃષ્ણ" જણાય છે. આ જ વૃંદાવન જ્ઞાતિએ અયાચક નાગરબ્રાહ્મણ લાગે છે. તેણે કૃપા કરીને સંતને ભાગવત સંભળાવ્યું છે, જે ઉપરથી સંતે ભાગવત–સાર પદ્યમાં લખી નાખ્યો છે. એ ભટ્ટ વૃંદાવન "નવવય" નો હતો ત્યારે "અવસાને યશ" મેળવનારા સંતે કાવ્ય રચના કરી. આ સિવાય બીજી કશી માહિતી મળતી નથી. ઉપરના અવતરણમાં "ષષ્ટી પાન્ન પૂરારક સ્થાન" નો અર્થ સંદિગ્ધ રહે છે, જેમાં કદાચ વૃંદાવનના વતનનો બોધ હશે; જે તેથી કદાચ "સંત"નું પણ વતન હોય.

ઉપરના અવતરણમાં આવતા "અંતરિ" વગેરે પ્રયોગથી એ ૧૭મા શતકના પૂર્વાર્ધથી આ બાજૂ નહિ થયો હોય. તેની ભાષા મધ્ય. ગૂજરાતીની ૪થી ભૂમિકાની "દશમસ્કંધ"માં દેખાય છે જ.

દશમસ્કંધ સિવાયના બીજા સ્કંધો બહુ સંક્ષિપ્ત છે, અને તેથી સાર માત્ર જ છે; પણ દશમસ્કંધ પ્રાયઃ શબ્દશઃ સારાનુવાદ જેવો લાગે છેઃ-

"એક સમે ભૂપતિ ભગવાન ॥ સાનિધિ ન્યરષી સામલવાંન ।
રમવાનેં મન કીધૂં રાય ॥ માયા યોગ સ્મરી મનમાંહિ ॥૨॥
પૂષ્પીત વન પ્રસરી માલતી । જાણે ઉડમાલા ચાવ અણચાલતી ।
યશે સમે ઉગ્યો ઉડપતી ॥ પરિતોષતો પ્રાચી સતી ॥
ઘણે કાલેં ઘરિ આવ્યો નાથ । રામાનું મૂષ રંગે હાથિ ।
જે કર સ્પરશે કષીકર (?) કાય । શમે તાપ તનિ શીતલ થાય ॥૪॥
એહવૂં અખંડ મંડલ ઇંદુ । અવલોકી પાંમી આનંદ ।
ગાન આરંભ્યૂ શોભન સ્વરે ॥ વામદશાંનાં મન વશિ કરે ॥૫॥"

રાસપંચાધ્યાયીના આરંભના પાંચ શ્લોકોનો આ શબ્દશઃ સારાનુવાદ છે. કવિએ દશમસ્કંધની રમણીયતાને લક્ષ્યમાં લઇ વિસ્તૃત અને રોચક

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૭૯૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અનુવાદ કર્યો છે; બેશક એમાં એણે પોતાના તરફના રંગ ભાષાની દૃષ્ટિએ પૂર્યા પણ જણાય છે, એણે દોહા=પૂર્વછાયો અને ચોપાઇબંધ સ્વીકારેલ છે; જે ભીમ વગેરેના અનુકરણને આભારી કદાચ હોઈ શકે.

આ કવિની આ સિવાય બીજી કોઈ કૃતિ જાણવામાં નથી. આ એક કૃતિ પણ તેને યશ આપનારી છે, એમાં સંદેહ નથી.

ચરિતસામગ્રીઃ

૧. ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૪૪૯, ૭૯૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# તુલસી માધવસુત

[ સં. ૧૬૫૦ આસપાસ હયાત ]

**બૃહત્કાવ્યદોહનના** ચોથા ભાગમાં "તુલસી"ને નામે "ધ્રુવાખ્યાન" પ્રસિદ્ધ થયેલું છે, તેના અંત ભાગમાં નીચે મુજબનો ઉલ્લેખ મળે છે:

> "**વિપ્ર સારસ્વત** કુન્દનપુર ગામ,
> **માધવસુત તુલસી** તેહનું નામ."[1]

આ કાવ્યની કેટલીક સારી પ્રતો મળે છે, તેમાં તુલસીના નામને બદલે તેના પુત્ર વૈકુંઠનું નામ મળે છે:

> "ગવરીનંદન કૃપાએ કરી । વૈકુંઠ સુષ કથા વસતરી ।
> **વિપ્ર સારસ્વત** કુંતલપુર ગાગ **સુત તુલસીનો** વૈકુંઠ નામ ॥૨૩॥"[2]

આ વૈકુંઠે ઉદ્યોગપર્વ, ભીષ્મપર્વ, કર્ણપર્વ, શલ્યપર્વ, નાસિકેતનું આખ્યાન, અને પ્રહ્લાદાખ્યાન એ કાવ્યો લખ્યાં છે. શલ્યપર્વને અંતે "વૈકુંઠનો સુત તુલસીદાસ" લખાયેલું છે, પણ રચ્યાસંવત વગેરે જોતાં એ કૃતિ વૈકુંઠની જ છે.

દી. બ. કૃષ્ણલાલ મો. ઝવેરીએ, તુલસીએ "ચંદ્રાવળા ધ્રુવના" લખ્યા છે, તેવું લખ્યું છે; વળી ભીષ્મ અને અશ્વમેધપર્વ લખ્યાનું પણ જણાવ્યું છે.[3] આ વિધાન અણજાણ્યે થઈ ગયું લાગે છે. ચંદ્રાવળામાં લખેલું ધ્રુવાખ્યાન વસાવડના નાગર કવિ કાલિદાસની કૃતિ છે; જ્યારે ભીષ્મપર્વ વૈકુંઠનું છે. અશ્વમેધનો રચનારો તુલસી જુદો જ છે. તે સં. ૧૭૩૨માં હયાત હતો અને અમદાવાદની દશક્રોશીમાં ધોળકા પાસેથી

---

૧ બૃ. કા. દો. ભાગ ૪થો, પૃ. ૮૨  ૨ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૪૩૦ વગેરે
૩ જુઓ, ગૂજ. સા.ના માર્ગ. સ્તંભો. (અંગ્રેજી બીજી આવૃત્તિ, પૃ. ૭૦)

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

નીકળેલી કોઈ નદી જે સાબરમતીને મળે છે, તેના તીર પર આવેલ લીલાવતી ગામનો વતની હતો. એક બીજા તુલસીએ રામચંદ્રની તિથિ[1] અને એક તુલસીદાસે મામેરું[2] લખ્યાં છે, જ્યારે એક સંત તુલસીદાસે જાનકીવિવાહ[3] અને સીતાજીનો સોહિલો[4] લખ્યાં છે. આ બધા જુદા જુદા છે.

માધવસુત તુલસીએ ધ્રુવાખ્યાન રચ્યું નથી, એમ વૈકુંઠની છાપવાળી ઘણી પ્રતો જોતાં સમઝાય છે. વૈકુંઠે પિતાના નામે કદાચ પ્રથમ કાવ્ય રચી આપ્યું હોય તો જ તુલસીના નામની શક્યતા થાય. અને આમ તુલસીના ગુણદોષના વિષયમાં કશું કહી શકાય નહિ. એના સમયના વિષયમાં બહુ શંકા નથી. વૈકુંઠે સાં. ૧૬૯૪[5]માં ધ્રુવાખ્યાન રચ્યું છે. એ એની પ્રથમ કૃતિ છે. તે વખતે એની ૨૫ વર્ષની વય માનિયે અને તુલસીની યુવાવસ્થામાં એ પુત્ર થયો હોય તો બીજાં ૨૫ જતાં ૧૬૪૪ આસપાસ એ જન્મ્યો હોવો જોઇયે; પણ એની એક પણ કૃતિ નથી મળતી એ લક્ષ્યમાં રાખવું જોઇયે.

તે કાઠિયાવાડમાં સોરઠ પ્રાંતમાં ભાદર નદીને કાંઠે આવેલા કુતિયાણાનો સારસ્વત બ્રાહ્મણ હતો. અત્યારે પણ કુતિયાણામાં સિંધવા સારસ્વતોની વસ્તી છે અને તેઓ લુહાણાઓની પુરોહિત વૃત્તિ કરે છે.

ચરિતસામગ્રીઃ


૧. Milestones of Guj. Lit. (2nd edi.) by K. M. Zaveri
૨. ફા. ગૂ. સભા. હ. પુ. નામાવલી, ભાગ ૨જો
૩. ગૂ. વ. સો. હ. લિ. પુ. યાદી
૪. બૃહત્કાવ્યદોહન ભાગ ૪ થો (ગૂજરાતી પ્રેસ–મુંબઇ)


---

૧ ફા. ગૂ. સ. હ. નં. ૩૦૨ ઘ

૨ ગૂજરાતી પ્રેસનો સંગ્રહ નં. ૨૯૪ ब

૩ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૩૩૧ ब (ર. સં. ૧૮૫૭)

૪ એજન, નં. ૫૪૨ ई

૫ "સંવંત નારચ તણો શણગાર આંક અંત ને વેદવિચાર."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## કૂઢ

[ સં. ૧૯૫૨–૧૯૮૩માં હયાત ]

**ખંભાતના** વિષ્ણુદાસ અને શિવદાસના વેગપ્રાબલ્યે ઢંકાઇ ગયેલા કવિઓમાંનો કૂઢ એ એક કવિ છે. કીકુ વસહીની જેમ જ તે જ્ઞાતિએ ઔદીચ્ય અનાવળો બ્રાહ્મણ, અને નવસારી પ્રાંતના બારડોલી તાલુકાના સૂપાનો વતની હતો. તેના ગ્રંથોમાંથી મળતી માહિતી મુજબ તેના પિતાનું નામ ગણેશ છે. પોતા વિશે માહિતી આપતાં તેણે તેના "રુક્મિણીહરણ"ને અંતે લખ્યું છે કે–

"શ્રોતાજન સાંભલો । કવીતા કેહે મતીમંદ ।
સંવત ૧૯૫૨ મુજ ઉપનો આનંદ ॥૧૮॥
ચૈત્ર સુદી ૧૧ મધ્યાંન મંગલવાર ।
પંચાંગ યોગ સુભ માંહે । પૂર્ણ કથાંનો વીસ્તાર ॥૧૯॥
ક્ષીકર્મ ઉદીચ્ય વંસે । આનાવલ સ્વસ્થાંન ।
રામ થાપી બરદ આપી । રપે લેતા નામ ॥૨૦॥
અઘેશ્વરના વાસ પાસે । પૂર્વે સુપા ગામ ।
ગણેશસૂત કૂઢો કેહે સભાને પરણાંમ ॥૨૧॥"[1]

કવિનું રુકિમણીહરણ નાનું પણ સુંદર કાવ્ય છે. એ જ પદ્ધતિએ તેણે કપોતનું આખ્યાન, પાંડવવિષ્ટિ (ર સાં. ૧૯૭૭), અને હરિશ્ચંદ્રાખ્યાન રચેલાં છે. તેણે "શૃંગાલપુરી"[2] એ નામે સગાળશા અને ચેલૈયાની લોકકથા (ર. સાં. ૧૯૮૨) પણ લખેલ છે. આ ઉપરાંત "મહાદેવનો વિવાહ" અને "મલ્લ અખાડાના ચંદ્રાવળા" તેની છાપના

---

૧ ફા. ગૂ. સ. હ. લિ. પુ. નં. ૬૪ ધ. (૧૨મું કડવું)

૨ કરાંચીથી પ્રસિદ્ધ થયેલા "ઊર્મિ" માસિકના સં. ૧૯૯૧ના "કાવ્યાંક"માં જૂની ભાષામાં અપાઈ મારા તરફથી છપાયેલ છે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મળે છે. એનાં કાવ્યોમાંનાં "રુક્મિણીહરણુ"[1] અને "શૃગાલપુરી" માત્ર છપાયાં છે.

દેશીબદ્ધ કાવ્યો લખ્યા ઉપરાંત કવિ કૂઢે ૭૫ ચંદ્રાવળામાં "કંસવધ" એ વિષય ઉપર કાવ્ય લખ્યું છે. તે પોતાના કાવ્યોને અંતે પોતાને "કૂઢ–મૂઢ" કહે છે, તેવો જ ઉલ્લેખ આ ચંદ્રાવળાને અંતે છે. જેમકે— "કૂડમુઢ કેહે હું બલી જાઉ." એટલે ભિન્નકર્તૃત્વની આશંકા નથી.

કવિના સમય માટે માત્ર તેનાં કાવ્યોનાં રચ્યાવર્ષ પર આધાર રાખવાનો છે. "રુક્મિણીહરણ" સાં. ૧૬૫૨ માં રચેલું છે અને "શૃગાલપુરી" સં. ૧૬૮૨ રચેલું છે; જેમકે—

"સંત ૧૬ સુબાશીઓ, આખાડ ઉજ્વલ પખજી,
પતિપદા શનિવાર સંખેપે પામી કથા પ્રતખજી."[2]

જોકે એક બીજી હાથપ્રતમાં નીચે મુજબ પાઠાંતર મળે છે:

"સંવત ૧૬ ચુવાસીઓ આખાડ ઉજલ પખજી ।
પ્રતીપદા શનીવાર શંખેપે પાંમી કથા પ્રતખજી."[3]

ગણિતની દૃષ્ટિએ જોતાં તો સં. ૧૬૮૧ ના આષાઢ સુદિ ૧ ને શનિવાર આવે છે; ૧૬૮૨માં ત્યાં શુક્રવાર આવે છે, જ્યારે ૧૬૮૪ માં રવિવાર આવે છે. ૧૬૮૨ માં ત્રીસો મહિનો છે, તેથી જો એકમ બે હોય તો શનિવાર બીજી એકમે આવી શકે. ૧૬૮૪ માં મહિનો ત્રીસો જ છે, પણ એકમને દિવસે જ બીજનો ભાગ છે, એટલે તે વર્ષ અનુકૂળ નહિ થાય. તો હરિશ્ચંદ્રાખ્યાન સં. ૧૬૮૩ માં રચેલું હોવાને કારણે તે કવિની છેલ્લી કૃતિ છે.

પૌરાણિક આખ્યાનો ઉપરાંત લોકકથાઓ રચવાનો પણ એક કવિસંપ્રદાય નાકર વગેરેથી ચાલુ છે, કેમકે વાસુ અને નાકરે

૧ "શૃગાલપુરી" એ નામે ગૂજ. વર્ના. સો. તરફથી છપાયેલા "સગાળશા આખ્યાન"માં છે.

૨ સગાળશા–આખ્યાન, પૃ. ૧૦૧

૩ ફા. ગૂ. સં. હ. લિ. પુ. નં. ૧૧૦ ગ, ચાદી–ભાગ રજો, પૃ. ૨૩૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"શૃંગાલપુરી" લખી છે. સુરદાસે પણ "શૃંગાલપુરી" લખી છે. સુરદાસે તો ત્રણ લખી છે. એ જ પંથે ચાલી કૃઢે પણ એક કથા "શૃંગાલપુરી" રચી ચાલુ સંપ્રદાયને જાળવી રાખ્યો છે, પૂર્વની તે કથાઓ જોયા વિના.

આપણે એનાં રુકિમણીહરણ અને શૃગાલપુરીમાંથી થોડા નમૂના જોઇયે. આમાંનું ૧લું કાવ્ય શુદ્ધ આખ્યાનકાવ્ય છે. ૧૨ કડવાંના આ કાવ્યમાં કવિતાની દૃષ્ટિએ કેટલાક સારા પ્રસંગો યોજાયા છે. એનું રુકિમણીના દેહનું વર્ણન આપણને પ્રેમાનંદની યાદ આપે તેવું છે:

" કન્યારૂપ અતિ યૌવનવેશ નખશિખ શોભા અંગ સુદેશ,
શશિમુખ સવિતા તપ તન કોડ, કામરૂપ રહ્યા કર જોડિ. ૧
ચૂંનડી જાદર ચંપાવરણી, લોચને લલિત લજાવે હરણી,
કરલા કેશ રચ્યા આપેલ, નેહેરી–નાગદંતાલી વેલ્ય. ૨
મિણી પટી માંહે માંગ સમારી, મધે સિંદૂર પતંગ–રિપુહારી,
વેણી વિશાલ વ્યાલજિત કાલી, રાખડલી રચના રતનાલી. ૩
ચમરી ચૂંનડી લડસડ મોતી, કેસરી આઠ દશન મુખ જોતી,
ખીટલી ઉગનીઆં સોહે ઝાલ, બાણ કટાક્ષ ગજગતિ ચાલ્ય. ૪
ફૂલી સિંધુ ને શીસફૂલ, કાંડલ રત્ન જડયાં છે અમૂલ્ય,
ચિબુક શ્યામ અધર પ્રવાલી, ડાડિમ દાંત તંબોલ રંગાલી. ૫
કંઠે હાર નગોદર શોભે, માદલ આવલીઆં મન લોભે,
ચંપકકલી પદકડી પાટો, કાલી લર સરઝાલ ને કાંટો. ૬
ઝૂમણું બિહિરખા બાજૂબંધ, ચંદન માલતી જાતિ સુગંધ;
ચૂડી રૂડી કાર કારેલી, કંચન કાંકણ વિચ વિચ વેલી. ૭
પાઇ નેપૂર ઝાંઝર ઝમકે, વીંછીડા ઘૂઘર ઘમકે;
રૂક્ષમણી અંગુલી પગ વચે વંકી, કદલી સ્થંભ કટી કેસર–લંકી. ૮
સાથ ઉરગ અલતાચિ અરચ્યા, પીલાં કુંકુમ તાંદુલ ચરચ્યા,
મલી સુહાસિણ ઝાકઝમાલ, મુગતાફલ ભરી કંચન થાલ. ૯"[1]

એણે ઢાળ પણ સારા લીધા છે. એમાંનો ૧ દોહરાનો પણ

૧ ફા. ગૂ. હ. લિ. પુ. નં. ૬૪ ધ. ને આધારે (કડવું ૮મું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિષમ–સમપદે અનુક્રમે "આનંદશું રે," "મન ગોવિંદશું રે" એવાં ધ્રુવ-પદવાળો છે. બીજો તેવો જ પણ વિષમ–સમ બંને પદોને અંતે "જન જાણો રે" એ ધ્રુવપદવાળો છે.

શૃગાલપુરી એ લોકવાર્તા રૂઢે તદ્દન સ્વતંત્ર પ્રવાહમાંથી લીધી છે, તેને નાકરના સગાળશા કે જૈન કૃતિઓની કથા સાથે સંબંધ નથી. મુખ્યત્વે શૈવકથાનું રૂઢે અવલંબન કર્યું છે. એમાંનો વાણીનો પ્રવાહ પણ એકંદરે સારો છે. કાપાલિકને સગાળશાહે વાનીઓ પીરસી તેનું વર્ણન મઝાનું છે:

"કંચનમણિમે થાલી વિશાલ સૂધ શાલિ પ્રીસી મગદાલ,
ખીરખાડ ધ્રત અમ્રિત સમાન, સો સો શાક પાક પકવાન. ૧
ખાજાં સેવ સંજોરી તલી, પૂડા પુરી પોલી ગલી,
અડદ ચણા મગ ગહૂ ધ્રત વડાં આદૂ હીંગ મેહેલા સાતપડા. ૨
માંડા મધ મોદિક કંસાર કલા સુનઈઆ સોહે સાર,
ફણસ ચારોલી સાકર કેસર ભલી, લીલી દ્રાખ રસાલી ગલી. ૩
નાના સ્વાદ પંચસારણા મરીમિશ્ર રસ લીંબુ તણા,
તીખાં તમતમાં રાએતાં, ખાટાં ખારાં મનભાવતાં. ૪
ટીંડોરાં વાહાલોલ વેંગણાં સૂધાં પાકાં ગલકાં ઘણાં,
કારેલાં કોલાં કરકરાં કંટોલાં સીધાં શેલરાં. ૫
ચણા દાલ સુરણ ચીભડાં કોલાં તુરીઆં કાલંગડાં,
નવ લીલવા ચોલીફલી રતાલુ ભાજી કુમલી. ૬
ટોડી કાઢી પકોડી વડી તલા પાપડ ને પાપડી,
આદૂ ગરમેર ગુંદાં મરી કેસર રસ કેરાં કાચરી. ૭
બીલી બફાંણાં પીપેર હરી કડાશીંઘ મૂલા મોગરી,
કદ્દૂ દૂધ ને બાંધ્રૂં દહીં જીરું સિંધવ : શંખા નહિ. ૮"[1]

પણ કરુણરસની જે જમાવટ આ પછીના કડવાંઓમાં કરી છે, તે જરૂર આકર્ષક છે: ચેલૈયાની માતાનું રુદન જુઓ:

---

૧ સગાળશા, આખ્યાન, પૃ. ૯૫ (રાગ ગોડીનું કડવું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાગ રૂઓ

"શેઠોજી, કુંઅર કોડામણા ! ભામણાં લેઉં તારી માત.
તું તો બોલ નિ, બાલક બાદુઆ ! તુને બોલાવે વૃધ તાત,
ચેલણ ગુણ ગાઇએ રે ! ૧
માહારા પુત્રનૂં વદન કોડામણું-જાણે સોલ કલાનો ચંદ,
તેજ તપે ત્રિભોવન તણું તેની ઉપમ ન આવે આંહે,
ચેલણ ગુણ ગાઇએ રે ! ૨
શીર મુગટ મણિ માણેકજડો : માંહે કોસંબી મોલ,
તારી આંખડી કમલની પાંખડી : કુંડલ મકર કોપોલ. ચેલણ૦ ૩
ફૂલ ખરે મુખ બોલતાં : ચંદ્રહાસ સુવાણી વિશાલ,
જશતિલક ભાલ મ્રગમદ તણું : કડે મણિમુગતાની માલ. ચેલણ૦ ૪
અંગે ચંદન ચરચા બાવના, કનકાંબર રૂપનિધાન,
ગંભીર નાભ કટિ કંકણી, બલ અંગદ બાહુ અજાણ. ચેલણ૦ ૫
પદ અંકુશ નેપુર નખમણિ-ઢલકતી ચાલ મરાલ,
દેહી દાતા પરમ શિરોમણિ, સકોમલ રૂદે દઆલ. ચેલણ૦ ૬
હૂં પુત્રના ગુણ કેમ વીસરૂં રે ! જે માહારા પ્રાણજીવન ?
નીત રમતો માહારે આંગણે, તેમ રમજો મારે મન. ચેલણ૦ ૭
ઉગીને કેમ આથમો ? માહારા કુલના સૂર,
માહારા પુત્ર ! પરદેશિ કાંહાં સમો ? કેમ બોલ દો સાગરતીર ? ૮
મેં જાણૂં હતૂં : રે'શે નહિ મુજ રાંક હાથે રતન,
તાપ શીત વૃષ્ટિ સમે નીત તાહારૂં કરતી જતન. ચેલણ૦ ૯
માહારા સુત ! કેમ જાશે એકલો ? આ સરગની વસમી વાટ.
માહારાં ફૂટે ન લોચન લાલચી હઇઆ ! હજી શેંન ફાટ ? ચે૦ ૧૦
પુત્રજન્મ સમૂં કાંઈ સુખ નથી, જેમ રણ વિપતને પાર,
હૂં અભાગણી માતાને ઉદરે તું મો આવીશ બીજી વાર. ચે૦ ૧૧
ગઓ દીપક અંધારૂં કરી તૂટી મુજ મનની આશ,
માહારાં મંદિર સૂનાં માલીઆં, તે પાં ભલો વીર ! વનવાસ. ચે૦ ૧૨"[૧]

આ પછીનું "ચેલણા ખાંડવા" ના ધ્રુવવાળું પણ એવું જ કરુણરસનું પદ છે.

૧ એજન, પૃ. ૯૮-૯૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ અવતરણો જોવાથી માલૂમ પડશે કે આખ્યાનકાર અને લોકકથાકાર એમ ઉભય સ્વરૂપે કૂઢનું ગૂજરાતી કવિઓમાં સ્થાન છેઃ ભલે તે પછી ઉચ્ચ પ્રકારનું ન હોય.

ભાષાની દૃષ્ટિએ જોતાં શૃગાલપુરીથી આપણને મધ્ય. ગૂજ. ની ૪થી મિશ્ર ભૂમિકાનું સ્વરૂપ મળે છે અને કૂઢના સમયમાં સાહિત્યકીય ભાષાનું લેખનમાં તે સ્વરૂપ હતું, તે તો જાણીતી જ વાત છે. ઊકો, નિ, આવે, પરદેશિ, એ સંક્રાંતિકાળનાં રૂપો છે.

કીકુ વસહી અને કૂઢ એ બે અનાવળા છે, એમ સ્વીકારવામાં બાધ નથી, કેમકે રામચંદ્રે એ કોમને ઊંચે આણી છે, એ લોકવાયકાને બંને જણા પોતાનાં કાવ્યોમાં નોંધે છે.[1] આમ દક્ષિણ ગૂજરાત સો સવાસો વર્ષમાં બે ધ્યાન ખેંચે તેવા સારા કવિઓ આપણને આપે છે.

ચરિતસામગ્રીઃ

૧. સગાળશા આખ્યાન–શ્રી પ્ર. મુ. દેસાઇ–સંપાદિત (ગૂ. વ. સો. નું પ્રકાશન)

૨. ફા. ગૂ. સ. હ. લિ. પુ. યાદી. ભાગ ૨જો–શ્રી અં. બુ. જાની કૃત

૩. સૂરત–ગૂજ. સા. પરિષદનો રિપોર્ટ

૧ જુઓ આ પૂર્વે પૃ. ૨૯૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## દેવીદાસ ગાન્ધર્વ

[ સાં. ૧૬૬૦માં હયાત ]

સં. ૧૬૬૦ જેટલું જૂનું "રુક્મિણીહરણ" નામનું સરસ કાવ્ય અર્પનારા ગાન્ધર્વ કવિ દેવીદાસના તે કાવ્યમાં જે માહિતી મળે છે, તે ઉપરથી જાણી શકાય છે કે તે પેટલાદ પાસે આવેલા સોજિત્રા ગામનો વતની હતો. તેના કાવ્યની જૂનામાં જૂની પ્રતો મળે છે, તેમાં એક તો સાં. ૧૬૭૫ ની તેના કાવ્યરચન પછી ૧૫ મે વર્ષે ઉતારેલી છે.[૧] પોતાના વિષયમાં તેમ જ કાવ્યરચનના વિષયમાં લખતાં તે ત્યાં જણાવે છે કે—

"સંવત ૧૬ સંવછર ૬૦ સાઠો । માઘ શુદિ પખવાડો જી ।
શુકર વારિ ગ્રંથ સોતાડો । ત્રયોદશીનો ધાઢો જી ॥૨૮॥
હરિકરુણાઇ ત્રીસ કડવાં કિવીયાં । ચૌદ રાગની જાતિ જી ।
પદ પાંચસે ને ચોપન પૂરાં । કૃષ્ણચરિત્ર વિષાત જી ॥૨૯॥
સોજીત્રા સિદ્ધિસ્થાનક માહિ । ગંધર્વ નાતિ પ્રકાશજી ।
ગ્રંથ સમર્પણ કરી ગોવિંદને । પ્રણમે જન દેવદાસજી ॥૩૦॥"

[ કડવું ૩૦મું ]

૩૦ કડવાંનું આ કાવ્ય ભાગવત—દશમસ્કંધના ૫૪ મા અધ્યાયને આધારે કવિએ વિસ્તારથી રસિક રીતે આપ્યું છે. આખું કાવ્ય વીર રસને બરોબર જાળવી સહાયક તરીકે શૃંગાર અને હાસ્યને રાખી કવિએ લખ્યું છે, અને વાંચતાં જરા પણ કંટાળો આપતું નથી. સૈન્યવર્ણન—અશ્વાદિવર્ણન પણ રોચક અને કવિની બહુશ્રુતતાનાં દ્યોતક છે.

આ કવિનાં બીજાં રચેલાં કાવ્યોમાં ભાગવત સાર[૨] અને રાસ-

---

૧ જુઓઃ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૨૯૪

૨ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૮૬૧ અને ફા. ગૂ. સ. હ. લિ. પુ. નં. ૧૨૨ ક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પંચાધ્યાયીનો સાર છે. આમાંનું પ્રથમ કાવ્ય અદ્યાપિ અપ્રસિદ્ધ છે; બીજું છપાયેલું છે.[1] આ પાછલા કાવ્યમાં શ્લોક અને ઢાળ મળે છે; પણ શ્લોક એ કોઈ શ્લોક નહિ પણ ઢાળ પૂર્વેની ચોપાઈની કડી જ છે. એટલે શ્લોકથી નવું કડવું જ શરૂ થાય છે.

આ બંને કાવ્યમાં તેના નામના ઉલ્લેખ સિવાય વિશેષ કાંઇ ઓળખ મળતી નથી. તેવું જ એક પદ બૃ. કા. દો. ભાગ ૮મામાં છપાયું છે,[2] તેમાં પણ "દેવીદાસ" એટલું જ મળે છે.

દેવીદાસ ધર્મે વૈષ્ણવ છે, તેવું તેના "રુક્મિણીહરણ"ના આરંભના મંગલથી જણાય છે: જેવું કે—

"પ્રથમે પ્રણમૂં વૈકુંઠ રાય, શુક સનકાદિક જેને ધ્યાય."

[ કડવું ૧લું ]

રાસપંચાધ્યાયીના આરંભમાં પણ મુખ્યત્વે તે દામોદરનું સ્મરણ કરે છે: જેમકે—

"મનવાછિત પુરણ સદા, દામોદર દયાળ;
આરંભુ ઉત્તમ કથા, તમો કૃપા કરો રી દયાળ. ૧"

ભાગવતસારમાં તે સરસ્વતીનું જ સ્તવન કરે છે. આ ગરબો સામાન્ય છે; જો કે તેમાં આખી ભાગવતની કથાને કવિએ સાંકળી લેવા પ્રયત્ન કર્યો છે.

હવે અહીં દેવીદાસના કાવ્યનો કાંઇક પરિચય મેળવિયે. ઉપર બતાવ્યું તેમ "રુક્મણીહરણ" કાવ્ય વીરરસનું દ્યોતક છે. રુક્મિણીના સ્વયંવરનો પ્રસંગ ભાગવતમાં અપાયો છે, તેને વસ્તુ તરીકે લઈ કવિએ આ કાવ્ય લખ્યું છે. એમાં અન્ય રસોનો પણ સમાવેશ કવિએ પ્રસંગાનુસાર કર્યો છે. લગ્નની તૈયારી નમૂના તરીકે જોઇયે:

"સખી રે સોહામણિ સવે મ્યલી મનિ રલી માંગલ ગાઇ રે ।
મંડપ માંહિ હીડે મલપતુ પુન્યવંતો ભીમક રાઇ ॥૧॥

---

૧ બૃ. કા. દો. ભાગ ૮મા માં પૃ. ૬૬૧-૬૬૭
૨ જુઓ એજન, પૃ. ૬૬૭-૬૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વેગે રે વાડવ તેડાવીયા, આવીયા નીજ ગોર બંભ રે ।
સ્નાન કરીનઇ સામગ્રી કરઇ માંડીઉ સાંતગ-પ્રારંભ રે ॥૨॥
શ્રીફલ ફોફલ બહુ ભાતિનાં દ્રાષ બીજોરડાં સાર રે ।
તિલ જવ વ્રીહી કુંકમ ધરયાં ભલાં ધરયાં ઘૃત અપાર રે ॥૩॥
હાથિ શરૂઉ ને સ્વાહા કરઇ હવન કરઇ રૂપે રૂપ રે ।
ધૂન લાગી બિઇ તહાં વેદની મેદનીમંડન મલા ભૂપ રે ॥૪॥
ચુએ ને ચંદનઇ સહુ ચરચીયા અરચીયા અનેક રાજંન રે ।
નૃતિઇ નાચિ નીજ અપ્સરા બંદીજન બોલિ વ્યન વ્યન રે ॥૫॥
સાતંગ કરી સુર અરપીયા તરપીયા નવગ્રહ દેવ રે ।
અનેક દાંન રે આપીઇ વિપ્રને ગજરથ હેમ તતખેવ રે ॥૬॥
કનકશ્રીંગી ગૌ વત્સશું આપીયાં વસ્ત્ર બહુ વ્યન રે ।
વાડવ સંતોષા રાઇ પ્રીત્યશું તેણે દીધાં આશીરવચંન રે ॥૭॥
વાજિત્ર વાજિ અતિ ઘણાં રૂષમઇઉ હીંડે રલીયાત રિ ।
લગનવેલા આવી ઢૂકડી ઉતાવલા થાઉ તહ્મો તાત રે ॥૮॥"[1]

એક બાજૂ લગ્નની તૈયારી આમ થાય છે, તે જ સમયે રુક્મિણીના હૃદયની જે દશા થાય છે તે કવિના શબ્દોમાં આ પ્રમાણે નીકળી આવે છેઃ

"અરે સખી એહવું આલોચિ મન્ને શે નાવ્યા જુગજીવન ।
અરે માહારે પૂર્વે નથી કાંઈ પૂણ્ય તો કયમ પામીઇ રે ॥૨॥
અરે સખી નૈયણે ઢાલિ નીર અરે ઉર ઊધ્રશી આવૂં શરીર ।
અરે ભ્રાંતિ ભાગી મનિ ધીર હરિ હરિ ઉચરે રે ॥૩॥
અરે સરિ વિપ્ર ન પોહોતુ ઠામિ અરે દિન થોડા તિ દૂર ગામિ ।
અરે તુ કયમ સરિ માહારૂં કામ વિધાતાં શુ કરૂ રે ॥૪॥
અરે મે પાડી સહીઅરમાં હોડિ પારવતી કહૂં કર જોડિ ।
સરિ પડી પૂજતાં ખોડિ ઉમિયા રૂઠડી રિ ॥૫॥
અરે એહવૂં કહીનિ કરિ આંશૂપાત અરે એટલે આવી ત્યાંહાં માત ।
અરે તૂં પુત્રી કરે નિ વાત રૂષમણી કાં રૂઆં રિ ॥૬॥

---

[1] ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૨૯૪ (કડવું ૯મું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અરે ત્યાંહાં વલતી બોલી કુમારિ અરે પીઠી પેઠી આંપિ મોઝારિ ।
અરે તેણે આંશૂં પડિ અપાર તિ મૂહ્ને ધરધરે રિ ॥૭॥
અરે સખી ગુખિ ચઢીને જોઇ અરે રામકૃષ્ણ કહીનિ રોઇ ।
અરે ક્ષણું રૂપ શરીર ન હોઇ વનિતા વલવલિ રે ॥૮॥
અરે તહ્મો સાંભલો નિ મહારાજ અરે પ્રભૂ પ્રગટ થાઉ નિ આજ ।
અરે હૂં પ્રાણ કરૂં છૂં તાજ ત્રીકમ કારણિ ॥૯॥
અરે એહવાં કહ્યાં પ્રીત્યવચન્ન અરે ડાબી આંખિ ફરકી તન ।
અરે અંગિ ભલા હુઇ શુકંન પછિ જુઇ વાટડી રે ॥૧૦॥
અરે એટલિ વિપ્ર દીઠો દૂરિ અરે રૂદિ વ્યાપ્યું સાગરપૂર ।
અરિ તે આવ્યો ધશીને તિ ઊરિ પછિ તેહનિ પૂછીઉ રે ॥૧૧॥
અરિ પછી હરિભટ બોલ્યા વ્યાંણિ અરિ રામકૃષ્ણ આવ્યા નિર્વાણ ।
અરે બુહુ સેન સહીત સુજાંણિ આવીનિ ઉતરચા રિ ॥૧૨॥"[1]

ચોપાઈનાં ત્રણ પદ અને ચોથું નવેક માત્રાનું પદ, એ બંધ નવો જ છે, એ પહેલાં ઘણું કરી જોવામાં નથી આવ્યો. કવિ કૃષ્ણના દેહનું વર્ણન પણ ખરા વીરને છાજતું વર્ણવે છે:

ચુપૈ

"સભા સોહંતી બેઠા ભૂપ ભીમક જોઇ કૃષ્ણ કેરૂ રૂપ ॥૧॥
વિચિત્ર મૂગટ શીશિ હાથિ કંકણા, મણિ માંણાક જડાવ અતિઘણા ૨
શ્રવણે કુંડલ મકરાકારી રત્નજડીત કનકમે સાર ॥૩॥
રક્ત રેષ લોચન વિશાલ જાંણિ અંબૂં પ્રગટો તતકાલ ॥૪॥
ભ્રકુટી ધનુષ તણે આકારિ ગલ્લસ્થલ ઝલહલિ અતિ સાર ॥૫॥
કેસર તિલક વિરાજિત ભાલ અધરબિંબ ફલ શોભિત લાલ ॥૬॥
વિવિધ વિનોદ કરિ બહૂ હાસ જાણિ દિનકર કર્ણ પ્રકાશ ॥૭॥
દશનયોતિ ઝગ હીરા જાંણિ નિજ નાશકા શુકચંચુ-પ્રમાણિ ॥૮॥
કંઠિ કૌસ્તુભ મણિ મુક્તાહાર શ્રીવછલાંછન હૃદિ મુઝારિ ॥૯॥
મેઘશામ તન કોમલ કાંતિ પીતાંબર પેહિરચાં બહૂ ભાતિ ॥૧૦॥
ભુજા પ્રચંડ આયૂધ અંકિત જડિત મૂદ્રિકા કરિ શોભિત ॥૧૧॥
ઊરિ શોહે વિજયંતી માલ કટિ કંકિની મેષલા રસાલ ॥૧૨॥

---

૧ એજન, કડવું ૧૦મું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લાલ મોજડી ચરણે સોઇ તે દેષી ભીમકનૂં મન મોહિ ॥૧૩॥
નખ શીષા લગે નેહાલ્યૂં તંન યહાં જુઇ તેહાં અટકે મંન ॥૧૪॥
યાદવ કુલમાંહિ હરિ અદ્યોત યમ તારામંડલ માંહિ શશીહરજોતિ ।૧૫।”૧

આવાં ઘણાં સુંદર વર્ણનો આવે છે. પણ કાવ્યમાં પ્રધાન રસ તો વીર હોઈ તે મુખ્યત્વે ખીલ્યો છે, તે ખૂબ ધ્યાન ખેંચે છે. રુક્મિણીના હરણ પછી શિશુપાલના યોદ્ધાઓ અને મળતિયાઓ કૃષ્ણ પાછળ ધસી ગયા તેનું વર્ણન જુઓઃ

“નોહોતરે જે આવ્યા હો તે તાં ચઢીને ધશીયા જી ।
ટોપ કવચ સહૂ સજીયા હો આયૂધ અંગિ તે કશીયા જી ॥૨॥
હિગે સહૂ સૈંદલ મ્યલીયા હો કટક ક્ષોણી પંચાણૂં જી ।
ચતુરંગી સેના સુંદર હો શોભા સીઅ વષાણૂં જી ॥૩॥
અનેક સજી રથે ચાલ્યા હો પવનવેગે સાંચરીયા જી ।
ધ્વજા ચમર ને સારથી હો અશ્વ ભલા જોતરીયા જી ॥૪॥
શીગલ શરોમણિ હસ્તી હો છાઉઆ મહાગજજાતિ જી ।
ઘૂઘરઘંટ સમારચા હો કકૈક થાપા ભાતિ જી ॥૫॥
મેગલ યૂથ નીસરીયા હો નેજા અંબાડી ઢલકે જી ।
સબલ પુતાર અંકુશશું હો સનાહ સાકલાં ષલકે જી ॥૬॥
સૂરજવંશી તાજી હો દોરી આગલિ કરીયા જી ।
એક એકપિ અધિકા હો જહરિ જીણ પાષરિયા જી ॥૭॥

× × ×

માહાદલ ધસમસ ધાઇ હો વાજિત્ર બહૂવિધ વાજિ જી ।
વાજિ લાગિ બહૂ બણયા હો ઢોલ ત્રબાલૂ ગાજિ જી ॥૧૪॥
શંષશબ્દ શરણાઇ હો મદનભેર રણકાલા જી ।
ડાડિ દડવડી ડાકલ હો ટાંગલૂ નિ કંસાલા જી ॥૧૫॥
રણતૂર ને વંશ મહૂઅરિ હો નફેરી ચહેચાટ જી ।
ગડિ નીસાણ ગમોગમિ હો વીર કરિ ગહિઘાટ જી ॥૧૬॥

---

૧ એજન, (કડવું ૧૨મું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ષડગ ને પેડાં નાંખ્યાં હો આયૂધ ધરયાં અનેક જી ।
ધનૂષ બાંણ કટિ ભાથા હો ફરશી ગદા વશેષ જી ॥૧૭॥
નાલ ગોલિ હવાઇ હો ભલા ભલા હથીઆર જી ।
કમરિ કટારી ષપૂઆ હો સુંદર રાજકુમાર જી ॥૧૮॥
જીરાગોલિ હાથનાલા હો ચક્ર ચલાવણહાર જી ।
ધનૂરવિદ્યાના ધીર હો સાધક સૂભટ અપાર જી ॥૧૯॥"[1]

રુક્મિણી અને કૃષ્ણ વચ્ચેની "યાદવજી" "કહું પ્રીતમજી" એ દેશી પણ ખાસ ધ્યાન ખેંચે છે, જે દૂહાબંધમાં જ છે. એવી જ એક દેશી "લાખેણી લાડી લઇ વલ્યો" એ, વિષમ–સમ પદને અંતે આવતી ધ્રુવવાળી પણ આકર્ષક છે, જેમાં ચોપાઈબંધ છે. 'છબીલા દોરડો કયમ છૂટસિ" એ તો ઓખાહરણથી જાણીતી દેશી છે; અને લગ્નવાળાં કાવ્યોમાં બધે જ વ્યાપક છે.

કોઇ "દેવદાસ"ની છાપનો અશ્વમેધ તૂટક મળે છે.[2] એ વર્ગબદ્ધ કાવ્ય છે. ૩જાથી ૧૪મા સુધીના વર્ગોમાંથી ૩જાથી ૬ઠ્ઠા સુધીના વર્ગોને અંતે "કહિ દેવદાસ" કે "કહિ દ્વિવદાસ"ની છાપ મળે છે. આ કાવ્યમાં ચંદ્રહાસનું આખ્યાન વર્ગ ૯ થી શરૂ થાય છે, તે જરા મોટું છે. આ કાવ્ય જૈમિનીય અશ્વમેધને આધારે બંધાયેલ જણાય છે. તેમાં ખાસ ચમત્કૃતિ જણાતી નથી. ભાષા ઉપરથી એ કાવ્ય વિક્રમના સત્તરમા શતકનું જણાય છેઃ

"ત્રટિ રમંતાં તાજી હણહણૈ તૈ વિષઆઐ શ્રવણિ સૂણૈ ।
ચાલીનિ આવી એકલી દીઠી વાત અનોપંમ ભલી ॥૪૦॥
તરૂઅરસૂ બાંધ્યુ તોખાર પુઠો પરષસરોમણિ સાર ।
મંન માહે વર માંનુ જંમ ફાટિ કાગલ ડીઠૂ તંમ ॥૪૧॥
પૂ૦—કાઢીનિ ઉવેલઉ વાચી કરો વચાર ।
અયે અક્ષિર આહાં ઘટિ ચૂકા તે નીરધાર ॥૪૨॥
એઉ આલિપી કરી અંજન હૂતુ અંગિ ।
પાછો મેહેલુ ફાંટમાં બીડો બુદ્ધ પ્રસંગિ ॥૪૩॥

---

૧ એજન, (કડવું ૧૮મું)

૨ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૧૧૦૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પછી આવી સહી રનિ, મલી સઘલી પૂછિ વાત ।
વિપચાને વર સંપનો મુખની એહ વીગ્રાત ॥૪૪॥
સહૂ સહૂનિ મંદિર ગઈ તવ જાગ્યો ચંદ્રાસ ।
મંદિર આવ્યા મદનને ઊચા હતા અવાસ ॥૪૫॥"[૧]

આ દેવીદાસ છે કે દેવદાસ એ એક જ પ્રત મળતી હોવાને કારણે ચોક્કસ કહી શકાતું નથી; તેમ કાવ્ય તૂટક મળતું હોવાથી નિશ્ચય નથી થઈ શકતો કે આ કૃતિ દેવીદાસ ગાંધર્વની જ છે.

બૃ. કા. દો. ભાગ ૧ માં છપાયેલા "નાનો ઇશ્વર વિવાહ" એ કાવ્યનો કર્તા દેવીદાસ કોઈ વાસાવડનો વતની (સંભવતઃ નાગર) છે. એ બીજો જ છે. વળી એક ભાલોદ–નાંદોદનો વતની દેવીદાસ પણ થઈ ગયો છે, જેનો હરસિદ્ધ માતાનો ગરબો મળે છે.[૨] એ પણ આ સોજિત્રાના ગાંધર્વ દેવીદાસથી જુદો છે.

ઉપરનાં અવતરણોથી જણાશે કે કવિના સમયની ભાષા મધ્ય. ગૂજ.ની ૪થી ભૂમિકા જે હતી, તે તેના "રુક્મિણીહરણ"ની સાં. ૧૬૮૫ ની પ્રતની ભાષામાં સચવાઇ રહી છે. રુક્મણીહરણમાંથી લગ્નનાં કેટલાંક ગીતો છૂટાં પડયાં છે, તે સ્ત્રીઓમાં અદ્યાપિ પર્યંત ગવાય છે,[૩] એ વસ્તુ ખાસ લક્ષ્યમાં લેવા જેવી ગણાય.

ચરિતસામગ્રીઃ

૧. ગૂજ. સા. ના માર્ગ-સ્તંભો દી. બ. કૃ. મો. ઝવેરીકૃત
૨, બૃ. કા. દો. ભાગ ૬ઠ્ઠો–૮મો (ગૂજ. પ્રેસ મુંબઇ).
૩. ગૂ. વ. સો. હ. લિ. પુ. સંગ્રહની યાદી અને હાથપ્રતો
૪. ફા. ગૂ. સ. હ. લિ. પુ, યાદી–ભાગ ૨જો

---

૧ એજન, વર્ગ ૧૧મો
૨ પુરુષોત્તમ વિશ્રામ માવજીનો સંગ્રહ, નં. ૬૯
૩ જુઓ ગૂજ. સા. માર્ગ–સ્તંભો, પૃ. ૯૮–૯૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# મનોહરદાસ

[ સં. ૧૬૬૦માં હયાત ]

**વિક્રમની** ૧૭ મી સદીમાં મહાભારતને ગૂજરાતી પદબંધમાં ઉતારનારા પૌરાણિક કવિઓમાં મનોહરદાસે પણ આદિપર્વનો તેવો ગૂજરાતી સાર આપી થોડો ફાળો આપ્યો છે. એણે વિષ્ણુદાસની જેમ મહાભારતની મૂલ કથાને પ્રામાણિક રીતે અનુસરી સાર આપવાનો પ્રયત્ન કર્યો છે. એના આ કાવ્યની સંપૂર્ણ એક જ પ્રત અત્યારે મળે છે.[1] આ કાવ્ય મૂળને પ્રામાણિક રીતે અનુસરતું હોવાને કારણે પાછળથી કોઇ મોહનદાસ નામના માણભટ્ટે, સં. ૧૬૪૪માં રચાયેલા હરિદાસના આદિ પર્વ સાથે એને ગૂંથી એક સંકીર્ણ કાવ્ય ઊભું કરેલું છે, જેની એક સારી પ્રત પણ મળે છે.[2]

મનોહરે આ પર્વ સં. ૧૬૬૦માં બાંધ્યું છે, જેનો તેણે તેના કાવ્યને અંતે ઉલ્લેખ કર્યો છે. એ સિવાય પોતાના વિષયમાં એ બીજી કાંઇ માહિતી આપતો નથી. એણે આ સિવાય બીજાં પર્વો રચ્યાં હોય તો તે આજે મળી શકતાં નથી.

આ કાવ્યમાં મનોહરે પોતાની છાપ કયાંક કયાંક આપી છે. જેવી કે ૨ જા કડવાને અંતેઃ

"સ્તવન તમારૂં હુ કરુ છું પૂરજ્યો મનનિ આસ ।
મૂજ દિન ઉપર દયા કરય્યો કહે **મનોહરદાસ**" ॥૧૨॥"[3]

---

૧ ગૂજરાતી પ્રિ. પ્રેસ. મુંબઇના સંગ્રહમાં નં. ૩૨૧ની હાથપ્રત, આ ઉપરાંત ડાહીલક્ષ્મી લાઇબ્રેરી–નડિયાદમાં નં. ૮–૨ની એક ૪૩ કડવાં સુધીની ત્રૂટક પ્રત પણ છે.

૨ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૨૨૫; બીજી નં. ૩૪૫ની પ્રતમાં બે વિભાગ છે, જેમાં મનહરનો ભાગવત–પ્રસંગ અલગ બાંધવામાં આવ્યો છે.

૩ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૩૪૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ કાવ્યનો આરંભ કવિએ જનમેજયના યજ્ઞથી કર્યો છે, જેને બદલે હરિદાસે તો ભારતકથોપક્રમ કરી પૌષ્યપર્વથી જ આરંભ કરેલો; એટલે જ પૂર્તિ કરવા કોઈ મોહનદાસે બંને પર્વોને સેળભેળ કરી આખું આદિપર્વ સંકીર્ણ ઊભું કરેલું. મનોહરે તો વચ્ચે કૃષ્ણ અને અર્જુનના સંવાદમા કલિયુગનું વર્ણન આપ્યું છે, જેના પછી પરીક્ષિતે કલિયુગને રહેવાને સ્થાન આપ્યાં તે કથા ભાગવતાનુકૂળ આપી છે. અને ધન્વંતરિ તક્ષકનો પ્રસંગ આપી પછી આદ્ય વંશાવળી શરૂ કરી છે. કવિએ ક્યાંક ક્યાંક પ્રસંગ ઠીક ચીતર્યા મળે છે. દુષ્યંત અને શકુંતલાનો પ્રસંગ જોઇયે:

"ગર્ભ થાયે ઉતાવલો નેં પુષ્ટ થાયે બાલ ।
આંહે એહને કયમ પ્રસવૂ લોક બોલે આલ ॥
વરસ ત્રણ્ય થવ વહી ગયાં ને ગર્ભ રહ્યો પેટ મોઝાર ।
અબલા તે હિડે આકલી ને દોહીલી થાયે નારય ॥
મંદિર માંહ્યે નવ્ય રહેવાયેં બાહારચેં શુભ વા વાયે ।
પાષલ્ય પુષ્પ પ્રીત ને વનની શોભા ત્યાંહાં નારય ફેરા થાય ॥
પછે તે તાં પ્રસવ થયો તે કૂઅર રૂપનિધાન ।
સોલ કલા શીશીવર્ણ સુંદર મન તણી પોહોતિ હાંમ ॥
એમ કરતાં પોઢો થયો નેં વરસ ત્રણ્યનો બાલ ।
અદ્ભુત એહવાં આચરે માહા મોટાં માડે આલ ॥
વન મધ્ય જાયે વાઘ સાહ્યે આણે સુહર નેં રિછ ।
રમત્ય-મશે સાહી લ્યાવે મોટા મોટા ભીછ ॥
હસ્તીનાં દલ હાંકિ લ્યાવે જાંણ્ય નગરનિવાશી ભુડ
દમે તેહને અતિ ઘણુ ઉપરય થાએ આરૂઢ ॥
રૂખી સઘલા મ્યલિને બેઠા હવે કરવૂં કયમ ।
સર્વદમન નાંમ એહનુ પરઠ્ઠ વલતા બોલ્યા ઈમ ॥

× × ×

કર્ણ્વ વાંણી એમ કહે સંકૂતલા સુણ્ય વાત ।
પુત્ર તાહારો પ્રાક્રમી દુઃખ પમાડો સાથ ॥

× × ×

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એમ કરતાં આવીયાં પોહોતાં નગર મોઝારય ।
ચાલતાં ચરણ ચાલે નહિ વિમાંસે મન્ય નારય ॥
દુ:કંતે દિઠિ આવતી બાંહે વલગુ બાલ ।
લોકમાં માહારી લાજ જાશે મીથ્યા ચઢશે આલ ॥

× × ×

ઘડી બે ઉભી રહી ને કો ન પુછે વાત ।
મન માહે પાવક પ્રજલે આ શો દિસે છે ઉતપાત ॥
વનિતા તે વાંણી ઉચરે સાંભલો શ્રીભૂપાલ ।
માહા વન માંહે મુકી એકલી હૂ રહિ તમારે શર્ણ્ય ॥

× × ×

વલતો રાજા ઉચરે રે સાંભલ્ય સાચૂં નારય ।
કૂડો વાદ તૂ કાં કરે રે મીથ્યાવચન નિવારય ॥

× × ×

પછે તે પાવક પરજલ્યો ને ઝાલ્ય ગૈ બ્રમાંડ ।
માહારો ત્યાગ તમ્યો કરચો તો શરીર કરૂં શતખંડ ॥

× × ×

આ કૂંઅર લોને તમ તણો એ માંહ્યે તમારૂં તેજ ।
હવે હૂ પ્રાણ કાઢૂ માંહારા કરૂં અવનિસય્ય" ॥[1]

એકંદરે કથાનું સાતત્ય જાળવવાનો તેનો પ્રયત્ન છે, એમ છતાં તે વિશિષ્ટ રીતે દીપી ઊઠે તેવું કાવ્ય આપી શકતો નથી.

મનોહરની ભાષાનો નમૂનો ઉપરનાં અવતરણમાંથી મળી રહે છે. મધ્ય. ગૂજ.ની ૪થી સંકીર્ણ ભૂમિકા એમાં સ્ફુટ છે.

આ કવિનું આ ઉપરાંત કોઈ બીજું કાવ્ય જણવામાં નથી આવ્યું.

ચરિતસામગ્રી:

૧. ગૂજરાતી પ્રેસ, મુંબઇ. હ. લિ. પુ. નં. ૩૨૧
૨. મહાભારત-પદબંધ, ભાગ ૧લો (કે. કા. શાસ્ત્રી સંપાદિત)
૩. ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૩૪૫

---

૧ એજન (સંકીર્ણ કડવાં ૧૦–૧૧ માંથી)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# રામભક્ત

[ સં. ૧૬૬૦માં હયાત ]

**ભ**ગવદ્ગીતા અને ભાગવત ઉપર જ ધ્યાન આપી કવિતા રચવાનો પ્રયત્ન આ પૂર્વે ખાસ થયો જાણવામાં નથી. અપવાદરૂપે ભીમે, પણ તે માત્ર ભાગવત તરફ લક્ષ્ય દોડાવી "હરિલીલા-ષોડશકલા" માં સમગ્ર ભાગવતનું કથાનક બાંધ્યું. બાકીનાઓમાં ભાલણ, લક્ષ્મીદાસ વગેરેએ દશમસ્કંધ, ઉપરાંત કોઇ કોઇ કવિએ ભાગવતના કોઇક પ્રસંગને લઇને છુટકર આખ્યાનો લખ્યાં છે; પણ ભગવદ્ગીતા ઉપર તો નહિ જ. વિષ્ણુદાસનો ભીષ્મપર્વમાં પ્રયત્ન ખરો, પણ તે ત્યાં ગૌણ રીતે જ. પ્રધાન રીતે તો કોઇનો જ નહિ. ભગવદ્ગીતા ઉપર પ્રથમ કલમ ચલાવનાર આપણને રામભક્ત મળે છે. એણે ભગવદ્ગીતાનો સાર અધ્યાયવાર કવિતામાં સં. ૧૬૬૦માં બાંધી આપ્યો છે; જેમકે

"વેદાંત મત ગીતાનું જ્ઞાન તે ઉપર કીધૂં આક્ષાંન,
શ્રીગુરુચરણકૃપાયેં કરી અમ્રુત હરીરસ મુકયો ભરી
જ્ઞાન વતી કરી પીછે જેહ મુક્ત રૂપ નર જાણીએ તેહ
સવત ષોડષ સાઠોતરે આસો માસ પક્ષ ઉજલે
દીન દ્વાદસી નિ રવિવાર કથા હવી પુરણ વિસ્તાર
જ્યોગસાહાસેં બ્રમવિદ્યાય શંન્યાસ યોગ અષ્ટાદશોધ્યાય."૧

આ કવિએ "રામભક્ત" એ નામે કાવ્યો લખ્યાં છે. એ છાપ ભગદ્ગીતામાં છે તેમ બીજાં કાવ્યોમાં પણ છે:

(૧) ભગવદ્ગીતા

"રામ ભગત કેહે સાંભલો શ્રીહરી રહીતકાંમના મે સ્તુત કરી ॥
વેદાંતમત ગીતાનું જ્ઞાન તે ઉપર મે કહ્યું આક્ષાંન" ॥૨

---

૧ ફા. ગૂ. સ. હ. લિ. પુ. નામા. ભાગ ૨જો, પૃ. ૪૦૨ (નં. ૧૪૩ ખ–સં. ૧૭૨૯ની નકલ જૂનામાં જૂની.)

૨ એજન, પૃ. ૨૧ (નં. ૫૫–૭ની હાથપ્રત સં. ૧૭૫૯ની)



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૨) અંબરિષ આખ્યાન

"રામ ભગત કહે વીનતી મુને કીરપા કરો જુગદીશ ॥
તાહારી ભગ્તી નીસ્ચલ આપીએ ચરણે નામુ શીશ" ॥[1]

(૩) કપિલ મુનિનું આખ્યાન

"વીષ્ણુલોક તેહની નહી દુલભ જેહેનિ હરીનુ ધ્યાંન ॥
રામભક્તને ચરણે રાખો..................ભગવાન" ॥[2]

(૪) ભાગવત–એકાદશસ્કંધ

"ત્રુટે બંધન કર્મ હરીસેવા જેણે લહી રે ॥
ભટ નારાએણ વૈંકુઠ કથા કહી રે ॥
રશ કુળવીઓ.......................... ॥
મેળવીઓ પદબંધ રામભક્ત ગાઉ દારા રે ॥
શ્રીગુરુચરર્ણપશાઅ એ કથા આક્ષાંન પુરણ કરૂ રે ॥
રામભગત ગુણ ગાએ તંન મન હરીચરણે ધરૂ રે ॥"[3]

(૫) યોગવાસિષ્ઠ

"અભીમુગ્તી હોશે રઘુવીર નહી લેપે જેમ પંકજ નીર ।
રામભગત ગ્રાંણો શરવથા શરગ એકવીશમે એ કથા" ॥૩૧॥

આ કાવ્યમાં "શ્રી વીશ્વનાથ–વદન થકી શાંભલુ અચ્યુતગ્નાન" એવી એક પંક્તિ આવે છે. ઉપરના એકાદશસ્કંધમાં " ભટ્ટ નારાએણ વૈકુંઠ" પાસેથી જેમ તે કથા સાંભળી ગૂજરાતીમાં લખી છે, તેમ સંભવતઃ "શ્રીવિશ્વનાથ" નામના ભટ્ટ કે વ્યાસ પાસેથી સાંભળી આ કાવ્ય લખ્યું જણાય છે.

જેમાં કર્તૃત્વની શંકા જ નથી એવી આ પાંચ રામભક્તની કૃતિઓ છે. રાસપંચાધ્યાયી અને ભાગવત–દશમસ્કંધ એ બે કૃતિ

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૩૩૪ (પમું કડવું) (સં. ૧૭૬૨ની પ્રત)

૨ ફા. ગૂ. સ. હ. લિ. પુ. નામા. ભાગ ર્જો, પૃ. ૨૨૮ (નં. ૧૦૯ ગ–કડવું પમું)

૩ એજન, પૃ. ૨૧૪ (નં. ૧૦૨ છ–કડવું ૧૯મું)

૪ એજન, પૃ. ૨૩૫, (નં. ૧૧૦ ક, સં. ૧૭૮૭ની હાથપ્રત)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સારસ્વત વિપ્ર રામની છે; અને એ રામે ભાગવત-દશમસ્કંધના અધ્યાયોને અંતે એની ઓળખ પણ અત્ર તત્ર આપી છે; જેવી કે

"સુકજી રાયે તણો સંવાદ શ્રીમત કથા પરંમ અહલાદ ।
**વિપ્ર સારસ્વત** કહે કવિ **રામ** અધ્યા સપ્તદશા એણે ઠાંમ" ॥[1]

ભાગવતનો તૃતીયસ્કંધ જો જુદો ન રચ્યો હોય તો તે રામભક્તનું ઉપર આવી જતું કપિલમુનિનું આખ્યાન હશે, કેમકે રામભક્તે શરૂઆતમાં "તૃતીયસ્કંધ"નો પ્રયોગ કર્યો છે; જેમકે

**"ત્રતીય સ્કંધે** અધ્યા તેત્રીશ નિરોપણ નીરધારીયે ।
ચોવીસ પુઠિ નવ રહ્યા તે કપીલમુખે વિસ્તારીયે" ॥૪॥[2]

ભાગવત ષષ્ઠસ્કંધ, કયા રામની કૃતિ છે, તે નક્કી થઇ શકતું નથી.

ત્યારે રામભક્ત કોણ અને કયાંનો એ આમાંથી નથી મળતું; માત્ર તે સં. ૧૬૬૦માં હયાત હતો એટલું જ પ્રાપ્ત થાય છે. આ કવિની ભગવદ્ગીતાની શરૂઆતની કડીઓને કાઠિયાવાડમાં કુતિયાણાના કવિ તુલસીસુત વૈકુંઠે પોતાના ભીષ્મપર્વમાં લીધેલ છે, એ જોતાં કદાચ રામભક્ત કાઠિયાવાડ બાજૂનો હોય તો સંભવે તેમ છે. અને જો તે કુતિયાણાનો જ વતની હોય અને ભાગવત–દશમસ્કંધનો રચનારો અને તે એક હોય તો તે જ્ઞાતિએ સારસ્વત બ્રાહ્મણ સંભવી શકે. તુલસી અને વૈકુંઠની જ્ઞાતિ સારસ્વત જ હતી. સારસ્વત બ્રાહ્મણોની વસ્તી કુતિયાણામાં ઘણા કાળથી હોવાનું સિદ્ધ છે, અને તુલસી અને વૈકુંઠ વિક્રમના સત્તરમા શતકના ઉત્તરાર્ધમાં તો ચોક્કસ કુતિયાણામાં હયાત હતા. છતાં રામભક્તના નામવાળી તેનાં કાવ્યોની પ્રતોમાં કયાંય પણ તેના કાઠિયાવાડી સારસ્વત વિપ્ર હોવાનું સૂચન પ્રાપ્ત થતું નથી. ગજેંદ્ર-મોક્ષ અને સ્વર્ગારોહણીનો[3] કર્તા રામકૃષ્ણ કુતિયાણાનો કનોજિયો બ્રાહ્મણ વૈકુંઠનો સમકાલીન હતો, એ જુદો જ છે. આમ આપણે

---

૧ ગૂ. વ. સો. હ. લિ પુ. નં. ૮૨૫ (અધ્યાય ૧૭ મો)

૨ ફા. ગૂ. સ. હ. લિ. પુ. નામા. ભાગ ૨જો, પૃ. ૨૨૮ (નં. ૧૦૯ સં. ૧૭૪૮ની પ્રત)

૩ ગૂ. હાથ.ની સંકલિત યાદી, પૃ. ૧૮૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નિશ્ચયપૂર્વક કહી શકવાની સ્થિતિમાં નથી કે રામભક્ત અને રામ સારસ્વત અનન્ય છે.

રામભક્તનું નામ શ્રી અં. મુ. જાનીએ અને તેમને અનુસરી મારા તરફથી નારાયણ ભટ્ટ આપવામાં અવેલું, પણ સંદર્ભ જોતાં તે રામભક્તના ગુરુનું નામ જણાય છે. (જુઓ ઉપરનું કપિલમુનિનું આખ્યાન). તેવું વિશ્વનાથ પણ સંભવતઃ ગુરુનું નામ છે. (જુઓ ઉપરનું યોગવાસિષ્ઠ). ખંભાતમાં લગભગ આ જ સમયમાં સં. ૧૬૬૩માં વિશ્વનાથ વ્યાસ નામના વ્યાસ પાસેથી કથા સાંભળી વિષ્ણુદાસે ભીષ્મપર્વ બાંધ્યું છે.[3] તે અને આ વિશ્વનાથ એક હોય તો રામભક્ત ખંભાતનો હોઇ શકે. ભગવદ્ગીતાની જૂનામાં જૂની હાથપ્રત સં. ૧૭૨૯ની કોઇ ભગવતીદાસ શીરંગજી નાગર થંભાયતીના હાથની મળે છે: પણ માત્ર આ એક પુરાવા પરથી રામભક્તને ખંભાતનો ન ઠરાવી શકાય. રામભક્તને અમદાવાદ જિલ્લાનો માનવામાં આવ્યો છે, તેને માટે પણ આપણી પાસે કોઈ સદ્ધર પુરાવો નથી.

રામભક્તનું વલણ જ્ઞાન તરફ છે અને તેને જ કારણે ભગવદ્-ગીતા, કપિલમુનિનું આખ્યાન, યોગવાસિષ્ઠ અને ભાગવત એકાદશ સ્કંધનો એણે અનુવાદ કર્યો છે. આ વિભાગોને બીજાઓ ભાગ્યે જ સ્પર્શે છે. નરહરિએ યોગવાસિષ્ઠ, ભગવદ્ગીતા, જ્ઞાનગીતા, પ્રબોધમંજરી, ભક્તિમંજરી, હસ્તામલક વગેરે જ્ઞાનમાર્ગીય ગ્રન્થો ગૂજરાતીમાં સં. ૧૬૭૨–૯૯ વચ્ચે આપ્યા તે પૂર્વેનો રામભક્તનો પ્રયત્ન છે; જોકે વચ્ચે ગાળો બહુ મોટો નથી. આ દૃષ્ટિએ વિચારતાં માંડણ બંધારા પછી અને અખાની વચ્ચે થયેલા જ્ઞાનપ્રિય કવિઓમાં રામભક્ત જૂનો ઠરે છે. તે પછી નરહરિ, બૂટિયો અને ગોપાલદાસ એ અખાના સમકાલીન કવિઓ આવે છે. પણ માત્ર અનુવાદકો હોવાથી રામભક્ત અને નરહરિનું વ્યક્તિત્વ દીપતું નથી.

---

૧ ફા. ગૂ. સ. હ. લિ. પુ. નામા. ભાગ રજો, પૃ. ૨૧૪

૨ ગૂજ. હાથ. સંકલિત યાદી, પૃ. ૧૮૧

૩ આ પૂર્વે પૃ. ૩૧૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રામભક્ત અનુવાદક હોવાને કારણે અને વિષય તરીકે જ્ઞાન લીધું હોવાને કારણે કવિ તરીકે કાંઈપણ સ્થાન મેળવી શકતો નથી. એ એક સારો સારબદ્ધ અનુવાદ કરનારો છે, એ સિવાય એને બીજું કાંઈ વિશિષ્ટત્વ આપણે આપી શકતા નથી. એના પાંચ કડવાંના અંબરિષ આખ્યાનમાં પણ કશો દમ નથી. ગીતાના સારાનુવાદનો તેનો નમૂનો જોઈયેઃ

"અરજુન આદ વરખ એક જાણ તેહનાં ઊચાં મૂલ પ્રમાણ ।
વાએક સાખા ગૂણતાં ત્રણ અજીત પૂરૂખ જનમ ને મરણ ॥૧॥
કરમ લક્ષણનું જાંણે મુલ સુખદુખ બહુ એક ફલ ને ફૂલ ।
એહેવા આદે ફલ સંસાર તેહેને વખે તુ ગ્નાંન વચાર ॥૨॥
ગ્યાન લક્ષણ ખડગ છે જેહ કરમમુલને છેદે તેહે ।
માહારે વખે તુ તાં બુધ આંણ સરવ વીખે મુહુને કરી જાંણ ॥૩॥
એહેવા કરમમુલ છેદસે વલતો ગ્નાંન મારગ પાંમસે ।
તેણે કરી છુટે સંસાર માહારૂ પદ પાંમે નરધાર ॥૪॥
સગ-દોખ-મદ-વરજીત જેહે ગ્નાંન વખે તતપર હોએ તેહે ।
સુખદુખ સમે લે તે ગ્નાંન અવીચલ પદ પામે નરવાંણ ॥૫॥"[1]

પંદરમા અધ્યાયની શરૂઆત આ પ્રમાણે આપી છે. ભાષાની દૃષ્ટિએ જોતાં તેની ગીતાની જૂની પ્રતમાં મધ્ય. ગૂજ.ની ૪થી ભૂમિકાનું સ્વરૂપ સચવાયેલું મળે છે, જેનો નમૂનો ઉપર એક ખંડમાં[2] આવી જાય છે.

આ કવિએ જ્ઞાનમાર્ગીય ગ્રંથોના અનુવાદોનો માર્ગ કરી આપ્યો છે, એટલા પૂરતો એ ગૂજરાતી સાહિત્યના ઇતિહાસમાં ઉપયોગી છે.

ચરિતસામગ્રીઃ

૧. ગૂ. વ. સો. હ. લિ. પુ. સંગ્રહની હાથપ્રતો

૨. ફા. ગૂ. સ. હ. લિ. પુ. નામાવલી, ભા. ૨જો (શ્રી અં. બુ. જાની-સંકલિત)

---

૧. ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૧૬૮

૨ આ પૂર્વે પૃ. ૪૨૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# શિવદાસ

[ સં. ૧૬૬૭–૭૭ માં હયાત ]

વિષ્ણુદાસના ઉત્તર કાળમાં ખંભાતમાં જ થયેલો અને સંભવ છે ત્યાંસુધી વિષ્ણુદાસ જેટલી શક્તિ ન હોવા છતાં પોતે એનાથી ઊણો ન જણાય માટે સાહિત્યપ્રવૃત્તિમાં પડેલો શિવદાસ પણ પોતાની ૧૨ જેટલી નાની મોટી કૃતિથી વિક્રમની ૧૭મી સદીના ઉત્તરાર્ધનો છઠ્ઠો સાતમો દાયકો અલંકૃત કરી ગયો છે. તેણે પોતાના વિષયમાં લગભગ બધી કૃતિઓમાં થોડો ઘણો પરિચય આપ્યો છે. નિર્વિવાદ રીતે તેની જ કૃતિ તરીકે મળતું " પરશુરામનું આખ્યાન " એ તેની પ્રથમ કૃતિ છે:

" સંવત **સોળ સડસઠ** વર્ષે, માઘ માસ પાવન;
શુકલ પક્ષ સપ્તમી શુભ છે, રવિવાસરનો દિન. ૧૬
તે દહાડે આખ્યાન કર્યું મેં આણી મન ઉલ્લાસ;
શ્રીગુરૂચરણકૃપા યકી, બુદ્ધિ આપી **ભૂધર વ્યાસ**. ૧૭
કવિકુળ ક્ષુદ્ર નાત **નાગરની**, વીશાવશા શુભ જાત;
મહીસાગર તટ **સ્તંભતીર્થે**, કવિ વસે છે સાક્ષાત. ૧૮

× × ×

સદા ભક્ત **કામેશ્વર** કેરો, ગુરુનો પદ મહિયાય;
કહે **શિવદાસ** મુને ચરણે રાખો, સ્વામી વૈકુંઠરાય. ૨૦"

( કડવું ૧૨મું )[1]

આ અવતરણમાં તેના વિશે તે આવશ્યક વીગત આપી દે છે. એ ખંભાતનો વતની, એના ગુરુનું નામ ભૂધર વ્યાસ, પોતે જ્ઞાતિએ –નાગર–વીશાવશા વૃદ્ધ નાગર–વડનગરો, અને કામેશ્વર મહાદેવનો તે

---

૧ પ્રા. કા. ત્રૈ. ૩–૪, પૃ. ૨૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભક્ત હતો. પરશુરામ આખ્યાન તેણે (૧૨ કડવાંનું) સાં. ૧૬૬૭માં રચ્યું છે.

આ વ્યાખ્યાન રચ્યા પછી ૮મે દિવસે માત્ર ત્રણ જ દિવસમાં તેણે કૃષ્ણના બાળચરિત્રની કથા રચી નાખી છે તે વિશે એ જાતે નીચે મુજબ જણાવે છે:

"ધંન્ય ધંન્ય યે કો સાંભલે કાન્ય । જન **સીવદાસ** વદે મૂક્ષ વાંણ્ય ॥
માહારો શ્રીગુરુ **વ્યાસ** ભૂધર શ્રુતિજ્ઞાત । નીગમ ચ્યાર ધરિ યે હાથ ॥
તે મુક્ષથી કથા.........ન । સાંભલ્યા ગુણ શ્રીભગવાંન ॥૪૮॥
હું તેહના ચર્ણકમલની રેણ । સકલી કીપા મૂને કીધી તેણ્ય ॥૪૯॥
એ કથા ભાગવત દશમ સ્કંધ । **બાલચરીત્ર** કીધો પદબંધ ॥૫૦॥
સંવત **સોલ સડસઠા** ધંન્ય । માઘ માસ પૂર્ણમાનો દીન ॥૫૧॥
તે દાઢે કથા ગૂરુમુક્ષથી લીધી । **ની દીન ત્રણ્યમાં** પૂરણ કીધી ॥
પદ પાંચસહે ઉપરિ બાવંન । કડવાં ત્રેવીસ કીધાં પાવન ॥૫૩॥
કવીકૂલ શુભ જ્ઞાતિ **નાગરની** । વાસ **ત્રંબાવટી** ત્રટ સાગરની ॥૫૪॥
કહે **શીવદાસ** હું તાહરો બાલ । સદા ભકત્ય આપો ગોપાલ ॥૫૫॥"
(કડવું ૨૩મું)[૧]

જેમ "બાલચરિત્ર" તેણે ત્રણ દિવસમાં રચી કાઢયું છે, તે જ પ્રમાણે "જાલંધર આખ્યાન" પણ ત્રણ જ દિવસમાં રચી કાઢયું છે. એ વિશે તે લખે છે કે—

"કવીકુલ શુભગ્નાત **નાગરની** । વાસ **ત્રંબાવટી** ત્રટ શાગરની ।
માહારો શ્રીગૂરૂ **વાસ ભૂદર** શુભજાત । નીગમ ચારે ધરે હાથ ॥૨૦॥
એ કથા ગૂરૂ મૂંખથી લીધી । **દીવસ ત્રણ માંહાં** પૂરણા કીધી ।
કેહે **શીવદાસ** હુ તાહારો બોલ । શદા ભગત આપો ગોપાલ ॥૨૧॥"
(કડવું ૧૫મું)[૨]

જોકે સં. ૧૭૩૨ની તેની હાથપ્રતમાં આ ભાગ નથી, પણ તેને બદલે નીચે મુજબ મળે છે:

---

૧ ફા. ગૂ. સ. હ. નામા. ભાગ ૨જો, પૃ. ૧૨–૧૩

૨ એજન, પૃ. ૨૦૦. બીજી પણ ઘણી પ્રતો મળે છે, તેમાં આ જ વસ્તુ સ્પષ્ટ છે. આ કાવ્યની રચ્યાસાલ નથી મળતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"પદ સો ત્ર્યણ્ય નિ ચિશી સાર, કડવાં અઢાર વીખિ વીસ્તાર ॥૨૧॥
કવી નગર સ્થ્યાભાતીરથ વાસ રાંમ નાંમ જાંન કિહિ શીવદાસ॥૨૩॥[1]

એથી સંભવ છે કે પાછળથી ઉપરની ત્રણ દિવસના ઉલ્લેખવાળી કડીઓ ઘૂસી ગઇ હોય. આમ હોય તો આ કાવ્ય ત્રણ જ દિવસમાં રચી કાઢયું માનવાની જરૂર નથી; પણ તે સમય આસપાસ એ રચાયું હોવા વિશે શંકાને બહુ કારણ નથી.

આ પછી સાં. ૧૬૭૦માં તેણે એકાદશીમાહાત્મ્ય ખંભાતમાં જ રચી કાઢયું છે,[2] જેમાં તે ગુરુ ભૂધરને યાદ કરે છે:

"સંવત સોળ શીતેર વરખે માસ માગશર ધન્ય જી,
શુકલપક્ષ પુર્ણિમા પાવન રવિવારનો દન જી. ૨૫
પદ પાંચસેં એકસો ઉપર કડવાં પાવન આઠ જી,
ગુરૂ વ્યાસ ભૂધરપદ વંદી, કથા કરી મુખપાઠ જી. ૨૬
કવિકુળ–શોભા નાત નાગરની, સ્તંભતીર્થમાં વાસ જી,
સદા ભક્તિ આપે હરિ ત્યારે, ગુણ કથે શિવદાસ જી. ૨૭"[3]

આ પછી થોડાં વર્ષોને માટે એ દક્ષિણ વિજાપુર જઈ રહ્યો હોય એવું લાગે છે, કેમકે ડાંગવાખ્યાન અને દ્રૌપદીસ્વયંવર એણે વિજાપુરમાં રચ્યાં છે:

"સંવત સોળ બોહોતેરે કીધો, આ કથાવિસ્તાર;
વૈશાખ માસ સુદી દ્વાદશી, શુભ મુહૂર્ત મંગળવાર. ૧૨
શ્રીદક્ષિણ વિજાપુર મધ્યે, કીધો એ કથા–પદબંધ;
શિવદાસ કહે મુને રાખજો, શરણે સ્વામી શ્રીગોવિંદ. ૧૩"
(કડવું ૧૪મું)[4]

આ ડાંગવાખ્યાન સાં. ૧૬૭૨માં અને બીજે વર્ષે સાં. ૧૬૭૩માં ત્યાં જ વિજાપુરમાં દ્રૌપદીસ્વયંવર રચ્યાનો નીચે મુજબ ઉલ્લેખ મળે છે:

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૪૮૯, પૃ. ૨૮ (૧૮મું કડવું)
૨ પ્રા. કા. ત્ર. ૩–૪, પૃ. ૧૨
૩ એજન, પૃ. ૧૨
૪ પ્રા. કા. ત્રૈ. ૭–૪, પૃ. ૪૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"વૈસમપાએન કેહે જનમેજેએ । પાંડવ વન અતીહાસ રે ।
દ્રુપદીસવર સાંભલે । પોહોચે મંનની આસ રે ॥૨૩॥

× × × ×

શંવત ૧૬૭૩ વરખે મકર સંક્રાંતનો દીન રે ।
તે દાડે આરંભ કરો ને આંણાદ આંણી પ્રેમ રે ॥૨૫॥
એક માસ માંહાં પૂરણા કથા થઇ । શમરા મંન અવીનાસ રે ॥
શ્રીગુરૂચરણાકીપાએ કરી । બૂંધી આપી ભુધર વાસ રે ॥૨૬॥
બુધીમાંને આક્ષાંન કરૂં એ । આણી મંન આનંદ રે ।
દક્ષણ દશા વીજાપહોર માંહે કીધો એ પદબંધ રે ॥૨૭॥
કવી નાગર સ્થંભતીરથનીવાસી । કાંમેશરનો દાસ રે ।
સદા મત આપો હરી મુઝને । કેહે સેવક સીવદાસ રે ॥૨૮॥"

(કડવું ૨૬મું)[1]

આ સિવાયનાં તેનાં કામાવતીની વાર્તા,[2] નરકાસુરનું આખ્યાન[3] (ર. સં. ૧૬૭૬), મૌશલવર્વ,[4] ચંડીનું આખ્યાન (ર. સં. ૧૬૬૭)[5] અને હંસા ચારખંડી (કામાવતી જેમ લોકવાર્તા)[6] એ કાવ્યો મળે છે, જે નિર્વિવાદ તેનાં જ છે.

આમાં ચંડીનું આખ્યાન કવિની છેલ્લી કૃતિ જણાય છે, કેમકે તે પછીના વર્ષનું કોઈ કાવ્ય શિવદાસનું જાણવામાં નથી. ચંડીના આખ્યાનને અંતે તિથિવાર વગેરે નીચે મુજબ મળી આવે છે.

"પદ નવસેહે નેં શડતાલીસ ઓગણીસ કવચ ન્યેં કડવાં વીસ ॥૬૪॥
ચંડીપાઠા કરું આક્ષાંન પ્રથંમ સમરયા શ્રીભગવાંન ॥૬૫॥

---

૧ ફા. ગૂ. સ. હ. લિ. પુ. નામા. ભાગ ૨જો, પૃ. ૨૦૩. (આ કાવ્ય પ્રા. કા. ત્રૈ.માં ૭–૪માં છપાયું છે.)

૨ છપાયેલી છે; ઘણી હાથપ્રતો મળે છે.

૩ ફા. ગૂ. સ. હ. લિ. પુ. નં. ૨૧૩ ख વગેરે

૪ એજન, નં. ૧૦૩ ख

૫ વડોદરા, પ્રા. વિ. ન. ૨૬૯૦e

૬ "સાહિત્ય" માસિક, વર્ષ ૮–૯માં છપાઇ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ ગુણ બ્રહ્માદેવ નવ જાંણે તે **સીવદાસ** કેઇ પેરચેં વષાંણે ॥૬૬॥
**શ્રીગુરુ વ્યાસ** ભુધર–પદ વંદી અંબાચરીત્ર કહું આણંદી ॥૬૭॥

× × ×

સાં. ૧૬૭૭ જાંણ ઉત્તમ કથા કહી મનમાં આણ્યા ॥૭૭॥
આસો સુદ ૮ પાવંન પ્રથમ પ્રારંભ કરો રવી દીન ॥૭૮॥

× × ×

સૌ કો જંનની પોહેચ્યે આસ શ્રી રામભક્ત વરનવે **શીવદાસ** ॥૮૧॥"[1]

આ કૃતિમાં શિવદાસ પોતાને **રામભક્ત** કહે છે, એ વિશેષણ સમઝવાનું છે. આ પૂર્વે (પૃ. ૪૨૫–૨૯)માં આવેલા રામભક્તની સાથે કાવ્યશૈલી જોતાં એને કશો સંબંધ નથી.

કવિ વિષ્ણુદાસનું નામ ધરાવતું સં. ૧૬૫૬ની સાલનું એક સભાપર્વ મળે છે. વિષ્ણુદાસનું એક બીજું પણ સભાપર્વ મળે છે. સામાન્ય રીતે મૂળ મહાભારતની કથાને પ્રામાણિકપણે અનુસરી વિષ્ણુદાસે મહાભારતનાં ૧૫ પર્વો ગૂજરાતી પદબંધમાં ઉતાર્યાં છે. ઉપર જે બે સભાપર્વનો ઉલ્લેખ કર્યો છે, તેમાંનું પાછલું ૩૨ કડવાનું વિષ્ણુદાસની પદ્ધતિનું છે; અને નિર્વિવાદ તે વિષ્ણુદાસની કૃતિ છે. પ્રથમનું સાં. ૧૬૭૦ ની સાલનું ૨૦ કડવાનું સભાપર્વ સ્વતંત્ર રીતે પ્રયોજાયેલું છે. એમાં એ ખૂબી છે કે વિષ્ણુદાસના જ નિશ્ચિત સભાપર્વને જોઇ પ્રસંગો ઊલટપાલટ આપી એ નાનું સભાપર્વ રચાયેલું છે; એથી એ કદાચ શિવદાસની કૃતિ સંભવી શકે તેમ છે. તેમાં કેટલેય સ્થળે વિષ્ણુદાસની છાપ આવે છે.[2] એ કાવ્યનો અંત નીચે મુજબ પ્રાપ્ત થાય છે:

"સંવત સોળ સત્તર સે–બાર જેષ્ઠ માસનો મંગળવાર;
તે દીવસે આ કીધો ગ્રંથ, સાહ્ય તેને શ્રીભગવંત. ૧૧

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૪૮૦
૨ જુઓ શ્રી. ભા. નિ. મહેતા સંપાદિત એ કાવ્યની આવૃત્તિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુજને છે પ્રભુ તમારી આશા, હરિ રાખજો ચર્ણની પાસે;
મારા છોડજો જન્મના પાશ, બેઉ કર જોડી કહે વિષ્ણુદાસ. ૧૨"[1]
(કડવું ૨૦મું)

કવિ શિવદાસે મૌશલપર્વ પણ રચેલું છે. એની શૈલી અને સંક્ષેપતા સાથે સરખાવતાં સભાપર્વ શિવદાસનું હોવાની સંભાવના છે. ગમે તે કારણથી પાછળથી શિવદાસને બદલે "વિષ્ણુદાસ" ની છાપ આવી ગઇ છે, જે વિષ્ણુદાસની કૃતિ સર્વથા નથી.

આવો ગોટો દ્રૌપદીહરણની પ્રતમાં થયો છે; તેજ પ્રમાણે ચંડી આખ્યાનની પ્રતમાં થયો છે:

(૧) દ્રૌપદીહરણ

"કવિતા નાગર સ્તંભનિવાસી શ્રીરામચંદ્રનો દાસ,
સદા ભક્તિ આપે હરિ તાહરી કહેશે **વિષ્ણુદાસ**."[2]

(૨) ચંડી આખ્યાન

"કવિ **વિષ્ણુદાસ**ને મુખ વાણી કથા કરી મેં આનંદ આંણી,
કવિ નાગર શાયણી–તીરથવાશ શ્રી રાંમઝંન કેહે **વીશણુનુદાસ** ॥[3]

આમ છતાં સભાપર્વ જો શિવદાસનું ન સ્વીકારવું હોય તો, તે એવા કોઈ અજ્ઞાત વિષ્ણુદાસનું સ્વીકારવું જોઇયે કે જે મહાભારતનાં ૧૫ પર્વોને ઉતારનારા ખંભાતવાસી વિષ્ણુદાસથી જુદો હોય. ર. સં. ૧૬૧૭ જો સાચો જ હોય તો (કે જે કોઈપણ રીતે નથી જ, તોયે) એવા કોઈ પૂર્વકાલીન વિષ્ણુદાસને આપણે ખોળવો જોઇયે; જેને માટે નજર ભાલણસુત વિષ્ણુદાસ (સાં. ૧૫૭૫ માં હયાત) ઉપર જાય. મુશ્કેલી માત્ર એટલી છે કે ખંભાતવાસી વિષ્ણુદાસના સભાપર્વને જોઈ દરેક પ્રસંગ ઊલટપાલટ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે, વળી જ્યાં ખંભાતના વિષ્ણુદાસના સભાપર્વમાં દોહરી ચાલ

---

૧ એજન, પૃ. ૫૮

૨ જાલં. આ. પ્રસ્તા. પૃ. ૩૩ અને વિષ્ણુદાસ પૃ. ૩૬

૩ ફા. ગૂ. સ. હ. લિ. પુ. નં. ૭૩–ક (નામા. ભાગ ૨જો, પૃ. ૧૧૮)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોય ત્યાં શંકાસ્પદ સભાપર્વમાં ચોપાઇ અને પહેલામાં ચોપાઇ હોય ત્યાં બીજામાં દોહરી ચાલ લેવામાં આવેલી છે. આ જોતાં નામ-પલટાની શકયતા છે. વળી નાકરના સભાપર્વને પાછલું સભાપર્વ મુખ્યત્વે અનુસરે પણ છે, એટલે સાં. ૧૬૦૧ માં નાકરે રચેલા વિરાટપર્વમાંના આરમ્ભના સભાપર્વને કવિએ જોયેલું પણ છે. આ જોતાં ર. સં. ૧૬૧૭ ખોટો છે; અને તે "સંવત સોલ સિત્તેર" હોય એ વધુ શકય છે. અને શ્રી રામલાલ મોદીએ તે સં. ૧૬૭૦ હોવાનું સિદ્ધ કરી આપ્યું જ છે.[1] અને એમ શિવદાસની કૃતિ હોવામાં અનુકૂળતા આવી રહે છે. આ સભાપર્વમાંની શિવદાસની વીગત પણ પાછલા કોઈ વિષ્ણુદાસમોહીએ કાઢી નાખી જણાય છે, જેથી શિવદાસનાં બીજાં કાવ્યો જેવો પરિચયાત્મક અંત આમાં મળતો નથી.

વિષ્ણુદાસ અને શિવદાસ સહાધ્યાયી હોવાનું કહેવાય છે;[2] પણ બંનેનાં કાવ્યો જોતાં વિષ્ણુદાસની ઉત્તર વયમાં શિવદાસ કાવ્યરચન કરતો જણાય છે. શિવદાસનો ગુરુ ભૂધરવ્યાસ છે; તે મધ્યકાળમાં (સં. ૧૪૪૬ માં) વિષ્ણુદાસનો ગુરુ[3] ખરો; પણ તેથી એક પાટલીએ બેસી ભણ્યા સંભવતા નથી; ગુરુભાઇ ખરા, સહાધ્યાયી નહિ.

અને કદાચ પૂર્વે મારા તરફથી સંભાવના કરવામાં આવી છે,[4] તેમ ભૂધરવ્યાસની આજ્ઞાથી જ વિષ્ણુદાસથી સરસો થવા જ શિવદાસે સં. ૧૬૬૭ માં કાવ્યપ્રવૃત્તિ શરૂ કરી છે. અને સમયનો વિચાર કરતાં પણ "એ બે કવિઓ બાળસ્નેહી હતા"[5] એ કદાપિ સંભવી શકે તેમ નથી, કેમકે વિષ્ણુદાસની કાવ્યપ્રવૃત્તિ સં. ૧૬૨૪–૧૬૩૪ થી શરૂ થાય છે, ત્યારે આ શિવદાસની ૫૩ કે

---

૧ જાલં. આખ્યા. પ્રસ્તા. પૃ. ૩૮

૨ ગૂ. સા. માર્ગ. સ્તંભો, પૃ. ૯૯

૩ જુઓ, આ પૂર્વે પૃ. ૩૧૩

૪ આ પૂર્વે પૃ. ૩૨૮

૫ વિષ્ણુદાસ, પૃ. ૩૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૪૩ વર્ષ પછી સં. ૧૬૬૭ માં શરૂ થાય છે; એ ગાળો કાંઇ ઓછો નથી. દ્રૌપદીસ્વયંવરમાં "શિવદાસ" ને બદલે "વિષ્ણુદાસ" ની છાપ મળ્યા માત્રથી બંનેને બાળસ્નેહી ઠરાવી શકાય તેમ નથી, કેમકે એવી છાપો તો ભળતી બદલાઇ જાય છે.[1]

"હંસા ચારખંડી" એ નામનું એક મોટું કાવ્ય "સાહિત્ય" માસિકના વર્ષ ૭, ૮, ૯ માં છપાયેલ છે; એમાં "શિવદાસ" ની છાપ મળે છે. આ કાવ્યના આદિ અંતમાં ક્યાંય પણ પોતાનાં બીજાં કાવ્યોમાં જેમ આપે છે, તેવો પરિચય મળતો નથી. કાવ્યને અંતે કવિ નીચે મુજબ જણાવે છે:

"ચાર ખંડ કવ્યા બહુ મળી, સંપૂરણ થઇ હંસાવળી,
કવિતા કવિ કહે **શિવદાસ**, સાંભળે તેને વૈકુંઠવાસ. ૨૧૫
સંવત **ચાર ચોવીસે**(?) વળી, તે દહાડે કહી હંસાવળી;
ચોપઈ તેરસેં બાસઠ સોએ, ગાહા ચાર, કવિત ત્રણ જોએ. ૨૧૬
શ્લોક ચાર કહું હું વળી, સંપૂરણ થઇ હંસાવળી;
છપ્પન અગીઆર સંપૂરણ જોય, કહે **શિવદાસ** બોલો હરી સૌ કોય."[2]

હંસાવલીની બે પ્રકારની વાર્તાઓ લોકસાહિત્યમાં પ્રાપ્ત થાય છે; જેમાં અસાઇતે હંસાને નરવાહન રાજાની પત્ની કહી કથા આપી છે, જ્યારે મધુસૂદન વ્યાસે વિક્રમકુમારની પત્ની કહી જુદી જ રીતે કથા આપી છે. આમાંની અસાઇતવાળી કથાને અનુસરી "હંસા–ચાર ખંડી" રચવામાં આવી છે. ૧૩૬૨ કડીની આ કૃતિના રચ્યાવર્ષમાં ભૂલ જણાય છે. "સંવત ચાર ચોવીસ" ૪૨૪ એ સંભવિત નથી: કેમકે શિવદાસનો કવનકાળ સાં. ૧૬૬૭–૧૬૭૭ નિશ્ચિત છે. અને તિથિવાર મહિનો આપેલાં નહિ હોવાથી સાચું વર્ષ પણ શોધી શકાય તેમ નથી. અને બીજા કોઈ પ્રાચીનની એ કૃતિ ન હોય તો શિવદાસની હોઇ શકે. પણ સંભવિત છે કે તેણે કામાવતીની વાર્તા લખી હોવાથી હંસાવળીની વાર્તા પણ જૂના સાહિત્યને આધારે રચી હોય. શામળ પૂર્વેનાં લોક-

૧ આ પૂર્વે પૃ. ૪૩૫

૨ સાહિત્ય–વર્ષ ૯મું, પૃ. ૭૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાવ્યોમાં શિવદાસની આ કૃતિ મોટામાં મોટી છે; લાંબી હોવા છતાં કંટાળો ન ઉપજાવે તેવી છે. નીચે અવતરણોમાં તેનો અલ્પાંશે પણ પરિચય રહેશે.

હવે અહીં શિવદાસની કૃતિઓની કાલાનુક્રમણી નીચે મુજબ સિદ્ધ આપી શકાશેઃ

| | કૃતિ | રચ્યાવર્ષ |
|---|---|---|
| ૧. | પરશુરામનું આખ્યાન | સં. ૧૬૬૭ |
| ૨. | બાલચરિત્ર | ,, |
| ૩. | જાલંધર આખ્યાન | ,, |
| ૪. | એકાદશીમાહાત્મ્ય | સં. ૧૬૭૦ |
| ૫. | સભાપર્વ | ,, |
| ૬. | ડાંગવનું આખ્યાન (વિજાપુરમાં રચ્યું) | સં. ૧૬૭૨ |
| ૭. | દ્રૌપદીસ્વયંવર ( ,, ) | સં. ૧૬૭૩ |
| ૮. | ચંડી આખ્યાન | ... |
| ૯. | શિવવિવાહ | ... |
| ૧૦. | મૌશલપર્વ | ... |
| ૧૧. | કામાવતીની વાર્તા | ... |
| ૧૨. | હંસા—ચારખંડી | ... |

આમાં જાલંધરઆખ્યાન ત્રણ જ દિવસમાં વેગમાં "બાલચરિત્ર" ની જેમ રચી કાઢ્યું છે, તેથી તે જ વર્ષમાં રચ્યાની સંભાવના કરી છે. છેલ્લી ચાર કૃતિઓની રચ્યાસાલ નથી મળતી; પણ તેમાંની છેલ્લી બે શિવદાસની છેલ્લી કૃતિઓ હોવાની સંભાવના છે. પૌરાણિક કાવ્યોમાં ન મળેલી સફળતાએ કદાચ તેણે લોકવાર્તા પસંદ કરી એ બે કાવ્યો લખી નાખ્યાં હોય તો અસંભવિત નથી; તેમ એ કૃતિઓમાં પણ પ્રૌઢિ દેખાય છે. અહીં આપણે શિવદાસનાં કાવ્યોમાંથી થોડાં અવતરણો જોઈયે. કવિ તરીકે શિવદાસ પાસેથી આપણે ઝાઝી આશા રાખી નથી શકતા, છતાં પણ એણે સ્વતંત્ર પ્રયત્ન કર્યો છે અને તેથી કયાંક કયાંક કવિતાના ચમકારા દેખાઈ જાય છે. એનું ૧લું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આખ્યાન પરશુરામનું આખ્યાન જ લઈયે. એ ચાલુ દેશીઓમાં રચાયેલું કાવ્ય છે. તેમાં શરૂનાં કડવાં ૧–૨માં છપ્પય આવી જાય છે. દેશીબંધમાં આ વિવિધતા નવી જેવી છે. ૧લા કડવાને અંતે જુઓ:

**પૂર્વછાયો**

"કરો કરૂણા ગણરાજ, આજ મતિ આપો મુજને.
હુ બાળક બુદ્ધિહીન, વિનતિ કરૂં છું તુજને.
પ્રથમ કથા પ્રારંભ, શંભુસુત પૂરણ કરજે;
કહે ઋષિ વેશંપાયન રાય તું ચિત્તમાં ધરજે.
મહાભારતની કહું કથા પાંડવગુણ ગાઉં ફરી
કર જોડી **શિવદાસ** કહે, કહું રામગ્રી રાગે ફરી." ૧૬૧

કડવાને અંતે નવા કડવામાં ગાવાના રાગનો નિર્દેશ, એ પણ શિવદાસમાં તદ્દન નવીન જ વસ્તુ છે. કવિ વર્ણન આપવા લલચાય છે, પણ વેગ નથી આપી શકતો. સહસ્રાર્જુન જમદગ્નિને ત્યાં જમદગ્નિનું હાસ્ય કરવા આવે છે, તે વખતે:

"જોતર્યા હય રથે સુંદર, વાસવ સમા રાજન;
પૂઠે રહ્યું દળ ઘનઘટા સમ, વિસ્મય થાય દેખતાં મન. ૩
ગજ લક્ષ એક મદ સબળ ઝરતા, હીરાઝુલ ઘંટાઘોર;
પાખર મુખબલ સફલ અંબાડી, સબળ શોભે શોર. ૪
રથ કોડ છત્ર ધ્વજ ઝળકે, સેનનો નહિ પાર;
ઊટ ખર વેસર ઘણાં માંહિ વ્યાઘ્ર સિંહ શ્રીકાર. ૫
ત્યાં વજ્યા ઘા નિશાનના બહુ વિવિધ પેર વાજીત્ર;
અશ્વ ઉપર ત્રંબાળુ ગાજે શોભતાં શિર છત્ર. ૬
પટભવન ને પાલખી માંહી યોષિતાનાં વૃંદ;
કનકમણિ ભૂષણ ભલાં, શકે મુખકમલ કે ચંદ". ૭૨

આમ સાદી કવિતા જ મળે છે; ધારે તો આમાં ચમત્કૃતિ લાવી શકે.

બંધની દૃષ્ટિએ નવમા કડવામાં સામેરીમાં દોહરા અને ચાર પંક્તિ ચોપાઈની એમ ટુકડે બંધ આપ્યો છે, જે નરસિંહની ચાતુરી છત્રીશીનો ખ્યાલ આપે તેવો છે.

---

૧ એજન, પૃ. ૧૫
૨ પ્રા. કા. ત્રૈ. ૭–૪, પૃ. ૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્રણ ત્રણ દિવસમાં રચી કાઢેલાં ભાગવત દશમસ્કંધ–પૂર્વાર્ધના સારરૂપ તેના બાલચરિત્ર અને પદ્મપુરાણાનુસારી જાલંધર આખ્યાનમાં પછીનું કાંઇક ઠીક છે. બેશક એ ભાલણના જાલંધર આખ્યાન અને વિષ્ણુદાસને નામે ચઢેલા જાલંધર આખ્યાન કરતાં કયાંય ઊતરતી કોટિનું છે. કવિ પ્રાગ્જ્યોતિષપુરનું વર્ણન આપતાં કહે છે:

"પ્રાગજ્યોતીકપૂર સૂદર પર્વત સાર રે ।
વર દૂરગા સત્ય કરતા રે રહિ ॥

**ઢાલ**—પ્રથમ કોટ પાખાંણ તણો રે બીજિ જલ માહામાંન્ય ।
ત્રીજો ગઢ હૂતાશંન જ્વાલા ગગંન્ય સમંન્ય ॥૨॥
ચોથો ગઢ વીસ્મિ અતી વારૂં સર્પ ઘણાં રખવાલ જી ।
કો ગગન વીખિથી વિરી આવે તો ત્રૂટી પડિ ઝાલ જી ॥૩॥
દૂરગ પંચમિ મોર દાંનવ રણ કરિ રણદાસ જી ।
સાઠ સહિસ્ર દાંનવ રણ કરિ દલ પૂઠિ જલ માહિ તેહનુ વાસ જી ॥૪॥
કનક તણો છઠો ગઢ તે સૂરજ્ય–તેજ સમાન્ય જી ।
સપ્ત ધાતનો દૂર્ગ સાતમો સુણ પરીછત રાજાન જી ॥૫॥
ચૌદ પોલ ચોરાશી ચૌહૌટાં બાર યોજંન પૂર વાસ જી ।
સોભા સબલ ભૂંવન કેરી જાંણે ગીર કૈલાસ જી ॥૬॥
ઘિરિ ઘિરચ માંનની મંગલ ગાવિ તલીઆ તોરણ લિહિકિ જી ।
ભૂંવન ભૂંવન કસ્તુરી કર્દમ પુષ્પ સુગંધ બહિવ બિહિકિ જી ॥૭॥
ત્યાંહાં વાપી કૂપ સરોવર પૂરણ હાંસ કોકીલા બોલી જી ।
માહિ ભાત્ય ભાત્યનાં કમલ વીકાસિ પવંન લિહિરથી ડોલિ જી ॥૮॥
વરણ અઢાર વરિ ત્યહ વાશિ નરકાસુરની આંણ જી ।
સરવ આધીન યયા પાપીના રિહિવૂં પુરમાંહિ નીરવાંણ્ય જી" ॥૯॥[1]

સં ૧૬૭૦ની કૃતિઓ સભાપર્વ અને એકાદશીમાહાત્મ્યમાં સભાપર્વ કાંઈક ઠીક છે: એમાં વર્ણનોમાં એણે સ્વાતંત્ર્ય લીધું છે, અને મૂળ મહાભારતથી દૂર પણ ગયેલ છે, છતાં વર્ણનની દૃષ્ટિએ સાવ કાઢી નાખવા જેવું નથી. અને પ્રેમાનંદે આ સભાપર્વમાંની કેટલીએક કડીઓનો ઉપયોગ તેના મનાતા સભાપર્વમાં કર્યો પણ છે; એ જોતાં

1 ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૪૮૯ (કડલું ૧૧મું, પૃ. ૧૭–૧૮)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રોચક તત્ત્વ હોવાને પુષ્ટિ પણ મળે છે. ૩જા અને ૪થા કડવાંમાં તેણે સભાનું વર્ણન સારું આપ્યું છેઃ

"દ્વારપાલને કેમ વર્ણવું, તે મણિ તણાં ત્યાં કામ ।
ભોમ કહું રે નીલમણિની, ને પીતમણિનાં દામ. ૨
જલ સ્ફાટિક મણિનું કીધું લહેર આવે જેહ:
ઉજ્વલ મણિનાં કામ કીધાં, મહેલ માંહ ત્યાંહ તેહ. ૩
કુંકુમ તણુ ત્યાં સુગંધ જોઇ, અજબ કર્યું ત્યાં કામ;
કેઇ પેરે વર્ણવું સભાને સર્વ સ્થિર ઠાંમ. ૪
બારી મૂકી પીતમણિની, ઉપર ટપકાં લાલ;
અનેક જાળીયાં મણિ તણાં, હીરા ત્યાં રસાલ. ૫
જળ હોયે ત્યાં સ્થળ દેખે, સ્થળ હોય ત્યાં જળ;
એવી રચના કીધી સભાની, સાંભળ તું ભૂપાલ. ૬
કેઇ પેરે વર્ણવું સભાને, કોશીશડાં જડાવ;
એક રમત ત્યાં એવી કીધી સભાની, જોઇ ઇંદ્રાસન પર નહિં ભાવ."૭[1]

વગેરે વર્ણન પણ ઠીક ઠીક કર્યું છે. વિષ્ણુદાસ કરતાં આમાં સ્વતંત્રતા છે, એટલે જરા વિશેષ આનંદ આવે છે. તેવું જ દ્રૌપદીસ્વયંવર વાંચતાં પણ. ડાંગવાખ્યાન અને મૌશલપર્વ તેટલાં આકર્ષક નથી જ.

પણ શિવદાસની ઉપયોગિતા ગૂજરાતી સાહિત્યમાં તો તેની કામાવતી અને હંસા-ચારખંડી એ બે લોકકથાઓથી છે. એને જે કાંઇ યશ મળે તેમ છે, તે આ બે લોકકથાઓને કારણે જ. ખૂબી તો એ છે કે નામભેદથી પ્રાયઃ બંને કથાઓનું વસ્તુ એક સરખું છે. બંને કથાઓનું આમ છતાં સ્વતંત્ર નિરૂપણ કરવામાં આવ્યું છે અને એમાં કવિને સફળતા મળી છે, એની વર્ણનશક્તિ આમાં ખીલેલી માલૂમ પડે છે. કામાવતીના આરંભમાં કામાવતીનું કવિ વર્ણન શરૂ કરી દે છેઃ

"રૂપવિચક્ષણ કન્યા સોય, જોતાં જવલ્લે આવે કોય;
ગુણ ગાયે સુર કિન્નર સોય, તે સરખી કોઈ ભૂતલ ન્હોય. ૪

---

૧ સભાપર્વ, પૃ. ૮-૯ ( કડવું ૪થું )



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાયે કમળ શોભે બેઉ ચર્ણ, પદ્મ ચાલતાં પડે ઘર્ણ,
મુખમણિ તારાજ્યોત સમાન, કાયા કનક તણી છે વાન. ૫
પગપાની બેઉ કુમકુમ રંગ, અતિ સુંદર સોભે સર્વાંગ;
કદળીસ્થંભ યુગ્મ જંઘા ખરી, સિંહલંકી શોભે સુંદરી. ૬
નાભિકમલ અતિ શોભે ઘણું, કરણ તે બત્રીસલક્ષણું;

× × ×

ભુજ બેઉ ગજ સુંઢ સમાન, પહોંચો ચંપક ફૂલ સમાન;
આંગલી પુષ્પ કણેરી જસી, હથેલી રેખા રહી છે હસી.” ૮

વગેરે પૂર્વકવિઓ પ્રમાણેનું વર્ણન ઉચ્છિષ્ટ છતાં નવા જેવું લાગે છે.

આ કથામાં પુરુષદ્વેષિણી સ્ત્રીઓ લોકમાં હોવાનું ચીતરવામાં આવ્યું છે. ખરેખર આ વસ્તુ હશે કે નહિ તે શંકાસ્પદ છે. હંસા ચારખંડીમાં પણ પૂર્વની અસાઇતની હંસાઉલીને અનુસરી પુરુષદ્વેષિણી હંસાઉલી બતાવવામાં આવી છે. આ બન્ને લોકકથાઓ કેટલાક સામાજિક વિષયો ઉપર પ્રકાશ પાડે તેવી છે. પ્રેમાનંદશિષ્ય વીરજીએ પણ કામાવતીની કથા ઉતારી છે. અને આવી લોકકથાઓ અન્ય કવિઓએ પણ સાધી છે. છેલ્લો તેવો શામળ છે.

કાવ્યબંધની દૃષ્ટિએ પણ બંને કાવ્યો ઉપયોગી છે, કેમકે નષ્ટ થવા બેઠેલા પ્રબંધ–પવાડા–પ્રકારનું આમાં પુનરુજ્જીવન છે. મુખ્ય ચોપાઈ અને વચ્ચે વચ્ચે પૂર્વછાયા–મથાળે દોહરાઓથી આ બંને કાવ્યો બંધાયેલાં છે. આમાંનું કામાવતી સળંગ કાવ્ય છે, જ્યારે હંસાને ચાર ખંડમાં વિભક્ત કરવામાં આવ્યું છે.

ભાષાની દૃષ્ટિએ શિવદાસના જાલંધર આખ્યાનનાં અવતરણ જોતાં તેમાં મધ્ય. ગૂજ.ની ૪થી ભૂમિકા મળે છે. શિવદાસનાં કાવ્યોની નકલો ખૂબ મળે છે, એ જોતાં તેનાં કાવ્યોનો પ્રચાર ખૂબખૂબ થયો દેખાય છે અને તેને કારણે જ જૂની હાથપ્રતો પરથી નવી હાથપ્રતો થતાં જૂની હાથપ્રતો નષ્ટ થઈ લાગે છે; માત્ર જાલંધર આખ્યાનની જૂની પ્રત સચવાઇ રહી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

[ નોંધ : એક વસ્તુ તરફ ધ્યાન ખેંચવા દિલ થાય છે. તે એ કે શ્રી રામલાલ ચુ. મોદીએ ગૂજ. વ. સો.ને માટે જાલંધર આખ્યાન સંપાદિત કરી આપ્યું છે, તેમાં તેમને જૂની પ્રતોમાં સં. ૧૭૨૬ અને સં. ૧૭૩૮ની અનુક્રમે ग અને क સંજ્ઞાવાળી હાથપ્રતો મળી હતી તેમાંથી સં. ૧૭૩૮વાળી પ્રતને આધારે તેમણે કાવ્યનું સંપાદન કર્યું છે. गનાં પાઠાંતરો જોતાં માલૂમ પડે છે કે તેમાં મધ્ય. ગૂજ.ની ચોથી ભૂમિકાનું સ્વરૂપ વ્યક્ત થાય છે; એ અશુદ્ધ હોવાને કારણે નવી ભાષાવાળી હાથપ્રતને પ્રમાણ માની ચલાવવાથી શિવદાસના સમયની સાહિત્યકીય ભાષામાં આપણે કાવ્ય સંપાદિત થયેલું મેળવી નથી શકતા. શ્રી રામલાલભાઈનો ઉદ્દેશ સર્વભોગ્ય આવૃત્તિ આપવાનો હોય એમ લાગે છે, અને તેથી તેમણે સ્વીકારેલો માર્ગ અવગણ્ય નથી, આમ છતાં ભાષાના ક્રમિક વિકાસમાં એ સમ્પાદનની ઉપયોગિતા નથી થતી, એ ભાષાપ્રેમીને દુઃખદ વિષય છે. क પ્રતમાં ખૂબ ફેરફાર થયેલ છે, એમ સંપાદનને નીચેની પાદટીપો સાથે સરખાવતાં જણાય છે. ઉપર મેં સં. ૧૭૩૨ની પ્રતનો ઉપયોગ કર્યો છે. ]

શિવદાસમાં પ્રતિભા ન છતાં **નાકરયુગ**માં વિષ્ણુદાસની પછી પ્રેમાનંદના પુરોગામીઓ ભાઉ, અવિચલ, માધવદાસ વગેરેની વચ્ચેની કડી એ સાંકળી આપે છે. અને પૌરાણિક આખ્યાનકાળને અવિચ્છિન્નતા અર્પે છે. અને એણે ઝડપથી કવિતા લખવાનું માંડી વાળી સારી કવિતા આપવા લક્ષ્ય રાખ્યું હોત તો વિષ્ણુદાસ કરતાં વધુ દીપી ઊઠત, કેમકે તેનામાં નવસર્જનની શક્તિ વિષ્ણુદાસ કરતાં વધુ સારા પ્રમાણમાં હોવાનું તેની નિર્માલ્ય જેવી લાગતી કૃતિઓમાંથી યે ક્યાંક ક્યાંક દેખાઇ આવે છે.

ચરિતસામગ્રી:

૧. બૃ. કા. દો. ભાગ ૪થો, ( ગૂજ. પ્રિ. પ્રેસ-મુંબઇ )
૨. પ્રા. કા. ત્રૈમાસિક-વર્ષ ૩ અને ૭ના અંકો ૪થા. ( સ્વ. હ. ગો. કાંટાવાળા-સંપાદિત )

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૩. સાહિત્ય-માસિક, વર્ષ ૭-૮-૯ (સ્વ. હ. ગો. કાંટાવાળા)
૪. ગૂ. સાહિ. ના માર્ગ. સ્તંભો. દી. બ. કૃ. મો. ઝવેરીકૃત
૫. Guj. & its Lit. by K. M. Munshi
૬. જાલંધર આખ્યાન-સં. શ્રી રામલાલ ચુ. મોદી (ગૂ. વ. સો.અમદાવાદ)
૭. કામાવતી, સ્વ. મગનલાલ દ. જોશી અને નાથાલાલ ગૌ. શાસ્ત્રી-સંપાદિત
૮. સભાપર્વ વગેરે-શ્રી ભાનુસુખરામ નિ. મહેતા-સંપાદિત
૯. મહાભારત-પદબંધ, ભાગ ૧લો, ( કે. કા. શાસ્ત્રી-સંપાદિત, ફા. ગૂ. સભા, મુંબઇ )
૧૦. મધ્ય યુગનો સાહિત્ય પ્રવાહ-ગૂ. સાહિત્ય સંસદ, મુંબઇ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ભૂધર

[ સં. ૧૬૭૫માં હયાત ]

**ભૂધર** કરીને ખંભાતના એક ઔદુંબર બ્રાહ્મણનું સાં. ૧૬૭૫માં રચેલું હરિશ્ચંદ્રાખ્યાન મળી[૧] આવ્યું છે. આ ભૂધર કોણ હતો તે વિષયમાં કાંઈ નિશ્ચયપૂર્વક કહી શકાતું નથી. એક ભૂધર વ્યાસ ખંભાતના વિષ્ણુદાસ અને શિવદાસનો ગુરુ હોવાનું જાણીતું છે.[૨] તે જ આ હોય તો સંભવી શકે તેમ છે. આ કાવ્ય પ્રસિદ્ધ નહિ હોવાથી એ વિષયમાં વધુ માહિતી મેળવી શકાતી નથી.

ચરિતસામગ્રીઃ

૧. જાલંધર આખ્યાન–પ્રસ્તાવના, શ્રી રામલાલ ચુ. મોદી કૃત ( ગૂ. વ. સો. પ્રકાશન, અમદાવાદ )

---

૧ જાલં. આખ્યાન, પ્રસ્તા. પૃ. ૨૪

૨ જુઓ આ પૂર્વેના ઉલ્લેખો, પૃ. ૩૧૨ વગેરે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## કૃષ્ણદાસ

[ સં. ૧૬૭૩–૧૭૦૧માં હયાત ]

**કૃષ્ણ નામના** ઘણા કવિઓ થયા છે; ઘણી કૃતિઓ એ નામની છાપવાળી મળે છે. આમાંથી કઈ કૃતિ કયા કૃષ્ણદાસની છે, એ જાણવું મુશ્કેલ થઇ પડે છે. એક કોઈ જાદવસુત કૃષ્ણ[1]નું સાં. ૧૭૧૧માં રચેલું "રુકૂમાંગદ આખ્યાન" મળે છે; જ્યારે એક ગુરુ ગોવિંદદાસના શિષ્ય કૃષ્ણદાસનું ચંદ્રહાસાખ્યાન સાં. ૧૬૮૪માં રચેલું મળે છે.[2] મામેરું અને હૂંડી એ તો પ્રસિદ્ધ કાવ્યો છે. આ કાવ્યો અનુક્રમે સાં. ૧૭૦૧ અને ૧૭૦૩માં રચ્યાં છે, એમ મનાય છે.[3] આ બંને કાવ્યો છપાઈ ગયાં છે.[4] એક નાનું રુક્મિણીહરણ (હમચડી)પણ છપાયેલું છે.

સં. ૧૬૭૩માં રચાયેલું એક શિવદાસસુત કૃષ્ણદાસનું ચાંપાનેરમાં રચેલું "સુદામાચરિત" પણ મળે છે.[5] આ કવિ ખડાયતો બ્રાહ્મણ હતો. તેણે તો તે કાવ્યમાં પોતાનો થોડો પરિચય પણ આપ્યો છે. તે જણાવે છે કે –

> "સંવત **સોલ ત્રોહોતરો**, વરપ ભાદરવા માસ ।
> શુકલપક્ષ દીન નવમી, શનિવાર કીધુ **રાસ**
> વાસ લુણુ માંહી **ખડાયતા** કુલી જનમીયુ **શીવદાસનુ સુત** ત્યાંહાં.
> પદ વિસિ પનર પુરાં કડવાં તેર
> ત્રણ રાગી **રાસ** કીધુ ગયો હું **ચાંપાનેર**."

(કડવું ૧૫મું)

---

૧ ગૂજ. પ્રેસ.માં તેના રુકમાંગદ–આખ્યાનની એક પ્રત સં. ૧૭૧૪માં રચેલી અને સં. ૧૮૨૯માં નકલ થયેલી છે.

૨ ગૂજ. પ્રેસ (મુંબઇ) ઉપરાંત નડિયાદ ડાહીલક્ષ્મી લા.માં પણ એક પ્રત છે.

૩ જુઓ Guj. & its Lit. p. 186.

૪ બુદ્ધિપ્રકાશ, પુ. ૬૯મું જુઓ.

૫ જુઓ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૩૨ (સં. ૧૬૮૫ની નકલ)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સમયનો વિચાર કરતાં આ શિવદાસસુતે મામેરું, હૂંડી, ચંદ્રહાસ આખ્યાન, રુક્મિણીવિવાહ, સુધન્વાખ્યાન, અંબરિષાખ્યાન વગેરે કાવ્ય રચ્યાં હોય. સં. ૧૭૧૪માં રુક્માંગદાખ્યાન રચનારો જાદવસુત કૃષ્ણ જુદો છે.

સં. ૧૭૦૨ આસપાસ જ એક બીજો પૂંજાસુત કૃષ્ણદાસ થયો છે, જેની સં. ૧૭૦૨માં રચેલી પાંડવી ગીતા છે.[૧]

કર્મવિપાક અને રાવલીલા તથા ગુલબંકાવળીના રચનારા કૃષ્ણદાસ જુદા અને પૂર્વથી ભિન્ન છે.

કૃષ્ણોદાસની છાપવાળો "રુકિમણીવિવાહ" વ્રજભાષાની છાંટવાળો મળે છે. તે જૂનો છે અને શિવદાસસુતનો હોય એ શક્ય છે. કાવ્યના અંત ભાગમાં ખુલાસાના અભાવે કવિ નક્કી કરવાની મુશ્કેલી ખરી.

કૃતિઓમાં કર્તૃત્વનો આમ મેળ ન છતાં મામેરું હૂંડીનો કર્તા એક જ છે, એ વિષયમાં તો શંકાને સ્થાન નથી. એ જ કૃષ્ણદાસે ચંદ્રહાસાખ્યાન, સુધન્વાખ્યાન, અંબરિષાખ્યાન રચ્યાં હોય તો અસંભવિત નથી. બેશક આ વિષયમાં કાંઈપણ નિશ્ચયપૂર્વક કહેવાની સ્થિતિમાં આજે આપણે નથી. મામેરું અને હૂંડી એ બે ઐતિહાસિકકલ્પ કાવ્યો નરસિંહ મહેતાના જીવનના બે પ્રસંગનાં છે. ખુદ નરસિંહ પછી ખંભાતના નાગર કવિ વિષ્ણુદાસે એ બંને વિષય ઉપર કવિતા લખ્યા પછી સંભવતઃ આ કવિ આવે છે. "મામેરા"ની પર એક ગોવિંદે પણ કલમ ચલાવી કાંઇ વિસ્તૃત રીતે કથા આપી છે. એ કૃષ્ણદાસ પછીનો હોય કે ન હોય, યા સમકાલીન હોય કે ન હોય, પણ કૃષ્ણદાસનું ટૂંકાણ જોતાં કદાચ તે ગોવિંદની પૂર્વનો હશે.

"મામેરું" ૧૦૬ કડીનું નાનું કાવ્ય છે. વિષ્ણુદાસના વસ્તુનો જ આશ્રય કરી આ કાવ્ય એ જ પદ્ધતિએ આપવામાં આવ્યું છે. પ્રસંગોના ક્રમમાં પણ કાંઈ ભેદ જણાતો નથી. થોડી કડીઓ જોઇયે:

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૧૦૩૫ આઇની પ્રતમાં મળે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"મહેતે વહેલિ કરાવી સૂત્ર ચાલ્યા તે લીલા અદ્ભુત ।
તિલક મનોહર કંઠે માલ સુંદર કરમાં સોહે તાલ ॥૧૯॥
બેઠા આસન વાલી કરી શ્રીદામોદર મન માંહાં ધરી ।
કંઠિ આભૂષણ સાલીગ્રામ જોવા ચ્યલીયૂ સારું ગાંમ ॥૨૦॥
નરસહી શૂં માંહાંમેરુ કરે ઠાલોમાલો શું સાચરે ।
વહેલિ ઊપેરે તાં બેઠો ચઢી સાથે નહી એક ચૂંનડી ॥૨૧॥
ત્યાંહાં જઇને શૂં કરશે કામ નિરધને જાવૂં પરગાંમ્ય ।
લોકવીધાઈ હસશે સહુ માંહાંમેરું ભલુ કરશે વહૂં ॥૨૨
દૂંષ ધરશે મનમાંહ દીકચરી નિરધને ઘેરચ કાં અવતરી ।
મહેતાના મનમાં નહી વાત પુંત્રીને ત્રીભૂંવનપતિ તાત ॥૨૩॥
એ સરવિ છે તેહને લાજ માહારે માથે શ્રીમાહારાજ ।
પોહોતા જઇ પુત્રીને ગાંમિ સહુ કો આવી કરે પ્રણાંમ ॥૨૪॥
ઠગવિદ્યાયે બોલે રાંમ ગાંઠિ કેહે શ્રીકૃષ્ણનૂં નાંમ ।
ઊતર વાલી આપ્યો ઠાંમ દીનહીન લીયાંનૂં નાંમ ॥૨૫॥
કોહ્યૂં છાજ ને જૂની વલી ભીતડી ચ્યારે ધ્યાઇ ચ્યલી ।
નિર્ધન શરયૂં દીધૂં માંન પણ મોટા છે શ્રીભગવાંન ॥૨૬॥
મહેતો વહેલેથી ઊતરચા ઉતારાચ્યા જઇ પરવરચા ।
વેહેલેથી ઊતારચો ભાર દેવસજાઈ લોટો વારચ ॥૨૭॥
પુંત્રી આવી હરષે ભરી માંહાંમેરું જોવા નીસરી ।
ઠાલી વેહેલ્ય ને બે બલદીયા ઘરના દ્વાર આગલિ બાંધીયા ॥૨૮॥
અવરચ ન દીસે કાંઈ સાજ હવે પ્રભૂં કિમ રહેશે લાજ ।
સાચી વાત તે જાંણી પડી ઘર માહે લીધી ગાંઠડી ॥૨૯॥
વેગે ચાલી ભુંવન મૂંઝારચ ઘરમાં કાંઇ ન દીસે ભાર ।
મહેતા-ચરણે નાંમૂં શીસ પણ મનમાંહે મોટી રીસ ॥૩૦॥
મહેતે માથે મૂંકયો હાથ સંભારચા દામોદર નાથ ।
પુત્રી-આષે ઝરીયાં નીર દેષે નહીં કાંઇ એકે ચીર ॥૩૧॥
લ્યાવ્યા નહી કાંઈ સાથે તાત ફાંસૂં શું સમઝાવો વાત ।
સાલિગ્રાંમ સજાઇ તાલ માંહાંમેરાની છે કાંઇ ચાલ ॥૩૨॥
બાઈ પુત્રી કાં રું વલી શાં માટે થાઆં આકલી ।
દામોદરજી મોટા દેવ માંહાંમેરું કરશે તતખેવ ॥૩૩॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાષો ચીત પોતાનૂં ઠાંમ્ય સમરો શ્રીવર સુંદર શાંમ ।
પુત્રી શીસ હલાવી રહી ઊતર વાલી આપ્યો નહી ॥૩૪॥
એહેને તો લવ લાગી એહે કરશે જે મનિ ગમશે તેહ ।
બ્રાહ્મણ સાથે બહુ કાહાવીયૂં તે તાં મન માહે નાવીઉં ॥૩૫॥
ઠાલામાલા આવ્યા શીદે ચણતાં હૂં પોશે નવિ દીધ ।
ઠગવીધા કરશે સહુ ગાંમ નાવ્યા હત તો એક જ નાંમ ॥૩૬॥"[૧]

પણ નરસિંહ પુત્રીને "બાઈ માંહામેરુ શે નવ્ય કરે, હૂંડી પાછી જે નવ્ય ફરે, અવશર વિણ જે આંણ્યો મેહ"નું અનુસંધાન આપી દિલાસો આપે છે, અને પુત્રીના હૃદયનો શોક શમી જાય છે. આ વસ્તુ કૃષ્ણદાસ નવીન આપે છે; અને પુત્રી તરફનો ધિક્કાર વ્યક્ત કરતો નથી; વિષ્ણુદાસે ત્યારે ધિક્કાર ખૂબ વ્યક્ત થવા દીધો છે, અને તેને અનુસરી ગોવિંદ–પ્રેમાનંદે પણ. કૃષ્ણદાસ પણ અંતરિક્ષમાંથી ભગવાનનું અદૃષ્ટ આગમન સૂચવે છે. અગોચર રીતે આવી પ્રભુ મામેરું પૂરી જાય છે:

"નાગર સરવે કરે વીચાર ક્યાંહાંથી આ પ્રગટયો ભંડાર ॥૫૮॥"

નણદીની દીકરીને કાપડું રહી ગયું હતું તે તેમ જ પાણાનું પણ કૃષ્ણદાસ સૂચન કરે છે; પણ પ્રભુ ક્યાંય પણ પ્રકટ નથી.

"પુછે સહુ મેહેતા મનિ હસે સાંમલ દોશી છાંનો વસે ॥૯૪॥"

કૃષ્ણદાસે વસ્તુનો સહેજ વિસ્તાર કર્યો છે, બાકી વિષ્ણુદાસના કથાનક સાથે સામ્ય છે.

વિષ્ણુદાસની જેમ જ હૂંડીમાં તો કૃષ્ણદાસે પણ દ્વારકામાં પ્રભુને હાજર કર્યા છે. આ જ કવિની "હમચડી" મળે છે. એ એની જ કૃતિ છે, એની ખાત્રી એ કે ત્રણે કાવ્યમાં "દામોદર"નું સ્મરણ કાવ્યારંભે કરે છે:

**મામેરું** : "કૃપા કરો દામોદર રાય ॥૧॥"
**હૂંડી** : "શ્રી દામોદર જે રણછોડ"
**હમચડી** : "શ્રી દામોદરના ગુણ ગાઇએ"

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૩૪૪ અ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"હમચડી" ૫૩ કડીનું નાનું કાવ્ય છે અને તેમાં કૃષ્ણ-રુક્મિણીનો વિવાહ આપવામાં આવ્યો છે. એની હાથપ્રત પણ સં. ૧૭૧૮ જેટલી જૂની છે, અને તેના મામેરાની પૂર્વે તેના લાગતા એક "ગોપી–ગરબાની" પૂર્વે ઉતારેલી છે. કાવ્યની દૃષ્ટિએ "હમચડી" બહુ ઉપયોગી નથી. બંધની દૃષ્ટિએ જોતાં તેમાં સવૈયાની દેશી પ્રયોજાયેલી છે. પણ ગોપી–ગરબો સુંદર છે:

"આસૂં માસ રલૈઆંમણો રે રૂડૂં તે ગોકૂલ ગાંમ ।
ગોપી ચ્યાલી શહુ રમવા રે જોવા સુંદર શાંમ ॥
પહેરાં ભૂંષણ ભાવતાં રે કંઠ એકાઊલ હાર ।
કાંને ઝાલ્ય ઝબૂકતી રે ઝાંઝરનો ઝમકાર ॥
ષલકે કંકણ કંકણી રે ટલકે જોતાં મંન ।
બાજૂબંધ તે બાંધયા રે શોભે શાંમાતંન ॥
શીસફૂલ સોહાંમણાં રે સેથો સોહે સાર ।
કટમેષલા શોભતી રે ધૂંધરીનો ધમકાર ॥
નીલા પીલા ને રાતડા રે પેહેરાં બહુવિધ ચીર ।
ગરબો ધૂમે આનંદસૂં રે જે જે યાદવ વીર ॥
ગોપી ચાલી મ્યલૈ એકઠી નંદ તણા ઘરદ્વાર ।
ગાઓ ગીત તે પ્રેમસૂં રે ઉલટ અંગ અપાર ॥
જોવા આવ્યાં યશોમતી રે ઉભા શ્રીયદૂરાય ।
હલધર વીરને રોહણી રે ત્યાં ગોપી ગરબો ગાએ ॥
જીવો જીવો યસોમતીનો કૂંઅર કોડ વરીશ ।
નાચે વૂંદે બહુ માહલતી રે સહું મ્યલૈ દે આશીસ ॥"[1]

એમ એટલા જૂના સમયમાં કવિએ ગરબો રચી આપ્યો છે. તૂટક હોવાથી સંપૂર્ણ મળતો નથી.

ભાષાની દૃષ્ટિએ જોતાં મામેરું અને હમચડી સં. ૧૭૧૮ની નકલમાં મળતાં હોવાથી તેમાં જૂના અંશો સચવાઇ રહ્યા છે અને તે

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૩૯૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મધ્ય. ગૂજ.ની ૪થી મિશ્ર ભૂમિકાના છે. સુદામાચરિતકાર શિવદાસસુત કૃષ્ણદાસ અને આ જુદા કૃષ્ણદાસ હોય તોયે સમય વિક્રમની ૧૭મી સદીની છેલ્લી પચીસી હોવામાં શંકા નથી, કેમકે મામેરા અને હમચડોની હાથપ્રત ઉપર કહ્યું તેમ સં. ૧૭૧૮ની મળે જ છે. કાવ્યો વ્યવસ્થિત રીતે મળતાં ન હોવાથી આ કવિની અને તે જ નામધારી અન્યની કૃતિઓના કર્તૃત્વના વિષયમાં ચોક્કસ નિર્ણય આપી શકાતો નથી. સાહિત્યની દૃષ્ટિએ કૃષ્ણદાસ અવસ્ય જોઈ જવા જેવા છે.

ચરિતસામગ્રી :


૧. Guj. & its Lit. by K. M. Munshi
૨. ગૂ. વ. સો. હ. લિ. પુ.ની યાદી અને હાથપ્રતો
૩. બુદ્ધિપ્રકાશ–માસિક, વર્ષ ૬૯મું (૧૯૨૨)–અમદાવાદ


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ભાઉ

[ સં. ૧૬૭૬-૭૯માં હયાત ]

અશ્વમેધપર્વ, દ્રોણપર્વ, ઉદ્યોગપર્વ અને ઉદ્યોગપર્વાંતર્ગત સ્વતંત્ર પાંડવવિષ્ટિ એ ચાર કાવ્યોના રચનાર કવિ ભાઉની માત્ર એક જ કૃતિ પાંડવવિષ્ટિ છપાયેલી છે.[1] એ કાવ્યને અંતે રચ્યાસાલ નીચે મુજબ પ્રાપ્ત થાય છે:

"સંવત દશ શત (? ૫૮) છોતરો આનંદશું રે
શાકે પંદર બેતાળ મન ગોવિંદશું રે
ચૈત્ર માસ સોહામણો આનંદશું રે
મુને દેવે કરી સંભાલ મન ગોવિંદશું રે. ૧૬
છંદ પદબંધ જાણું નહિ આનંદશું રે
ન જાણું ગુરૂ લઘુનો ઠામ મન ગોવિંદશું રે
કર જોડી વિપ્ર ભાઉ કહે આ૦ હવે મુક્તિ આપો શ્રીરામ. મન."૧૭

આમ સાં. ૧૬૭૬માં—એટલે શાકે ૧૫૪૨માં તેણે પાંડવવિષ્ટિની રચના કરી છે. આ જ અરસામાં એણે સળંગ ઉદ્યોગપર્વ પણ ૧૭૬૫ કડીનું રચી કાઢેલું છે. એના જ અનુસંધાનમાં તેણે વચ્ચે ભીષ્મપર્વ મૂકી દ્રોણપર્વ રચી કાઢેલું જણાય છે; જેમકે ઉદ્યોગપર્વને અંતે:

"એહ કથા સાંભલશે જેહ ॥ અંતે વૈકુંઠ પામે તેહ ॥
આગલ સાંભલવા ઇછા ધરી ॥ દ્રોણપર્વનો આદર કરી ॥૬૪॥
તેહમાં છે સહુ વીસ્તાર ॥ પુન્ય અર્થ ને ધર્મ વિચાર ॥
તેથી ભારથ પુરંણ થસે ॥ સુણે પુરૂસોતંમ પદ પામસે ॥૧૭૬॥"

અને કવિએ દ્રોણપર્વ ૩૫ કડવાંનું કડવાબદ્ધ રચ્યું છે, જેમાં ૧૪૮૭ કડી છે; અંતે કર્ણપર્વનો સાર આવી જાય છે.[2] ઉદ્યોગ અને દ્રોણ એ

---

૧ પ્રા. કા. ત્રૈ. સને ૧૮૯૦–૩જો અંક

૨ આ કાવ્ય મહાભારત પદબંધ-ગ્રંથ ૪થામાં મારા તરફથી છપાયું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બંને કાવ્યોમાં અવારનવાર ભાઉની છાપ આવે છે, તેમ જ ઉદ્યોગપર્વમાં "પાંડવવિષ્ટિ"માંથી કેટલોક ભાગ શબ્દશઃ એનો એ છે, તેથી કૃતિઓમાં ભિન્નકર્તૃત્વની શંકા કરવાપણું રહેતું નથી.

આ ત્રણે કાવ્યોમાં તેને વિશે વધુ માહિતી મળી શકતી નથી, અને તેનું આદિમાં તૂટક અશ્વમેધપર્વ ન મળ્યું હોત તો તેના વિષયમાં માહિતી મેળવી શકાય તેમ પણ નહોતું. આ અશ્વમેધના ભાગમાં તેણે યૌવનાશ્વ, અનુશાલ્વ અને નીલધ્વજ એમ ત્રણનાં આખ્યાન આપ્યાં છે. આ વિભાગને અંતે પોતાને વિશે માહિતી આપતાં તેણે લખ્યું છે કે—

"ભગવંત જન પાંડીત કવી ॥ હૂં તમારો છૌ દાશ ॥
નારાંએણ ગુરૂ ભટ્ટપ્રશાદે ॥ મેં કરચો અભ્યાસ ॥
સંવત ૧૬ ઓગણાશીએ ॥ શાક ૧૫૪૪ પંનરશેં ચૌઆલ ॥
આક્ષાંન જમલાં બે હતાં ॥ મલ મારા દેવ વીશાલ ॥
અધીક મારા આખાડ મધે ॥ સુંકલ પક્ષ તે શાર ॥
ત્રીજી તીથી સુભદાઇની ॥ નખેત્ર પૂસ્ય રવીવાર ॥

× × ×

સુરયપૂર તાપી ત્રટ ॥ ગોપીપરા મધ્યે વાસ ॥
ઓદીચ ગ્નાંતીઇ શાંમલાં ॥ જુજ વેદ અભ્યાશ ॥
ગોત્ર કસ્યપ અડક પાંઠેક ॥ વસે છે તેણે ઠાંમ ॥
મહેશસુત આયઆ તણો ॥સુરજી તે એવૂં નામ ॥
તેનો તંન કવી બાલકબુંધી ॥ મૂઢમત અગ્નાંન ॥
કર જોડી વીપ્ર ભાઉ કહે ॥ હવે પૂરણ થઉ આક્ષાંન્ય ॥"[૧]

આમાં કવિએ પૂરી ઓળખ આપી છે. કવિ જ્ઞાતિએ ઔદિચ્ય બ્રાહ્મણ, કાશ્યપગોત્રી, પાઠક અવટંકી હતો અને સૂરતમાં ગોપીપુરામાં રહેતો હતો. તેના પરદાદાનું નામ મહેશ, દાદાનું નામ આઇઓ, પિતાનું નામ સૂરજી અને ગુરુનું નામ નારાયણ ભટ્ટ હતું. નારાયણ ભટ્ટ પાસેથી સાંભળી તેણે આ ત્રણ આખ્યાન રચ્યાં હતાં.

---

૧ ફા. ગૂ. સ. હ. લિ. પુ. નામા. ભાગ રજો, પૃ. ૧૨૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક નારાયણ ભટ્ટ તે અગાઉ આવી ગયેલા "રામભક્ત"નો ગુરુ હોવાનું રામભક્તના એકાદશ સ્કંધમાં પ્રાપ્ત થાય છે;[૧] આ નારાયણ અને ભાઉનો ગુરુ નારાયણ સમયની દૃષ્ટિએ એક હોઇ શકે. પણ રામભક્ત ક્યાંનો હતો તે જાણવામાં આવ્યું નથી. એ જ નારાયણ ભટ્ટ હોય તો રામભક્ત પણ ભાઉની જેમ સૂરતનો ઠરી શકે. છતાં નિશ્ચયપૂર્વક નિર્ણય આપી શકતો નથી; માત્ર સંભાવના છે.

કવિએ નારાયણ ભટ્ટની પૂર્વે એક અનંત ભટ્ટ પાસેથી પણ કથા સાંભળેલી હોવાનું તેના ઉદ્યોગપર્વના આરંભમાં પ્રાપ્ત થાય છે:

"**અનંત ભટ્ટ** તે બ્રાંહ્મણ શહી ॥ તીણે ઘણી કથા પ્રીછવી કહી ॥
તો મે જાણુ અક્ષર સુધ્ધી દયા કરીને આપી બુદ્ધ ॥"[૨]

ઉદ્યોગપર્વ ક્યારે રચ્યું છે, તે નિશ્ચિત સ્વરૂપે જાણી નહિ શકાતું હોવાથી પ્રથમ તેણે અનંત ભટ્ટ પાસેથી અભ્યાસ કર્યો કે નારાયણ ભટ્ટ પાસેથી તે કલ્પી શકાતું નથી. બંને કાવ્યો એક જ કવિની કૃતિ સ્પષ્ટ રીતે હોવાથી બંને ભટ્ટનો તેણે લાભ લીધો જણાય છે.

ભાઉ ઉપરાંત ભાઉભાઇ અને ભાઈઆસુત નામના બે કવિઓનાં અનુક્રમે વજ્રનાભનું આખ્યાન અને ઉદ્યોગપર્વ મળે છે, આમાંનો ઉદ્યોગપર્વકાર ભાઈઆસુત કોઇ જુદી જ વ્યક્તિ જણાય છે.[૩] પણ વજ્રનાભના આખ્યાનવાળો ભાઉભાઇ એક હોય તો સંભવી શકે તેમ છે.[૪] આ આખ્યાનની નકલ પણ સાં. ૧૬૮૫ જેટલી જૂની ઉતારેલી છે, એ જોતાં ભાઉના સમયમાં જ એ અસ્તિત્વમાં આવી ગયેલી કૃતિ છે. ભાઉએ અશ્વમેધનાં ત્રણ આખ્યાન તો રચ્યાં જ છે, એ પ્રમાણે બીજાં સ્વતંત્ર આખ્યાનો રચ્યાં હોય અને તેમાનું એક "વજ્રનાભનું આખ્યાન" હોય તો તેમાં નવાઈ જેવું નથી.

---

૧ જુઓ આ પૂર્વે પૃ. ૪૨૬

૨ ફા. ગૂ. સ. હ. લિ. પુ. નામા., પૃ. ૨૧૪

૩ તેના ઉદ્યોગપર્વની પ્રત ગૂ. વ. સો. હ, લિ. નં. ૨૮ અ ની છે.

૪ વડોદરા પ્રાચ્ય વિદ્યામંદિરમાં નં. ૮૭૮ a અને પુ. વિ. મા. ના સંગ્રહમાં નં. ૧૪૫ (ઇ. સ. ૧૬૮૫)ની પ્રતો મળે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કવિ તરીકે ભાઉ ઉત્તમ પ્રતિનો નથી. આમ છતાં પ્રસંગોને રસિક બનાવવાની તેણે ઠીક મહેનત લીધી છે. પાંડવવિષ્ટિ પ્રસંગે વિદુરને ઘેર ભગવાન શ્રીકૃષ્ણ ગયા ત્યારે માત્ર ભાજી રહેલી, પણ પ્રભુકૃપાએ નહાવણના પદાર્થ અને અમૂલ્ય ભોજનસામગ્રી સર્જાઈ ગઇ, તેનું વર્ણન ભાઉ ઠીક વિસ્તારે છે; જેવું કે—

"ઉષ્ણોદક કીધાં તત્ખેવ, વિદુર કહે ઊઠો ભૂદેવ;
ચુવાચંદન ને મોગરેલ, કસ્તૂરી મલિયાગર કીધાં ભેલ. ૩
કંટોળરસ કીધાં આંમળાં, નાના વિધનાં મર્દન ભલાં;
આંગણે લઇને માંડચો પાટ, વિદુરજીનો ભાગ્યો ઉચ્ચાટ. ૪
સ્નાન કરીને ઊઠચા શ્રીહરિ, શીતોદક ત્યાં આપ્યાં ફરી;
પીતાંબર ત્યાં પહેર્યાં ઇશ, પાવડીએ ચઢિયા જુગદીશ. ૫
મંદિરમાં આવ્યા શ્રીગોપાળ, આગળ માંડી સુવર્ણથાળ;
તવ પીરશ્યા લાડુ નિરધાર, મોતી ચૂર જલેબી સાર. ૬
ઓસાવી પરસુલી સેવ અપાર, અતિ આનંદશું પીરસે નાર;
સેવૈયા મગ ચુરમુ પ્રીસે, નર નારી તણાં મન હીસે. ૭
ખાજાં પતાસાં ને ઘેબર ઘણાં, છે કેવળ પરસુલી તણાં;
ગોળપાપડી દૈથરાં થાપડા, ગળી વેડમી માંય ખાંડનાં પડાં. ૮
અન્ન પીરસે વળી ધારી ઘણી, પીરસુ સ્વામી લ્યો સેવ ઝીણી;
મધ્યકેળાં ખાંડ ને ખીર, તવ આરોગે બાવનવીર. ૮
ગાયનાં ઘી તાવ્યાં તત્કાળ, કૂર રાંધ્યો કમોદનો ને મગદાળ;
શાક નાનાવિધનાં છે જેહ, કહેતાં પાર ન જાણું તેહ. ૧૦
દીંહુરાં તુરિયાં ને વંત્યાક, લીલવા ચોળી વાલોળ શાક;
કંટોલાં કો'ળાં કારેલાં, પાકાં ચીભડાં કાચાં કેળાં. ૧૧
ધોળ ચીલ શઠ અમૃતવેલા, સારી સમડી ગોરાડી ભેલા;
સુરણ કંદ તણો નહિ પાર, હીંગ મરીએ વઘાર્યાં સાર. ૧૨
માંય ખાટાં મીઠાં તીખાં સાર, અતિ આદરશું પીરસે નાર;
આદાં લિંબુ તણાં અથાણાં, કેરી કાંકડી કર્મદાં ઘણાં. ૧૩
આંબા હલદર ને કચુમર કેર, નાનાવિધ શેલરાં કુંવેર;
છાશ વધારી મૂકચાં દહીં, જીરા લૂણ ત્યાં ઉપર લહીં. ૧૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એવી સેવકની પ્રીતિ પાળી, લીધાં શુદ્ધાચમ સંભાળી;
સેવંત્રાં ફોફળ મુખવાસ, એળકી લવિંગ કપૂર બરાસ. ૧૫
ઉપર આપ્યાં બીડાં પાન, માગ્ય માગ્ય ત્રુઠયા ભગવાન.

× × ×

સેવકજન ઉગારી લીધો, તરણા તણો ત્યાં મેરૂ કીધો." ૧૭[1]

ઉદ્યોગપર્વ અને દ્રોણપર્વમાં પ્રસંગો કેટલાક ઠીક વિસ્તાર્યા છે, પણ તેમાં કવિપ્રતિભા ખીલતી માલૂમ પડતી નથી. બેશક પ્રસંગોમાં એ સ્વાતંત્ર્ય રાખે છે; મૂળ કથાથી દૂર પણ જાય છે. ઉદ્યોગપર્વ એ એનો સારો પ્રયાસ છે, એમ કહેવું જોઇયે.

ભાષાની દષ્ટિએ જૂની પ્રતો નહિ મળતી હોવાથી ભાઉ પાસેથી આપણે કાંઈ મેળવી નથી શકતા, પણ સૂરતના જમણનો તો ખ્યાલ મેળવી શકિયે છિયે, અને તે ઉપર આવી જાય છે. પૌરાણિક આખ્યાન-કાળના વિકાસમાં ભાઉનો પણ સ્વલ્પ ફાળો નથી, એ એની ત્રણ કૃતિથી પણ આપણે સ્વીકારવું જોઇયે. વસ્તુની પસંદગીમાં એણે બુદ્ધિ વાપરી હોવાને કારણે જ એનાં નિરસ કાવ્યોમાં રસિકતાનો અંશ જડી આવે છે.

ચરિતસામગ્રી :

૧. ગૂ. વ. સો. હ. લિ. પુ. ની યાદી
૨. ફા. ગૂ. સભા હ. લિ. પુ. નામાવલી, ભાગ ૨જો, (શ્રી અં. બુ. જાની–કૃત)
૩. પ્રા. કા. ત્રૈમાસિક, વર્ષ ૬, અંક ૩, સ્વ. હ. ગો. કાંટાવાળા–સંપાદિત

૧. પ્રા. કા. ત્રૈ. વર્ષ ૬, અંક ૩જો, પૃ. ૭–૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ગોવિંદ

[ સં. ૧૬૮૦માં હયાત ]

**ગોવિંદની** છાપનાં કેટલાંક કાવ્યો મળે છે; તેમાં એક ગોવિંદે "મામેરા"નું કાવ્ય રચ્યું છે. આ કાવ્યની જૂનામાં જૂની પ્રત સં. ૧૭૨૮ લગભગની મળી છે. કવિએ નરસિંહ મહેતાની પુત્રીના શ્રીમંત વખતે નરસિંહે કરેલા મોસાળાનું છ કડવાંમાં વર્ણન કર્યું છે. આ "મામેરું" કવિ પ્રેમાનંદના સમય પૂર્વે રચાયેલું છે, એ નિર્વિવાદ છે. વિષ્ણુદાસે "મામેરું"[૧] અતિ ટૂંકમાં લખેલું છે; તેમાંની કેટલીક પંક્તિઓ ગોવિંદના કાવ્યમાં જણાય છે. ગોવિંદે કદાચ વિષ્ણુદાસનું જોઈને જ જરા વિસ્તારથી કાવ્ય લખ્યું છે. મુખ્યત્વે ચોપાઇ જ પસંદ કરી છે.

સાં. ૧૬૮૦ ની સાલનું એક "એકાદશીમાહાત્મ્ય" એક ગોવિંદનું મળે છે; વળી "સૂરજદેવનો છંદ", "બારમાસ" (કર્તા ગોવિંદજી), રુક્મિણીવિવાહ, સુભદ્રાહરણ (આ બે કોઇ ગોવિંદરામનાં), નાગદમની અને રાધાહારનાં ૫ પદો (આ કોઈ ગોવિંદદાસની બંને કૃતિઓ). આ બધી કૃતિઓ એક જ કવિની હોય તેમ લાગતું નથી. સંભવ છે ત્યાં-સુધી એકાદશીમાહાત્મ્ય અને મામેરું એ બે કાવ્ય એક જ કવિની કૃતિ છે. એકાદશીમાહાત્મ્ય સં. ૧૬૮૦ માં રચાયાનું મળે છે,[૨] જ્યારે મામેરાની જૂનામાં જૂની હાથપ્રત સં. ૧૭૨૮ની મળે છે, એ જોતાં બંને કૃતિઓ નજીકના સમયમાં (પ્રેમાનંદની તો પૂર્વે જ) રચાઇ હોવાની શકયતા પૂરતી છે. અને "મામેરા"માં કથાનકનો કાંઈક વિસ્તાર હોવાથી વિષ્ણુદાસ અને કૃષ્ણદાસની પછી એનો એ પ્રયત્ન છે, એમાં પણ ખાસ શંકાને કારણ નથી.

---

૧ આ પૂર્વે પૃ. ૩૦૫ વગેરે

૨ ગૂ. હાથ. સંકલિત યાદી, પૃ. ૩૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આજે "મામેરું" પ્રાપ્ય છે, જો કે હજી કયાંય પણ છપાયું નથી. ૬ કડવાંમાં વિભક્ત થયેલા આ કાવ્યમાં આપણને મામેરાનો પ્રસંગ હવે કાંઇક વિસ્તૃત સ્વરૂપમાં મળે છે. પણ એ સાથે એમાં વિષ્ણુદાસનું અનુસરણ પણ સ્પષ્ટ છે; અને કવચિત્ શબ્દશઃ "કંકોતરી વેગે મોકલો લેઇ જાશે પંડચો ખોખલો" જેવી પંક્તિઓ એની એ છે.[1] કવિ વેલનું અને પછી નરસિંહના ઉતારાનું વર્ણન આપતાં જણાવે છે કે

"કરે મેંહિતો ચાલવાની ચાલ લીધૂં ગોપીચંદન તાલ ॥૨૩॥
લગ્નશિરોમણિ મહૂર્ત જ ઘડી તાણી તાં બાંધી ગાંઠડી ॥૨૪॥
માગ્યા બલદ નેં સૂતરી વેહલ્ય ગરડા બલદ કરાવે ટહેલ્ય ॥૨૫॥
*કુટુંબ સહિત તેડી પરિવાર મેહેતો આવ્યા નગર મુઝારિ ॥૨૬॥
*ભેટચા વેહેવાઇ નેં વલગૂં જોડ માંહાંમેરે નથી લ્યાવ્યા મોહોડ ॥૨૭॥
નરસિંહ મિહિતાનેં સહૂ કો હસે કુયરી જાણે માહારા બાપનેં કસેં ॥
હસે પરસ્પર ઠગ અતિ માન આપો ઉતારા ધરશેં ધ્યાંન ॥૨૯॥
ઉદ્વસ મંદિર હૂતાં યાંહાં મેહિતોજી ઉતરચા ત્યાંહાં ॥૩૦॥
જૈ ઉતરીયા હરખ્યા ઘણૂં ભાગ્ય જૂયો આ ધરતી તણૂં ॥૩૧॥

× × ×

તે સમે પુત્રી તાત કહ્નેે ગઈ કહી વીનતી...સહી ॥૩૩॥
*તાતજી તમ્યો ભલે આવીયા, કહો માંહાંમેરુ શૂ લ્યાવીયા ॥૩૪॥
આવ્યો અવસર મોટૂ કાજ શૂ માંહાંમેરુ કરશો આજ ॥૩૫॥
મુહ્નેે નિશ્ચે તાં કહો નિર્ધાર મેહિતો બોલ્યા તેણી વાર ॥૩૬॥
*હૂં લાવ્યો છૂં બાઇ ચંગ ને તાલ માંહાંમેરુ પૂરશે શ્રીગોપાલ ॥૩૭॥
આપણેં પાસે હરીનૂ નામ ગોપીચંદન શાલિગ્રામ ॥૩૮॥
એહવી વાણ્ય ચહ્વારે મહિતે કહી પુત્રી મનમાં ઝાંખી થઇ ॥૩૯॥"[2]

આ પછી પુત્રીએ નરસિંહ મહેતા પાસે દુઃખ રડયું છે, તે કવિના શબ્દમાં નીચે મુજબ ૨ જા કડવામાં મળે છે:

---

૧ સભાપર્વ વગેરે, પૃ. ૯૪ અને ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૩૨૮ વ (કડવું ૧લું–કડી ૬)

૨ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૩૨૮ વ (કડવું ૧લું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાગ મલ્હાર

"જો નાહોતી માંહાંમેરાની પેરય તો શીદ આવ્યા માહારે ઘેરય ॥૧॥
આગે સહૂ કો મુહ્‌ને મિહિણાં દે દાઢી ઉઠી તાલકુટીયાની કહે ॥૨॥
નગરલોક ઠગવિદ્યા કરે પુત્રી આષે આંસુ ભરે ॥૩॥
એહવા નિરધનને પેટય કાં પડી સાસરામાં મુહ્‌ને કહે બાપડી ॥૪॥
*એ પિતાથી હૂ નવિ ઠરી ચાહારે માગૂ ત્યારે જપો બાઇ હરી ॥૫॥
સાસરે જૈને હૂં શૂ કરૂ દીયર જ્યેઠને મેહિણે મરુ ॥૬॥
માહારી માતા મુઇ તો અંતર ધરો નહીતર માહામેરુ મુહ્‌ને ઘણું કરો ॥૭॥
માય વિના સુનો સંસાર માય વિના પુત્રીનો ધિક અવતાર ॥૮॥
માય વિના લોક મહેણાં દીધ માય વિના બાપને ચોરે લીધ ॥૯॥
માય વિના બાઇ બેસો કુણ કહે માય વિના દૂર વર હૃદે કુણ લહે ॥૧૦॥
માય વિના બાપનૂ એહવૂં મંન ભક્ષ નાના વિધ લૂખૂ અંન ॥૧૧॥
*માય વિના તાતનૂં એવૂં હેજ તેલ ઘટએ દીપકનૂં તેજ ॥૧૨॥
માય વિના પુત્રી સદા ધામણી યમ મૃગબાલ ભૂલૂં રણ ભણી ॥૧૩॥
માય વિના કુણ કરાવે લાડ માય વિના પીહરની ભાગી વાડ્ય ॥૧૪॥"[1]

આમાં પણ છાબના ફાળામાં બે પાણા લખવાનું કવિ ચૂકયો નથી. ભક્તની વીનતી પછી પ્રભુએ આવી ભક્તના મસ્તક ઉપર હાથ દઇ દિલાસો આપ્યો એ વસ્તુ કવિ અહીં વધુ આપે છે.[2] વિષ્ણુદાસ—કૃષ્ણદાસની કૃતિઓમાં એ નથી. બેશક પ્રેમાનંદે લક્ષ્મીજી અને બીજા સેવકો પુષ્કળ ગાંસડાં-પોટલાં લાવી હાજર થયા છે, તેનું રસિક વર્ણન આપ્યું છે, તે ગોવિંદ નથી આપતો. બાકી દોશી થઇ આવેલા પ્રભુએ પહેરામણી આપી તેનું વ્યક્તિવાર વર્ણન પણ કવિ પ્રથમ જ આપે છે.[3] એ ઉપરાંત પાટ ચલાવવાનો પ્રસંગ તો પ્રેમાનંદમાં પણ નથી મળતો તે કવિએ આપ્યો છેઃ

"પીલ્યાં પાગ શ્રીફળ મેલ્યુ માંહ ઉતારેથાં કુઅરય બાઇ નીજ ગ્રહે જાય ॥
ચાલે ઘોડ્ય પાગ હેઠય પાટ પરાય દીઅર નારણીશે પછેડી ઉન્છાય ॥૨૮॥"[4]

---

૧ એજન, કડવું ૨જું
૨ એજન, કડવું ૩જું
૩ એજન, કડવું ૪થું
૪ એજન, કડવું ૫મું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગોત્રેજ–પૂજન કવિએ નવીન જ આપેલ છે, જે પ્રેમાનંદમાં પણ નથી. તેમ નણદીની દીકરી પહેરામણી વિના રહી ગઈ ત્યારે ખબર પડતાં કુંવરબાઈ પિતાને ઉતારે કહેવા જાય છે, તે પણ નવીન જ છે. "નણદની નાણદી નાનબાઈ"ને અંતરિક્ષમાંથી મળેલું કાપડું આપે છે. પ્રભુ આમાં પ્રત્યક્ષ થયા હોય તેવું "પોષલે ઠગવિદ્યા કરી માગ્યા વસ્ત્ર જોડા આપ્યા હરી ॥૨૮॥" એ પંક્તિમાં જણાય છે; તે જ પ્રમાણે સ્ત્રીઓના મુખમાં પણ "કુઅરબાઈનૂં શ્રીમત નાવત ઉહણ શ્રીકૃષ્ણ વિના સાઓલા પેરાવત કુણ ॥૧૧॥" એ કડી વ્યક્ત થાય છે, તે પણ તે જ હકીકત કહે છે.

કુંવરબાઈ પ્રસવ માટે પિતાની સાથે ઘેર જાય છે, તે રીતે પ્રસંગ પૂર્ણ થાય છે. આમાં સીમંતનો રિવાજ અને તેને અંગેનું કાર્ય વગેરે કવિએ પોતાના જમાનાને અનુકૂળ આપ્યું છે.

વિષ્ણુદાસની પંક્તિઓ (ઉપર *થી બતાવેલી) મળે છે. તેમ કેટલુંક વસ્તુ અને વિચાર પ્રેમાનંદે પણ ગોવિંદમાંથી લીધાં છે એ સ્પષ્ટ છે. ભક્તગાથાને બદલે પ્રેમાનંદ તેને એક કાવ્યમાં પરિણત કરે છે, એ તેનો અવશ્ય વિશેષ છે.

કવિની ભાષા મધ્ય. ગૂર્જ. ની ૪થી મિશ્ર ભૂમિકાના સંસ્કારવાળી છે, જે પ્રેમાનંદના પૂર્વ સમયની છે. ભલે તેમાં કશું મહત્ત્વ નહોય પણ એક મહાકવિને પ્રેરણા લેવા જેટલી વસ્તુ આ કવિ સાચવે છે, એ કાંઈ ઓછું નથી.

આ કવિના વિષયમાં વિશેષ કશી માહિતી આજે મળતી નથી.

ચરિતસામગ્રીઃ

૧. ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૩૨૮ વ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ભગવાનદાસ કાયસ્થ

[ સં. ૧૬૮૧-૧૭૪૬ ]

સૂરતના કાયસ્થ કુટુંબમાં જન્મેલા કવિ ભગવાનદાસ ઉર્ફે ભાઉ મૂળજીનો જન્મ સં. ૧૬૮૧[૧]માં થયો હતો અને સં. ૧૭૪૬ના આશ્વિનની અમાસને દિવસે અવસાન થયું હતું. કવિ ગરીબ માબાપને પેટે અવતરેલ હોઈ બચપણમાં બહુ તકલીફથી ઊછરેલો હતો. શરૂઆતમાં માત્ર રૂપિયા પંદરથી નોકરી શરૂ કરી ધીમેધીમે આગળ વધતાં સૂરતના તે સમયના નવાબ મહોબતખાનના દરબારમાં પોતાની રાજદ્વારી શક્તિ અને કવિત્વથી છેક દીવાનગીરી સુધીનું સ્થાન મેળવવા આ કવિ ભાગ્યશાળી થયો હતો; તેણે આ વસ્તુનું સૂચન દોહરામાં કર્યું પણ છે:

"સાહીબકા સેવક કરે, સેવકકા સાહીબ;
જગતપતિકા દ્વારમેં, એસી હય તરકીબ.
મુફલીસ નૌકર આપકા, દાસ કવિ ભગવાન;
ક્યા તકદીર તાજુબ હૈ, આજ ભયા દિવાન !!"

ઇ. સં. ૧૬૬૪માં મહાન છત્રપતિ શિવાજી મહારાજે સૂરત લૂંટયું તે પ્રસંગે આ કવિ સૂરતમાં હતો. આ કવિ ફારસી, અરબી, સંસ્કૃત, મરાઠી અને માતૃભાષા ગૂજરાતીનું સારું જ્ઞાન ધરાવતો હતો. તેણે ઘણા ગ્રંથો રચ્યા કહેવાય છે. તેવા કેટલાક સં. ૧૮૭૩ની રેલમાં અને કેટલાક સાં. ૧૮૯૩ની આગમાં નાશ પામ્યા. અત્યારે તો [૨]શ્રીમદ્ભગવદ્ગીતા, ભાગવતનો એકાદશસ્કંધ, ફૂલગીતા અને

---

૧ આ કવિ વિશેની માહિતી પાંચમી ગૂજ. સા. પરિ. ના અહેવાલમાં છપાયેલા શ્રી લીલુભાઇ ચૂ. મજમૂદારના નિબંધમાંથી લીધી છે.

૨ આ કાવ્ય અદ્યાપિ છપાયાં નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુદામાચરિત્ર જાહેર છે. આ બધાં કાવ્ય પ્રાયઃ હિંદી ભાષામાં લખાયેલાં છે, છતાં ક્વચિત્ ગૂજરાતીમાં વચ્ચે વચ્ચે કડીઓ લખી છે.

કાયસ્થો પ્રાયઃ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો છે. આ કવિ પણ વૈષ્ણવ હતો. તેણે નિત્યપદો તેમ જ ઉત્સવનાં પદો પણ રચેલાં છે. અનેક હાથપ્રતોમાં વૈષ્ણવી પદોમાં જે પદો ભગવાનદાસની છાપવાળાં થોડાં હિંદી અને ઘણાં ગૂજરાતીમાં છે, તે ઘણું કરી આ જ ભગવાનદાસનાં છે.

એના જીવનમાં કેટલાક ચમત્કારો બનેલા તે વિશે પણ કેટલીક વાતો લોકોમાં જાહેર છે. કેટલાક તેણે જ નોંધેલા છે. સૂરતમાં રહેતો ત્યારે આ કવિ પ્રાણનાથના બાગમાં ઊતરતો. એકવાર તેના વિઘ્નસંતોષી અમલદારોએ તેનું ખૂન કરવાનું કાવતરું રચી એક રાતે બાગમાં મારાઓ મોકલ્યા. કવિ સપડાઈ ગયો. એને પ્રભુ પર દૃઢ ભરોંસો હતો. અને તેણે નીચેનું પદ સહસા ગાયુંઃ

"અબ મોકો રાખ લિઓ ગોપાલા;
જૈસેં સુરપતિ–કોપ આગે રાખે સબ બ્રીજબાલા.
ગ્રહ્યા ગજને તુમહી રાખ્યો, દોડહી દીનદયાલા;
પંચાલીકી લજ્યા રાખી, કરુણાનિધી કૃપાલા.
પરીક્ષતકું પ્રેમસો રાખ્યો, દીનો વેદ રસાલા;
સંતનસૂ તન કોપ ન રાખ્યો, ભક્તબચન–પ્રતિપાલા.
લાખાગૃહમેં પાંડવ રાખેં, એક તિહારી ચાલા;
અબ દાસ **ભગવાન** શરણ આયો, રાખ ગિરિધારી લીલા."

કહેવાય છે કે પદ ગવાતાં જ શ્રીનાથજી શ્રીગોવર્ધનધરણ પ્રકટ થયા અને ખૂનીઓનો નાશ કરી પોતાની પાદુકા તે સ્થાને સ્થાપવાની આજ્ઞા કરી. પ્રભુની આજ્ઞા પ્રમાણે કવિએ પાદુકાની સ્થાપના તે સ્થાને કરી, જે અદ્યાપિ અશ્વિનીકુમારને ઘાટે જતાં રસ્તામાં આવતા તે સ્થાનમાં છે, જ્યાં ભાવિકો ચરણસ્પર્શ કરવા જાય છે.

આ કવિ જેમ પ્રેમી ભક્ત તેમ જ્ઞાની પણ હતો. આ બંને વસ્તુ તેણે તેના એકાદશ સ્કંધ તેમ જ ગીતામાં બતાવી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગૂજરાતમાં કેટલાક વ્રજ-હિંદીમાં કાવ્ય કરનારા કવિઓ થયા છે, તે માંહેનો ભગવાનદાસ પણ એક છે. આ કવિનાં કાવ્યો પ્રસિદ્ધ ન હોવાને કારણે કાવ્યોના વિષયમાં વિશેષ માહિતી આપવી શકય બની નથી. ભજનલીલારસ નામ[1]નું એક ગૂ. કાવ્ય મળે છે, પણ તે આ જ કવિનું છે કે અન્યનું તે નિર્ણયાત્મક રીતે કહી શકાય તેમ નથી.

ચરિતસામગ્રી :

૧. પાંચમી ગૂજ. સા. પરિ. નો અહેવાલ–શ્રી લીલૂભાઇ ચૂ. મજમૂદારનો નિબંધ

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૪૭૭ જી (નડિયાદના કવિ અવિચલના હાથની નકલ. સં. ૧૯૯૯ ની)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# કેશવદાસ

[ સં. ૧૬૮૩માં હયાત ]

સં. ૧૬૮૩માં "બકદાલ્ભ્યાખ્યાન" નામનું જૈમિનિના અશ્વમેધ પર્વમાં આવતું એક આખ્યાન કોઈ કેશવદાસ નામના કવિએ લખ્યું છે. તે કાવ્યના અંતમાં પોતાના નામ અને રચ્યા સાલ ઉપરાંત બીજી કશી માહિતી મળતી નથી. તે લખે છે કે

"શંમત શોલ ત્રાસીઓ હતંમ ।। રતૂ શરદ માધન ।।
અશ્વન વદી ત્રીતીઆ અતી પાવંન ગરૂવાશરનો દીન ।।૩૬।।
જે દીને એ પરીપૂરંણ કીધૂ ।। અશ્વમેધ માહા પરવ ।।
× × ×
કેશવદાશને કરૂણા આંણી રાખો ચરણની પાશ ।।૩૯।।"[૧]

આ નામની છાપવાળાં એક "કામાવતીની કથા" અને બીજું "બારમાસી" કરી કાવ્ય મળે છે, તે એક જ કવિની કૃતિઓ છે કે ભિન્ન ભિન્નની તે સમજી શકાતું નથી. "કામાવતીની કથા" શિવદાસે લખી છે; એ જ સમયમાં આ લોકવાર્તા કેશવદાસે લખી જણાય છે: કવિ પૌરાણિક પદ્ધતિની કથાથી વિશેષ કાંઇ આપતો નથી.

ચરિતસામગ્રી :

૧. ફા. ગૂ. સભાની હ. લિ. પુ. નામા. ભાગ ૨જો

---

૧ કડવું ૧૫ મું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# અવિચલદાસ

[ સં. ૧૬૮૪–૯૫માં હયાત ]

**નડિયાદના**, સંભવતઃ આભ્યંતર સાઠોદરા જ્ઞાતિના વિષ્ણુદાસ-સુત અવિચલદાસનાં અત્યારે જે બે કાવ્ય ભાગવત ષષ્ઠ સ્કંધ અને આરણ્યકપર્વ મળે છે, તે જોતાં એ એક કૃતપ્રયત્ન અને તે સાથે ગૂજરાતી ભાષા ઉપર સારો કાબૂ ધરાવનાર કવિ હતો એમ જણાય છે. આરણ્યકપર્વ તો ૭૦૭૦ કડીનું વિસ્તૃત કાવ્ય છે. આ બંને કાવ્યોમાં તેણે પોતાનો ટૂંકો પરિચય આપી દીધો છે:

"સંવત **સોલ ચોરાશીઉ** પૌષ અસિત શુભ ચેહ ।
**ભીમકવિતન** યસ કહિ ગાતાં નીમલ દેહ ।૩૦।
**વાડવ નાગર વિષ્ણુસુત અવિચલ** ગાવા હામ ।
દસમીનિ દિન સોપીઉ ગાતે રીઝે રામ ।૩૧।
નયર વડુ **નટપદ્ર**માં શ્રીનારાયણદાસ ।
શ્રીકૃષ્ણકથા પ્રાકૃત કરી ગાશે **અવિચલદાસ** ।।"

(ષષ્ઠ સ્કંધ–૧૯મો અધ્યાય)

અને—

ગુજર ખંડે **નટપદ્ર** નિવાસ । **નાગર** નારાયણના દાસ ।
સંવત ૧૬ **પંચાણુઓ** ધન્ય । શ્રાવણ વદિ એકાદશી દિન ।।

× × × ×

**વિષ્ણુદાસસુત અવિચલ** વાણે । સકલ સભાને દે કલ્યાણ ।।"

(આરણ્યકપર્વ–કડવું ૭૫મું)

આ બંને કાવ્યો કવિના ખુદના હસ્તાક્ષરમાં લખાયેલ છે તેવું આરણ્યકપર્વની પુષ્પિકાના નીચેના શબ્દોથી જણાય છે:

"श्रीरामप्रसादात् । संवत १६९५ वरषे श्रावण शुदि १२ रवउ अदेह **नटपद्रवास्तव्य आभ्यंतर नागरज्ञाती** मह **विष्णुजीसुत अचलदास**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

स्वयं बुद्धिदाता श्रीनारायणने प्रमादे प्राकृत गांन आरणीक पर्व संकेप्ये कवि, श्रीनारायणने चरणे सोप्युं ।"

જેમ જેમ આ કાવ્ય લખાતું ગયું હશે તેમ તેમ નકલ તેણે કરી જણાય છે. અને આગલે દિવસે કાવ્ય પૂરું કરી બીજે દિવસે પૂરું લખ્યું છે. એની જ કલમે આ બંને કાવ્યવાળા ચોપડામાં વિષ્ણુદાસની રુક્માંગદપુરી, જનાર્દનનું ઉષાહરણ, અજ્ઞાતનું પ્રબોધ-પરાક્રમ, ઇસરનો હરિરસ, ભગવાનદાસનો ભજનલીલારસ, શ્રીરાધા-વલ્લભીય પદો તેમ જ પુષ્ટિમાર્ગીય અષ્ટસખાનાં પદો, મીરાં, નરસિંહ વગેરેનાં પદો પણ ઉતારેલાં મળે છે. તેના અક્ષરો એકંદરે સુવાચ્ય છે અને શુદ્ધિ પણ એકંદરે ઠીક છે.

ખંભાતનો વિષ્ણુદાસ અને અવિચલનો પિતા વિષ્ણુદાસ ભિન્ન ભિન્ન છે.[1] પેલો મકરકુલનો છે, જ્યારે આ પોતાના કુલ વિશે કશું લખતો નથી. વધુમાં આનાં બંને કાવ્યોમાં ખંભાતના વિષ્ણુદાસના કોઈ અંશો નથી. બેશક આરણ્યકપર્વની પદ્ધતિ વિષ્ણુદાસનાં કાવ્યો જેવી છે. ખુદ અવિચલે જ વિષ્ણુદાસના સાં. ૧૬૩૪માં રચાયેલા "રુકમાંગદપુરી"ની નકલ આ ચોપડામાં લખી છે. છતાં એનું કવન સ્વતંત્ર જ છે. એનાં બંને કાવ્યો અદ્યાપિ અપ્રસિદ્ધ છે.

આ કાવ્યો એણે સ્વતંત્ર બુદ્ધિથી રચ્યાં હોય કે ન હોય, પણ એ બંને કાવ્યો જુદાજુદા પૌરાણિક ભટ્ટો પાસેથી સાંભળી કે ભણીને તેણે બનાવ્યાં હોય તેમ તે આરણ્યકપર્વને અંતે કહે છે:

"નયર વડુ **નટપદ્ર** નિધાન **હરજીસુત ધરણીધર** માંહાંન
મૂલ કથા સંભલાવી સહી તે માટે તે પ્રાકૃત કહી."[2]

તે જ પ્રમાણે ૫૪ સ્કંધમાં તે એક ભીજા ભીમકવિસુતના નામનો નિર્દેશ કરે છે, જેમાં ભીમકવીશ્વરસુત મૂળ કાવ્ય કહેતો હોય અને

---

૧ આ વિષયની વિસ્તૃત ચર્ચા માટે જુઓ આ પૂર્વેનાં પૃ. ૩૦૫ વગેરે
૨ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૪૭૭, પૃ. ૩૭૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અવિચલ તે હૃદયમાં ધારણ કરતો હોય કે જે પછીથી ગૂજરાતીમાં ઉતારતો હોય, તેમ દેખાય છેઃ

" **ભીમ કવિશ્વરસુત** એમ કહિ
**અવિચલ** રામપ્રતાપ્યે લહિ ॥૩૪॥"[૧]

ઉપર શરૂમાં આવતા, ષષ્ઠ સ્કંધના અવતરણમાં પણ "ભીમ-કવિતન"નો ઉલ્લેખ છે.

આ કવિએ આ બંને કાવ્યો મૂળ સંસ્કૃત સમઝીને રચ્યાં હોય તેવું જણાય છે, કેમકે ષષ્ઠ સ્કંધમાં તો શ્રીધરી ટીકાને અનુસરી એ સ્કંધ રચ્યાનો સ્પષ્ટ નિર્દેશ કરે છે, એવી મતલબનો કે ભાગવતનો અર્થ શ્રીધર સ્વામીની મદદથી સમઝાય છે; જેમકે

"છઠિ પોષણુ તો કહુ જો હરિ થશિ સહાય ।
કઠીણ કથા શ્રીભાગ્વતી **શ્રીધરવચન** ઉપાય ॥૨॥"[૨]

ષષ્ઠ સ્કંધના કેટલાક અધ્યાયોના આરંભમાં એણે સંસ્કૃત શ્લોકો ઘણા સુંદર આપ્યા છે, પણ એમાં અશુદ્ધિઓ છે. એ જોતાં કદાચ અવિચલની પોતાની એ સંસ્કૃત કૃતિ નહોતાં જેની પાસેથી તેણે સાંભળી હશે તે ભટ્ટે તે રચી આપ્યા હશે. બાકી શ્રીધરી ટીકામાં પ્રત્યેક અધ્યાયને આરંભે આવતા અધ્યાયસારના શ્લોકોનો સીધો અનુ-વાદ કવિએ આપ્યો છે. આ અનુવાદ પણ અધ્યાયવાર મળે છે, એમાં કડવા-બંધ સ્વીકાર્યો નથી. રત્નેશ્વરે પચાશેક વર્ષ પછી આ જ પદ્ધતિએ ચોપાઇ અને ચોપાઈ દાવટીમાં (એટલે કે સવૈયા અને હરિગીતની દેશીમાં મુખ્યત્વે) ભાગવતના સ્કંધોનો અનુવાદ કર્યો છે, જે પણ શ્રીધરી ટીકાને અનુસરીને આટલો જ સુંદર અનુવાદ છે. જેમ રત્નેશ્વરમાં મળે છે, તે જ રીતે પ્રત્યેક અધ્યાયને અંતે મૂળ સં. અધ્યાયના શ્લોકની ગણતરી આપવામાં આવી છે. "અવિચલ" એ છાપ પણ પ્રત્યેક અધ્યાયને અંતે મળે છેઃ જેમકે

૧ એજન, પૃ. ૪૬
૨ એજન, પૃ. ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"એમ ચ્યાલીસ શ્લોકનું પ્રાકૃત ષષ્ટમિ સાત અધ્યાય ।
ભીમકામ સુરપદ ગુરુસ્થાનક **અવિચલ** કૃષ્ણસહાય ॥૫૩॥"[1]

એની કવિતાનો યાને અનુવાદનો નમૂનો હવે જોઇયે:

**પૂર્વછાયો**

"કથા અનોપમ બારમિ વૃત્રાસુર રણિ નાશે ।
દાનવનો પ્રેર્યો વઢિ સુરપતિ દાનવ પાશે ॥૧॥

**ઢાલ**—શુક રાજા પ્રતિ એણી પિરચે બોલ્યા સાંભલિ રાયકુમાર ।
ઇમ સુણી ઇંદ્ર વૃત્ર પરિ ધશીઓ નાંષુ શૂલ ઉદાર ॥૨॥
પાપ ઇંદ્ર જાયે જે તુજ મારું તુજ મદ સકલ ઉતારું ।
દેહ પ્રચંડ ચંડ પરિ બોલ્યો જોયે પ્રાક્રમ માહારું ॥૩॥
તેહ શૂલ આવંતુ દેષી ઇંદ્રિ વજ્રિ છેદ્યું ।
તદા બાહુ વૃત્રાસુર કેરા વજ્ર વડિ સુર ભેદ્યું ॥૪॥
એક બાહુ પડતે પ્રથિવીતલિ વૃત્રે ભોગલ સાહી ।
ગજને મસ્તકચે સબલી મારી તવ યોધા બલ વાહી ॥૫॥
તે ભોગલને પ્રાહારે ગજને અતે વ્યાકુલ મનિ થાએ ।
ઇંદ્ર તણા કર તન સહ ધ્રુજે કરથી વજ્ર પડાએ ॥૬॥
તદા ઇંદ્રને લજ્જા આવી હાથિ વજ્ર ન ઝાલિ ।
તેણે સમિ વૃત્રબલ દેખી ચારણ મુખિ યશ સંભાલિ ॥૭॥
વૃત્ર કહિ મઘવા મનિ નાણો બુદ્ધિ પરાજય હોય ।
મનનો ચીત્યો જય કિમ પામિ તો કાં નીચુ જોય ॥૮॥
અપરાજિત તો એક નારાયણ જેહ જગત-આધાર ।
વજ્ર ગ્રહીનિ યુદ્ધ કરો સુર જયદાતા કિરતાર ॥૯॥
શત્રુવર્ગ હણવા જે ઈછિ તેહ કેહી પિરચે રીસાવિ ।
યુદ્ધ કરો તહ્યો વજ્ર ગ્રહીનિ થાશે જે હરિ ભાવે ॥૧૦॥
કાલ કરેવા જે છિ સમરથ તેને વશિ સહ જીવ ।
તેને ગમિ તે સર્વ ભોગવિ જીવજગત વશે-શીવ ॥૧૧॥
તેજ પરાક્રમ બલ નિરબલતા જીવ કરણ તે હાથિ ।
પુરુષ કેરણ તેતાં જુદું કાલ સર્વ વશે નાથ ॥૧૨॥

---

૧ એજન, પૃ. ૨૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે કારણિ સંજ્જન મનિ આણી મિથ્યા લહી પ્રતીકાર ।
સ્વચ્છ થઇ હરિધ્યાન આચેરિ છાંડી સકલ વિચાર ॥૧૩॥
ચમ્મ કાઠની કરી પૂતલી ચર્મ તણો મૃગરાજ ।
યોગી કુહકયંત્ર રમાડિ ત્યમ એ કાલબલ સાજ ॥૧૪॥"[1]

ભાષાને સરળ કરવા સાથે શબ્દોની યથાસ્થિતિ ઉપર તેનું લક્ષ્ય છે, તે આમાંથી તરી આવશે.

આરણ્યકપર્વ તો તેણે કડવાબદ્ધ કાવ્ય રચ્યું છે. એમાં પણ એનું મૂળને પ્રાયઃ પ્રામાણિક રીતે અનુસરવાનું અવિચલ જ છે. આખી કથા તેણે ૭૫ કડવાંમાં સારબદ્ધ કરી છે. કેટલાક પ્રસંગોમાં તેણે વિશિષ્ટ રોચકતા અર્પી છે; નમૂના તરીકે આપણે સૌગંધિક પુષ્પો લેવા જતાં માર્ગમાં થયેલો ભીમનો વનનો અનુભવ અને ભીમ હનુમાનનો મેળાપ થવાનું સૂચન જોઇયે:

"પર્વત સરીતા વન વિસ્તાર દિવ્યગંધ ફલ ફૂલ ન પાર ।
શીતલ જલ તાપસના ઠામ વનમા વિસમી ધાતી હામ ॥૬૪॥
રુતિ સઘલી શુ એકાં કાલિ ગંધમાદન ગિરી રંમ્ય કરાલ ।
હંસ મોર કોકીલ રવ કરિ વીર વશેખે વને સાંચરે ॥૬૫॥
જાતાં જાતાં નાવિ છેક તદા વિચારે વિર વિવેક ।
રાક્ષસવન અથ જક્ષ ગાંધર્વ કિંનર ગુહ્યક વિસમા સર્વ ॥૬૬॥
તલાવ વૃક્ષ ફલ ફૂલી રહે ફૂલ સુંદર શી શોભા કહિ ।
કુંજ મનોહર ગિરીની ધાત નીરઝરણે જલ ઉત્તમ ભાતિ ॥૬૭॥
ગફા કેસરી છાંઆં ઠામ કુંજર વાઘ પલિ લહી તામ ।
જન પાખિ વન અરણ્ય અપાર હરખે વીર પલિ તે ઠાર ॥૬૮॥
હાથિ વક્ષથી મારગ કરે અભીત ભડ વનમા પરવરિ ।

× × × ×

ચિંતા કરતો ભડ પરવરે નેત્રે ધારા જલની ખ્યરે ॥૭૨॥
તેણે સમિ કીધો ટંકાર ગજપતિ કરભે છાંડ્યા ઠાર ।
નાઠા વનમા પાડી ચીસ મૃગ વરાહ ચીતલ ખગ રીસ ॥૭૩॥

1 એજન, પૃ. ૩૮ (અધ્યાય ૧૨મો)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આકુલવ્યાકુલ મહાવન માહિ ભાજે વૃખ પલિ ગજ પાહિ ।
અતિ આંદોલે ઉડે દ્રીજ બહુ મહાભયાતુર કીધુ સહુ ॥૭૪॥
દિવ્ય મનોહર દીઠો ઠામ ઉભો બાંધવ ધાતી હાંમ ।

× × ×

સુંદર વન એક શોભા ઘણી દીઠી શ્રેણી નિખ ખગ તણી ॥૭૭॥
જાંણ્યુ કયહી એક જલનો ઠામ જાવા વીરે ધાતી હામ ।
મહા જલજનો કીધો નાદ વનમા વીરલ દી ઉહ્લાદ ॥૭૮॥
પરવત ગાજ્યો થ્યો પડછંદ નાહાઠા દ્વિપદ ચતુષ્પદ વૃંદ ।
ગફા માંહેથી ઉઠો નાદ મોર હંસ કોકીલના સાદ ॥૭૯॥
ગંધમાદન કંદલીવન રંમ્ય અભક્ત જનનો નહી ત્યાંહાં ગંમ્ય ।
રામસખા સીતાનો વીર વાંનર એક રહે રણધીર ॥૮૦॥
હનમાન સાંભલતે નાદ પુછ ઉછાલે લહી ઉહ્લાદ ।
તેનો શબ્દ થયો શતગણો નભ ધરણી દિશિ રવ અતિ ઘણો ॥૮૧॥
ડોલે પરવત કંપિ ઝાડ નાહાઠા કેહરી ગજ મૃગ ત્રાડિ ।
દહ દ્રુદ સરીતા સરજલ લોઢ આકુલવ્યાકુલ નાંના પ્રૌઢ ॥૮૨॥

× × ×

કંદલી વનમાં નીદ્રા પિરચે જૃંભમાંણ લાંગુલ વિસ્તરચે ।
ઇંદ્રધ્વજ સમાનિ કરી વન આખે લાંગુલ વીસ્તરી ॥૮૬॥
વાને વનગિરી ભરીઉ ષરું જાંણે ભડહુ તિહાં પરવરું ।
મતિ વિસમે થઇ ચાલ્યો વીર દીઠો કપિ બેઠો રણે ધીર ॥૮૭॥
વિદ્યુતતેજ સમાંનિ દેહ પિંગલચક્ષ રામશુ નેહ ।
સુંદર બાહુ સકોમલ અંગ કેટ કેસરી શોભીત સર્વાંગ ॥૮૮॥
શોભા સુખમુખ શોભીત કાંન હનુદક્ષણલક્ષણ હનુમાન ।
રવિ સમાંન તેજ સુખરાશિ સંભારેં સકલ દુષ્ટ નાશિ ॥૮૯॥

× × ×

કદલીવને જાવા મન ભીમ દીઠો કપીબલ મન અતીખીમ ।
પાસે આવી કીધો નાદ સાંભલતિ કપિ–મનિ ઉહ્લાદ ॥૯૧॥"[1]

---

૧ એજન, પૃ. ૧૧૧–૧૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ અવતરણ ઉપરથી કવિની શક્તિનો કાંઇક ખ્યાલ આવશે. એણે ચાલુ આખ્યાનપદ્ધતિમાં રોચક તત્ત્વ અર્પવાનો–હૃદયંગમ થવાનો પ્રયત્ન કર્યો છે, એ આ જોતાં જાણી શકાશે.

કાવ્યબંધની દૃષ્ટિએ જોતાં એણે ખાસ વિશિષ્ટતા નથી અર્પી, એ જ ચાલુ દેશીઓ પ્રયોજી છે, જેમાં ખાસ વિવિધતા લાવવાનો તેનો યત્ન દેખાતો નથી; પ્રસંગોએ એ કર્યું હોત તો કાવ્ય છે તેના કરતા વધુ આકર્ષક થયું હોત.

ભાષાના વિષયમાં, અવિચલે આ કાવ્યની નકલ પોતાને હાથે જ કરી હોવાથી સારી ચોખવટ મળી જાય છે. ઉપર આપેલાં અવતરણ પરથી સ્પષ્ટ સમઝી શકાય તેવું છે કે તેના સમયમાં અર્વાચીન સ્વરૂપ સારી રીતે પ્રચારમાં આવી ગયું હતું. કવચિત્ જૂના અંશો રહેવા પામ્યા હતા, અને તે તેણે આપ્યા પણ છે. આ જ કાળમાં નકલ થયેલાં વિષ્ણુદાસનાં કાવ્યોની ભાષા પણ આવી જ છે, એ જોતાં તે સમયે મધ્યકાલીન ગૂજરાતીની ચોથી ભૂમિકામાંથી અર્વાચીન ભૂમિકામાં સારી રીતે સ્થિર થવાની શરૂઆત સારા પ્રમાણમાં થઈ ગઈ હતી.

ચરિતસામગ્રી:

૧. ગૂ. વ. સો. હ. લિ. પુ. સં. નં. ૪૭૭, ૪૭૭ ૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# મધુસૂદન

[ સં. ૧૬૮૭માં હયાત ]

**ઉદ્ધવકૃત રામાયણમાં** છપાયેલા યુદ્ધકાંડને અંતે કર્ણપુરના મધુસૂદન નામે બ્રાહ્મણનો કર્તા તરીકે ઉલ્લેખ પ્રાપ્ત થાય છે;[1] પરંતુ આંતર પ્રમાણોથી એમ સમઝાય છે કે યુદ્ધકાંડ પણ ઉદ્ધવનો જ છે અને છેવટના ભાગમાં મધુસૂદને ઘાલમેલ કરી છે. આ મધુસૂદન રાયસ્થલ (? રાયકવાળ) બ્રાહ્મણ કોઈ રામજી–સુત ભીમજી વ્યાસ પાસેથી યુદ્ધકાંડ મૂળ સાંભળી "ગુર્જર ભાષા"માં કે પ્રાકૃત બંધમાં કવિતા કર્યાનું કહે છેઃ

> "પ્રાકૃત ભાષાએ સુણીને કહ્યું **મધુસૂદન**;
> શંવત **સોળ સત્યાશીહ**, ફાલ્ગુન વદી તૃતીયા દીન ॥૪૭॥"
> ગુરુવાર તે દિવસ હતો.........................॥
>
> [ યુદ્ધકાંડ, ૫૭–૪૭ ]

તેણે એ કાવ્ય સાં. ૧૬૮૭ ના ફાગણ વદિ તૃતીયા ગુરુવારને દિવસે પૂરુ કર્યું છે.

આ મધુસૂદને આ સિવાય બીજૂં કોઈ કાવ્ય લખ્યું કે તફડાવ્યું જાહેરમાં નથી આવ્યું.

એના વિષયમાં જે માહિતી મળે છે તે એટલી જ કે 'જ્ઞાત સરવ ભટ્ટ' હતો. આ જ્ઞાતિ કઈ છે, તે સમઝાતું નથી. તેનું મોસાળ પાલણપુર અને વતન કર્ણપુર હતુંઃ

> "ગુર્જર ભાષાએ કહ્યુ બુધ, સારુ **મધુસૂદને**;
> **કર્ણપુર** ગામ તાતનું, મોસાલ **પાટણપુર** પાવન.
> જ્ઞાત **સરવ ભટ** વર્તિયો, વાગ્વાણીનો દાસ."
>
> [ યુદ્ધકાંડ–૫૭–૪૩, ૪૪ ]

ચરિતસામગ્રીઃ

૧. ઉદ્ધવકૃત રામાયણ–સ્વ. હ. ગો. કાંટાવાલા--સંપાદિત
૨. ભાલણ–શ્રી રામલાલ ચૂ. મોદીકૃત
૩. બે નળાખ્યાન ,, ,, –સંપાદિત

---

૧ જુવોઃ 'ઉદ્ધવચરિત' પૃ. ૨૨૫–૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# રાણાસુત

[ સં. ૧૬૮૭માં હયાત ]

**અંગદ નાટકનો** આધાર લઇને "મહિરાવણનું આખ્યાન" એ નામનું એક આખ્યાન કોઈ રાણાસુતે લખ્યું છે. એ કવિએ કાવ્યમાં ક્યાંય પણ પોતાનું નામ આપ્યું નથી. અંતભાગ નીચે પ્રમાણે મળે છે:

" **અંગદ નાટક** તણી એ કથા સંખેપ માત્રે કહી શ્રવથા ।
પદ પાંચસેહે ઉપર આઠ સુભ કથા કહી મુખપાઠ ।।
સંવત **૧૬ સતાસીઉ** કૃત તવ એ ગ્નાંન કરુ અદભુત ।
કેહે **રાંણાસુત** હરિનો દાસ બાલપણે કીધો અભ્યાસ ।।"[1]

હનુમાન દ્રોણગિરિ ઉપર મૃતસંજીવની લેવા ગયા હતા, ત્યારે મહિરાવણે વિઘ્ન કરતાં હનુમાને તેનો સંહાર કર્યો, એ પ્રસંગને લઈ કવિએ આ કાવ્ય ૩૦ કંડવાંમાં લખ્યું છે. કાવ્યની દૃષ્ટિએ એમાંથી કશું ઉપયોગી તત્ત્વ હાથ લાગતું નથી. પ્રસંગોને કૃત્રિમ રીતે અદ્ભુત બનાવવાનો પ્રયત્ન ખાસ આકર્ષક દેખાતો નથી. મહિરાવણ સૈન્ય લઈ નીકળે છે, તે પ્રસંગ જોઇયે:

"સબલ ગરવ મદપુરીત પાપી કુલ–હલાહલ જેહ ।
ચાલા દહિત સત કોટ ચોરાસી હાહાકાર હોઅ એહ ।।૧।।
તેમાં અયુત પ્રધાંન શપીછક જુધે માહાબલવંત ।
ટોલે મલી તે તાંહાં આવ્યા જાંહાં છે કપી હનુંમંત ।।૨।।
આવીને સરઓઘ પાઠવાં કીધો રણઅંધાર ।
જાંણે મેઘ ચડો જલ સાથે દવાદશ વીરજ ઉદાર ।।૩।।
આકાસ મારગ ઉતપતો કપીવર મેનાંન હિણેના હાલિ (?) ।
અદ્રષ્ટ રુપ હુતાસંન સરખો ચમુ વીખે ગઓ ચાલિ ।।૪।।

---

[1] ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૫૮, પૃ. ૩૮ (કડવું ૩૦મું). આ કાવ્ય **સાહિત્ય–માસિકના વર્ષ ૧૪મામાં સ્વ. હ. ગો. કાંટાવાળાએ છપાવ્યું છે.**



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મંત્રી એક દલ મોહોવડ આવો ધ્રુમન્નલ જેહેનું નામ ।
પવનપુત્ર સાથે રણ તેણે સબલ કરો સંગ્રામ ॥૫॥
બાંણમાર રાખસે પરેરા આંણિ ક્રોધ અપાર ।
હનુમંતે તે હેલા માંહે વરતો હાહાકાર ॥૬॥
પછે માહાબલિઓ પાખાંણ ધરી ભુજ વીખે એક પરછંડ ।
સેન વીખે પછે તેહ નાંખતાં દલ કીધુ સત ખંડ ॥૭॥
મેહેરાવણ બેઠો જાંહાં તાંહાં બુમઇ તતખેવ ।
સ્વાંમિ એએ ધ્રમન્નલ થએો રેણ સેન્યાસુ અસ્વમેવ ॥૮॥
હેવુ વાએક મેહેરાવણ સુણતાં ક્રોધ ઉપનો અંગ ।
બીડલાખને આગ્યના આપી મોકલીઓ રણસંગ ॥૯॥
સાઠ કોટ આદે દાંન દેઇ ધીરજ ધરી મન માંહ ।
સેના ઘટાસુ તાંહાં આવો પવનાતમ હુતો જાંહાં ॥૧૦॥
વાહન-વરજીત રાય ધસો જે રણ કરવા માહાસંગ્રામ ।
આવીને કપી કંઠે ઝાલો ઉગ્ર કરી મન હાંમ ॥૧૧॥
બીડલાખ વીહંબી મારો માથા પાછલ ફેરી ।
પ્રથવી પર લેઇ પછાડો કટકા કીધો વેરી ॥૧૨॥"[1]

આમાં કાંઈપણ કવિત્વ પ્રાપ્ત થતું નથી–આમ આ કવિ ગૂજરાતી સાહિત્યમાં કાંઈપણ વિશેષતા અર્પતો નથી. આની કોઈ પણ બીજી કૃતિ પણ મળી નથી, તેમ નામ પણ મળતું નથી, તો જ્ઞાતિ કે વતનની આશા કયાંથી રાખવી ? હાથપ્રત નવી હોવાથી ભાષા વિશે પણ કાંઈ પ્રાપ્ત થતું નથી.

ચરિતસામગ્રી :

૧. ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૫૮
૨. સાહિત્ય–માસિક, વર્ષ ૧૪મું (સ્વ. હ. ગો. કાંટાવાળા–સંપાદિત)

---

૧ એજન, પૃ. ૨૮ (કડવું ૨૨મું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પરમાણંદ

[ સં. ૧૬૮૯માં હયાત ]

**ભાગવતના** દશમ અને એકાદશ સ્કંધને આધારે ૧૨ વર્ગમાં ૩૧૩૪ કડીનું "હરિરસ" નામનું વિસ્તૃત પૌરાણિક કાવ્ય અર્પનારો પરમાણંદ નામનો નવિ કાઠિયાવાડના દીવ બેટમાં થઇ ગયો છે; તે જ્ઞાતિએ બ્રહ્મક્ષત્રિય હતો, સં. ૧૬૮૯ માં હયાત હતો અને તેના પિતાનું નામ પૂંજો હતું, તેવું કાવ્યના અંતભાગમાં આપેલી હકીકત ઉપરથી જાણવામાં આવે છે. કવિ ત્યાં જણાવે છે કે-

"કચવતા **બ્રહ્મક્ષત્રીની જ્ઞાત્ય** । કૂલદેવા **આશાપરિ** માત ।
કાલાગિની પૂરે સહુ આસ । **દીવ નગર** કચવતાને વાસ ॥૧૨૯॥
સંવત **સોલ નવ એસીએ** ।[1] સાકે પનર ચોપને કહીએ ॥
માગસર માસ અષ્ટમી સાર । એહ ગ્રંથ પૂરણ વિસ્તાર ॥૧૩૦॥
જથાજ્ઞાન શ્રીગુણ રાદ્ધિ । તથા નીપનો એ પ્રતીબંદ્ધ ॥
કરી કથા સમરચા અવિનારા ॥ **પૂંજાસુત પરમાનંદદાસ** ॥૧૩૧॥"[2]

કવિ સંસ્કૃત ભાષાનો જાણકાર હતો કે નહિ, એ જો કે સમઝાતું નથી; આમ છતાં ભાષા ઉપરના પ્રભુત્વને કારણે એ સંસ્કૃતજ્ઞ સંભવે છે. જ્ઞાતિએ બ્રહ્મક્ષત્રિય અને દીવનો વતની એટલે કદાચ સંભવે છે કે સોરઠમાં રંગાટ તેમ જ સુતારી કામ કરનારી જે ખત્રીની જાત છે, તે જાતનો કવિ હશે. આ ખત્રીઓ ચૂડીઓ ઉતારવાનું કામ પણ કેટલાક અત્યારે કરે છે. ગૂજરાત તરફના બ્રહ્મક્ષત્રિયો અને આ મૂળે એક હશે, એમ કદાચ સંભવે. દીવમાં જૂના કાળથી ચૂડીઓ બનાવવાનું કામ ચાલતું હોવાથી સંભવ છે કે એ જ જ્ઞાતિનો એ હોય.

---

૧ ગૂજરાતી પ્રેસની નં. ૨૯૫ની પ્રતમાં ૧૫૦૯ છે; પણ ફા. ની ૩૨૫, ૩૫૮, ૩૬૬, ૩૬૮ વગેરે પ્રતોમાં ૧૬૮૯ જ મળે છે; એટલે તે જ ખરી છે.

૨ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૪૫૪, પૃ. ૧૬૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવી કારીગરની જ્ઞાતિમાંનો કવિ પૌરાણિક ધાટીનું એક વિસ્તૃત કાવ્ય આપે છે, તે જ્ઞાતિને માટે ગૌરવનો વિષય ગણાય.

કવિ કાવ્યરચનમાં વિપ્રગુરુના નામનો નીચે મુજબ, કાવ્યના આરંભમાં ઉલ્લેખ કરે છેઃ

"જૈ નમયો **કેસવ ભટ** પાય । **શ્રીભાવગત** જાણ્યો મહીમાય ।
ગુરુકરૂણાઇ કથા । કરીસ હું મતિમાંને જથા ॥૨૬॥
**કૃષ્ણચરિત્ર** નવ રસ વિસ્તાર । બ્રંમા રૂદ્ર ન પામે પાર ।
હુ કિમ ગુણ જાણૂં અવિનાશિ । **પૂજાસૂત પરમાનંદદાસ** ॥૨૭॥
આગે કવિજંન કીધા ગ્રંથ । તે આધારે ચાલ્યો પંથઃ ।
વિપ્ર તણી માગી આસીસ । કવિતા સહુને નામુ શીશ ॥૨૮"[1]

કેશવ ભટ્ટ કોઇ પ્રખ્યાત પુરુષ નથી. સમઝાય છે કે એ દીવમાંનો કોઈ ભાગવતની કથા કરનારો વિદ્વાન બ્રાહ્મણ હશે, જેની પાસેથી અભ્યાસ કરી, આશિષ માગી કાવ્ય ગ્રન્થની તેણે રચના કરી.

કવિએ વિસ્તૃત કાવ્ય લખ્યું હોવા છતાં કેટલાએ પ્રસંગ ટૂંકવી નાખ્યા છે. રાસક્રીડા તો માત્ર પાંચમા વર્ગની ૬૨ થી ૬૫ એમ ત્રણ જ કડીમાં આટોપી લીધી છે, જ્યારે ઉદ્ધવાગમન જેવા પ્રસંગ જરા વિસ્તારથી આપેલ છે (વર્ગ ૬ ઠ્ઠો).

કવિનું લક્ષ્ય લોકભોગ્ય પ્રસંગો વધુ વિસ્તારથી આપવા તરફ છે, તેથી કૃષ્ણની નિર્દોષ લીલાઓ અને યાદવોના સંબંધમાં વિસ્તાર કર્યો છે. બેશક પ્રાયઃ મૂળની કથાને અનુસરવાની સાવચેતી લીધી છે, છતાં કયાંક કયાંક પોતા તરફથી પણ ઉમેરી લીધું છે. ૧લા જ વર્ગમાં કૃષ્ણજન્મ પૂર્વે દેવકીને થયેલું સ્વપ્ન એ એવો એક પ્રસંગ છેઃ

"કરી વીનતી એહ પ્રકારે સુતી યૈ નિશ્વાસ ।
નિદ્રા આવી શોહૂણૂ દીઠૂ પામી મંન ઊહલાસ ॥૪૩॥
એ જુક્તે શપનાંતર દીઠુ આવ્યા હરીહર બ્રંહ્મ ।
કમલાસક્તિ શંજુક્તા દીઠા આભ્રણ-શોભીત તંન ॥૪૪॥

[1] એજન, પૃ. ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુત ઊછંગ્યે ખેલંતો દીઠો સુર્જ કોટિ પ્રકાશ ।
મન્યવંછીત વર માગ્યા આપ્યા પરિપૂર્ણ થૈ આસ ॥૪૫॥
એહવુ સ્વપન લાધૂ દેવકીને જાગી થયુ પ્રભાત ।
નાથ પ્રતે શોહણૂ શંભલાવ્યુ જાદવ થ્યા રલીઆત ॥૪૬॥"[1]

મૂળને એ કેટલો અનુસરે છે, છતાં ભાષામાં કેટલું સારલ્ય સાચવે છે, તે રાસક્રીડાની પૂર્વના નીચેના પ્રસંગથી માલૂમ પડી આવશે. એમાં ભાષાનું રૂપ પણ જૂનું સચવાયું છે, તે પણ સાથોસાથ લક્ષ્યમાં લેવા જેવું છેઃ

### ફાગની ચાલ

"સુક મુનીવર બોલયા સાંભલો પરીક્ષિત રાય ।
રાસક્રીડા જે કો સાભલે દેહના દૂક્રીત જાય ॥૪૪॥

### શ્લોક

દૂક્રીત દેહના સર્વ જાઇ એકમનો જેહ ગાઇ ।
ભક્તિ આપઇ રદે જ્ઞાન થાઇ ચરીત્ર ગાતાં પ્રભુના જિહ્વાઇ ॥૪૫॥

ઢાલ—જિહ્વાએ જસ બોલઇ રે ગાયે હરીનો વિલાસ ।
સોલ કલા સસિ ઊગ્યો રે પુન્યમ આસો માસ ॥૪૬॥
વનસપતી વનમા ઘણી સોભીત ભાર અઢાર ।
સોરંભ પૂષ્પતણા બહુ કિમ વર્ણવુ વિસ્તાર ॥૪૭॥
વંસ વજાવ્યો રે વન વિષે આવી વીસ્વાધાર ।
વ્રજવિનતાઇ સાંભલી વ્યાકુલ થૈ સર્વ નારિ ॥૪૮॥

### શ્લોક

કામ્યની વ્યાકુલ દેહ પામી ચંત ગઊ વંન વિષઇ જિહાંઇ સ્વામી।
મંન મથ વ્યાપયો દેહ માહે ગ્રેહિ ગ્રેહિથી મલી વનિ જાઇ ॥૪૯॥

ઢાલ—ગ્રહિ ગ્રહિથી મલી કામ્યની જાઇ વંન મઝાર ।
માઇબાપ-લજ્યા નહી પતિ ઊવેક્ષ્યા નારિ ॥૫૦॥
શરદનિસ્યા અજુઆલી રે શિર આવ્યો ઊડરાજ ।
ધરિ ધરિથી સહુ સંચરી લોપી મંનની લાજ ॥૫૧॥

---

૧ એજન, પૃ. ૮-૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નેપૂર ચરણે શ્રવણ ધરચા કુંડલ પેહિરચા ચરણિ ।
અવલા અંવર પેહિરચા મંન પ્રેહિ સાંમલવરણ ॥૫૨॥
નયણે એક કાજલ કરચુ એક વીસારી ભુર ।
પાગ સમારચો કુકમઇ પીઅલ કરી શી દૂર ॥૫૩॥
એમ ઘરિ ઘરિથી સંચરી વ્રંદાવંનમા જાઇ ।
દેહ તણી ગતિ વીસરી મલવા જ્યાદવરાઇ ॥૫૪॥"[1]

ઉપરના અવતરણમાં આવતું ભાષાસ્વરૂપ મધ્ય. ગૂજ. મિશ્ર ૪થી ભૂમિકાનું છે. આમ છતાં બીજી ભૂમિકાના અંશો અન્ય જુદા હોય તેવાં પણ સચવાઇ રહ્યા છે. શબ્દસમૃદ્ધિ અને ભાષાની દૃષ્ટિએ આ કવિ જેમ ઉપયોગી છે તેમ બંધની દૃષ્ટિએ પણ ઉપયોગી છે. ઉપરના છેલ્લા નમૂનામાં "ફાગની ચાલ" કહી પછી "શ્લોક" એ મથાળે જૂના "ફાગુ"ઓમાં આવતો "આંદોલ" લીધેલ છે, એ લક્ષ્યમાં રાખવા જેવું છે.

કાવ્યને પણ "વર્ગ" પદ્ધતિએ લખ્યું છે. અગાઉ વર્ગબદ્ધ અશ્વમેધ દેવીદાસનો નોંધાયો છે. કૃષ્ણક્રીડાકાવ્યકાર કેશવદાસે સં. ૧૫૨૯ માં સર્ગબદ્ધ કાવ્ય લખ્યું છે, તેવું જ આ વર્ગબદ્ધ છે, એ સામ્ય જોવા જેવું છે. આ પદ્ધતિનો પ્રચાર બહુ જ સ્વલ્પ થયો છે. એમાં પ્રબંધપદ્ધતિનું અનુકરણ મને લાગે છે. આ કાવ્ય હજી છપાયું નથી.

ચરિતસામગ્રીઃ

૧. ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૪૫૪ની હાથપ્રત

---

૧ એજન, પૃ. ૫૪ (વર્ગ પમો)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# વૈકુંઠ

[ સં. ૧૬૯૪-૧૭૨૪માં હયાત ]

**આ** પૂર્વે માધવસુત તુલસીના ચરિતમાં તેના પુત્ર વૈકુંઠનો નામ-નિર્દેશ થઇ ચૂકયો છે. તે તે રીતે કે બ. કા. દો. ભાગ ૨ જામાં છપાયેલું ધ્રુવાખ્યાન તુલસીની છાપવાળું છે, તે ખરું જોતાં તેના પુત્ર વૈકુંઠનું જ છે.[1] આ વૈકુંઠે ઉદ્યોગપર્વ, ભીષ્મપર્વ, કર્ણપર્વ, શલ્યપર્વ, નાસિકેતનું આખ્યાન, નલકથા[2] પણ લખ્યાં છે. આ બધાં કાવ્યો સળંગ એક જ પ્રવાહમાં પૂર્વછાયા, ચોપાઇ દાવટી (એટલે કે સવૈયાની કે હરિગીતની દેશી કે પવાડો) અને ચોપાઈમાં રચાયેલી કૃતિઓ છે. ધ્રુવાખ્યાન પણ એ જ પદ્ધતિનું છે; એટલે કર્તૃત્વના વિષયમાં કાંઇ પણ શંકાને કારણ નથી રહેતું.

બીજાં કાવ્યોમાં એ પોતાના વિષયમાં નામ સિવાય બીજી માહિતી નથી આપતો; માત્ર તેણે નલકથા અને ધ્રુવાખ્યાનમાં જ પોતાની પૂરી ઓળખ આપી છે; જેવી કે—

(૧) નલકથા

"**સારસ્વત** જ્ઞાતિ **કુંતલપુર** ગામ **સુત–તુલશી** નં **વૈકુંઠ** નામ ।
બ્રમતનયા સરસ્વતી તેહ તણે ઉપદેશ ।
**નલકથા** મેં અનુભવી જાંણિ જે લવલેશ ।
સંવત ૧૭ બે વૃષ સાર આસુ પુનમ નેં ગરૂવાર ।
તે દિન કથાનો આરંભ વદિ ચર્ણ પસાએ બંભ ।
**નલકથા** નિરેપિ અશિ પાપ બુધ તે નાવે કસી ।
દુષતણુ ટાલણ ઓષધિ પાંમે નવ નધ અષ્ટ સીધી ।
× × ×

---

૧ આ પૂર્વે પૃ. ૪૦૭

૨ ગૂ. હાથ.ની સંકલિત યાદીમાં પ્રહ્લાદાખ્યાન નોંધાયું છે, (પૃ. ૨૦૯) પણ તે ભૂલ છે. તે તો કાલિદાસ વસાવડનાનું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંવત સતર નવ વૃષ સાર તથ એકાદશી નેં ગુરુવાર ।
તે દીન કથા પામ્યો પાર કરુણા કીધી જુગદાધાર ।
આદ્યા શ્રીભુજનગરે વાસ વૈકુંઠ સદા વિષ્ણુનો દાસ ॥"[1]

આ પ્રમાણે સં. ૧૭૦૨ માં શરૂ કરી ૨૬૮૧ કડીનું આ કાવ્ય સં. ૧૭૦૯ માં (સંભવતઃ આશ્વિનમાં) પૂરું કર્યું છે.

(૨) ધ્રુવાખ્યાન

"ગવરીનંદન કૃપાએ કરી વૈકુંઠમુખ કથા વસતરી ।
વિપ્ર સારશ્વત કુંતલપુર ગામ સુત તુલશીનો વૈકુંઠ નામ ॥૨૩॥
કાલાવાલા કીધા જેહ સરસ્વતીએ ઉપદેશઓ તેહ ।
ખોટ મ દેશો કવિજના કોયે લઘુમુખે હુ બોલ્યો સોએ ॥૨૪॥
ચારસો ને ઓગણસાઠ પચાશ પુરવાછાયાનો ઠાઠ ।
કડવુ એક જે શોલ સમંધ એહે તણો છે કથાપ્રબંધ ॥૨૫॥
બાણ નેત્ર ને બાણ છે જેહ કથા તણો શરવાલો તેહ ।
ચતુર હોએ તે જો જો કથી છે સત્ય કાંએ જુઠ નથી ॥૨૬॥
સંવત નારીનો શણગાર આંક અંત વેદ ચાર ।
નીરમલ માશ કહિ..........................॥૨૭॥"[2]

અહીં સંજ્ઞામાં આપેલો સંવત્સર ૧૬૯૪ છે. નીચેની એક હાથપ્રતમાં પણ તે જ પ્રમાણે મળે છે; જેમાં તિથિ વાર માસ પણ છે:

"શંવત નાર તણો શણગાર આંક અંત ને વેદ જ ચાર ।
નીરમલ માશ કહીએ જેહ રમા રાંમ તથ વદીએ તેહ ॥૧૭॥
રવીનંદન છાઆકુમાર પનોતી કેરો ભડથાર ।
તે દીવશ કથાપુરી કરી તલશીશુતે વાંણી ઓચરી ॥૧૮॥"[3]

ધ્રુવાખ્યાનના ૧ લા અવતરણમાં માસ તિથિવાર તૂટે છે, તે બીજા અવતરણથી પૂર્ણ થાય છે: નિર્મલમાસ=ચૈત્ર, રમા-રામ=૧૩ ત્રયોદશી, રવિનંદન છાયાકુમાર=શનિવાર. સં. ૧૬૯૪ ના ચૈત્ર વદિ ૧૩

---

૧ શ્રી હરિશંકર પ્ર. શાસ્ત્રીની નલકથાની હાથપ્રત, પૃ. ૧૦૯-૧૦

૨ ફા. ગૂ. સ. હ. લિ. પુ. નં. ૫૫ ક-(નામા. ભાગ ૨જો, પૃ. ૨૮)

૩ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૮૩૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ને દિવસે શનિવાર બરોબર આવે છે.[૧] એ જોતાં માલૂમ પડશે કે
કે બૃ. કા. દો. માં છપાયેલો પાઠ ખોટો છે; જેવો કે—

"સરવ નાર તણો શણગાર આદ અંત ને વેદ વિચાર (?)
માઘ માસે ને પક્ષ અંધાર, તિથિ એકાદશી સોમવાર."

વર્ષ સં. ૧૬૯૪ ગણતાં માઘ વદિ ૧૧ ને દિવસે સોમવાર આવી રહે છે; પણ પાઠની ગણતરીએ વર્ષનો પત્તો નથી લાગતો. પાછલાં તિથિવાર–મહિનો હોવા છતાં તેણે "પ્રહેલિકા" ની જ પદ્ધતિ સ્વીકારી હોવાથી પૂર્વનો પાઠ અને તેથી કરી પૂર્વનાં તિથિવાર–મહિનો મને વધારે યોગ્ય લાગે છે.

અને વૈકુંઠની બીજી કૃતિઓ સં. ૧૭૦૨–૯ માં નલકથા, કર્ણપર્વ સં. ૧૭૧૬ માં, નાસિકેતનું આખ્યાન સં. ૧૭૨૪ માં અને શલ્યપર્વ સં. ૧૭૦૭ માં રચાયેલાં મળે છે, તેથી સં. ૧૬૯૪ ધ્રુવાખ્યાનની રચ્યા-સાલ સ્વીકારવામાં બાધ નથી લાગતો, કવિએ પ્રથમ ધ્રુવાખ્યાન રચ્યા પછી મહાભારતનાં પર્વો લખ્યાં છે. વૈકુંઠનું આખું મહાભારત હોવાનું સાંભળવામાં આવ્યું છે. તો સંભવે કે ૨૦–૨૨ વરસ તેણે મહાભારત પાછળ ગાળ્યાં હશે. તેણે કવિતામાં પણ ખૂબ લંબાણ સ્વીકાર્યું છે, ધ્રુવાખ્યાનનો વિસ્તાર જ થોડો નથી. મહાભારતનાં પર્વોને બાજૂએ રાખતાં નવી મળતી નલકથા પણ ૨૬૮૧ કડીનું લાંબું કાવ્ય છે.

આ કવિ સંસ્કૃતનો જાણકાર હતો કે નહિ, એ જાણવામાં નથી, પણ તેણે સંસ્કૃત ગ્રન્થો–તેમાં પણ નૈષધ કાવ્ય સાંભળ્યું છે અને તેની કથાનું અનુસરણ કર્યું છે તેવો નલકથાને અંતે ઉલ્લેખ મળે છે; જેવો કે પોતાની દીનતા બતાવતાં:

"કવિતા કહે મેં સાંભલી વનપર્વમાં સાર ।
મુજ બુધને માંજને કહી કથાવિસ્તાર ॥

---

૧ શ્રી પિલ્લાઇની Indian Chronology–પૃ. ૧૧૩ ઉપર આષાઢી સંવત ૧૬૯૪ના વૈશાખ સુદિ ૧ને દિવસે મંગળવાર આવે છે, જે દિવસે અંગ્રેજી તારીખ ૩જી એપ્રિલ સને ૧૬૩૮ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નવ મે પિંગલ પ્રીછીઉ નવ કો જોયો ગ્રંથ ।
નથી વીમલ મત માહરિ નવ હું જાણું પંથ ॥
કવિતા શ્રોતા વિનવું નવ જાણું પ્રતિબંધ ।
**નૈષધ** ગ્રંથ સમુદ્ર છે રહ્યા કોટ સમંધ ॥
હું તારો તડાગ તણો ઉંડું કેમ અગમાએ ।
**શ્રીહર્ષ પંડત** તણાં વચન કહાં કેમ જાએ ॥"[૧]

વળી પણ તે પછી કહે છે કે

" **શ્રીહર્ષને** જે **પ્રતીબંધ** પરણા સુધો કહો સમંધ ।
પછે **આરણીક** વચનવીચાર કહી ધર્મને તેહ પ્રકાર ॥"[૨]

એનો આશય એ છે કે નલદમયંતીના લગ્ન સુધીના પ્રસંગ કવિએ હર્ષના નૈષધીય કાવ્યને આધારે અને પછીના પ્રસંગ મહાભારતના આરણ્યકપર્વને આધારે બાંધ્યા છે. એણે સાંભળી બાંધ્યાનું લખ્યું છે; એટલે સંસ્કૃતનો અલ્પજ્ઞાની હશે એમ માનવા કારણ રહે.

બીજાં કાવ્યોમાં તે મૌન જ સેવે છે. તેનાં મહાભારતનાં પર્વોમાં આરમ્ભમાં સ્તુતિનો અભાવ છે, એ જોતાં તેણે આખું મહાભારત લખી પછી સ્વર્ગારોહણીને અંતે જ નલકથા જેવી માહિતી આપી હશે; પણ આજે સ્વર્ગારોહણી મળતી નથી.

ઉપરનાં અવતરણો ઉપરથી સ્પષ્ટ થશે કે તુલસીનો પુત્ર વૈકુંઠ જ્ઞાતિએ સારસ્વત બ્રાહ્મણ, મૂળે કચ્છ-ભુજનો વતની પણ કાઠિયાવાડમાં કુતિયાણામાં આવી રહેલા કુટુંબનો હતો. તેનો કવનકાળ પણ સં. ૧૬૯૪ થી સં. ૧૭૨૪ સુધી ૩૦ વર્ષનો છે, જે બધો સમય એ કુતિયાણામાં જ રહ્યો જણાય છે.

કવિ તરીકે આપણે વૈકુંઠને જતો કરી શકિયે નહિ. એનું ધ્રુવાખ્યાન સારી કૃતિ છે. એમાં કથાભાગનું અનુસરણ મેગલના ધ્રુવાખ્યાનનું છે. વૈકુંઠે મેગલનું ધ્રુવાખ્યાન ન જોયું હોય તો બંનેને

---

૧ એજન, પૃ. ૧૦૯
૨ એજન, પૃ. ૧૧૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક જ પ્રકારની કથાપરંપરા મળી હશે.[1] તેનું શ્રુવાખ્યાન જાણીતું છે. કવિ તરીકે તેમાં તેની પ્રતિભા જણાય છે. એનાં ભીષ્મપર્વ વગેરે પર્વોમાં પણ સારો વેગ છે; જોકે એમાં કવિત્વને બદલે કથા આપવા તરફ વૈકુંઠનું લક્ષ્ય વધુ ગયું છે, તેને કારણે કોઈ કોઈ સ્થળે જ કવિત્વના ચમકારા દેખાય છે. જંગમાં ભીમ લડવા તૈયાર થાય છે, તે પ્રસંગ આપતાં કવિ જણાવે છેઃ

પૂર્વછાયો

"અર્જુનને ચિંત્યા ધણિ એમ વદે વ્રકોદર વિર ।
આજ સેન્યાનિ વરુણી કરુ પ્રાક્રમ જો જો ધિર ॥
ગદાયુદ્ધ કરતા થકા સહુનો આણું અંત ।
કૌરવ કેરા શેન્યમા રંગે રમુ વસંત ॥૯॥

ચોપાઈ

પ્રાત થયૂ ઉઠા સર્વ જોધ વૈરાટ દ્રુપદ કરે વિરોધ ।
વ્રકોદરની પક્ષે રહા સેન્ય તણુ તાં મુષ ઝાલીઆ ॥૧૦॥
અર્જુનને વિશામો દિયો જે કરિ યૂધ ને થાકિ રહો ।
બર્દ સુર બોલે અપાર ગટોરકછ અભેમનકુમાર ॥૧૧॥
સાત્વિક જોધા છે સપરાણ વિવિધ આયૂધ ધરયા બાણ ।
ગદા ગુર્જ કાતિ કરમાલ રંગે રણ ચાલ્યા ભૂપાલ ॥૧૨॥
દેવભોગ આરોગી કરિ સકલ સેન્ય ચાલ્યુ પરવરી ।
સેન્યાપતિ વ્રકોદર વિર પાછલ સર્વ રહિયા છે ધીર ॥૧૩॥
ગદા ગ્રહિ ચાલો પરવરિ માલો જમ માલ કેશરિ ।
શંષ નાદ કરતો સપરાણ સેન્યા સનમુષ આવો જાણ ॥૧૪॥
વિકટ વદન ઝૂઝની ઝાલ કૌરવવંશ તણો તે કાલ ।
પડિયો સેન્યામાં કેશરિ નાષે ગજને પુછે ધરિ ॥૧૫॥
ઉડાલે ઝાલી આકાશ તાંતાં પુરે વિરમે શાસ ।
ભારથ ભીમ ભડંતો સુર રુધિર નદીનૂ ચાલ્યુ પૂર ॥૧૬॥
ધન્ય ધન્ય કહે કમલાપતિ તુ સમોવડ કોય સુરો નથી ।
ભૈરવ ભૂત ન લભે પાર કરે રિહા આમિષનો આહાર ॥૧૭॥

---

૧ જુઓ આ પૂર્વે પૃ. ૩૫૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પક્ષ ભૂત મલિયા અપાર વિમાન વ્યોમે નાવે પાર ।
વરવાને આવે અપછરા સુદર તે સણગારજ ધરા ॥૧૮॥
સુદર રૂપ શોધિને વરે વણ મુવે રહિ ચંતે ધરે ।
પગ નેપુર કેરો ઝમકાર સુદર ચિર પેરિયા નાર ॥૧૯॥
જે જે ભરસે શામા પગ વેચી લીધા વેગોવેગ ।
સુદર તે સુદરિના સાદ વાજે વિવિધ તણા તે નાદ ॥૨૦॥
દેવ સર્વ અંતર પરવરે પુષ્પવૃષ્ટિ ને જયજય કરે ।
અવની હર્ખ્યિં ટલશે ભાર ભાર–ઉતારણ હર્ષા શાર ॥૨૧॥
હર્ષા પક્ષી આમિશ યોગ હર્ષ્યૂં ક્ષેત્ર લેવાને ભોગ ।
હર્ષ ધરિ ચાલા સપરાણ મેઘબિંદુ છુટે છે બાણ ॥૨૨॥"[1]

એનામાં રંજકશક્તિ હોવાનું આ અવતરણથી સમઝાય છે. યુદ્ધના વાતાવરણને અનુરૂપ ભૂત, પ્રેત તેમ જ અપ્સરાઓનો આનંદ ભયાનક રીતે ઓર દિપાવે છે.

ભીષ્મપર્વમાં ભગવદ્ગીતા–પર્વનો ટૂંકો સાર આપતાં સં. ૧૬૬૦ માં રામભક્તે રચેલી ગીતામાંથી થોડો ભાગ લઈ પતાવી લીધું છે. આમ તેણે ખરું જોતાં ગીતાનો ભાગ જતો જ કર્યો છે. અધ્યાત્મજ્ઞાન તરફ તેના આદરનો અભાવ કે વચ્ચે કથામાં સર્વ-સામાન્ય જનને રસભંગ થાય તે હશે, તે કહી શકાતું નથી.

શલ્યપર્વ પણ ભીષ્મપર્વની જ પદ્ધતિનું છે. શલ્યની સેનાપતિ તરીકેની સજ્જાઈનું વર્ણન જુઓ:

"પીતાંબર બહૂ છૂટા કેશ કટીબંધ સુંદર સુદેશ,
કાનેં કુંડલ મકરાકાર કૌસ્તભ કંઠેં રત્નમે હાર. ૧૦૫
સુભગ તિલક રેખા બે સમી, સુગંધા વાસ રિહ્યા ભમરા ભમી,
ટોડરહાર વૈજયંતી માલ છૂટા કેશ તે ઝાકઝમાલ. ૧૦૬
મોતી મુક્તાહાર વલી, ત્રસરી માલાશૂં ગુંજા મલી,
તુલસીચક્ર હાથમાં ગ્રહી, દક્ષિણ કરમાં પોહોંચી સહી. ૧૦૭
હાથ સાંકલાં બેહરેખા સાર, મુદ્રિકા મણિમે અપાર,
અરગજા ઓપે છે અંગ્ય, સરોવર વ્યાપી હંસ પ્રસંગ. ૧૦૮

૧ ગૂજ. વ. સો. હ. લિ. પુ. નં. ૬૦૧, પૃ. ૪૧–૪૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુખલીલા તે સૂર્યપ્રકાશ કર્ણવેર વાલવાની આશ,
દુર્યોધન આવ્યો તત્કાલ્ય સંન્યા સર્વ થઇ ચક્રચાલ. ૧૦૯"૧

અને વીરરસની જમાવટ પણ પ્રસંગે ઠીક કરે છે:

"રથ્ય બેઠા રાજા ને ઋખિ પેખી સેન્યા થૈ સવ સુખી,
વાગાં નિશાણ થૈ શંખધ્વનિ, સલક્યો શેષ નેં ધ્રૂજી ધરણ્ય. ૧૨૦
ભેરી ભેરચ નેં વાજાં વડાં, ગામેગામથી કટક જ ચડયાં,
જેમ આષાઢી જલ નદી વહે નગર રેલતું પંથે પલે. ૧૨૧
દુર્જ્યોધન દલ લૈ આવિયો શલ્ય સેનમાં ભેલો થિયો,
દીઠો માદ્રિક પૂરે વેશ્ય, જાણ્યું 'પાંડવદલને દેશે રેશ.' ૧૨૨
ભીષ્મ દ્રોણ ગિયા વીસરી, કર્ણ તે રહ્યો ચિત્ત્ય જ ધરી,
આજ વેર વાલશે નિર્ધાર, આજ પ્રથવી ઉકસે ભાર. ૧૨૩
આજ અર્જુન કૃષ્ણ સહેત મૂકી રણ જાશે રણક્ષેત્ર,
આજ જાણશે રણસંગ્રામ, આજ જાણશે શૂરાશૂં કામ. ૧૨૪
આજ જાણશે દૂધ કાહાવ્યૂં, આજ જાણશે ફેરી નાવૂં,
આજ જાણશે હોતા રલી 'વારાની મે માગી દલી.' ૧૨૫
આજ આવશે પૂરણ જ્ઞાન, આજ સંભારે છઠ્ઠી થાન,'
અશ્યો દુર્જ્યોધન વાધ્યો મોદ, સેન્યાના તે હરખ્યા જોધ્ય. ૧૨૬
પાંડવ પરલે કરવા કાજ્ય માદ્રિકસુતેં તે સજ્યો સાજ,
એકાદશ સહસ્ર રથ સારથિ, ખટ સહસ્ર ગજ ગામતી. ૧૨૭
ચૌદ લક્ષ ચડિયા અસવાર, સજિયા સાજ તે તોખાર,
પાલા કોડય એક તે કહ્યા, કર્ણ પડતે એ તા રહ્યા. ૧૨૮
તે બલ માદ્રિક પૂરે ધરે, પાંડવદલ તે થોડૂં સરે,
કૌરવ મંન્ય ધરે અભિમાન, 'શલ્ય સરખો નહીં શૂર સમાન.' ૧૨૯
આવી કીધો જોધેં જુહાર, ગમેં ગમેં થિયો હલકાર,
ગમેં ગમેં ટંકારવ થિયા, ગમેં ગમેં કોલાં ઝલકિયાં. ૧૩૦
ગમેં ગમેં ભેરી–શંખનાદ, ગમેં ગમેં સીંધૂડા સાદ,
ગમેં ગમેં આયુધ–ઝલકાર, ગમેં ગમેં ધનુષ–ટંકાર. ૧૩૧
ગમેં ગમેં થીયા જયકાર, ચાલ્યા સર્વે તેણી વાર,
રણભોમ્ય આવી રથ રહ્યા, એક સમંધ દ્રોણસુતેં કહ્યા. ૧૩૨"૧

૧ ગૂજ. પ્રેસ–મુંબઇની નં. ૩૩૭ની હાથપ્રતને આધારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શલ્યના યુદ્ધનું વર્ણન પણ તેવું ઉત્તેજક છે:

"પંગત્ય સર્વે ઊભૂં રિયૂ, શલ્ય બાણમાં વ્યાકુલ થિયૂં,
પડે શૂર, તવ પૂર વેહે નીર, વેહે નર–ગજ–તોખાર–શરીર. ૨૦૪
વેહે પંગત્ય બાણ જ તણી, વાહે ખડગ વેહે છે ઘણી,
વેહે ધારતે એકાવલી વેહે અંસ કાયાથી પડી. ૨૦૫
વેહે વાર તે મલવા તણી, વેહે રાજા રાજના ધણી,
વેહે કૌરવ–વર–વીવાહ, વેહે અધકી આયુધ–ધાર. ૨૦૬
વેહે છે નર મૂકીને આશ, વેહે કર્મ મૂકીને નાશ,
વેહે છે નદી સાયરગતિ, જલ વહે આષાઢ જવથી. ૨૦૭
વેહે છે કૌરવ કેરા જ્યોધ, વાત કરમાલ મનમાં ક્રોધ,
વેહે છે તરતા નર–તોખાર, ગજ ત્રટ પાખાણ એ હારય. ૨૦૮
વેહે છે બહુ મચ્છ–આકાર, વેહે રત્ન તે પાખે શાર,
વેહે છે આ રથના...નંગ, વેહે છે પુરુષતણાં અર્ધાંગ. ૨૦૯
વેહે છે પંખી ઝડતાં માંસ, વેહે છે રવિ ઘડી થિરવાસ,
વેહેતાં વાટે રહ્યાં વિમાન, વેહેતાં કુસુમ તે મેઘ સમાન. ૨૧૦
વેહેતાં કૌરવનાં નીશાણ, વાહે વેરીને શરચ બાણ,
પાંડવ–દલ મચકડી વલ્યૂં, "મારય, મારય" કરતાં તે પલ્યૂં. ૨૧૧"[1]

પણ એની નલકથા એની સર્વશ્રેષ્ઠ કૃતિ છે, એમ કહેવું જોઇયે. બેશક એણે હર્ષના નૈષધચરિતનો આધાર લીધો છે, પણ તે કથાભાગ જ મુખ્યત્વે. એમાં મૂળની ચમત્કૃતિઓ લાવવા તરફ તેણે બેદરકારી કરી છે. એથી કરીને આ પ્રયત્ન કવિનો સ્વતંત્ર જેવો જ છે. અને તે રીતે પણ સર્વંગમ બનાવવા એનું કાર્ય થોડું નથી. કાવ્ય તૂટક મળતું હોવાથી શરૂઆતની ૩૫૫ કડી ગુમાવવી પડે છે. ભાગ મળે છે, એમાં સ્વયંવરના આરંભ પૂર્વે ઇંદ્રે નળ પાસે દૂત તરીકે જવાની માગણી કરી ત્યાંથી શરૂઆત થાય છે.

નળ દમયંતી વનમાં આગળ વધે છે, ત્યાં:

---

૧ એંજન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"આશ્રમ દિઠો અતિ ભલો ઉતરાં નર ને નારી ॥૧૨૦૭॥
રાત્ય અર્ધ જ અંતરી નલ નીદ્રા દેહ ।
ઉન્જાસ અતિ છે ચંદ્રનો તે સમેં પોઢો તેહ ॥૧૨૦૮॥
ઉછંગ અબલા તણા ઉપરી પોહોઢચો ત્યાં કંથ ।
તર્ત્ત નિદ્રા અંગ આવી વિષમ લાગો પંથ ॥૧૨૦૯॥
તેણે સમે સંઘજ સબલ મોહોટો આવિયો તે ઠામ ।
દીન તૃણ્યનો લઘન રીહો આમીષ ઉપર હાંમ ॥૧૨૧૦॥
મુછ ફેરી પૂછ પઠકિ બોલયો મૃગરાજ ।
દેવ દેવી મનુશ માંનની આવિયાં સુ કાય્ય ॥૧૨૧૧॥
આંણે વંન વાહારા શબલ સાવચ કો ન આવે વાટ ।
જણ બે દીશો એકલાં કાએ ભુપ કેરે ઘાટિ ॥૧૨૧૨॥
દરીદ્ર કાયા નથી માયા વિપત્ય વેલા કાએ ।
અત્ર મારગ નોહે નારી શત્રુ દાષો શોએ ॥૧૨૧૩॥
અંગ કંપી અબલા ને વદન બોલી વાત ।
અવતાર ચોથો તાહેરો ધનવંત કેરા નાથ ॥૧૨૧૪॥
પતિ અમારો પોઢચો શરણ તારે આજ ।
અભેપદ જાંણિ કરી અવીચલ તારુ રાજ ॥૧૨૧૫॥"[1]

આવા કેટલાક નવતર પ્રસંગો કવિએ આપ્યા છે. એમાં રસો જમાવવાની પણ શક્તિ છે, તે દમયંતીને થયેલા નળના વિયોગ-પ્રસંગમાં જણાય છેઃ

"ચર્ણ ચંપો ચિર યુવતિ અર્ધ ફિરો ભુપ ।
ચાલિ ઉઠિ ગયો આઘો થયો ક્રોધિ રૂપ ॥૧૩૮૭॥
વંન ઓહોલે રહો ઉભો ભયનો રક્ષવાલ ।
સુંદરીને સ્વપન લાધુ ઉઠતી અંગે જ્વાલ ॥૧૩૮૮॥
હતી કુસુમમાલા મંગલ દેતિ અંગ ।
નિર બહુ લે બુડતિ મુઓ મિટ ભોયંગ ॥૧૩૮૯॥
અસુ અબલા દેવિ જાગિ ન દેષે તાં કંથ ।
સાદ કરતી સુંદરિ ને જુએ વનમાં પંથ ॥૧૩૯૦॥

1 શ્રી હ. પ્ર. શાસ્ત્રીની પ્રત, પૃ. ૫૦-૫૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એકલી આ વિષમ વેલા અંધારિ અતિ રાતિ ।
વેધ આવો વલો પાછો સુગુણ માહારા નાથ ॥૧૩૯૧॥
સાદ વિનતા કરે મોટા દોદશ માહારા કોડી ।
ક્ષુધાતુરને ક્ષુધા લાગી ગીયા વનફલ મોડિ ॥૧૩૯૨॥
વન વિછી સર્પ સાવજ વિષમ વેલા રાત્ય ।
અર્ધ ઉગે પ્રભુ માહારા કોડી કરજો કાજ ॥૧૩૯૩॥
રહો છો તો વંન્ય ઓલે ઘરે રાજા કાંન્ય ।
પગ પલતાં પાંન ચાલતાં બોલતાં બહુ માન ॥૧૩૯૪॥
ધરા ધરતિ અંગ અબલા ચકોર કેરે ચિત્ત ।
ન દેખે નલનાથને મંનમાં થઇ ભેભીત્ત ॥૧૩૯૫॥
આકલિ થઇ વદન વાહાવે, પીઉજી બોલો વેણ ।
તન તરશે તંનને, મુષ તરશે નેણ ॥૧૩૯૬॥
એકલા આ વનમા ને ઘોર રૂપિ રાત્ય ।
ન જાવું જી દીશા જોવી સુગુણ માહારા નાથ ॥૧૩૯૭॥
પાપ માહારા પંડનુ નહિ તેહનો છેહ ।
નૈષધપતિ નીકલંક સદા ભોગવે છે તેહ ॥૧૩૯૮॥
પીઉજી તમે વેધ ચાલજો, કરી કરુણા મંન ।
એક ઘડી તમ વિના વિષમ લાગે વંન ॥૧૩૯૯॥
એમ વદન વાહાવે ભોમ પડે કરે ઝાઝો શોક ।
અડવડતી ઉભી થઇ નહી નયણે મોષ ॥૧૪૦૦॥
વંન વંન જઈ વદે વીનતા કીહા માહારો નાથ ।
આ વાટી ચાલા એકલા નથી બીજો શાથ ॥૧૪૦૧॥
અરે શૈયલ દ્રુષ મલતાં વાટઘાટ પાષાંણ ।
શાવય પક્ષિ વદો શાચું કુશલ પીઉના પ્રાણ ॥૧૪૦૨॥
પંથ કૈહે પરવરા વિમાશી કેમ વાત ।
આ વાટ ચાલા એકલા નથી બીજો શાથ્ય ॥૧૪૦૩॥"[1]

બેશક પ્રેમાનંદને એ પહોંચી શકે તેવી કવિતા આપી નથી જ શકતો; છતાં એનો વિસ્તાર અસહ્ય પણ નથી થતો. આમ કાઠિયા-

---

1 એજન, પૃ. ૫૭-૫૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાડનો એક કવિ વિક્રમની ૧૭ મી–૧૮ મી સદીની સંધિમાં પ્રેમાનંદની પૂર્વે સબળો પ્રયત્ન કરી જાય છે, અને તેમ કાઠિયાવાડમાં થયેલા થોડા કવિઓમાં એકનો ઉમેરો કરે છે. કુતિયાણામાં આ વેગ ચાલ્યો છે, તે સં. ૧૭૫૦ માં ત્યાં કનોજિયો રામકૃષ્ણ સ્વર્ગારોહિણી રચે છે તે ઉપરથી જાણી શકાય છે, જે પછી છેક વસાવડના કાલિદાસ તરફ નજર જાય છે પોણા સૈકાને અંતે.

ભાષાની દૃષ્ટિએ વિચારતાં તેની કવિતાની હાથપ્રતો ૧૮ મા શતકના ઉત્તરાર્ધથી શરૂ થતી મળતી હોવાથી જૂનું રૂપ સચવાયું નથી; અને કદાચ મારું માનવું છે તે પ્રમાણે એણે સાહિત્યકીય સ્વ-રૂપને લક્ષ્યમાં ન રાખ્યું હોય તો તત્કાલીન લોકબોલીમાં કાવ્ય આપ્યું માનતાં તેની નલકથાની ભાષા એ તેના સમયની ભાષા આપે છે તે સ્પષ્ટ છે.[1] અને સં. ૧૭૧૩ ની નકલો વિરાટ પર્વ, સીતાવેલ[2] વગેરેમાં અર્વાચીન સ્વરૂપ મળતું હોવાથી, વૈકુંઠનું જૂના અંશોનો ત્યાગ કરી પ્રચલિત ઉચ્ચરિત સ્વરૂપ સ્વીકારવા તરફનું વલણ હોય તો તેમાં ના ન પાડી શકાય. અને એ સ્પષ્ટ છે કે પ્રેમાનંદે અર્વાચીન ભૂમિકામાં જ કાવ્યરચના કરી છે.

ચરિતસામગ્રી:

૧. ગૂજ. વર્ના. સો. હ. લિ. પુ.ની હાથપ્રતો
૨. ફા. ગૂ. સ. હ. લિ. પુ. નામા. ભાગ ૨જો
૩. શ્રી હરિશંકર પ્ર. શાસ્ત્રી (પ્રભાસ પાટણ)ની નલકથાની હાથપ્રત
૪. ગૂજ. પ્રિ. પ્રેસ–મુંબઈની શલ્યપર્વની હાથપ્રત
૫. બૃ. કા. દો. ભાગ ૨જો–(ગૂજ. પ્રિ. પ્રેસ–મુંબઇ)
૬. ગૂજ. સા. ના માર્ગ. સ્તંભો– દી. બ. કૃ. મો. ઝવેરીકૃત
૭. Guj. & its Lit. by K. M. Munshi
૮. Guj. Lang. & Lit. Vol. II by N. B. Divetia

---

૧ સં. ૧૭૧૩માં નકલ થયેલી છે.
૨ ફા. ગૂ. સ. હ. લિ. નં. ૬૪ ની હાથપ્રત



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# હરિરામ

[ સં. ૧૬૯૬માં હયાત ]

સૂરતનો એક હરિરામ નામનો માણભટ્ટ તેના બભ્રુવાહન આખ્યાન એ કાવ્યથી જાણવામાં આવ્યો છે. એ ઉપરાંત પણ તેણે કૃષ્ણવિરહનાં થોડાં પદો, "સીતાસ્વયંવર" અને "રુકૂમિણીહરણ" નામક બે કાવ્ય પણ રચ્યાં કહેવાય છે.[૧] આમાંનું છેલ્લું અદ્યાપિ પ્રાપ્ત નથી. કવિએ પોતાના વિષયમાં બભ્રૂવાહન આખ્યાનને અંતે નીચે પ્રમાણે હકીકત આપી છેઃ

"સંવત ૧૬ છંનુએ ઉતંમ ભાદરપદ માશ રે
સુદી પંચમી ગરૂવારે પૂરાંણ ગ્રંથ પ્રકાશ રે. ૧૩
સકલ નગ્રશીરોમણી **સુરતપૂર** અવીધંન રે (?)
કવીતા વાસ વસે **હરીપૂર** માંહ **ઉદીચ ગનાતે** પ્રકાસ રે. ૧૪
શ્રીગરૂ બ્રંમણ વીસ્નવજંન કવીતા સહુ કેરો દાસ રે
**વીરમ**નો શુત વીનવે **હરીરામ** હરીનો દાશ રે. ૧૫"[૨]

આ અવતરણ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે તે સૂરતનો ઔદીચ્ય બ્રાહ્મણ હતો અને હરિપુરા નામક પરામાં રહેતો હતો; એના પિતાનું નામ વીરમ હતું.

ગૂજરાતીમાં બભ્રૂવાહન આખ્યાનો હરિરામ પૂર્વે પણ ઉદ્ભવ

---

૧ ગૂજ. સા. મા. સ્તંભો. પૃ. ૧૫૯. આ પાછલાં બંને કાવ્યો તેણે રચ્યાં હોવાનો ઉલ્લેખ બ્રિટિશ મ્યુઝિયમની લાઇબ્રેરીમાં નં. ૫૦-રની પ્રતમાં હોવાનું કહેવાય છે.

૨ ફા. ગૂ. સ. હ. લિ. પુ. નં. ૧૪૧. ગૂ. વ. સો. હ. લિ. નં. ૨૦૦ વમાં ભૃગુવાર છે, જ્યારે વડોદરાની પ્રતમાં ર. સં. ૧૬૯૫ છે, જે કદાચ ભૂલ હશે. સં. ૧૬૯૬ના આશ્વિન સુદિ ૫ ને ગુરુવાર ગણિત પ્રમાણે બરોબર છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિષ્ણુદાસ વગેરેનાં સ્વતંત્ર રચાયેલાં મળે છે. તે પછીનો હરિરામનો પ્રયત્ન છે. ૨૩ કડવાંના આ કાવ્યનું વસ્તુ જૈમિનીય અશ્વમેધ પર્વમાંથી લીધું છે. આખું કાવ્ય વીરરસને પ્રધાન રાખી અદ્દભુત અને કરુણ રસની ગૌણતા સાથે રચાયું છે. એમાં પુત્ર બભ્રૂવાહન પિતા અર્જુનને લડાઇમાં મારી નાખે છે અને પછી કૃષ્ણ અર્જુનને જીવતો કરે છે, પછી સમાધાન કરાવી અશ્વમેધના અશ્વને છોડાવી લઇ જાય છે. કવિ ઉચ્ચ પ્રતિનું કાવ્ય નથી આપતો છતાં તદ્દન અરસિક કવિતા પણ નથી આપતો. બભ્રૂવાહનને હાથે અર્જુન હણાતાં, તેની માતા ઉલૂપી પતિના મૃત્યુથી શોક કરે છે. શરૂમાં ઉલૂપો પુત્રને ધિક્કારે છે, ત્યાં કવિ કરુણ અને અદ્દભુત રસનું વાતાવરણ ઠીક જમાવે છે:

"અરે પૂત્ર તે સૂધૂ હણૂ કરમ રાજન ।
કહો શણગાર કહી વીધ ધરસુ મરણ પાંમ્યો અર્જુન ॥૩॥

ધીકધીક એ તાં શેન્યા તારી ધીક તાહારો અવતાર ।
માહારે પૂત્ર તૂ ભલો ઊપનો સ્વામી હણવા કાજ ॥૪॥
અલોપી કહે ચીત્રગદાને શાંભલો માહારી વાંણ ।
અરજુન મુજને પરણી ચાલ્યા ત્યારે એક કહુ એંધાણ ॥૫॥

ડાઢેમના છોડ ચાર દેખાડી એક સૂકીને પડે ધરાણ ।
ત્યારે તૂ તાં નીશે જાંણજે આવ્યૂ માહારૂ મરણ ॥૬॥
તે માટે હૂ જોઈ આવૂ ઋયણ એક માંહાં તતકાલ ।
એહેવુ કહી અલોપી આવી વેગે કરી પાતાલ ॥૭॥

જોઆ તે દ્રુમ ડાઢેમ કેરા સૂકી પડીઆ ધરણ ।
ચીત્રગંદાને પાશે આવી કેહે અરજુન પાંમા મરણ ॥૮॥
ત્યારે બભ્રૂવાહંનને કહે મુજને લેઈ જાઓ અરજુન છે જેણે ઠામ ।
છેદૂ પડે નાથ સંઘાથે દૂભેણ માંને સ્વામ ॥૯॥

એહવૂ કહી શરવ કો આવ્યા જાંહાં પડીઆ છે પારથ ।
ઊઠો સ્વામી ઘેર પધારો એમ કહીને શાહો હાથ ॥૧૦॥
પુત્ર પીતાને પ્રેમ કરીને કીધો પ્રોહોણાચાર ।
શીશ છેદી લેઇ શેહેસ્ત્ર કરવા લાખાં ધરણ મૂઝાર ॥૧૧॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અરે પૂત્ર વેહેલા થાઓ શહી મે જાવૂ શંગ ।
ચાલી જાએ છ સ્વાંમી માહારો વાટી ચઢીઆ અરજુન ॥૧૨॥
ત્યારે અલોપી કહે માહારા તાત કણે અમ્રીતમણી છે શાર ।
તેણે કરી અભીખેખ કરો તો જીવે શહી ત્યાંહા નીરધાર ॥૧૩॥
ચીત્રગદા એહવૂં શાંભલતાં તેડાવ્યો પૂડરીખ ।
મણી લેવા પાતાલે પધારો દીધી બહુ પેર શીખ ॥૧૪॥
ઘડી બેમાં આવો જઇ જીવાડવા અરજુન ।
કાસ્ટભખ નહીતર સહુ કરશે જૈ કરી શમશાંન ॥૧૫॥"[1]

આ પછીનો પુંડરીકનો મણિ લાવવાનો આ પ્રસંગ અદ્દભુત રસ ઠીક જમાવે છે. બેશક પ્રેમાનંદને પહોંચવાની એમાં તાકાત નથી.

આ કવિનું બીજું કાવ્ય સીતાસ્વયંવર ૨૧ કડવાંનું ઉપરના જેવું જ આખ્યાન કાવ્ય છે.[2] એમાં અદ્દભુતરસનું પ્રાધાન્ય છે. આ કાવ્યમાં પણ ક્યાંક ક્યાંક ચમકારા છે:

જનક રાજાએ રામલક્ષ્મણને કેવા જોયા ?

"સુંદર મુખ અતિ સોહામણું, જોતાં તૃપ્ત થાય મન ઘણું;
દીઠા લક્ષ્મણ રામ ઉદ્યોત જેમ તારામાં શશીની જોત. ૫
મસ્તકે મણિ મુક્તા જળહળે, દીનકર જોત મધ્યે જઈ ભળે;
કાંને કુંડલ મકરાકાર, રત્નજડિત કનકમય હાર. ૬
કોટે કૌસ્તુભ મણી કટિ મેખલા જાણે શશિ ઉગીયો સોલ કળા;
કર મુદ્રિકા પાયે મોજડી અતિ કોમલ ને હીરે જડી. ૭"[3]

અને મંડપમાં આવતાં:

"રામ શોભે મધ્યે નરેંદ્ર, જેમ તારામંડળમાં ચંદ્ર;
શિશ મુગુટનાં મણી ચળકે બંને કાને કુંડલ લળકે. ૩
શોભા વદન તણી વિસ્તારૂં, છબી ઉપર રવિ શશિ ઓવારૂં;
આંખ અંબુજ અમીરસ હોય, જોતાં તૃપ્તિ પામે સૌ કોય. ૫"[4]

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૨૦૦ વ. (કડવું ૧૫મું)
૨ બૃ. કા. દો, ભાગ ૩જો, પૃ. ૪૮૦–૫૧૮
૩ એજન, પૃ. ૫૦૨, (કડવું ૧૩મું)
૪ એજન, પૃ. ૫૦૭, (કડવું ૧૬મું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લગ્ન વગેરેનું વર્ણન પણ એકંદરે સારું છે.

વિક્રમની ૧૭મી સદીના અંત ભાગમાં કવિ આમ એક મધ્યમ કોટિનું કાવ્ય આપી પૌરાણિક આખ્યાન પદ્ધતિનાં કાવ્યોમાં સૂરત–દક્ષિણ ગૂજરાતમાં રહી એકનો ઉમેરો કરે છે.

આ કવિની બીજી કોઈ કૃતિ જાણવામાં નથી. તેમ તેના વિષયમાં મળે છે તે કરતાં વિશેષ માહિતી હાલ મળતી નથી.

ચરિતસામગ્રીઃ

૧. ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૨૦૦ બ વગેરે હાથપ્રતો
૨. ફા. ગૂ. સ. હ. લિ. પુ. નં. ૧૪૨ क ,,
૩. ગૂજ. સા. માર્ગ. સ્તંભો–દી. બ. કૃ. મો. ઝવેરીકૃત
૪. બૃ. કા. દો. ભાગ ૩જો (ગૂજ. પ્રિ. પ્રેસ–મુંબઇ)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# કેશવદાસ વૈષ્ણવ

[ વિ. સં. ના ૧૭ મા શતકનો ઉત્તરાર્ધ ]

**વલ્લભવેલ** નામક ઐતિહાસિક કાવ્ય લખનારો એક કેશવદાસ કરી વૈષ્ણવ કવિ સં. ના ૧૭ મા સૈકાના ઉત્તરાર્ધમાં હયાત હોવાનું તેના એક માત્ર મળતા તે કાવ્ય ઉપરથી જાણવામાં આવે છે, કેમકે એણે કાવ્યના ચરિત્રનાયક શ્રીગોકુલનાથજી મહારાજ (શ્રીવલ્લભાચાર્યજીના પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીના ચતુર્થ પુત્ર, સં. ૧૬૦૮–૧૬૯૭), સં. ૧૬૭૭માં ગોકુલ આવ્યા ત્યાંસુધીની હકીકત નોંધી છે; જેવી કે—

"સંવત **સોલ સીત્તોતરો**, વદિ દશમી બુધવાર રે. જીવન.
ચઇતર માસ વસંત ઋતુ, ગોકુલ આવ્યા દ્વાર રે, જીવન. ૨૮"[1]

કાવ્ય તરીકે આ ઉત્તમ પ્રતિનું કાવ્ય ભલે ન હોય, પણ તેમાં ઐતિહાસિક અંશો ઘણા જ સારા પ્રમાણમાં સચવાઈ રહ્યા છેઃ એમાં શ્રીવલ્લભાચાર્ય, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીગોકુલનાથજીના જીવનને લગતી ઉપયોગી સાલવારી સચવાઈ રહેલી છે. દાખલા તરીકે 'શ્રીવલ્લભાચાર્યજીનો જન્મ સં. ૧૫૩૫ ચૈત્ર વદિ ૧૧ ને રવિવારનો અને સં. ૧૫૨૯ ના ચૈત્ર વદિ ૧૧ ને શનિવારનો એમ બે રીતે સંપ્રદાયમાં મનાય છે. આમાંના પાછલા સંવતનો સ્વીકાર શ્રીગોકુલનાથજીના સેવકોના ગ્રન્થોમાં મળી આવે છે. સં. ૧૫૩૫ નો ઉલ્લેખ તેટલો જૂનો નથી મળતો; કેશવદાસ તો પૂર્વવંશ અને જન્મના પ્રસંગ સહિત સ્પષ્ટ રીતે નોંધે છે કે

"જે કુલમાં પુરુષોત્તમ પ્રકટ્યા તે કુલ કહું વિખ્યાત;
વેદ પુરાણ સત્ય વચનવર, **તૈલંગ** દ્વિજવર જ્ઞાત. ૭
**આંધ્રદેશ તૈલંગ** દેશમાં **કાકરકુંભા** ગામ;
**કાંકરવાર** રહે દ્વિજ તેમાં, વેદપાત્ર અભિરામ. ૮

---

૧ વૈષ્ણવધર્મપતાકા, માસિક. વર્ષ ૯, અંક ૨જો, (પૌષ ૧૯૮૧) પૃ. ૩૫.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નિગમ પ્રસન્ન સદા રહે તે પર, **યજ્ઞનારાયણ** નામ:
મનમાંહે સંદેહ ઉપજે જ્યારે જાય સરિતા તટ ધામ. ૯
પ્રત્યક્ષ વેદ આવી પોતે સૌ સંદેહ નિવારે;
તે ઘેર **ગંગાધર** સોમયાગી, પ્રકટ્યા શિવ અવતારે. ૧૦
તે સુત **ગણપત ભટ** સોમયાગી પત્ની ત્રણ સોહાય;
ત્રણ ત્રણ પુત્ર તે ત્રણ ત્રિયાને નવ તેવા સમુદાય; ૧૧
તેમાં પ્રિયા જ્યેષ્ઠ તેને સુત **વલ્લભ ભટ** ભાગ્યવાન;
તે ઘેર પુત્ર વેદ **લક્ષ્મણ ભટ**, શાસ્ત્ર સહુમાં જ્ઞાન. ૧૨
તેમની પત્ની **ઇલ્લમ્માગારૂ** મંગલરૂપ નિધાન;
તેઓને ગર્ભ સ્થિત ઇચ્છાની થઇ તે વર્તમાન. ૧૩
**પ્રયાગ** વાસ કરવા મન ધારી, ચાલ્યા સહુ ઘર સાથ:
**ચંપારણ્ય** દેશમાં આવ્યા, પ્રભુ ઇચ્છાને હાથ. ૧૪
**ચોડા** ગામ નદી **ભીમરથી** આવી ઉતર્યા ત્યાંહ;
સંવત **પંદરસેં ઓગણત્રીસ**, ભર **વૈશાખ** તે માહ. ૧૫
કૃષ્ણપક્ષ એકાદશી શુભ વાર શનિ સત માસ:
લોકરીત નિરૂપાશ્રિત પ્રકટ્યા શ્રીઆચાર્ય સુખરાશ. ૧૬
નામ **શ્રીવલ્લભ** જગદુદ્ધારક, પુષ્ટિજન હિત કાજ;
ઓછે માસે પ્રકટ થયા, ક્ષણું એક રહી મૂરછાજ. ૧૭"[1]

આમાં માસ વૈશાખ છે તે વ્રજની ગણતરીએ સમઝવો; ગૂજરાતી ગણતરી પ્રમાણે તે "ચૈત્ર" છે. એ જ પ્રમાણે કૃષ્ણપક્ષની તિથિઓના માસનું અન્યત્ર પણ આ કાવ્યમાં સમઝવું.

આ કાવ્યમાં શ્રીવલ્લભાચાર્યજીની ભારતપરિક્રમા, શ્રીવિઠ્ઠલનાથજીની ગૂજરાતની છ મુલાકાત, શ્રીગોકુલનાથજીના જીવનના માલાપ્રસંગ વગેરે પ્રસંગોનો કવિએ ટૂંકમાં પણ ચરિત્રમાં ઉપયોગી થાય તેવો અહેવાલ આપ્યો છે. કેટલાક પ્રસંગોની સાલવારી ઉપયોગી હોવાથી અહીં નોંધવામાં આવે છે:

---

૧ એજન, પૃ. ૮, અં. ૫. (પૌષ-૧૯૯૦), પૃ. ૩૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| સં. | માસ | પક્ષ | તિથિ | વાર | પ્રસંગ |
|---|---|---|---|---|---|
| ૧૪૬૬ | શ્રાવણ[1] | વદિ | ૩ | | શ્રીનાથજીનું ગોવર્ધન પર પ્રાકટ્ય |
| ૧૫૪૫ | માઘ | વદિ | ૯ | | શ્રીવલ્લભાચાર્યજી ગોવર્ધન પર્વત પર ગયા |
| ,, | ભાદ્રપદ | ,, | જન્માષ્ટમી | | ,, ,, ગોકુલ ગયા |
| ૧૫૫૯ | શ્રાવણ | ,, | ૩ | | ,, ,, ફરી ગોકુલ ગયા |
| ૧૫૭૦[2] | આશ્વિન | સુદિ | ૧૦ | | શ્રીવલ્લભાચાર્યજીના મોટા પુત્ર શ્રીગોપીનાથજીનો જન્મ |
| ૧૫૭૨ | પૌષ | વદિ | ૯ | શુક્ર | બીજા પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીનો જન્મ |
| ૧૫૭૫ | શ્રાવણ | ,, | ૩ | | શ્રીનાથજીને પાટ બેસાડયા. |
| ૧૫૯૪ | જ્યેષ્ઠ | ,, | ૯ | | સદ્દૂ પાંડેને ત્યાં શ્રીનાથજી પધારેલા |
| ૧૬૦૮ | માર્ગશીર્ષ | સુદિ | ૭ | બુધ | શ્રીવિઠ્ઠલનાથજીનાના ચોથા પુત્ર શ્રીગોકુલનાથજીનો જન્મ |
| ૧૬૧૫ | ચૈત્ર | વદિ | ૬ | | ,, ને યજ્ઞોપવીત |
| ૧૬૨૭ | ... | ... | ... | ,, | શ્રીવિઠ્ઠલનાથજીનાં દ્વિતીય-લગ્ન |
| ૧૬૨૨ | ભાદ્રપદ | વદિ | ૨ | | ,, ગોકુલ આવ્યા |
| ૧૬૨૩ | ફાલ્ગુન | વદિ | ૭ | | શ્રીનાથજી ગોકુલ પધાર્યા |
| ૧૬૩૦ | ... | ... | ... | | શ્રીનાથજીનું મંદિર સમરાવ્યું |
| ૧૬૪૬ | ચૈત્ર | સુદિ | ૯ | | શ્રીગોકુલનાથજી ગૂજરાતમાં આવ્યા |

---

૧ આ મહિના વદિમાં એક એક પૂર્વેના ગણવા, એટલે શ્રાવણને સ્થાને આષાઢ; એ રીતે નીચે પૌષ તે રીતે માર્ગશીર્ષ છે.

૨ સંપ્રદાયમાં સં. ૧૫૬૭માં પણ જન્મ મનાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપયોગી તિથિઓ આ અહીં નોંધી છે. સાંપ્રદાયિક ઇતિહાસ ઉપર પ્રકાશ પાડનારાં એ વર્ષો છે.

ગોપાલદાસે વલ્લભાખ્યાન આ પૂર્વે રચ્યું છે, એનો નિર્દેશ કવિએ આ કાવ્યમાં કર્યો છેઃ

"**ગોપાલદાસ** ગોકુલેશ ગાય, **વલ્લભાખ્યાન**માં દરશાય."[૧]

અને કેશવદાસે એ વલ્લભાખ્યાનની પદ્ધતિએ જ આ વલ્લભવેલ યાને જન્મવેલ્ય નવ મીઠાં( આખ્યાન–કડવાં )માં રચી છે. અને ગોપાલદાસની એના ઉપર કૃપા કે અસર હોય તેવો કાવ્યને છેડે કવિએ નિર્દેશ પણ કર્યો છેઃ

"**દાસગોપાળ** કૃપા થકી, લીલા વરણી આજ રે, જીવન
**કેશવ** કર જોડી કહે, કર ધરી રાખે લાજ રે, જીવન. ૪".[૨]

આ પાછલા ગોપાલદાસ પ્રાકટ્યસિદ્ધાંત ગ્રંથના કર્તા વ્યારાવાળા ગોપાલદાસ હોય તોયે બની શકે તેમ છે. આવો જ એક ગ્રંથ "વલ્લભવેલ" કોઈ વૃંદાવનદાસે રચેલો છે, પણ હજી તે છપાયો નથી.

આ કવિએ આમાં વલ્લભાખ્યાનની અદલોઅદલ અનુકૃતિ કરી છે, એટલે ઢાળ, રાગ, બંધ, તાલ એ બધું એક સરખું રાખ્યું છે, બેશક એ વલ્લભાખ્યાનની તુલનાએ કવિતાનો એક અંશ પણ અર્પી શકતો નથી.

આ કવિ શ્રીગોકુલનાથજીના અનન્ય સેવકો માંહેનો એક હતો. એ સિવાય બીજી કશી માહિતી હાલ મળતી નથી.

આ કવિએ કાવ્યમાં ક્વચિત્ ક્વચિત્ વ્રજભાષાની કડીઓ પણ સંવાદવાળી કડીઓમાં મૂકી છે. આવી મિશ્ર કવિતા શ્રીગોકુલ-નાથજીના શિષ્યોમાંના ગોપાલદાસ વ્યારાવાળા, મહાવદાસ વગેરેએ પણ વ્રજભૂમિનાં પાત્રોના મુખમાં મૂકી છે.

ચરિતસામગ્રીઃ

૧. વૈષ્ણવધર્મપતાકા, વર્ષ ૮–૯ (શ્રી વસંતરામ હ. શાસ્ત્રી-સંપાદિત)

---

૧ એજન, વર્ષ ૮, અંક ૭, (માસ જ્યેષ્ઠ, સં. ૧૯૮૦) પૃ. ૧૮૬
૨ એજન, વર્ષ ૯, અંક ૨ (માસ પૈષ, સં. ૧૯૮૧) પૃ. ૩૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ગોપાલદાસ વ્યારાવાળા

[ સં. ના ૧૭મા શતકનો ઉત્તરાર્ધ ]

શ્રીવલ્લભાચાર્યજીના પ્રપૌત્ર શ્રીગોકુલનાથજીના ચરિતને લગતાં ઐતિહાસિક કાવ્યો ગૂજરાતીમાં લખાયાં છે, તેવું ઉપરનું "વલ્લભવેલ" બહુ ઓછું જાણીતું છે; તેવો "પ્રાકટ્યસિદ્ધાંત" નામનો કાવ્યગ્રંથ તો ઘણો જ મોટો છે. એ સૂરત નજીક આવેલા વ્યારાના વણિક ગોપાલદાસની કૃતિ છે. એમાં શ્રીવલ્લભાચાર્યજી અને શ્રીવિઠ્ઠલનાથજીના ચરિતને ટૂંકામાં આપી શ્રીગોકુલનાથજીનું ચરિત ખૂબ વિસ્તારથી આપવામાં આવ્યું છે. કાવ્ય તરીકે આ ગ્રંથની તેટલી ઉપયોગિતા નથી જેટલી એક ઐતિહાસિક પ્રબંધ તરીકે છે. આ પ્રબંધ પાંચ તરંગો અને એ તરંગો ફરી કેટલાંએક મંગલ–ખંડમાં વિભક્ત છે, તેમાંથી ૧લા તરંગનાં માત્ર ૩જું અને ૪થુ મંગલ છપાયાં છે.[૧] શ્રીગોકુલેશનું જીવનચરિત લખતાં એનાં કેટલાંએ મંગલોમાંથી અવતરણો આપવામાં આવ્યાં છે.[૨]

સમયની દૃષ્ટિએ જોતાં ગોપાલદાસ શ્રી ગોકુલનાથજી (સં. ૧૬૦૮–૧૬૯૭)ના શિષ્ય હોવાથી ઉત્તરાર્ધમાં તેમની હસ્તી હોવામાં તો લેશે શંકા નથી. આ શિષ્યોએ શ્રીગોકુલનાથજીના ઉપદેશ અને ઉપદેશમાંના વાર્તાના પ્રસંગો નોંધી રાખવાનું કાર્ય કર્યું છે. વ્યારાવાળા ગોપાલદાસનો "પ્રાકટ્યસિદ્ધાંત" જોતાં તેમાં એ જ વસ્તુ દેખાય છે. દાખલા તરીકે એમણે ૧લા તરંગના ૩જા મંગલને છેડે નોંધ કરી છે, તે જોઈયે:

"એક સમય શ્રીમહાપ્રભુ **શ્રીગોકુલેશ** સંધ્યાવંદન કરીય,
કાજ પહોંચી તહાંનું તેહ બાહાર આવ્યા ફરીય. ૩૩૯

---

૧ અનુગ્રહ–માસિક, વર્ષ ૪, અંક ૧૨

૨ શ્રી લલ્લુભાઈ છ. દેસાઈ–પ્રકાશિત (અમદાવાદ)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બેઠક માહે બેઠા આવી ગાદી તકીએ સોહ,
આનંદભર અવલોકતાં સહુ જગતનાં મન મોહ. ૩૪૦
**કલ્યાણ ભટ્ટ ખંભાલિયે** બેઠા સન્મુખ પાસ,
બીજા ભક્તયૂથ સમોહ છે મહાભાગ્ય કેરા રાશ. ૩૪૧
**કલ્યાણ ભટ્ટ** પર કૃપા પ્રભુની ભાગ્ય તણો નહી પાર,
એ વિનંત વાછલ તણું જૂથ કરી જાણો મનુહાર. ૩૪૨"[૧]

કવિએ કેટલીક સાલવારી સાચવી રાખી છે, એ ઇતિહાસની દૃષ્ટિએ ઉપયોગી છે. શ્રીવલ્લભાચાર્યજીનો જન્મ સં. ૧૫૨૯ ના ચૈત્ર વદિ ૧૧ શનિવાર હતો, તે આ કવિએ પણ બતાવેલ છે. કેશવદાસે જે જાતની હકીકત આપી છે, તેવી જ આ છે:

"સુખદ મારગ માંહે છે એક **ચંપાર્ણ્વ** શુભ દેશ,
**ભામરથી** નદીત્રટે **ચૌંડા** ગામ, તે મધ્યે કર્યો પ્રવેશ. ૫૦
વિક્રમાર્ક સંવછર કહીએ તે તેને ધન્ય,
સંવત **પંનર ઓગણત્રીસ** વૈશાખ વદિનો દંન. ૫૧
સાતમે માસે એમ ઇચ્છા એકાદશી શનિવાર,
શ્રીપુરુષોત્તમ મુખ-રુચિ પ્રગટ્યા તેણી વાર. ૫૨
સપ્ત માસે જન્મ સહજે લૌકિક માંહાં અતિ ધન્ય,
પ્રતાપવાન ને ઉગ્ર હોએ એ તો અલૌકિક વહ્નિ. ૫૩"[૨]

આ ઉપરાંતનાં વર્ષો કેશવદાસે આપ્યાં છે તેવાં જ છે. સંભવ તો એવો છે કે કેશવદાસે આ ગોપાલદાસને આશ્રયે રહીને પણ વલ્લભ-વેલ લખી હોય. ગોપાલદાસે પણ વ્રજભાષામાં કેટલીક કડી લખી છે. કાવ્યને અંતે "ગોપાલદાસ" આવે છે, તે આ વ્યારાવાળા પણ હોઇ શકે.[૩]

આ કવિનું સંપૂર્ણ કાવ્ય મેળવવું મુશ્કેલી ભરેલું હોવાને કારણે એણે સારું કામ કર્યું હોય છતાંયે આજે તેનો પરિચય આપી શકાય તેમ નથી.

ચરિતસામગ્રી:

૧. અનુગ્રહ-માસિક-વર્ષ ૪, અંક ૧-૨

---

૧ એજન, પૃ. ૨૯ ૨ એજન, પૃ. ૮-૯ ૩ જુઓ આ પૂર્વે પૃ. ૪૯૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# મહાવદાસ

[ સં. ના ૧૭મા શતકનો ઉત્તરાર્ધ ]

વૈષ્ણવ કવિઓમાં મહાવદાસ તેના સમકાલીન ગુરુભાઈઓ કેશવદાસ અને વ્યારાવાળા ગોપાલદાસ કરતાં વધુ ઉચ્ચ પ્રકારનો હોવાનું તેનાં ગોકુલનાથજીનો વિવાહ, રસસિન્ધુ અને રસાલય[1] એ ત્રણ કાવ્યોથી જાણવામાં આવે છે. આમાંનું પ્રથમ કાવ્ય ઐતિહાસિક કાવ્ય છે, કેમકે એમાં શ્રીવલ્લભાચાર્યજીના પ્રપૌત્ર શ્રીગોકુલનાથજીનાં લગ્ન ગૂજરાતના વેણાભટ્ટની પુત્રી પાર્વતી સાથે થયાં તેનું રસિક વર્ણન આવે છે, એ ઉપરાંત એ કુટુંબને લગતી ઉપયોગી ઐતિહાસિક હકીકત સાચવવામાં પણ આવી છે. શ્રી અંબાલાલ બુ. જાનીના જણાવ્યા પ્રમાણે "ગુજરાતની કેટલીક રાજશાહી લગ્નક્રીડાઓ આમાં રસભર વર્ણવેલી છે. શ્રીગોકુલનાથજી અને તેમનાં વહુજી ચોરીકર્મ થઈ રહ્યા પછી જે રંગખેલ ખેલ્યાં તેમાં લવણનો અને ચોખાના લોટનો એમ બે હસ્તીઓ ઉપર વિવિધ પેરે આરોહણ કર્યાં, એ સહુ વર્ણન તેમ શ્રીપાર્વતીજી સાથે શ્રીગોકુલનાથજીએ રંગખેલ ખેલવાને અંતઃપુરમાં કરેલી શોભાનું વર્ણન કવિ ઝીણવટ છતાં કલાકારને શોભે એવી કલાછટાથી વર્ણવે છે." આ [2]તૂટક પ્રત સંપૂર્ણ મળે તો એક સારું કાવ્ય મેળવી શકાય.

રસસિંધુ એ કાવ્ય ગદ્યપદ્યાત્મક છે. તેમાં ચોઆખરા, ગાહા, કુંડલિયા, સવૈયા, ચંદ્રાવળા અને કેટલાંક અક્ષરમેળ વૃત્તો પણ પ્રયોજાયેલાં છે. એની કૃતિમાં ચમત્કૃતિ છે, તે નીચેના એક જ અવતરણથી સમઝાશે:

**કુંડલીઆ**

"મત ગજ કેહને નવ માને હોએ સદા બલહ્વીર
ઇચ્છાએ વનમાં ચાલે છે મન અત્યી ગંભીર ।
છે મંન અતી ગંભીર રંમે જંમ સુખ ઉપજે
એહેથી ભક્તિ શર્વદા હરીજંન તે હરીને ભજે ।।"[1]

---

૧ ફા. ગૂ. સ. હ. લિ. પુ. નં. ૧૧૫ ક—ખ અને ૧૬૫ ક અનુક્રમે
૨ ફા. ગૂ. સ. હ. લિ. પુ. નામા. ભાગ ૨જો, પૃ. ૨૬૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કવિએ ગદ્ય લખ્યું છે, એ તેના સમયના સાદા ગદ્યનો એક સારો નમૂનો છે:

"**રસસીંહુ** ગ્રંથ લખીએ છે ગુજરી ભાષા. હવે એહેવું મન માંહિ ઉપજે છે જે એક અતિ રસિક ગ્રંથ કીજે શ્રીઠાકોર જોઇએ છે ભગવદીની સંગત કીજે છે તોહે પણ સ્નેહ ઉપજતો નથી તે માટે જો સ્નેહ મંન ધરી સાંભલે તો સ્નેહ ઉપજે અને સ્નેહ વદ્ધ પામે એહેવો એક ગ્રંથ **શ્રીગોકુલવાસી મહાવદાસ** કરે છે ॥ આ ગ્રંથનું નામ તે **રસસીંધુ**. સહસકૃતે ઘણા એક ગ્રંથ કીધા છે પણ તે સહસકૃતે સમજાશે નહી તો માટે ભાખાએ કીજે છે ॥ કાંહી એક વાતો કરીને કેહેસુ ॥ કાંઈ એક ચોપાઇએ કરીને કહેસુ ॥"[૨]

આ ગ્રંથ તેમ જ રસાલય પણ અપ્રસિદ્ધ છે.

આ કવિ ગૂજરાતી વણિક છતાં ગોકુલમાં શ્રીગોકુલનાથજી પાસે જઈ વસેલો હશે, તેવું ઉપરના ગદ્ય અવતરણ ઉપરથી જાણી શકાય છે, કેમકે એમાં તે પોતાને ગોકુલવાસી કહે છે.

ગૂજરાતમાં વૈષ્ણવ ધર્મનો પ્રચાર કેવી રીતે અને કયારે થયો તે વગેરેની આ ગ્રન્થમાંથી સારી હકીકત મળે છે. વૈષ્ણવ ધર્મના ઇતિહાસમાં આમ આ ગ્રન્થની ઉપયોગિતા વિશેષ છે.

કવિના વિષયમાં વિશેષ માહિતી આજે મેળવવી મુશ્કેલ છે. શ્રીગોકુલનાથજીના અનુયાયીઓ આજે પણ ગૂજરાતમાં ઘણા છે, સાહિત્ય પણ ઘણું મળે છે, પણ પ્રાયઃ બધું જ અપ્રસિદ્ધ છે. એ પ્રસિદ્ધિમાં આવે તો સાહિત્યની તેમ જ ઇતિહાસની દૃષ્ટિએ કેટલોક સારો જેવો પ્રકાશ પડે તેમ છે, તેમ તે કાળના સમાજ અને ધર્મના વિકાસ ઉપર પણ સારો પ્રકાશ પડે તેમ છે.

ચરિતસામગ્રી:

૧. ફા. ગૂ. સ. હ. લિ. પુ. નામા. ભાગ ૨જો (શ્રી અં. બુ. જાની–કૃત)

---

૧ એજન, પૃ. ૨૬૧ (ન. ૧૧૫–ખ) ૨ એજન, પૃ. ૨૬૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# વૈકુંઠદાસ

[ સં. ના ૧૭મા શતકનો ઉત્તરાર્ધ ]

**આ**ગાઉના ત્રણ કવિ જેવો જ આ પણ શ્રીગોકુલનાથજીનો શિષ્ય હોય તેમ જણાય છે. આ કવિએ શ્રીમદ્‌ભાગવતની રાસપંચાધ્યાયીને અનુસરી "રાસલીલા" નામક કાવ્ય લખ્યું છે, તેના આરંભમાં તેણે શ્રીગોકુલનાથજીને નમન કર્યું છે:

**ચોપૈ ચાલ**

"પ્રથમિ પ્રણમૂં **શ્રીગોકૂલચંદનિ** રસીકશિરોમણિ આનંદકંદનિ ।
પાર અગમ છિ જેહનો છંદનિ  તે કંમ આવિ ઉર મતીમંદનિ ॥
દૂઢ—મંદમતી કચંમ વર્ણવૂં જે ઈસ બ્રહ્મા નવ લહિ ।
અકલ લીલા કૃષ્ણ કેરી નિત નિત તે શુનિ કહિ ॥"[1]

કાવ્યને અંતે કવિએ પોતાના વિષયમાં નામ સિવાય કશી અન્ય માહિતી આપી નથી:

"કથા કેહેતાં આસ પોહોતી સકલ **વૈકુંઠદાસની** ।
એક રસના તો શું કરૂં કેટલી કહીએ શોભા રાસની ॥૩૮॥"[2]

ઉપરના અવતરણ ઉપરથી જણાય છે કે ભાષાસ્વરૂપ જૂનું સચવાઈ રહ્યું છે. આમાં મધ્ય. ગૂજ.ની ૪ થી ભૂમિકા વ્યક્ત છે. કવિનો સમય જોતાં પણ તે જ સ્વરૂપ સાહિત્યમાં લિખિત સ્વરૂપમાં તે વખતે પ્રચારમાં હતું, એ સ્પષ્ટ છે.

આ કવિના વિષયમાં આજે કશી અન્ય માહિતી લભ્ય નથી.

ચરિતસામગ્રી:

૧. ફા. ગૂ. સ. હ. લિ. પુ. નામા. ભાગ ૨જો–(શ્રી. અં. બુ. જાની–કૃત)

---

૧ એજ, પૃ. ૨૫૭ (નં. ૧૧૪–ખ–સં. ૧૭૪૪ની પ્રત)
૨ એજન, પૃ. ૨૫૮

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

# પોઠો

[ વિ. નું ૧૭મું શતક–ઉત્તરાર્ધ ]

જૈમિનિના અશ્વમેધને આધારે મોરધ્વજાખ્યાન[1] અને સુધન્વાખ્યાન[2] એ બે કાવ્ય લખનારા પોઠા કે પોડાનો સમય વિક્રમની ૧૭ મી સદીની પૂર્વનો નથી, કેમકે ૧૭મી સદી પહેલાં મહાભારતનાં પર્વોની કથા ગૂજરાતીમાં વ્યવસ્થિત રીતે ઉતારવાનો પ્રયત્ન વ્યાપક થયો નથી. ભાલણ–ઉદ્ધવ પછી નાકરે તેની શરૂઆત કરી છે અને વિરાટપર્વ નાકરે સં. ૧૬૦૧માં રચ્યું હોવાથી ત્યાંથી જ મહાભારતનાં પર્વો વ્યવસ્થિત રીતે ગૂજરાતીમાં ઉતારાવા લાગ્યાં છે. પોઠાએ બંને કાવ્યો ૮–૮ કડવાંનાં બનાવ્યાં છે. આ બંને કાવ્યના છેવટના ભાગમાં માત્ર તેના નામનો ઉલ્લેખ છે. એ જ્ઞાતિએ બારોટ હતો એમ કહેવાય છે.[3] કાવ્યાંતે તો માત્ર નામનિર્દેશ જ છે:

"પોઠા કહે ફળ પામ્યા ભક્ત, વિષ્ણુભક્ત ને જીવનમુક્ત.
એમ જાણીને મનસા ધરી, એક વાર ભણો મુખે હરી. ૨૪"[4]

તેણે પોતાનાં કાવ્યોમાં ક્વચિત્ ક્વચિત્ સંસ્કૃત શ્લોકો ઉદ્ધૃત કર્યા છે અને સં. શ્લોકો આવે તેવો નિર્દેશ જ કાવ્યમાં ગૂંથી લીધો છે. આ જોતાં સંસ્કૃત ભાષાના થોડા સંસ્કાર તેના પર પડ્યા દીસે છે. સાદા કથાનકને બદલે તે કાંઈક આલંકારિક રીતે પણ કાવ્ય આપવા

---

૧ બૃ. કા. દો. ના ૮ મા ભાગમાં છપાયેલું આ કાવ્ય સં. ૧૭૭૩ની હાથપ્રત પરથી છપાયેલું છે. જુઓ ત્યાં પૃ. ૪૭૧ની પાદટીપ.

૨ આ કાવ્ય બૃ. કા. દો. ભાગ ૬ઠ્ઠામાં છપાયેલું છે, પૃ. ૭૦૭-૭૨૦.

૩ બૃ. કા. દો. ભાગ ૮મો, પૃ. ૪૭૧

૪ એજન પૃ. ૪૮૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રયત્ન કરે છે. જ્ઞાતિએ બારોટ હોવાથી તેનામાં કવિત્વના અંશ અને તેથી કરીને ક્વચિત્ રસવતી ભાષા આવે એ બંધબેસતું છે.

કૃષ્ણ ઘવાઇ પડી ગયા ત્યારે મોરધ્વજે જે ભક્તવત્સલતા બતાવી છે, તે આકર્ષક છે:

"હરી તજી હય લાવ્યો શું ભણી ક્યાં કોડી ક્યાં કૌસ્તુભમણી,
ક્યાં તુલસી ક્યાં વિજયાવન, ક્યાં નરકંટક ક્યા સજ્જન. ૭
ક્યાં હાટક ને ક્યાં હરીઆલ, ક્યાં શુધ સાલ ને ક્યાં દુષ્કાળ,
કાં મેરુ શંખો પાષાણ, ક્યાં કસ્તુરી ક્યાં પોશાણ. ૮
ક્યાં અન્ય કવિ ક્યાં વેદવ્યાસ, ક્યાં મહારાજપતિ ક્યાં અન્ય દાસ,
ક્યાં કાયર ને ક્યાં અન્ય ધીર, ક્યાં શુદ્ધ ચંદન ક્યા રે ખદીર. ૯
ક્યાં સૂરજ ક્યાં ગ્રહ ઉદ્યોત, ક્યાં ચંદ્રમા ને ક્યાં ખદ્યોત,
યોગ યજ્ઞ તપ તીરથ કથા શ્રીવાસુદેવ વિના સૌ વૃથા. ૧૦"[1]

બંને જ ભક્તિકાવ્યો છે, તેથી ભક્તમહિમા ગાવા તરફ એનું વધુ લક્ષ્ય છે, છતાં "એમ દેખી ધાયો વ્રષકેત, ચઢી આવ્યો જેમ સાગર સેત" જેવાં અલંકારબિંદુ અત્રતત્ર આવી જાય છે.

સંસ્કૃત શ્લોક ઉતારવાનો તેનો પ્રયત્ન આપણને તે વાર્તાકાર હોવાનો ખ્યાલ આપે છે. આ પદ્ધતિ લોકવાર્તાઓમાં પ્રચલિત છે. શિવદાસ વગેરેએ તે પ્રયોજેલ છે.

સુધન્વા આખ્યાન પણ તેણે એકંદરે ઠીક બનાવ્યું છે. સુધન્વાના મૃત્યુ પછી કવિ જણાવે છે:

"ધડથી ધામ પ્રગટ્યું ત્યાં જેહ, શ્રીહરીમુખ લય પામ્યું તેહ;
શીશ અધોક્ષજે પદ અભિરામ, કબંધ અતુલ્ય કર્યો સંગ્રામ.
ત્યાં હરીએ કમળ ગ્રહ્યું બેઉ હાથ, રૂદયાશું ચાંપ્યુ નરનાથ:
સાધુ સાધુ હરી પોતે ભણે, જઇ પડ્યું ખોળે રાજા તણે.
હંસધ્વજરાય કરે રૂદન, પુત્ર પુત્ર કરી રક્તવદન;
મુજ કુળતિલક ગયું કહે રાય, તવ સુરથ જઇ લાગ્યો પાય.

---

૧ બૃ. કા. દો. ભાગ ૮મો, પૃ. ૪૭૬ (કડવું ૪થું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ક્ષત્રીધર્મ ધુરીંધર તાત ભુધરમાં લય પામ્યો ભ્રાત;
ત્યાં લગી રથ રહેજો શ્રીકાંત, હરી સાંનીધ હું પામું અંત.
એમ કહી ચાલ્યો રણસંગ્રામ, શ્રીહરીને કીધા દંડપ્રણામ;
હણ્યું સૈન્ય જેમ સંખ્યા પાર, જાણે રુદ્ર તણો સંહાર.
અર્જુને મૂક્યું ગાંડીવ બાણ, ઠેક્યો જેમ ઘન મધ્યે ભાણ;
આવી મુર્છા મર્ણ સમાન, તવ હરી પામ્યા અંતર્ધ્યાન."[1]

એનામાં વેદાંતના થોડા સંસ્કારો હોય તેવું પણ મોરધ્વજાખ્યાનના સાતમા કડવામાં આવતા હરિપૂજનથી જણાય છે. બંને આખ્યાનો ચાલુ પ્રવાહમાં લખ્યાં છે, એટલે માનવા કારણ મળે છે કે તેણે આ બે કરતાં, સળંગ ક્રમે વધુ આખ્યાનો-અશ્વમેધનાં ઉતાર્યાં હોય; પણ આજે તેવી કોઈ કૃતિ મળતી નથી કે કવિના વિષયમાં કશી વિશેષ માહિતી મળતી નથી.

ચરિતસામગ્રી :

૧ બૃ. કા. દો. ભાગ ૬ઠ્ઠો ને ૮મો-(ગૂજ. પ્રેસ-મુંબઇ)

---

૧ બૃ. કા. દો. ભાગ ૬ઠ્ઠો, પૃ. ૭૧૯



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# મુરારિ

[ વિ. સં. ૧૭મું શતક ]

"ઈશ્વરવિવાહ"નું ૪૦ કડવાંનું સુંદર કાવ્ય લખનારા કવિ મુરારિના વિષયમાં કાંઈપણ માહિતી મળતી નથી. તેના એ કાવ્યને અંતે માત્ર નીચે મુજબની હકીકત પ્રાપ્ત થાય છે:

"હરખીઆ **જગનાથ સ્વામી** માગીઉં વરદાન;
પદબંધ બાંધ્યો પેર કરી, કીધું એ **આખ્યાન.** ૫
સકળ તીરથ યાદ કરતાં, ખરા હવા ખટ રુદ્ર:
અહંકાર કેરા પાશ નાસે, નદી થઈ સમુદ્ર. ૬
**શ્રીશંભુનો વિવાહ** ગાતાં, ન લહું રૂપ ને માન;
ગાંતાં સુણતાં પ્રેમશું, તેને હોય ગંગાસ્નાન. ૭
**જગનાથ-સુત** સંભાળ કરવી, શારદા તતકાળ;
**મુરારિ સ્વામી** બ્રહ્મતનમા, ભક્તવાચા પાળ." ૮

(કડવું ૪૦મું)

તેના પિતાનું નામ જગન્નાથ સ્વામી હતું, એટલું આમાંથી પ્રાપ્ત થાય છે. આ કવિ કયારે થયો, એ વિષયમાં કયાંયથી કશું મળતું નથી. બૃ. કા. દો. ભાગ છઠ્ઠામાં આ કાવ્ય સાં. ૧૬૭૫ની એક હાથપ્રત ઉપરથી છાપવામાં આવ્યું છે;[1] તેથી સાં. ૧૬૭૫ પહેલાં તો તે થયો છે જ. કેટલાંક આંતરપ્રમાણથી પણ તેનો સમય સં. ૧૬૭૫ પહેલાં સંભવે છે: જુઓ:

'મન સહિ જોયું મુખ **સુરારી** જી;
અતિશય ઇચ્છું આશા તારી જી;
સન્મુખ થઇ છો આદિ કુમારી જી;
મેં ગુણ ગ્રહીઆ તુજ **આધારે** જી."

( કડવું ૩જું )

---

૧ ત્યાં જ પૃ. ૪૫૩



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આમાં છેલ્લા ચરણમાં આઘારે શબ્દનો ઉપરનાં ચરણોની સાથે અનુપ્રાસ મેળવતાં આઘારિ શબ્દ જોઇયે. એ શબ્દ આવતાં એની ભાષા મધ્ય. ગૂજ.ની ૧લી ભૂમિકાથી ૪થી ભૂમિકા સુધીમાં આવી રહે. ૧૬૭૫માં ચોથી ભૂમિકા વ્યાપક હતી; અને આ કાવ્ય તે પૂર્વે થયેલું હોવાથી ૧૭મા શતકની મધ્ય એ પચીશીમાં રચાયું સંભવે.

તેણે હિમાચળને ત્યાં માનમાં આવેલા પર્વતોમાં કાઠિયાવાડ અને ગૂજરાતના પર્વતોને ગણાવ્યા છે, તેમાં તે ગિરનારને સૌથી પ્રથમ ગણાવે છે; જેમકે

"પેહેલી કુંકોત્રીએ આવીઓ, ઘરડો ગિરિ ગિરનાર;
સોરઠ દેશથી સામો જાયે બરડાના નવ પાર. ૨
સૂધો સેત્રંજો મળ્યો: એ જોડ જીરાળો;
આબુના અચલેશ્વરજી, છ શિરોહી કેરો ભાલો." ૩
(કડવું ૧૫મું)

એથી કદાચ એમ માનવાને કારણ મળે કે એ ગિરનારના પ્રદેશમાં રહેતો હોય. તેની કાવ્યઘાટી નરસિંહની ચાતુરીઓ અને શ્રીધરના ગૌરીચરિત્રને મળતી હોવાથી કદાચ એ જૂનાગઢમાં કે આસપાસના કોઈ ગામમાં થયો સંભવે. એની ભાષા સંસ્કારી હોવાથી તે બ્રાહ્મણ પછી સ્વામી થયેલો હોય, એમ માની શકાય.

મુરારિની કૃતિ લગ્નને લગતા પારિભાષિક શબ્દોના સંગ્રહને માટે મહત્ત્વની છે. તે નાનામાં નાની ચીજોથી પણ વાકેફ છે; એટલે તેણે અનેક લગ્નો કરાવ્યાં હોય તેમ લાગે છે; જે પણ તેના બ્રાહ્મણ હોવા વિશે સમર્થન કરે.

તેણે કાવ્યમાં લીધેલાં સ્ત્રીઓનાં નામ પણ કમળાદે, કનકાદે, વગેરે અત્યારે સોરઠના આહીરોમાં વ્યાપક જાદે, ભરમાદે, જીવાદે વગેરે જેવાં છે, એથી પણ એ સોરઠનો વતની અને સોરઠી કોમો સાથે સંબંધ ધરાવતો બ્રાહ્મણ-ગોર હોવા વિશે સમર્થન કરે.

આ કવિની ભાષા સંસ્કારી છે, તે સાથે જુદે જુદે સ્થળે રસની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જમાવટ કરવામાં પણ સાવધાની રાખે છે. તે સાથે શબ્દ અને અર્થના અલંકારો પ્રયોજવા પણ સચેત રહેતો જણાય છે. પાર્વતીજીના તપનું વર્ણન કરતાં કવિ જણાવે છેઃ

"પર્વતતનયા જઇ તપ માંડયો જી
મૂકી માયા મોહ જ છાંડયો જી
લય મન લાગી લાગી તાળી જી
આસન વાળી કર જપે માળી જી. ૧

ઢાલ—જપે માળી જમણે હાથે સાહી કપાળી વરકાજ;
અન્ન ઉદક તે પરહરયાં, પય કીધાં ફલ દલ તાજ. ૨
ગુફા ગહ્વર દ્વાર બેઠી, સખિ સર્વ ગુણજાણ;
રૂપે રવિનાં ચર્ણ ભેદે, પિશુન છેદે પ્રાણ. ૩
ગુફા માંહે સુર અસુર, કો કરે નહીં પ્રવેશ;
વિષમ તપ બહુ આચરયાં, ત્યાં ખળભળ્યા છે શેષ. ૪
ભયભીત ભૂમંડળ હવું, વળી ભૂમિ કંપે કાય:
આશ્ચર્ય પામ્યો એમ ભણે, અમરાવતીનો રાય. ૫
પુરંદર કહે પિતામહને, કો કહો સુર તેત્રીશ;
પાઠવવા નારદે પેર કરી, તમો જગાવો જગદીશ." ૬[1]

દેવો અને યાદવોથી ભરેલી જાનમાં વરરાજા શંકરના અવધૂત વેશને જોઈ મેનકા ફફળી ઊઠી એ પ્રસંગ કવિએ નવા બંધમાં કુશળતાથી આપ્યો છેઃ

"સ્વામી આ અણઘટતું હોય, કાં ફૂટડી તમારી દોય;
આ જોડું કજોડું હોય, ન પૂછ્યું અજાણ્યા હતા તોય;
બેટડીનો ભવ બોળીઓ રે. ૨
જેમ વાઘ મુખે ગઇ વેન, એવું કહેવાયું આ કેહેણ;
તમે સાંભળો મારાં વેણ, એમ રોઇ રાતાં થયાં નેણ:
એ તો નિર્વાણે એમ લખ્યું રે. ૩
જેમ મૃગલીને ઘાલે પાશ, ત્યમ ભાંગી બેટીની આશ;
વેરીડા સહુ કરે છે હાસ, કાપડીની કાં કીધી આશ;
સૌ લોકો એમ લવલવે રે. ૪

---

૧ બૃ. કા. દો. ભાગ-૬ઠ્ઠો, પૃ. ૪૫૪-૫૫ (કડવું ૪થું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ તો વસશે જંગલ જાળ, ત્યાં બીહી મરશે મારી બાળ;
પેખશે મોટા પર્વત પહાડ, ફુંફવે મોટા ફણિધર ફાળ;
કયમ કાળ એ પેરે ટલશે રે. ૫

× × ×

## રાગ રામગ્રી

મન ઝંખવાઇ મેના માતજી, એ કન્યાને કરૂં ઉપઘાતજી;
શિખરે ચડાવી ઊંચેથી ઢોળું જી, કરમાં ચાપુ જળમાં બોળુ જી. ૧
ઢાલ—જળ માંહે બોળું બાળ મારૂં, કર્મે કીધો કોપ;
દેખી પેખી કયમ દીજીએ, હવે વાચા કરશું લોપ. ૨
છરી હોએ હેમની, લઈ મારીએ શું પેટ;
હસારથ હોય જગતમાં, ભવ સુધી વળગી વેઠ. ૩
હાથે સાહી દીવડો કો જઇ પડે કાં કૂપ;
અવધૂતને કયમ દીજીએ, વીંઝીએ એનાં રૂપ. ૪
જો મેળવો કો વિધાતા, હું પૂછું કર્મવિપાક;
કોણ અપરાધે દીધું કજોડું, રત્ન બાંધ્યું આંક."[1]

લગ્ન પ્રસંગે પોંખણામાં ઝોસરું, મુશળ, રવૈ અને ત્રાકને કવિ ભૂલ્યો નથી. તેમ કન્યાનો લગ્નવેશ પણ ચૂક્યો નથી; અને:

"ઝોંસર મૂશળ સરીઓ ત્રાક રે, હંડી પીંડી સાંમડ ચાંપી પાગ રે. ૧
ઘાટઝોળાં શિર પર સોહે રે, ઘાટ સકળ પેહેરયા મન મોહે રે. ૨
ઓઢણે નવરંગ ચુંદડી રે, ભાલે પિયળ કંઠે મોતીછડી રે. ૩
માથે ઓપે છે અતિ શુભ મોડ રે, પોકતાં સાવધાન સર્વ જોડ રે. ૪
પેહેલે પીળિયા હર તણા પાગ રે, વર પોંકી તાણીકું નાક રે. ૫
હરજીએ આંડો ધરીઓ હાથ રે, જુઓ જુઓ કૌતક ત્રિભુવનનાથ રે. ૬
વર માહેરીયામાં આવ્યો રે, સાસુજીએ સંતોખે વધાવ્યો રે. ૭

× × ×

આડા અંતર્પટ શુભ ધરીયાં રે, આચાર્યે દેવકારજ કરિયાં રે. ૧૨
વરવહુઅર બેહુ મન હરખે રે, અંતર્પટ પાછું કરી નિરખે રે. ૧૩
અંતર્પટ હવે પાછાં કરાય રે. બેહુ પક્ષમાં મંગલ ગાય રે."૧૪[1]

---

૧ એજન, પૃ. ૪૬૪–૬૬ (કડવાં ૨૨–૩૩) અને ૪૭૦–૭૧ (કડવું ૩૩મું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને કવિ ફટાણાં દેવાનું પણ ચૂક્યો નથી:

"ઢોલ ઢમક્યો રે લાડીનો હાથ મળ્યો, નર નારીનો પાર ન જાએ કળ્યો. ૧
પાર્વતીની સહિયર પાસે રહી, તે લૂણ ઉતારે પૂઠે થઇ. ૨
એક હેલી રે હરને કરે હસું, એક પૂછે રે વરનું નામ કશું. ૩
એ તો જોગી જંગમ-વેષ ધરે, એ તો ઘર મૂકી નિત્ય વન ફરે. ૪
એને માત નહીં એને તાત નહીં, એને બેહેન કે બાંધવ કોય નહીં. ૫
એની જાનમાં કો ધાર ધણી નહીં, એને ગાઇએ ગોરવીએ કોણ કહી. ૬
એનાં ગોર ને ગોત્રજ કોણ લહે, શિવનાથ દિગંબર સર્વ કહે. ૭
એમ માહેરા માંહે વિનોદ કરે, સુણી પાર્વતી મનમાં હરખ ધરે." ૮[1]

આમાં હિંદુ લગ્નની મોજનો કવિએ સારો ચિતાર રજૂ કરી આપ્યો છે. પછીની પહેરામણીમાં પણ કચાશ રહેવા નથી દીધી. છેવટે ચોરી-મંગલ પણ ધામધૂમથી પતાવે છે.

કવિએ લગ્નપ્રસંગનો સર્વ વિધિ રસિક રીતે વર્ણિત કરી આપ્યો છે. શિવપાર્વતીના લગ્નને દિપાવવું એ કઠિન છે, અને એ ૪૦ કડવાંના ટૂંકા બંધમાં પણ દિપાવી આપ્યું છે.

રુક્મિણી અને ઓખાના લગ્નપ્રસંગ ગાનારા કવિઓ કરતાં આ કવિ અનેક રીતે ચઢ્યો છે, એવું એણે એમાં અર્પેલા પ્રસંગોના સચોટપણાથી અને ઉચિતપણાથી સમઝાય તેમ છે. મહાકવિ પ્રેમાનંદની પ્રતિભા તેમાં ન હોવા છતાં એ કાવ્યને રસયુક્ત બનાવી આપે છે, એ તેમાં જરૂર વિશિષ્ટતા છે. ગૂજરાતી સાહિત્યમાં એક સારું આખ્યાનકાવ્ય અર્પવાનો યશ મુરારિને અવશ્ય મળે છે. એનાં કાડવાં લાંબાં હોત તો કદાચ રસભંગ થયો હોત, પણ તે નરસિંહની ચાતુરીઓના ટૂંકા બંધ જેવા બંધથી અટકાવી લીધો છે.

ચરિતસામગ્રી:

૧. બૃ. કા. દો. ભાગ ૬ ઠ્ઠો, (ગૂજ. પ્રિ. પ્રેસ મુંબઇ)
૨. ગૂજ. સાહિ. માર્ગ, સ્તંભો. દી. બ. કૃ. મો. ઝવેરીકૃત

---

૧ એજન પૃ. ૪૭૧, (કડવું ૩૪મું).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# નારાયણ

[ વિ. ૧૭મા સૈકામાં ]

**સં**સ્કૃત કાવ્યશાસ્ત્રે વિસ્તારેલી રસપ્રક્રિયાને પ્રતિનિધિત્વ આપતાં ગૂજરાતી કાવ્યો જવલ્લે જ મળે છે. નરસિંહ મહેતાએ શૃંગારરસ જ મુખ્યત્વે ગાયો છે; એ સાથે એને રસની જ દૃષ્ટિએ કાવ્યને બહલાવવાની પરવા નથી; એ તો પ્રતિભોત્થિત સ્વાભાવિક કાવ્ય અર્પતો જાય છે. એને છાબડે બેસવાનો તેવો પ્રયત્ન છેલ્લે લગભગ તદ્દન સ્વરૂપમાં દયારામની કૃતિઓમાં મળે છે. દયારામે વ્રજ સાહિત્યની હરોળમાં રસપ્રક્રિયા બહલાવી છે ખરી; પણ તે પૂર્વે બે ત્રણ સૈકા ઉપર એ પ્રક્રિયાને બહલાવવાનું માન એક ગૂજરાતી કવિ લઈ જાય છે. એ કવિ તે નારાયણ. તેના "નવરસ" પ્રસિદ્ધ છે. તેણે ૧૧ પદો રચી તેમાં નવરસ ખડા કર્યા છે. આ પદ્ધતિનું ગૂજરાતી સાહિત્યમાં એ પૂર્વે લાવણ્ય સમયનો રંગ રત્નાકર છંદ એક જ કાવ્ય મળે છે.

નારાયણે કૃષ્ણ અને રાધાનો વિહાર ગાયો છે, અને તેમાં શાસ્ત્રીય રીતે નવે રસો વ્યક્ત કર્યા છે. કવિએ શબ્દાલંકાર અને અર્થાલંકારો પણ અત્રતત્ર સુભગ રીતે આમેજ કર્યા છે. કરુણરસ વિશેનું નીચેનું નાનું એક પદ એનો પરિચય આપશેઃ

"વૃંદાવનિ વ્યાકુલ વિધુવદની, વિરહવેદના વ્યાપી,
તુમ વિણ તિહાં અનેક ભડી દેખી, પીડે મન્મથ પાપી.
વાહાલાજી વિરહવેદના વ્યાપી. ૧

પ્રબલ પ્રલાપ પ્રલે-પાવક સમ, પ્રકટ થઇ જ્વર પોષે;
શીતળ થાવા સ્નાન કરે તો, સરિતા જળ સોષે. વિરહ૦ ૨

ચંદન ઘશી કચોલે ઘાલી, સખી સમીપે લાવે;
અંગ અંગ લાગતાં સૂકે તે, ઉપચાર ન ફાવે. વિરહ૦ ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કુંજરંધ્ર શશિકિરણ આવંતાં, આચ્છાદે સખી સાંને;
નિજમુખદ્યુતિ દેખીને શ્યામા ઉદય ઇંદુનો માને. વિરહ૦ ૪
તરફડતાં તત્ક્ષણ મૂઝાતાં, ઇચ્છા થઈ એક વાર;
પ્રાણ રહ્યા તે પ્રાણનાથ ! તવ ધ્યાન તણો આધાર. વિરહ૦ ૫
ચતુર સખી મળી કરે ચિકિત્સા, નાડી હાથ ન લાગે !
શ્રવણપંથ નવ ધ્યાન સુણ્યાં તે રોમાંચિત થઇ જાગે. વિરહ૦ ૬
રહ્યું નથી કાંઇ જીવિતવ્યમાં, જો વેહેલા નહિ આવો;
તો પામશે અવસ્થા દશમી, રહેશે મન પસ્તાવો. વિરહ૦ ૭
સાંભળતાં કરૂણા કરે, જેનું કરૂણાએ મન પૂર્યું;
નારાયણના નાથે આવી, વિરહવ્યાધિ દુઃખ ચૂર્યું. વિરહ૦ ૮"[1]

દરેક રસની કવિએ સાવચેતીપૂર્વક જમાવટ કરી છે. અને એ રીતે રસાલંકારથી યુક્ત એક ગૂજરાતી કાવ્યની ખોટ પૂરી પાડી છે.

આ કવિ કયારે થયો છે, એ જો કે જાણવાનું સાધન નથી; છતાં એના કાવ્યની સાં. ૧૭૩૩ લગભગમાં લખાયેલી નકલ મળે છે, જેમાં ભાષા મધ્ય. ગૂજ.ની ૪થી ભૂમિકામાં સચવાયેલી મળે છે;[1] તે જોતાં વિક્રમની ૧૭ મી સદીના પૂર્વાર્ધ જેટલો તો અવશ્ય તે જૂનો છે. આ કવિએ નરસિંહ મહેતાની કવિતા પચાવી જણાય છે, કેમકે પોતાના કાવ્યમાં એ ત્રણ ઝૂલણાનાં બે પદો **રાગ રામગ્રીમાં** આપે છે, જેમાં નરસિંહનો વેગ અનુભવાય છે:

"(વૃષ)ભાનુંને ભવન સુકુમારી સન્મુખ થતાં,
નયન જયમ મયણનાં બાણ છૂટયાં;
ભેદતાં હૃદય મન બુદ્ધિ ચિત્ત ચાતુરી,
નીસર્યાં સોંસરાં સઘ ફૂટયાં. ૧
પ્રથમ દર્શન દુરાલોક દિનમણિ થયા,
થયા દિગ્મૂઢ જડતા જડાઇ;
વીસર્યાં દેહ ગુણ ગ્રેહ ગુરૂજન કથા,
લોકપથ લાજ લઘુતા બડાઇ. ૨

---

૧ પ્રા. કા. ત્રૈ. ૭–૨, પૃ. ૨૩–૨૪
૨ શ્રી. અં. બુ. જાનીનો હ. લિ. પુ. સ. નં. ૭૦૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રકટ રતિ ભાવ શૃંગારરસ બીજ દઢ,
 સ્નેહજલ સીંચતાં સફલ થાશે;
વિરહ સયોગ સુખ શ્યામ શ્યામા તણાં,
 દાસ નારાયણો નિત્ય ગાશે." ૩[1]

કવિનો સંસ્કૃત શબ્દાવલીઓનો વેગ પણ એમાં ઓર મધુરતા પૂરે છે. વિપ્રલંભ શૃંગાર ગાતાં એ જણાવે છેઃ

"સુંદરી રત્નશા યત્નથી વીસરે નીસરે હૃદયથી કુણ ઉપાંયે;
ભુવન વનવાટ જલઘાટ જમુના પુલિન, જ્યાં તિહાં નયન પથ પ્રકટ થાયે. ૧
અદ્વૈતવાદિ ગતિ જગત તન્મય થયું, તે વિના અન્ય કાંઈ ન ભાસે;
સુરતરસ રંગભર અંગ સંગમ વિના, કામજ્વર-જ્વાલ કો' કેમ નાસે. ૨
મલય મારુત યથા પ્રલય-પાવક દહે, શશિકિરણ તરણિથી અધિક લાગે;
મૃગજ શ્રીખંડ કદલી ગરભ અંગમાં, અગન સમ વિરહનો વહ્નિ જાગ્યે. ૩
કોકિલા કેકીકુલ કિર મધુકર-નિકર, કરી કુલાહલ કરણશૂળ સાલે;
કેતકી કુસુમ કોકનદ–સૌરભ સરસ, ગરલ સમ તરલ તનુતાપ વાધે."[2]

કવિના વતનના વિષયમાં પણ કશું જાણી શકાતું નથી. આ કવિએ બીજું કોઈ કાવ્ય રચ્યું છે કે નહિ, તે પણ જાણવામાં નથી.

ચરિતસામગ્રીઃ

૧. પ્રા. કા. ત્રૈ. વર્ષ ૭–૨, સ્વ. હ. ગો. કાંટાવાળા-સંપાદિત

શેઠ દે. લા. જૈન પુસ્તકોદ્ધાર फंड
लायब्रेरी.
गोपीपुरा, सुरत.

૧ પ્રા. કા. ત્રૈ. ૭–૨, પૃ. ૪–૫
૨ એજન, પૃ. ૭–૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ગોપાલ ભટ્ટ

[ વિ. સં. નું ૧૭મું શતક ]

**વૃત્તબદ્ધ** ગૂજરાતી કાવ્ય રચનારા કવિઓમાં ગોપાલભટ્ટે પણ "ભાષા-વિચિત્ર" નામનું અક્ષરમેળ વૃત્તોમાં રચેલું એક કાવ્ય અર્પી પોતાનું સ્થાન લીધું છે. તે ક્યારે થયો એ જો કે નિશ્ચિતપણે કહી શકાતું નથી, છતાં પદબન્ધ અને ભાષાપ્રયોગ ઉપરથી એ ૧૭ મા સૈકાથી પૂર્વે તો થયેલો નથી જ. તેણે પોતા વિશે તેમાંના એક ભાગ "ફૂલાં-ચરિત્ર"ને અંતે થોડો પરિચય આપ્યો છે:

[ **શાલિની** ]

"નામે જોતાં **ભટ્ટ ગોપાલ** ધીરો
જેણિ સેવ્યો **સોમ** **સર્વત્ર** હીરો,
**બાલાપોરે** જે વસે **રામપુત્ર**
તેણિં કીધો ગ્રન્થ **ભાષાવિચિત્ર.**" ૪૧[1]

કવિના "ભાષા વિચિત્ર" નામના ગ્રન્થમાંનું એક "સ્ત્રીશિક્ષણ" નામનું આ પ્રકરણ છે. આ કવિ "ભટ્ટ" હોવાથી સોમપૂજક=સોમપૂરા બ્રાહ્મણ હશે. એના પિતાનું નામ "રામ" છે અને "બાલાપોર" નામક ગામનો વતની જણાય છે. આ કયું બાલાપોર ગામ, તે જાણવામાં નથી. કવિનો જે કાવ્યખંડ પ્રાપ્ત થાય છે, તેમાં ભુજંગી, શાલિની, દ્રુતવિલંબિત, માલિની, અને ઉપજાતિ એટલાં અક્ષરમેળ વૃત્તો મળે છે. આ કાવ્યમાં કોઈ "કૃષ્ણસોની"ની "ફૂલાં" નામક પુત્રીનું રસિક ચરિત્ર આપ્યું છે, જેમાં નવસંગમા–નાયિકાભેદ ટૂંકમાં રસિક રીતે કવિએ આપ્યો છે. આમ કવિ ગૂજરાતીમાં કાવ્ય રચતો હોવા છતાં પ્રાચીન સંસ્કૃત પદ્ધતિની કાવ્યસરણીને જાળવી રાખવા પ્રયત્નશીલ બને છે; જેમકે

---

૧ માધવકૃત "રૂપસુંદરકથા"–પરિશિષ્ટ, પૃ. ૯૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### માલિની

"સકલ દિવસ બાલા સર્વથા દૃષ્ટિ રૂડી
વિપતિજલધિ બૂડી જીવડો જાઇ ઊડી
પ્રતિદિન વર તેનો વાટ જોએ બિચારો
મદનદહનમાંથી આજ કોએ ઉગારો. ૨૨

× × ×

પ્રિયકર હૃદયેથી કામિની ઠેલિ નાંખિ;
અધરઅમૃત વાહી ભોલવી કાંત ચાખિ,
ઉર નખ પદ દેઇ વેણિકાભાર તાણે
'ગુણવતી નથી તુંથી, કંથ એવી વખાણે. ૩૯
સ્તનગિરિજય સાધી ચાલિયો કામગેહે
નૃપતિ કર ભમીને નાભિ–આવર્ત માંહે,
સબલ હઠ કરીને વસ્ત્રની વાજ ખોલી
મદનભુવન જીતી કૂલની લાજ ઠેલી. ૩૧ "

એણે શબ્દાવલીઓ પણ સંસ્કૃત તત્સમ શબ્દોની ભારોભાર સ્વીકારી છે; જેવી કે

### દ્રુતવિલંબિત

"કુચવિમર્દન વેણિલતા ગ્રહી, અધરચુંબન સીત્કૃતિ તે સહી
ઉર નખક્ષત કોપલવે થશે, ચતુર જે નરનાર ભલાં હશે. ૩૪
સકલ ભૂષણ કજ્જલ સંગ જે, તિલક અંજન બીટક રંગ જે,
નયણબાણ નિરીક્ષણ શોભશે, ચતુર જે નરનાર ભલાં હશે. ૩૫"

આ કાવ્યની છપાયેલી નકલ જેના ઉપરથી લેવામાં આવી છે, તે હાથપ્રતમાં ભાષા જૂની સચવાઈ રહી છે; જો કે છંદ ઘણે સ્થળે જૂના સ્વરૂપને સ્થળે નવું સ્વરૂપ–જે કેટલેક–કહો ઘણેખરે સ્થળે નકલમાં સારી રીતે પ્રયુક્ત છે તેના જેવું–માગતો પણ હોય છે; કદાચ લહિયાએ જૂનાં સ્વરૂપ સાચવી પણ રાખ્યાં હોય; જેમ કે–

"દાડે દાડે વાધતી જાય ફૂલાં તે દેખીનિ કામિનીયૂથ ભૂલ્યાં;
તુ મિં વર્સિ (?) દીકરી યોગ્ય નાહ, બાપે કીધૂ સઘ તેનુ વિવાહ." ૩૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આમાં "દેખાનિ"ને સ્થાને દેખીને "કીધૂ" ને સ્થાને કીધો અને "તેનું"ને સ્થાને તેનોની જરૂર છે. "વર્સિ" એ વર્સે છે; જ્યારે "તુ મિં"રૂપ સંદિગ્ધ છે. પ્રાયઃ ઉચ્ચારણમાં દીર્ઘતા પ્રવેશી ચૂકેલી તે આનાથી સમઝાય છે; અને આમ કવિ વિક્રમની ૧૭ મી સદી પૂર્વનો નથી જ, એમ કહેવામાં સંકોચ નથી થતો. બેશક એ સં. ૧૭૦૦ થી આ બાજૂનો તો નથી જ.

અને એ સોમપૂજક બ્રાહ્મણ જ હોય તો, સોમપૂરા બ્રાહ્મણોની વસ્તી હાલ કાઠિયાવાડના પ્રભાસપાટણમાં મુખ્યત્વે છે એ જોતાં, એમ માની શકાય કે આ કાઠિયાવાડનો એક કવિ છે. તો કૃષ્ણક્રીડા કાવ્યકાર કેશવદાસ પછી, વૃત્તબદ્ધ કાવ્ય કરનારો આ કાઠિયાવાડનો બીજો કવિ ગણાય.

ચરિતસામગ્રીઃ

૧. માધવકૃત-રૂપસુંદરકથા, પરિશિષ્ટ, શ્રી ભો. જ. સાંડેસરા-સંપાદિત



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ફાંગ

[ વિ. સં. ના ૧૭ મા શતકમાં ]

"કંસોદ્ધરણ" એ નામનું એક કાવ્ય જેનું મળ્યું છે, તે ફાંગ નામનો કવિ જ્ઞાતિએ મોઢ બ્રાહ્મણ હતો, અને બીજાપુર પાસેના લાડોલ ગામનો વતની હતો, તેવું તેના તે કાવ્યને અંતે આપેલી લીટીઓથી જાણી શકાય છે. તે પોતાને ત્યાં ગણપતિસુત કહે છે. આથી વિશેષ કાંઈ પણ હકીકત મળી શકતી નથી.

તેનું આ કાવ્ય ૨૭ કડવાંનું છે. તેની જે નકલ પ્રાપ્ત થઈ છે, તે સં. ૧૭૫૯ જેટલી જૂની છે. અને એ રીતે તે મહત્ત્વની છે કે તેમાં મધ્યકાલીન ગૂજ. ની ૪થી ભૂમિકાની ભાષા સચવાઈ રહી છે.

આ કવિએ બીજાં કાવ્યો રચ્યાં છે કે નહિ, તે વિશે કશું જાણવા સાધન નથી. ચાલુ પૌરાણિક પદ્ધતિએ ભાગવતના દશમ-સ્કંધમાંથી વસ્તુ લઈ તેણે કાવ્ય રચ્યું છે. આ કાવ્ય ઉપરથી તેનું સં. જ્ઞાન સામાન્ય પ્રતિનું હોય તેમ જણાય છે.

**ચરિતસામગ્રીઃ**

૧. ફા. ગૂ. સ. હ. લિ. પુ. નં. ૩૪૧ ख ની હાથપ્રત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પાંચો

[ વિ. સં. ની ૧૭મી સદીનો ઉત્તરાર્ધ ]

"કુંડલાહરણ" નામક એક હજી ન છપાયેલા નાના કાવ્યનો કર્તા પૂંજાસુત પાંચો સં. ૧૭૦૭ પૂર્વે થઈ ગયો છે.[1] એણે એના કાવ્યને અંતે પોતા વિશે માત્ર આટલો ઉલ્લેખ કર્યો છેઃ

"ગાએ શાંભલિ જે નરનારય । ક્રિપા કરિ સ્વાંમિ ત્રિપુરારય ।
પુંજયાસુત પાંચો અમ વદિ । શિવના ગુણ રાષુજી રદિ ॥૧૯॥"
(કડવું ૧૨મું)

આ કવિના એ કાવ્યનું નામ "કુંડલાહરણ" છે, તે આદિનાં ૩ કડવાં તૂટતાં હોવાથી અને તેણે કાવ્યાંતે કાંઇ નિર્દેશ કર્યો નહિ હોવાથી પુષ્પિકા ઉપરથી જ નક્કી કરી શકાય છે; જ્યાં इति श्रीकुंडलाहर्ण आख्यान संपूर्ण समाप्तः । શબ્દો મળે છે.

કવિએ નાના કાવ્યમાં મહોદરપુરીના રાજાના પૂર્વભવની કથાં, તે રાજા પોતાની રાણીને કહે છે, તે રૂપે આપી છે. રાજા પૂર્વભવમાં શૂદ્ર હતો અને ભરણપોષણ ન થતું હોવાથી ચોરી કરતો. એક દિવસ શિવરાત્રિને દિવસે કાંઇ ચોરીમાં ન મળવાથી તે શિવમંદિરમાં માણસો એકઠાં થયાં હતાં ત્યાં ગયો. આખા દિવસનું કાંઈ ખાધું નહોતું અને પૂજા ચાલુ હોવાથી લોકો જાગતાં હોતાં કાંઇ ચાલે તેમ નહોતું. અંતે પૂજા પછી બધા સૂઈ જતાં તેની નજર એક બાઈના કાનનાં કુંડલ પર પડી. શિવની પ્રાર્થના કરી તેણે કુંડલ કાનસહિત કાપી ઝડપથી દોટ મૂકી. બાઈના કકળાટથી લોકો જાગી ગયા અને તેમાંના કેટલાક પાછળ દોડયા. એક વીરે તેને માર્ગમાં

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૭૪૮ अ (આ પ્રત સં. ૧૭૦૭ના આષાઢ વદિ ૧૩ સોમે "શ્રીપત્તન" માં ઉતારેલી છે.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પકડયો અને તલવારથી માથું ઉડાવી દીધું, જે માથું નજીકના કૂવામાં જઈ પડયું. એ મરી જતાં એને યમના કિંકરો લઇ ગયા, જ્યાં માર્ગમાં અપાર દુઃખ થયું: પણ શિવનું આરાધન કરતાં શિવની આજ્ઞાથી ગણોએ આવી બચાવ્યો અને મહોદરપુરના રાજાને ઘેર કુંવર તરીકે અવતાર્યો.

શિવમાહાત્મ્યની આ કથા છે, અને કવિએ કરુણરસને પ્રધાન રાખી ઠીક બહલાવી છે. વર્ણનો પ્રમાણમાં ટૂંકાં છતાં કોઇક વાર ચમત્કૃતિવાળાં છે. શિવપૂજાનો પ્રસંગ એણે ઠીક ચીતર્યો છે:

"એક ગંગાનિર ભરયા ભૃંગાર ઢોલિ ઇશ અખંડીત ધાર ।
પંચાગ્રીતના હોઅિ પષાલ કીધા દીવા ઝાકઝમાલ ॥૧॥
એક કેશરચંદ ભરયાં કપોલ શિવજી અરચા અતિ રંગ રોલ ।
અનેક કુશમ તાં સોનાં તણાં અને વલિ રૂપાનાં ઘણાં ॥૨॥
જાઅ કુશમ ને ચાપુ વેલિ બીલીનાં દલ આંણિ મેલ્ય ।
એક કૃષ્ણાગરના ઉષેઅ્યે ધુપ શિવ ઓલિ ગિઓ અકલ સ્વરૂપ ॥૩॥
કપૂર આરતિ કરી ઉલાસ સંતોષવા નિશ્ચિ અવિનાસ ।
જોઈ આરતિ સહૂ હરષીઉ મિ તે સર્વે નૈણે નીરષીઉ ॥૪॥
વાજિ વેણા વંશ મૃદંગ શિવ કીરતન હોઇ અતિ રંગ ।
વાજે તંતેશ્વર નિ તાલ વાજે ભૂગલ મધુર રસાલ ॥૫॥
વાજે ચરણ ચપલ ઘુઘરી સિવગુણ ભાષિ વાણિ મધુરી ।
એક શિવજી આગલ નૃત્ય કરાઅ મગન થયા શિવના ગુણ ગાઅ ॥૬॥"

આ કવિ મોડામાં મોડો ૧૭મી સદીના ઉત્તરાર્ધમાં થયો હશે, કેમકે આ હાથપ્રતની ભાષા મધ્ય ગૂજ.ની ૪થી ભૂમિકામાં છે:

"એકવારનિ અવસરિ રાજા ॥ આનંદ ભરિ ઉલાસ જી ।
રામાસુ રમવા આવે છિ ॥ અંતેઉરીને આવાસ જી ॥૧॥
લાડકડી લીલામાં બેઠી ॥ સંગ્ય સખી સાહેલી જી ।
તરૂણિ તેજ તણુ તન ઝલકે રૂપ રંગ રસવેલી જી ॥૨॥
સાડી વણ્ય સાંભલિ સાંમા ઉઘાડુ છિ સિસ જી ।
જેણી લીલાઅિ લખધો લક્ષ્મીવર ગોકુલમાં ચગદીસ જી ॥૩॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભીલડીથિ ભૂલા શિવ સુંદર ॥ ભોલા થયા ભગવાન જી ।
તરૂણિએ તાપસ ચૂકાવ્યા મૂકાવ્યા બહુ માંન જી ॥"

(કડવું ૪થું)

કવિ ક્યાંનો વતની છે, જ્ઞાતિએ કેવો છે, એ વગેરે કાંઇ માહિતી પ્રાપ્ય નથી; છતાં નામ ઉપરથી એ દ્વિજેતર હશે, એમ જણાય છે; સાથે શિવભક્ત છે.

ચરિતસામગ્રીઃ

૧. ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૭૪૮ અ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ધનદાસ

[ સં. ૧૭૦૦ લગભગમાં હયાત ]

"**અ**ર્જુન સુણો ગીતાસાર, પાંડવ માનજો નિરધાર" એ ટેકવાળી અર્જુનગીતાથી ભાગ્યેજ કોઈ ગૂજરાતી અણજાણ હશે. સામાન્ય રીતે ગ્રામીણ જનતામાં એ અર્જુનગીતા બહુ જ પ્રચલિત છે. બૈરાંઓ તેમ જ પુરુષો નાહ્યા પછી અચૂક આ "ગીતા"નો પાઠ કરી જાય, એવો ઘણે ઠેકાણે રિવાજ છે. આ નાના કાવ્યમાં ગીતાનું જે મર્મ કવિએ સમઝાવ્યું છે–તદ્દન સહેલી રીતે, તેને લીધે જ એ સમાજમાં પ્રિય થઇ પડી છે.

"સંસારમાં સરસો રહે, ને મંન મારી પાસ;
સંસારમાં લેપાય નહિ, તે જાણ મારો દાસ."

—આ કડીમાં કવિએ ખરા જ્ઞાની ભક્તનું સ્વરૂપ સમઝાવ્યું છે. આવા નાના પણ સર્વને પ્રિય થઈ પડેલા કાવ્યના કર્તા ધનદાસના વિષયમાં તેના કાવ્યમાંથી કશું જાણવા મળતું નથી. એ ધંધુકાનો વતની હતો; પણ જ્ઞાતિએ કેવો હતો, તે વિશે કશું જાણવામાં નથી. એમ મનાય છે કે એ પટેલ હતો. એ કયારે થઇ ગયો એના વિષયમાં સીધું સાધન કશું નથી. બૃ. કા. દો.ના સંપાદકે તેને[1] ૧૭મા સૈકામાં હયાત હોવાનું અને સાથે સં. ૧૭૮૩માં હયાત હોવાનું જણાવ્યું છે. સં. ૧૭૮૩માં તો શકયતા જ નથી, કેમકે "અર્જુનગીતા"ની એક હાથપ્રત સાં. ૧૭૨૯માં થયેલી મધ્યકાલીન ગૂજ.ની ૪થી ભૂમિકાને સાચવી રાખતી જૂનામાં જૂની મળે છે.[2] આ ઉપરથી એમ સિદ્ધવત છે કે તે સાં. ૧૭૨૯ પૂર્વે થઇ ગયો છે. એટલે વિક્રમના સત્તરમા

---

૧ બૃ. કા. દો. ભાગ ૨જો, પૃ. ૭૮૪

૨ ગૂજરાતી પ્રેસ, મુંબઇના સંગ્રહમાં નં. ૮ खની હાથપ્રત



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૈકામાં–સંભવિત રીતે ઉત્તરાર્ધમાં કે પછી સં. ૧૭૦૦ લગભગ તે હયાત હોય.

ધનદાસે એક "ભક્તગીતા" રચ્યાનું બૃ. કા. દો. ભાગ ૨જામાં સૂચન છે.[૧] તેમ એક "નાની અર્જુનગીતા" હોવાનું પણ જણાય છે.[૨] આ બંને "અર્જુનગીતા"જ હોવી સંભવિત છે. મુદ્દે અર્જુનગીતા જ નાનું કાવ્ય છે. બીજું એનાથી નાનું કેટલું હોઈ શકે? "ભક્તગીતા" એવું નામ, અર્જુન ભક્તને ઉદ્દેશી રચાયેલ હોવાથી કોઇએ માન્યું હોય એમ સંભવે છે. બૃ. કા. દો. માંના સૂચન સિવાય એના અસ્તિત્વ વિશે અન્ય સ્થળેથી જાણવામાં નથી.

ચરિતસામગ્રી :

૧. ગૂ. સા. માર્ગ સ્તંભો, દી. બ. કૃ. મો. ઝવેરીકૃત
૨. બૃ. કા. દો. ભાગ ૨જો, (ગૂજરાતી પ્રેસ–મુંબઇ)

---

૧ બૃ. કા. દો. ભાગ ૨જો, પૃ. ૭૮૪
૨ ફા. ગૂ. સ. હ. લિ. પુ. નં. ૩૦૨ ख

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

...ન પુસ્તકોદ્ધાર ફંડ
લાયબ્રેરી.
ગોપીપુરા, સુરત.

# નરસિંહ નવલ

[ સં. ૧૭૦૦ આસપાસ હયાત ]

ઓખાહરણ પર ઘણા કવિઓએ મહેનત લીધી છે. એવું એક સુંદર ઓખાહરણ "નરસિંહ નવલ" નામના કવિનું ૬૬ કડવાંનું પ્રાપ્ત થાય છે.[1] આ કાવ્ય અદ્યાપિ અપ્રસિદ્ધ છે. તેની જે હાથપ્રત મળે છે, તેમાં આરંભનાં ૧૧ કડવાં તૂટે છે, તેમ જ ઊધઈએ બગાડેલી હોવાથી કાવ્યનો બાકીનો ભાગ પણ જ્યાં ત્યાં ખંડિત છે. સદ્‌ભાગ્યે કવિનું નામ સચવાઈ રહ્યું છે. કવિએ વિષ્ણુદાસ વગેરેની માફક દરેક કડવાને અંતે નામોલ્લેખ કર્યો નથી; થોડાં થોડાં કડવાંઓ વટાવી નામનિર્દેશ કર્યો છે. ૩૯ મા કડવાને અંતે એ જણાવે છે કે–

"**નરશાહી નવલ** એમ ભણે ॥ અનીરૂધ જેમ અંબા સ્તવી ॥
નાહાશે પાપ.................કથન કેહે તાં કવી. આજ. ઉ૦ ૧૩"

આ ઉપરાંત બીજે બે સ્થળે તેણે પોતાના નામનો નિર્દેશ કર્યો છે; તેઃ

(૧) "ક્રીડણ દીન રાત્ર રંગે ॥ શરદરાત્ર શોહાંમણી ॥
કેહે **નરશાહી નવલ** ભાષા ॥ લીયો ભક્તો વધાંમણી ॥૧૧॥"
( કડવું ૬૫મું )

અને

(૨) "ધંન્ય ભગત જે કો ચીત ધરે ॥ ધંન્ય ધંન્ય રે વૈષ્ણવસૂત જાંણ ॥
ધંન્ય **નરશાહી નવલ** ॥ જેણે ગાયો રે હરી પૂરશ પૂરાંણ ॥
ધંન્ય ઉપા ધંન્ય બાણજી ॥૭॥"
( કડવું ૬૭મું છેલ્લું )

આ કાવ્યમાં પોતાના આમ ત્રણ સ્થળે નામનિર્દેશ વિના બીજી

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૬૫૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કશી માહિતી તેણે આપી નથી. ઉપર આપેલા છેલ્લા અવતરણમાં એ "વૈષ્ણવસૂત" શબ્દ પ્રયોજે છે, એને જો સંબોધન તરીકે ન ગણવામાં આવે તો એમ માની શકાય કે કવિ ધર્મે વૈષ્ણવ હશે. કવિ પોતાને "નવલ નરસિંહ" કહે છે. એનો આશય સ્પષ્ટ છે કે સુપ્રસિદ્ધ ભક્ત-કવિ નરસિંહ મહેતાને એ પ્રાચીન કહેવા માગે છે.

૬૭ કડવાંના આ કાવ્યમાં કોઇ કડવું ૧૦ નું તો કોઈ ૧૧–૧૨ કડીનું, તો ક્વચિત જ ૧૩–૧૬ કડીનું, એમ નાનાં નાનાં કડવાંઓ કવિએ આપ્યાં છે. કાવ્યના સ્વરૂપ ઉપરથી એમ જણાય છે કે એણે સ્વતંત્ર રીતે જ આ ઓખાહરણની રચના કરી છે. એમાં બેશક પ્રેમાનંદની ખૂબીઓ નથી, છતાં તે કાઢી નાખવા જેવી કૃતિ નથી. ૧૨મા કડવામાં ઓખા સ્વપ્ન પછી જાગી જતાં જે વિલાપ કરે છે, તે જોતાં કવિની સાવચેતી સમઝાશે; જેમકે—

"શમણે પરણી તેહને પેષે રે ॥ કન્યાવ્રત તાં ભાગું લેષે રે ॥
કુહો કોણે કીધૂં એહ અકર્મ રે ॥ કૂલવધ દૂશી તે કોણ ધર્મ રે ॥૧॥

[ ઉથલો ]

કુલવધ દૂશી તે કોણ ધર્મે ॥ સ્વપ્ન શત્ય વીલાશ ॥
કાંહાં ગયો તે કંથ માહારો ॥ કરી ભ... ..શ ॥૨॥
વલવલે વાંમા વીલાપ કરતી ॥ ધરતી મંન સંતાપ ॥
કોહો કેણી પેરે કાંહાં ગયો રે ॥ મૂઝ લજાવી વાત ॥૩॥
ચીર ફાડે રૂએ ગાઢે ॥ હાડ ટોડે હાથ ॥
કાંમ સમ તે કંથ સમરે ॥ સ્વપ્ન કેરો નાથ ॥૪॥
અધર ડશતી દાંત સાથે ॥ મૂષ વહે નીસ્વાશ ।
કોણે કરચૂં લાંછન લોક માંહાં ॥ કંનકા–ઉપહાસ્ય ॥૫॥"

પ્રસંગ કંટાળા ભરેલો ન થાય તે પ્રમાણે કવિ અર્પવામાં સાવચેત રહે છે. એના કાવ્યની મળતી એક જ હાથપ્રત ઊધઈથી ખવાયેલી હોવાથી એના સારા ભાગો ખંડિત મળે છે, એથી સારા નમૂના નથી અપાયા, છતાં એમ કહેવું ગેરવાજબી નથી કે ઓખાહરણના કર્તાઓમાં નવલ નરસિંહ એક સારા આખ્યાનકાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તરીકે સ્થાન મેળવે છે. આ કવિએ બીજું કોઇ પણ કાવ્ય રચ્યું હોય, એમ જાણવામાં નથી.

નવલ નરસિંહ ક્યારે થયો ? તેના કાવ્યની એક માત્ર નકલ જે મળે છે, તે સં. ૧૭૫૪ આસપાસ નવસારીમાં ઉતારવામાં આવેલી છે. એ કાવ્યને અંતે ઉ. સં. નથી, પણ એ જ હાથે ઉતારેલાં એ જ હાથપ્રતમાંનાં બીજાં કાવ્યોમાં તે જ વર્ષ મળે છે, એટલે શંકાને સ્થાન નથી. આ હાથપ્રતમાં પ્રેમાનંદનું નળાખ્યાન રચાયા પછી માત્ર ૧૪મે વર્ષે ઉતારેલું છે. એ પ્રમાણે વીરજીનું સુરેખાહરણ રચાયા પછી ૩૪મે વર્ષે ઉતારેલું છે. આમાં વસ્તાનું શુકદેવાખ્યાન, ભાઉની પાંડવવિષ્ટિ અને કાશીસુતનું વિરાટપર્વ પણ છે. એ સુંદર કાવ્યો સાથે વચમાં જ આ કાવ્યે સ્થાન મેળવ્યું છે, એ જોતાં એ કવિ તે સમયે વધુ પ્રસિદ્ધ હોય તો તેમાં આશ્ચર્ય નથી. તેના ક્યારે હોવા વિશે કશો નિશ્ચય નથી, છતાં તે **નવલ** હોવાથી વિક્રમના ૧૮મા સૈકાના આરંભમાં કે બહુ તો એક પચીશી પૂર્વે થઇ ગયો હશે.

બીજાં કોઇ સાધનો ન મળે ત્યાંસુધી તેના વતન કે જ્ઞાતિના વિષયમાં કશું કહી શકાય તેમ નથી.

ચરિતસામગ્રીઃ

૧. ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૬૫૫–ઈ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પૂંજાસુત કૃષ્ણ

[ સં. ૧૭૦૨માં હયાત ]

**પાંડવીગીતા** નામે ૧૬૫ કડીના એક પદ્યગ્રંથનો કર્તા પૂંજાસુત સં. ૧૭૦૨માં હયાત હતો તેવું તેના એ કાવ્યના અંત ભાગ ઉપરથી જાણવામાં આવે છે:

"સ્વત **સત્તર બીલોત્રા** વ્રષે માગસર માસ અંજવાલી પષસ ।
**પાંડવીગીતા** સંપુરણ થઇ પ્રભુની ક્રપાએ ફૂરણા થઇ ॥૧૬૩॥

× × ×

ચોપાઇ એની અતીસાર એકસો પસઠ નિરધાર ।
**પૂજાસુત** પ્રભુ ક્રપાલ ભગત આપજો દીનદઆલ ॥૧૬૫॥"[1]

આ પાઠમાં તેનું નામ "પૂજાસુત" જ મળે છે, પણ બીજી પ્રતોના પાઠમાં "કૃષ્ણ" મળે છે,[2] એ જોતાં એનું આખું નામ "પૂંજાસુત કૃષ્ણ" સમઝાય છે. આ સિવાય વિશેષ હકીકત મળતી નથી.

આ કાવ્યમાં પાંડવો અને બીજાં સંબંધીઓ તેમ જ ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, કૃપાચાર્ય, અશ્વત્થામા, ઉદ્ધવ, અક્રૂર વગેરેએ ભગવાન કૃષ્ણની સ્તુતિ કરી છે અને કૃષ્ણે તેમને પોતાના સ્વરૂપનો ઉપદેશ કર્યો છે, એટલું મળે છે. કવિતાની દૃષ્ટિએ કે વેદાંતની દૃષ્ટિએ પણ એમાંથી વિશેષ કશું મળતું નથી. અત્યંત સામાન્ય કોટિનો એ ચોપાઇનો એક પદ્યબંધ છે.

ચરિતસામગ્રી:

૧. ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૧૦૩૫-આઇ.

૨. ગૂજ. હાથપ્રતોની સંકલિત યાદી, ( કે. કા. શાસ્ત્રી-કૃત, ગૂ. વ. સો., અમદાવાદ )

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૧૦૩૫ આઇ, પૃ. ૯૭

૨ ગૂજ. હાથ. સંકલિત યાદી, પૃ. ૨૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# નરહરિ

[ સં. ૧૬૭૨-૧૭૦૦માં હયાત ]

**આ**પણે ત્યાં જે જ્ઞાની કવિઓ જૂના મળે છે, તેઓમાં એક, અખાભક્તની સાથે સાથે જ જેની કાવ્યપ્રવૃત્તિ વિકસિત થઇ ચૂકેલી સંભવે છે તેવો નરહરિદાસ નામનો કવિ વડોદરામાં થઇ ગયેલો, તેવું તેના "હસ્તામલક" નામના એક અપ્રસિદ્ધ કાવ્યથી જાણવામાં આવે છે. આ કાવ્ય ઘણું કરીને તેની છેલ્લી કૃતિ હોય એમ પણ જણાય છે, કેમકે તે પછીનું તેનું કોઈ કાવ્ય મળ્યું નથી. એ કાવ્યને અંતે કવિ જણાવે છે કે—

"કવીતા **નરહર** નામ જેહ લખતં સંત મન ધારી સ્નેહ
સ્થાનક **વડોદરા** વાસ ભક્તિ વૈરાગ્ય જ્ઞાન અભ્યાસ
સંવત ૧૭×૦ ચૈત્ર સુદ એકાદશિ એ કથા માહારે મન વસી"[1]

સંવતના દશકના આંકનો ખાડો ૦ શૂન્યથી પુરાય છે, તેથી રચ્યાસાલ સં. ૧૭૦૦ આવે છે. વાર હોત તો ચોક્કસપણે કહી શકાત. આ કવિની સંભવતઃ પહેલી કૃતિ "જ્ઞાનગીતા" છે કે જેને અંતે રચ્યાસાલ મળે છે; જેવી કે—

"સંવત **સોલ બોહોતેરચો** શુકલ પક્ષ કાર્તિક માસ
પ્રતિપદા ગુરૂવાસરિ હવો પૂરણ ગ્રંથ પ્રકાસ ॥૨૦॥"[2]

એની વાસિષ્ઠસારગીતા સં. ૧૬૭૪માં અને ભગવદ્ગીતા સં. ૧૬૭૭માં રચાયેલી છે:[3]

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૩૪૨ની હાથપ્રત

૨ એજન, નં. ૩૯ વગેરે પ્રતો. ફા. ગૂ. સ. હ. લિ. પુ. નં. ૧૪૬માં ૧૭૭૨ છે, પણ પ્રત જ ૧૭૬૭માં લખેલી છે, એટલે ખરી સાલ ૧૬૭૨ છે.

૩ જુઓ પ્રા. કા. ગ્રં. ૩૨માામાં ભ. ગી. અને વડોદરામાં સ્વતંત્ર છપાયેલ વા. સા. ગી. અનુક્રમે પૃ. ૨૩૪ અને ૨૭૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૧) વાસિષ્ઠસારગીતા

"બ્રહ્માજીની વિશી વીષે પ્રભવ સંવછર પંડિત લષે
સંવત સોલ ચૌઓતરો માઘ માસ પદબંધ એ કરચૌ. ૧૧૪
શુકલપક્ષ દશમી રવિવાર પૂર્ણ ગ્રંથ એહવો નિરધાર."[૧]

(૨) ભગવદ્દગીતા

"બ્રહ્માજીની વીશી વિષે, શુકલ સંવત્સર પંડિત લખે;
એ સંવત સોળ સતોત્તરો, શ્રાવણ માસ પદબંધ એ કર્યો. ૨૩૭
શુકલપક્ષ દશમી રવિવાર, એ પૂર્ણ ગ્રંથ હવો નિર્ધાર."[૨]

'ચૌઓતરો' ને સ્થાને ચૌદોત્તરો વાંચી તેમ જ "સતોત્યરો"નો "સત્તર" અર્થ કરી સાં. ૧૬૧૪ અને ૧૬૧૭નાં વર્ષ કોઇ કોઇ પ્રતમાં છે; પણ ગણતરીથી એ વર્ષો ખોટાં ઠરે છે.

નરહરિનાં પ્રસિદ્ધ થયેલાં કાવ્યો તે પ્રબોધમંજરી,[૩] ભગવદ્દ-ગીતા[૪] અને વાસિષ્ઠસારગીતા,[૫] એ ત્રણ; આ સિવાયનાં આનંદરાસ, ગોપીઉદ્ધવસંવાદ, કક્કો, જ્ઞાનગીતા (ર. સં. ૧૬૭૨), ભક્તમંજરી, માસ, સંતનાં લક્ષણ, હરિલીલામૃત અને હસ્તામલક (ર. સં. ૧૭૦૦) એ કાવ્યો અપ્રસિદ્ધ છે.[૬]

સારલ્ય અને પ્રૌઢિની દૃષ્ટિએ અખા કરતાં નરહરિ ચઢે તેવો છે, છતાં પ્રતિભાની દૃષ્ટિએ અખો આગળ આવે તેમ છે. અખાનું જ્ઞાન અનુભૂત જણાય છે, જ્યારે નરહરિનું તેટલું અનુભૂત જણાતું નથી.

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૫૬૯. નં. ૪૦ ની પ્રતમાં ૧૬૭૪ વર્ષ ખોટું છે.

૨ પ્રા. કા. માળા, ગ્રંથ ૩૨માં, પૃ. ૨૩૪

૩ શ્રી ભોગીલાલ જ. સાંડેસરાએ "સાહિત્ય" માસિકના ૨૧મા વર્ષમાં છપાવેલ છે.

૪ પ્રા. કા. ગ્રં. ૩૨મામાં

૫ શ્રી છગનલાલ કે. મહેતાએ વડોદરામાંથી સટીક છપાવેલ છે.

૬ હાથપ્રતો માટે જુઓ, ગૂ. હા. સંકલિત યાદી; પૃ. ૮૯–૯૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નરહરિનો જન્મ ક્યારે થયો, એ ક્યારે મરી ગયો, તેમ જ જ્ઞાતિએ કેવો હતો, તે વિશે અદ્યાપિ કશું જાણવામાં નથી આવ્યું. એમ કહેવાય છે કે તે અખાનો ગુરુભાઇ હતો. આ વિશેનો એક દોહરો પણ લોકમાં પ્રસિદ્ધ છે કે—

**"અખે કીધો ડખો, ગોપાલે કીધી ઘેંશ,**
**નરહરિએ કીધી રાબડી, બુટો કહે શિરાવા બેશ."**

પણ એ ચારે ગુરુભાઈ હતા તેવું આંતર પ્રમાણોથી ક્યાંય નથી મળતું. નરહરિએ વાસિષ્ઠસારગીતામાં અને ભગવદ્ગીતામાં પરબ્રહ્મ-ચૈતન્ય એવા સર્વસામાન્ય ચિદાત્મક ગુરુનો જ નિર્દેશ કર્યો છે; જેવો કે

**" ગુરૂ બ્રહ્મ ચૈતન્યને પ્રણમું, ધરૂં નિરંજન ધ્યાન;**
**હરિગુરૂપ્રસાદે, ઉપજે, અનુભવ આત્મવિજ્ઞાન.૨૨"૧**

અને અંતે.

**"શ્રીગુરૂ બ્રહ્મ ચૈતન્યપ્રસાદ,** ગાયો **નરહરિએ** એ સંવાદ.૨૩૯"૨

ગોપાલનો ગુરુ તો સોમરાજ કરીને હતો, જ્યારે અખાએ ગુરુનું નામ નરહરિની જેમ સામાન્ય "બ્રહ્મ" જ આપ્યું છે. બૂટિયાના ગુરુનો તેનાં પદોમાં પત્તોએ નથી.

આમાં નરહરિ એનાં કાવ્યોનાં રચ્યાવર્ષથી કદાચ મોટો હોય તેમ જણાય છે, કેમકે ગોપાલ અને અખાની કાવ્યપ્રવૃત્તિ સાં. ૧૭૦૫૩થી સિદ્ધ મળે છે. બૂટિયા વિશે એનાં બૃ. કા. દો. ભાગ પમામાં છપાયેલાં ઉપદેશનાં ૧૨ પદો અને જુદા જુદા પદસંગ્રહોમાં અહીં તહીં મળતાં પ્રસિદ્ધ કે અપ્રસિદ્ધ પદો સિવાય બીજી કશી માહિતી લભ્ય નથી.

અખો અમદાવાદમાં જ હતો, ગોપાલ અમદાવાદમાં આવી રહેલો, જ્યારે નરહરિ અમદાવાદમાં આવ્યો હોય તેવું જાણવામાં નથી. એક

---

૧ પ્રા. કા. માળા, ગ્રંથ ૩૨માં, પૃ. ૩

૨ એજન, પૃ. ૨૩૨

૩ જુઓ અખેગીતા અને ગોપાલગીતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ સમયમાં આ ચાર જ્ઞાની કવિઓ થયા હોવાથી એવી એક-ગુરુત્વની માન્યતા પ્રચલિત થઈ હોય એ સંભવે છે.

નરહરિએ જ્ઞાનને મુખ્ય વિષય ગણી તેના ઉપર જ તેનાં પ્રાપ્ત થતાં કાવ્યો રચ્યાં છે. ભગવદ્ગીતા એ સં. ગીતાનો પ્રાયઃ શ્રીધર સ્વામીની સુબોધિની ટીકાને આધારે કરેલો પદ્યાનુવાદ છે. પ્રા. કા. માળાવાળાઓએ એમને મળેલી જૂની હાથપ્રતની ભાષા સુધારી નવું સ્વરૂપ આપ્યું છે. એ મૂળ પ્રત જો છપાઇ હોત તો તેના તે કાવ્યનું જૂનું ભાષા સ્વરૂપ મળી શકયું હોત. આ અનુવાદમાં જ્યાં જ્યાં વિશદતાની આવશ્યકતા હતી ત્યાં કવિએ આપી છે; ગીતાના ૭૦૦ શ્લોકને સ્થાને ૧૧૨૬ પદ કવિએ આપ્યાં છે, એનાથી એ વસ્તુ સ્ફુટ થાય છે.

નમૂના તરીકે અહીં આપણે ૧૫મો અધ્યાય લઇયેઃ

"અર્જુનને કહે શારંગપાણ, સંસાર વૃક્ષ તેહ તું જાણ:
જેનાં ઊર્ધ્વ મૂળ ને અધ છે ડાલ, સંસારવૃક્ષ તેહ તું નિહાળ ૬
એ અશ્વત્થ અનાદિ અવ્યય સોય, વેદ સમસ્ત પત્ર તેનાં હોય;
સંસારવૃક્ષ સમગ્ર લહે જેહ, વેદવેત્તા જાણો તમે તેહ. ૭
સંસારવૃક્ષ એ દેહ તે જાણ, ઉર્ધ્વ મૂલ તે પરબ્રહ્મ પ્રમાણ;
મહત્તત્ત્વાદિક જે તત્ત્વ ચોવીશ, તે અધઃ શાખા કહે જગદીશ. ૮
એ દેહ તે કંઇએ સ્વસ્થ જ નહિ, તે માટે અસ્વસ્થ એ સહી;
કારણ અનાદિ માટે અવ્યય કહ્યો, એ વેદ કર્યા ફળી ફૂલી રહ્યો. ૯
એ વૃક્ષને સમૂળ જે લહે, બ્રહ્મવિત્ કૃષ્ણજી તેને કહે;
જેની અધ ઉર્ધ્વ શાખા વિસ્તરી, તે ત્રિગુણે વૃદ્ધિ પામી કહે કરિ. ૧૦
વિષય તેહના અંકુર મિત્ર, મૂળ તેહના વાસના વિચિત્ર,
કર્મરૂપિણી વાડ જેહને, સંસાર વૃક્ષ જાણો તેહને. ૧૧
રાગ દ્વેષ અધઃ શાખા ઘણી, કર્મફળ ઉર્ધ્વ શાખા તે તણી;
તે સત્ત્વરજ તમ સ્થળ થાય, વિષય તેહના અંકુર કહેવાય. ૧૨
વિવિધ વાસના તે મૂળ અપાર, એમ સંસારવૃક્ષ પામ્યો વિસ્તાર;
કર્મબંધન તેને અતિ ઘણાં મનુષ્ય લોક વિષે સ્નેહ તણાં. ૧૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંસારવૃક્ષનું વર્ણન કરયું જેહ, બાહેર જોતાં ન પામિયે તેહ;
જ્ઞાનદૃષ્ટિએ કરી જોતાં વીર, (ત્યારે) પાસે પ્રકટ તે દીસે ધીર. ૧૪
એની આદિ અંત મધ્ય જાણી ન જાય, એ અશ્વત્થ અસંગ શસ્ત્રે છેદાય,
અસંગ શસ્ત્ર અતિ દૃઢ તે કરી, એ સમૂળ વૃક્ષછેદ કહે હરિ. ૧૫
દેહ પુત્રાદિકની તજ આશ, ભજ પરમાત્મા રહી નિરાશ;
વિવેકવિચાર વૈરાગ્ય વિનય ધરી, તજ સંગ ભજ નારાયણ હરિ. ૧૬
તે પદ મિત્ર ચિંતવ્ય સદા સોય: જ્યાં થકી પુનરાવૃત્તિ ન હોય;
જ્યાં ગયે વળવું નહિ નિર્વાણ, મુક્તિ પરમપદ તેહ તું જાણ. ૧૭
જે થકી સંસાર હોય નિવૃત્ત, આદિ પુરૂષ નારાયણ સત્ય;
તે આદિ પુરૂષને જા તું શર્ણ, તો નિશ્ચે મિત્ર ટળે જન્મ મરણ.૧૮"[1]

માત્ર ૧૫મા અધ્યાયના પ્રથમના ત્રણ શ્લોકનો આટલો વિસ્તાર કવિએ આપ્યો છે અને એમ અર્થ અત્યંત સ્પષ્ટ કરી આપ્યો છે. એનો ૮મા અધ્યાયનો ભાગ તો તેણે વધુ રસિક પણ બનાવ્યો છે; જેમ કે—

"અંતકાળે મુજને સ્મરતા જેહ, અર્જુન જે કો છાંડે દેહ.
મારૂં પદ તે પામે સહી, અહીં કાંઇ સંશય કરવો નહિ. ૧૨
એવા સ્વરૂપનું કરવું સ્મર્ણ, જે જલધર શ્યામ સવર્ણ,
પીતાંબર પહેર્યાં અતિસાર, મુકટ કુંડલ કરે ઝાતકાર ૧૩
સુંદર કપોલ અને શુકલકેશ, સુંદર કર્ણનાસિકા નરેશ,
સુંદર હાસ્ય શ્રીકાંતનું હોય, જન ઉપરે કૃપાદૃષ્ટિ જોય ૧૪
મૃગમદતિલક સોહે અતિ ભાલ, કમલનયન મુખ પ્રેમરસાળ,
અધર પ્રવાલ દંત દાડમકળી, મુખપદ્મ જન મધુકર આવલી ૧૫
કંઠ કૌસ્તુભ વૈજયંતી જાણ, તે ગ્રીવાએ શોભે નિર્વાણ,
કર કંકણ કટિસૂત્ર મોતી હાર, અંગદભૂષણ નેપુર ઝમકાર ૧૬
શ્રીવત્સલાંછન શોભા ઘણી, સુંદર વર વૈકુંઠનો ધણી,
ચંપકમાળા તુલસી વનમાલ, તે સમરપી ભક્તે તતકાળ. ૧૭
સુંદર હૃદે મુખસોભા જોઇ, ભક્તજન રહ્યા તે મોહી,
શંખ ચક્ર ગદા પદ્મ પાણ........................૧૮

---

૧ પ્રા. કા. માળા, ગ્રંથ ૩૨મો, પૃ. ૧૮૫-૮૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સનકાદિક પ્રમુખ મુનિ જેહ, જયજય શબ્દ કરે સર્વ તેહ;
ચરણકમલ-યુગલ અતિસાર, જેની લક્ષ્મી સેવા કરે નિર્ધાર. ૧૯
છત્ર ચામર પાદુકા સિંહાસન, અનેક ઉપહાર ગ્રહી રહ્યા રાજન;
પાર્ષદ ગરૂડ અને નંદ સુનંદ, વળી સેવક તણાં ઊભાં છે વૃંદ. ૨૦
ધ્રુવ પલ્હાદ અંબરીશ વું માન, નારદ શુક શંભુ ધરે ધ્યાન;
અનેક ભક્ત જેહને નિરંતર ધ્યાય, એવા લક્ષ્મીકાંતને જો આરાધાય,
એવો જગત્મંગળ અવતાર હું જેહ, મારૂં સ્મરણ કરતાં તજે દેહ;
તેહને વળી ગર્ભવાસ ન હોય, મારૂં વૈકુંઠ પદ પામે સોય. ૨૨"[1]

આમ એની વિશદતા પણ કંટાળો ન ઉપજાવતાં વિષયમાં વધુ રસમગ્ન કરે તેવી છે. એની ભાષાને સાંચવતી સ્થિતપ્રજ્ઞની લીટીઓ અહીં ઉતારી એની ભગવદ્‌ગીતાની વાનગી પૂરી કરિયે:

"જેણિ મન માંહાંથી વિષય છાંડા સર્વ પાર્થ ઉપાજ નહિં કિશો ગર્વ ।
આત્મલાભિં સંતુષ્ટ હોય જેહ સ્થીરપ્રજ્ઞ તાં કહીઇ તેહ ॥૨૧॥
જે દુખ આવિ ઉચાટ નવિ કરિ અનિં સૂખ તણી સ્પ્રેહા પરહરિ ।
કાંમ ક્રોધ ભય નહીં જેહનિં સ્થીરપ્રજ્ઞ કહીઇં તેહનિં ॥૨૨॥
જેહનિં કશૂ સ્નેહ ન હોય શુભાશુભિં પાંમિ નહી મોહ ।
સ્તુતિ નિંદ્ય કહેની નવિ કરિ સ્થીરપ્રજ્ઞા તે હરી તેહ ઉચ્ચરિ ॥૨૩॥"[2]

આ મૂળ ભાષામાં છપાઇ હોત તો જૂની ગૂજરાતીમાં એક સારો વેદાંતગ્રથ મળ્યો હોત.

ભગવદ્‌ગીતાની જેમ વાસિષ્ઠસારગીતા પણ અનુવાદ છે. લઘુયોગ-વાસિષ્ઠને આધારે એ અનુવાદ કરવામાં આવ્યો છે. દશ પ્રકરણમાં આપવામાં આવેલો આ ગ્રથ શાંકરવેદાંતનો એક સમર્થ ગ્રંથ છે, અને એનો અનુવાદ તેવો જ એ સિદ્ધાંતને સ્ફુટ કરનારો છે:

"દીર્ઘ રોગ તાં એ સંસાર તેહનૂ ઔષદ સ્વાત્મવીચાર ।
કવણ અહં અનિ કવણ સંશાર એણિ વીવેકિ હોય નીસ્તાર ॥૩૧॥
યમ ઉષદિ રોગની શાંત ત્યમ આત્મવીચારિ ભાજિ ભવભ્રાંત્ય ।
આત્મવીચાર ગુરથી પામીય સદગુરચર્ણે શીસ નામીય ॥૩૨॥

---

૧ એજન, પૃ. ૯૧-૯૨
૨ એજન, પ્રસ્તા. પૃ. ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તત્વજ્ઞાંની હોય જાંહાં નીશ્ચે રધૂપત્ય જાવૂં ત્યાંહાં ।
સાધ્રૂ બ્રક્ષ રહીત જે દેશ ત્યાંહાં ન કરવો કચમિ પરવેશ ॥૩૩॥

× × × ×

ચૈતન બ્રહ્મ જાંણિ નર જેહ સફ્લ જન્મ તાં ભણીય તેહ ।
જેહનૂ ચીત્ત ચીદ શાયિ રમિ તેહનૂં જન્મ સર્વ નિગમિ ॥૬૨॥
મર્ણ-નીમત્ય ધરિ જે શોક તેહનૂં કર્તવ્ય સઘલું ફોક ।
જેહનૂ મૂર્પ અંતઃકર્ણ તે દેહનાસિ કહિ આત્મમર્ણ ॥૬૩॥
આકાશવત આત્મા અસંગ ઘટપ્રાય જાંણો દેહ લંગ ।
મૂર્ષ દેહ આત્મા કરી ગ્રહિ જ્ઞાંનિ તે યમ છિત્યમ લહિ ॥૬૪॥
ઘટાદીક પદાર્થ જેહ નીશ્ચિ નાસવંત તાં તેહ ।
અષંડીત નીર્લેપ આકાશ ઇમ આત્મા અવ્યે અવીનાશ ॥૬૫॥
દેહ સદા અસ્થીર પરમાંણ્ય અનિ દેહી સદા અલેપીક જાંણ્ય ।
એહ અવબોધ રૂદિમાંહાં રાક્ષ અવરચ ભાવ તે સઘલો નાક્ષ ॥૬૬॥
જન્મમર્ણ આત્માનિ નથી જોયો શાસ્ત્ર પુરાંણ કથી ।
કંચીત્ કંચીત્ કદાચ કો કાલ આત્મા નોહિ વ્રધ્ય જૌવન બાલ ॥૬૭॥
ઉતપત્ય સ્થીત્ય લય જેહ માંહાં હોય આત્મસ્વરૂપ નીગમ કહિ સોય ।
જગત સર્વ એ કેવલ બ્રહ્મ તત્ત્વજ્ઞાંની એહ જાંણિ મર્મ ॥૬૮॥
ગગન તણી પેરિ વ્યાપક જેહ જન્મમર્ણ કચમ પાંમિ તેહ ।
શૂધ સૂક્ષ્મ અવ્યેય શીવરૂપ અજર અમર બ્રહ્મ અકલ અરૂપ ॥૬૯॥
નીત્ય સનાતન સર્વાવાસ શૂધબૂધ તે પૂરણપ્રકાસ ।
ઉતપત્ય પ્રલિય વ્રજીત જેહ આત્મસ્વરૂપ જાંણો જન તેહ ॥૭૦॥
એક અદ્વૈત સત્ય અવીનાસ જગત સર્વ તે બ્રહ્મપ્રકાસ ।
ભાવાભાવ રહીત પદ જેહ સર્વભૂત માહાવ્યાપક તેહ ॥૭૧॥
આદ્ય અંત્યરહીત મધ્યમાં ન ચીદાનંદ સ્વરૂપ વીજ્ઞાંન ।
વીશ્વ આત્મા જાંણિ જેહ સદા શૂષી નર ભણીય તેહ ॥૭૨॥"[૧]

હસ્તામલક, ભક્તિમંજરી, હરિલીલામૃત, જ્ઞાનગીતા એ પણ અનુવાદગ્રંથો છે. એના સ્વતંત્ર ગ્રંથોમાં મને પ્રબોધમંજરી, આનંદરાસ, ગોપીઉદ્ધવસંવાદ, કક્કો, કીર્તન, માસ, સંતનાં લક્ષણ, એ

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૭૩૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કૃતિઓ લાગે છે. આમાંની પ્રબોધમંજરી અને સંતનાં લક્ષણ એ તેની સ્વતંત્ર કૃતિઓમાં મોટી કૃતિઓ છે. એમાં નરહરિને આપણે જ્ઞાની કવિ તરીકે જોઇ શકિયે છિયે. પણ એ એવા પ્રકારનો જ્ઞાની કવિ છે કે જેને ભક્તિમાં પણ સંપૂર્ણ શ્રદ્ધા છેઃ

"આત્મદ્રીષ્ટે અર્થ સર્વ સરે જીવભવાર્ણવ સુખે ઉતરે ।
આત્મદ્રીષ્ટી જીવ હોય સાક્ષાતકાર એમ કેહે નરહરચ સારોદ્ધાર ॥૨૧॥
તે માટે સાવધાંન તે થઇ રેહો જન રૂદેં આત્મદ્રીષ્ટ ગ્રહી ।
આત્મદ્રીષ્ટે આત્મા નીરખીએ કેહે નરહરચ હરી જોઇ હરખીએ ॥૨૨॥
હરી જોતાં હોયે અત્યપ્રસંન અહરૂ પહરૂ ધાયે નહી મંન ।
હરીશરણ મંન નીશ્ચલ થૈ રહે તે હરિ હરી નીરંતર કેહે ॥૨૩॥

× × × ×

જે ફલ અર્થે ભજે સારંગપાણ તે તો વણીક તણિ પરે જાંણ ।
જે ફલ તજિ હરીની સેવા કરે તે નીજ ભગ્ત માહા પૂરુષ ઉચરે ॥૨૭॥"[1]

પ્રબોધમંજરી સળંગ બંધનું કાવ્ય છે, ત્યારે સંતનાં લક્ષણ કડવાબદ્ધ કાવ્ય છે. બાકીની નાની કુટકળ કવિતા છે. આમ માંડણ પછી રામભક્ત અને પછી નરહરિ જ્ઞાની કવિ તરીકે ગૂજરાતી સાહિત્યમાં સ્થાન લે છે. વિક્રમના ૧૮ મા શતકના ઉત્તરાર્ધના ફલરૂપે જ્ઞાની કવિઓ ગૂજરાતને ફાળે આવ્યા છે, જેમાં અખો સર્વશ્રેષ્ઠ છે; એની અપેક્ષાએ ગોપાલ અને નરહરિ છે; જો કે સ્વાત્માનુભવથી આ પાછલા બે કવિઓ કવિતા લખે છે, એમ કહી શકાય તેમ નથી, કેમકે એમાં અખાનો સ્વાનુભવ ખાસ જોવામાં નથી આવતો, જે ૧૬ મી સદીના માંડણમાંયે નથી.

નરહરિનાં કાવ્યોની જૂની હાથપ્રતોમાં જૂની ભાષા સચવાયેલી મળે છે. "હરિલીલામૃત"ની સં. ૧૭૪૨ની ફા. નં. ૨૭ ચની હાથપ્રતમાં ભાષા મધ્ય. ગૂજ. ની ૨જી ભૂમિકા જેવી (—નકલ કોઈ હિંદુસ્તાનીને હાથે થયેલી જણાય છે, એથી)અને જ્ઞાનગીતાની સં.

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૩૪૩, પૃ. ૩ (પ્રબોધમંજરી)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૭૬૭ની ફા. ગૂ. સ. હ. લિ. પુ. નં. ૧૪૫ની હાથપ્રતમાં ભાષા મધ્ય, ગૂજ.ની ૪ થી ભૂમિકા(કે જે નરહરિના કવનકાળની બીજા કવિઓનાં કાવ્યોની મળે છે, તે)માં મળે છે. જ્ઞાનગીતાનો ભાષાનમૂનો તત્કાલીન ભાષા લેખનમાં કેવી પ્રચલિત હતી, તે બતાવે છે; જેમકે

"સીદ્ધાંતનુ સીદ્ધાંત એહ જ જે કીજે કૃષ્ણુચિંતંન ।
ગુરૂ **બ્રહ્મા ચૈતન્ય** તણિ પ્રસાદિ પામ્યો તે રામરંતંન ॥૨૭॥
એ **જ્ઞાનગીતા** હવી પૂરણ હરી ગુરુ સંત પસાય ।
પદ બસિં ત્રીસ નિ કડવાં સત્તર સાભલિ દુખ જાય ॥૨૮॥

× × ×

કહિ **નરહરિ** રદિ રાપયો એ અર્થ **જ્ઞાનગીતા** તણો ।
પરમ પદ તો સુખિ પામો જો એ **રાસ** પરબ્રહ્મનો ભણો ॥૨૧॥"

[કડવું ૧૭મું]

ભગવદ્ગીતાનો નમૂનો ઉપર આવે છે, તે ૪ થી મિશ્ર ભૂમિકાનો છે.

વાસિષ્ઠસારગીતાની ઘણી હાથપ્રતો મળે છે;[૧] પણ તેમાં ભાષા અર્વાચીન સ્વરૂપને પામેલી છે; પરંતુ સ્વ. છગનલાલ કે. મહેતાએ જે મૂલ છપાવ્યું છે, તેમાં ભાષા મધ્ય. ગૂજ.ની ૪થી ભૂમિકામાં મળે છે જ. સંપાદકે વધુ જૂના સ્વરૂપવાળી પ્રત પણ જોયેલી;[૨] પણ એ લહિયાએ જૂનું સ્વરૂપ આપેલું હશે, એમ ધારી તેના તરફ સંપાદકે દુર્લક્ષ્ય કર્યું છે. આમ છતાં એકંદરે સ્વરૂપ જૂનું સંપાદકને હાથે પણ બચી જવા પામ્યું છે, એ હર્ષનો વિષય છે.

ઉપર આવતા ઉતારાઓથી મધ્ય. ગૂજ.ની ૪થી મિશ્ર ભૂમિકા તરફ તેને આદર હશે તેમ દેખાય છે; જોકે ભાષા લોકબોલીમાં તો અર્વાચીન સ્વરૂપમાં આવી ચૂકી હતી.

નરહરિ ૧૮ મા શતકમાં થયેલા જગજીવનની કક્ષામાં મુકાય તેવો છે. જગજીવને નરહરિની જ પદ્ધતિ મુખ્યત્વે સ્વીકારી છે, એ એનાં કાવ્ય જોતાં સમજાય છે.

---

૧ ગૂજ. હા. સંક. યાદી, પૃ. ૯૧
૨ વાસિષ્ઠસારગીતા, પ્રસ્તાવના પૃ. ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નરહરિમાં એક માત્ર વિશિષ્ટતા છે, તે સંસ્કૃત ગ્રંથોને ગૂજરાતીમાં ઉતાર્યા છતાં વિષય સરલ અને સર્વંગમ તેમ જ જાણે કે કૃતિ પોતાની સ્વતંત્ર હોય તેવી રીતે આપે છે, તે છે. એ એની સફલ અનુવાદક-શક્તિની પ્રતીતિ આપે છે. નરહરિ તરફથી ગૂજરાતી ભાષાને જે એક સેવા મળી છે, તે જ્ઞાનમાર્ગીય પરિભાષાના કેટલાય સંસ્કૃત તેમ જ ઘર-ગથુ શબ્દોનો ભાષામાં જે ભંડોળ તેના તરફથી આપવામાં આવ્યો છે, તે છે. આમાં બીજા કોઇ પણ જૂના ગ્રંથકાર કરતાં તેનું પુરોગામિત્વ સ્પષ્ટ છે.

ચરિતસામગ્રીઃ

૧. પ્રા. કા. ત્રૈ. ગ્રં. ૩૨–સ્વ. હ. ગો. કાંટાવાળા–સંપાદિત (ભગવદ્‌ગીતા)
૨. વાસિષ્ઠસારગીતા–સ્વ. છગનલાલ કે. મહેતા–સંપાદિત
૩. ગૂજ. સા. માર્ગ. સ્તંભો–દી. બ. કૃ. મો. ઝવેરીકૃત
૪. ફા. ગૂ. સ. હ. યાદી, ભાગ ૨જો–શ્રી અં. બુ. જાની–સંકલિત
૫. ગૂ. વ. સો. હ. પુ. સંગ્રહની યાદી, (સ્વ. હીરાલાલ પારેખકૃત)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ગોપાલદાસ

[ સં. ૧૭૦૫માં હયાત ]

**નરહરિદાસ** સાથોસાથ ૧૭ મા શતક ને ૧૮ મા શતકની સંધિમાં જ્ઞાની કવિઓ એક જ સમયમાં થયા, તેમાં એક ગોપાલદાસ પણ થઈ ગયો છે. અખાએ અખેગીતા સાં. ૧૭૦૫ માં લખી, તો તે જ વર્ષમાં ગોપાલદાસે જ્ઞાનપ્રકાશ[1] લખ્યો છે. તેણે આ કાવ્યને અંતે પોતાની ઓળખાણ ઠીકઠીક આપી છે; જેવી કે

"સત ગુરૂ સ્વામી શ્રીસોમરાજ-કૃપા થકી હવું ગ્રંથકાજ,
રાજહંસ ગુરૂ કેરી દયા, શબ્દ સકળ ગ્રંથમાંહે કહ્યા.
ગુરૂપ્રતાપે પોહોંચી આશ, ગ્રંથ હવો ત્યારે જ્ઞાનપ્રકાશ,
[2]સંવત ૧૭ પાંચ સાર, માસ વૈશાખ અષ્ટમી ભોમવાર.
રાજનગર શ્રીઅમદાવાદ ફરમાન વાડી માંહે ગ્રંથસંવાદ,
વડે સાજને અડાલજા મોઢ કવિતા કોય મા દેશો ખોડ.
જન્મભોમ નંદાવતી ગામ, પિતા ખીમજી નારણદાસ નામ,
તેહનો સુત તે દાસ ગોપાલ, સંત સકળ તણું તે બાળ."

તેની જન્મભૂમિ નંદાવતી=નાંદોદ હતી. એ જાતે મોઢ અડાલજો વણિક હતો. તેના પિતાનું નામ ખીમજી હતું. ગુરુનું નામ સોમરાજ રાજહંસ હતું અને અહીં અમદાવાદમાં ફરમાનવાડી નામક સ્થાનમાં રહી તેણે જ્ઞાનપ્રકાશ યાને ગોપાલગીતાની રચના કરી છે. એ અમદાવાદમાં આવી વસ્યો હોય તેમ દેખાય છે. સ્વ. દી. બ. નર્મદાશંકર દે. મહેતાએ અખાના ગુરુ બ્રહ્માનંદ હતા અને તે જ ગુરુના

---

૧ "ગોપાલગીતા" "જ્ઞાનપ્રકાશ" છે. "ગૂજ. હાથ. સંકલિત યાદી"માં એ જુદાં મારા તરફથી લખાયાં છે, તે સમઝફેર છે, કવિએ તો ગ્રંથનું નામ "જ્ઞાનપ્રકાશ" જ આપ્યું છે.

૨ બૃ. કા. દો. ભાગ ૩જામાં ૧૭૦૬ છે, પણ ૧૭૦૫ એ બરોબર છે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગોપાલ, નરહરિ, ખૂટિયો પણ શિષ્યો હતા, તેવું સૂચવી નીચેનો પ્રચલિત દોહરો નોંધ્યો છેઃ

"અખાએ કર્યો ડખો, ગોપાલે કરી ઘેંસ,
ખૂટે કર્યો કૂટો, નરહરને કહે શીરાવા બેસ."[1]

પણ બ્રહ્માનંદ ગુરુ માન્યો છે એનો અગાઉ બતાવ્યું તેમ નથી નરહરિ શિષ્ય કે નથી ગોપાલ શિષ્ય. અખાનો ગુરુ બ્રહ્માનંદ વ્યક્તિ-વિશેષ છે કે નહિ, તે અખાના પ્રસંગમાં આવશે; જ્યારે ખૂટિયાનો તે ગુરુ હોવાનો ક્યાંય પણ ઉલ્લેખ નથી. નરહરિના પ્રસંગમાં બતાવવામાં આવ્યું છે કે તેણે **બ્રહ્મ ચૈતન્ય** એવું ગુરુનામ નિર્દેશ્યું છે, જે કેવળ બ્રહ્મને ઉદ્દેશી છે. ઉપર ગોપાલ સોમરાજ–રાજહંસ એ ગુરુનો સ્પષ્ટ ઉલ્લેખ કરે છે; ઉપરાંત નરહરિની જેમ એણે સામાન્ય ચૈતન્યનો પણ ગુરુ તરીકે નિર્દેશ જ્ઞાનપ્રકાશમાં આરંભ જ કર્યો છે; જ્યાં એ પોતાના ગુરુ–સંભવતઃ પરબ્રહ્મને "ચૈતન્યદેવ" કહેતો લાગે છે; નરહરિએ તેવું જ "બ્રહ્મા ચૈતન્ય" સામાન્ય નામ કહ્યું છે.[2]

"કરૂ વીનતી બેહુ કર જોડી **સતગુરુ ચૈતન્યદેવ** ।
ક્રીપા કરો સ્વાંમી મુઝનેં જેમ બુદ્ધચ વાધે તતખેવ ॥૨॥
ઓધારણ તારણ ભવજલ ગ્નાંન તણો ભંડાર ।
અનુભવસક્ત રચ્યા જેણેં આદે દેવ પૂરાંણ અઢાર ॥૩॥
ધર્મ સકલ તણુ તમો કારણ જેહની સ્તુત કરે વિધાતા ।
ધર્મ અર્થ નેં કાંમ મોક્ષ ફલ ચ્યાર પદારથ દાતા ॥૪॥
નહી સમરથ ત્રીભોવન કો તમથી બુદ્ધસાગર માહાબલીયા ।
કોટીક કોટ કલાના કરતા કોણે ન જાએ કલીયા ॥૫॥
દીનદયાલ કૃપાલ કૃપાનીધ્ય તમ્યો છો અંતરજ્યામી ।
આસ કરી આવ્યો તમ ચરણે સર્ણાગત હું સ્વામી ॥૬॥"[3]

---

૧ અખો, પૃ. ૧૬. આ દોહરામાં પાઠાંતર પણ છે, તે માટે જુઓ આ પૂર્વે, પૃ. ૫૨૯ ૨ આ પૂર્વે પૃ. ૫૨૯, ૫૩૫
૩ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૭૨૨, પૃ. ૧ (કડવું ૧લું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને એ જ ગુરુ અને શિષ્ય વચ્ચેના સંવાદમાં ગોપાલે જ્ઞાન-પ્રકાશ પછી વિસ્તાર્યો છે. એના એક પદમાં પણ તેણે "સોમરાજ"નો ગુરુ તરીકે નિર્દેશ કર્યો છે:

"માલાનો મર્મ જે કોએ જાણે રે તેહને વૈષ્ણવ વેદ વખાણે રે ।
સતગુરુ **સોમરાજે** દયા કરી દીધી **દાસ ગોપાલ**ને માલા આલી સુધી રે ।
સંતો સકલ નેહાલો મોટી માલારે જેહનો મહિમા છે અનંત રસાલારે ॥૯॥"[1]

એટલે એમાં લેશપણ શંકા નથી કે ગોપાલનો ગુરુ સોમરાજ છે. એને જ એ રાજહંસ કહે છે. એને ચૈતન્યદેવ એવું માનપ્રદ વિશેષણ આપ્યું પણ સંભવે. એ બીજો જ કોઈ **ચૈતન્યદેવ** કે **બ્રહ્મચૈતન્ય** નથી. નરહરિએ તો ઉપર બતાવ્યું છે[2] તેમ વિશેષ વ્યક્તિનું ગુરુ તરીકે નામ આપ્યું જણાતું નથી; એ તો ચિદ્બ્રહ્મને જ ગુરુ તરીકે નિર્દેશે છે. આમ હોવાને કારણે એક જ ગુરુના શિષ્ય એ ચારે હોવાનું પ્રમાણસિદ્ધ જણાતું નથી. એ જ પ્રમાણે એ સૂરતનો હતો, તેવું નોંધાયું છે;[3] તેના સમર્થનમાં પણ એકે પુરાવો મળતો નથી.

અમદાવાદમાં આવ્યા પછી એ અખાને મળ્યો છે કે નહિ તે વિશે અખો કે ગોપાલ બંને મૌન જ ધારણ કરી રહ્યા છે. અખેગીતા અને ગોપાલગીતા એક જ વર્ષમાં દોઢ જ મહિનાને આંતરે બરોબર લખાયેલ છે. અખેગીતાની રચ્યા સાલ વગેરે:

"સંવત ૧૭૦૫ **પચડોતેરો** શુકલપક્ષ ચૈતર માસ ।
સોમવાસર રામનવમી પુરણ ગ્રંથ પ્રકાશ ॥૧૧॥"[4]

એટલે કે સં. ૧૭૦૫ના ચૈત્ર સુદિ રામનવમી સોમવાર (ઇ. સ. ૧૬૪૯ના માર્ચની ૧૨મી તારીખ) છે. એ પછી તે જ વર્ષમાં

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૧૬૬, પૃ. ૬૭-૬૮ (પદ ૧૬મું)
૨ આ પૂર્વે પૃ. ૫૨૯, ૫૩૫
૩ બૃ. કા. દો. ભાગ ૩જો, પૃ. ૫૧૯ અને ગૂજ. સા. માર્ગ. સ્તંભો, પૃ. ૧૧૪
૪ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૧૧૬; અને સં. ૧૭૭૪ની એક જૂનામાં જૂની હાથપ્રતમાં પણ આ જ તિથિ વાર માસ વર્ષ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વૈશાખ વદિ અષ્ટમી અને મંગળવારે (ઇ. સ. ૧૬૪૯ના એપ્રિલની ૨૪મી તારીખે) ગોપાલે જ્ઞાનપ્રકાશ–ગોપાલગીતા રચેલ છે. એના એ કાવ્યની કોઈપણ નકલમાં પક્ષ નથી આપ્યો, પણ ગણિત પ્રમાણે કૃષ્ણપક્ષ આવે છે, એ કારણે મેં કૃષ્ણપક્ષ કહ્યો છે. સં. ૧૭૦૬ એવો બૃ. કા. દો. નો પાઠ[1] સ્વીકારી ત્યાં આપેલો સોમવાર સ્વીકારિયે તો સુદિમાં વૈશાખ આઠમને દિવસે શનિવાર આવે છે, જ્યારે વદિમાં રવિવાર આવે છે. તિથિની વૃદ્ધિ હોય તો સોમવાર આવે; પણ પૂર્વનો મહિનો ઓગણત્રીસો હોવાને કારણે સંભવ ઓછો છે. એમાંથી ગમે તે વર્ષ સ્વીકારવામાં આવે, ગોપાલે જ્ઞાનપ્રકાશ પછી રચ્યો છે, તે નક્કી છે; અને તેનું પૂર પણ અખેગીતા જેટલું છે, જોકે અખેગીતામાં ૪૧ કડવાં છે, ત્યારે જ્ઞાનગીતામાં ૨૩ છે. ગોપાલે અખેગીતા જોઈ છે કે નહિ એ કહેવું મુશ્કેલ છે. માત્ર ગુરુનો મહિમા બંનેએ ખૂબ ગાયો છે; જોકે બંનેમાં કાંઇપણ સામ્ય નથી. ઊલટું ગ્રંથ યોજનારની દૃષ્ટિએ અખેગીતા સ્વતંત્ર રીતે કવિ જ નિરૂપે છે, જ્યારે ગોપાલ જ્ઞાનપ્રકાશ ગુરુશિષ્યના સંવાદરૂપે નિરૂપે છે. અખાએ ગુરુશિષ્યસંવાદ રચ્યો છે, તે પણ ગોપાલે જોયો જણાતો નથી. એ તો ચાર ખંડનું નાનું કાવ્ય છે. મને લાગે છે કે ગોપાલનું નિરૂપણ સ્વતંત્ર છે. એણે હરીફાઈથી રચ્યું હોય તેમ લાગતું નથી; કેમકે નહિતર અખાની મભ્ભમ પણ ક્યાંય નિંદા આપી હોત. એટલું જ કે બંનેએ સ્વતંત્ર રીતે અમદાવાદમાં જ મહિના દોઢ મહિનાને આંતરે એક એક સમર્થ કૃતિ ગૂજરાતી જનતા સામે ધરી છે, તે પણ જ્ઞાનમાર્ગના તત્ત્વને બતાવતી સમર્થ કૃતિઓ. વેદાંતને પચાવી માતૃભાષામાં ઉતારવું એ કઠિન કાર્ય અખા જેટલી કુશળતા અને કવિત્વ ન હોવા છતાંએ ગોપાલે પાર પાડયું છે, તે તેની મોટી કે નાની કૃતિઓથી માલૂમ પડી આવે છે; નરહરિની જેમ એનું સંસ્કૃત ગ્રંથો ઉપર પરોપજીવિત્વ નથી.

---

[1] બૃ. કા. દો. ભાગ ૩જો, પૃ. ૫૭૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગોપાલે બ્રહ્મ, જગતની ઉત્પત્તિ અને સ્વરૂપ, તેમ જ જીવસ્વરૂપ ઉપર કેવલાદ્વૈત સિદ્ધાંત પ્રમાણે સારો પ્રકાશ નાખ્યો છે, જેમાં તે સિદ્ધાંતાનુકૂલ બીજી પણ કેટલીક હકીકત વિસ્તારથી આપી છે. ૨જા કડવામાં ગુરુના મુખમાં બ્રહ્મસ્વરૂપ વિશે કવિ શબ્દો મૂકે છે કે:

" વસુધરાથી વેગલો જલે ન લેપાય ।
અગ્ન તેહેનેં ન દહે સમીરે સોકો ન જાએ ॥૯॥
આકાશથી આઘેરડે ત્રીગુણથી તે તીત ।
ઉપાદથી અલગો સદા એ નીરજનની રીત ॥૧૦॥
ઊભો નહી આસન નહી ન નીદ્રચ ન આહાર ।
સૂલ માંહાં લેપેં નહી બ્રહ્મ અપરંપાર ॥૧૧॥
અંતઃકરણ મન બુદ્ધચ નહી તેહેનેં નહી ચીત અહંકાર ।
કામ ક્રોધ ન સંભવે તે બ્રંહ્મ અપરંપાર ॥૧૨॥
ધર્મ કર્મ ન કલ્પના ને નહી ગ્નાંન વીગ્નાંન ।
આચાર અધ્યન વેદવગતા ભોગ નહી દયા દાંન ॥૧૩॥
નહી પુજા પ્રેમસુ અનેં નહી માયા માંન ।
ઉંચ નીચ સંભવે તે સર્વ ભૂત સમાંન ॥૧૪॥
સોક મોહો વ્યાપે નહી ક્ષુધા ત્રષા આહાર ।
જનમ મરણ જરા નહી તે જગતનો આધાર ॥૧૫॥
જડ નહી ચૈતન્ય નહી ન નીકટ ન દૂર ।
અદ્વીત વ્યાપક વસ્તુતા નીત નીરંતર ભરપૂર ॥૧૬॥
અકરતા કરતા નહી તે નહી આદ અનાદ ।
જોત્ય પોત ન પેષીએ ન સ્વાદ વર્ણ ન નાદ ॥૧૭॥
એકાદશ અંદ્રી નહી નહી વ્યપેં ત્યાંહાં પંચ ॥
રૂપ રંગ ન લંગ ત્રીવીધ નહી ત્યાંહાં પરપંચ ॥૧૮॥
રાગદ્વેષ ન વેષ વ્યપૂ તાહાં ન બાવન અક્ષ્યર વાંણ્ય ।
વાસના ન આસ ઈછા ન તે જાંણ અજાંણ ॥૧૯॥
સુતલ વીતલ ન તલાતલ ન વૈકુંઠ ન કૈલાસ ।
સ્વર્ગ ને સુ સુચવુ નહી નર્ક કેરો વાસ ॥૨૦॥
કાજ કારણ સદા કેવલ મુક્ત મેં ચૌદ ભોક ।
એકાકારેં અખંડ મંડલ વસ્તુતા નીર્દોષ ॥૨૧॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપો તે સદા પૂરણ ન ઘટે વધે અણુ એક ।
બીજો હોય તો બોલીએ માટે અનીરવચી છેક ॥૨૨॥
વાણી વર્ણવતાં રહી કાંહાં વગત્ય કહીએ ન જાએ ।
નેતી નેતી નીગમ ભાખે છે ગ્નાંન–સાધ્ય ઉપાય ॥૨૩॥"[1]

આ પ્રમાણે જગદાદિની ઉત્પત્તિ વગેરે પણ શાસ્ત્રરીત્યા બતાવી છે; પણ તેમાં કવિત્વ દીપતું નથી. એક જ પ્રસંગે ગોપાલની કવિતામાં જોર દેખાય છે અને તે ત્રીજા કડવામાં, જ્યાં એ ગુરુને જગતના વિષયમાં પ્રશ્નો પૂછે છે:

"પંચભૂત પ્રગટયાં પરચંડ પ્રથુક પ્રથુક કયમ હવા પિંડ ॥૧૧॥
લક્ષ્ય ચોરાશી નાનાભાત્ય રંગરૂપ ગુણ બહુ વીચાર ॥૧૨॥
તારામંડલ ને દીનકર ચંદ્ર કોહો સમઝાવી ઊતપત સનંદ ॥૧૩॥
સપ્ત સાયર નેં નવકુલનાગ અષ્ટકુલ પરબત જુજૂઆ ભાગ ॥૧૪॥
કરતા કોણ રચ્યા જેણે વેદ કોહો સમઝાવી તેહેનો ભેદ ॥૧૫॥
વીધિ નષેદ પૂરાંણીક ધર્મ કયમ હવાં નાનાવીધ ક્રમ ॥૧૬॥
આદ્ય અંત્ય હરી એક કેહેવાયે તો રૂપ અનેક કેહી પેરચે થાય ॥૧૭॥
કારણ એક નેં કારજ્ય બહુ દેષી ભુલા સુરનર સહુ ॥૧૮॥
જાંહાં લગી સંસે સકલ ન ટલે ત્યાહાં લગી દ્વૈતભાવ ન ગલે ॥૧૯॥
મોટા મર્મ જો ન લાવે હાથ ત્યાંહાં લગી ન ટલે મનના તાપ ॥૨૦॥
કાચા ગહુ ન આવે કામ ભોગ પડે જો કીજે પકવાંન ॥૨૧॥
પ્રથુક પ્રથુક દીસેં બહુભાત્ય ત્યમ ત્યમ સંશેં વ્યાપેં નાથ ॥૨૨॥
રચના અનંત નાટારંભ કોડ તે દેષી દ્રષ્ટ થયો દીગમોડ ॥૨૩॥
ભર્મ તણી દહે મન દાઝ તમ વ્યણ કો ટાલેં મહારાજ ॥૨૪॥
તમો આપો ગોધમ અંબાર કેલવણી શીખવો પ્રકાર ॥૨૫॥
જમ જમ ગોધૂમ લાગે ભોગ દુર જે છાંડે દ્રીતીયા રોગ ॥૨૬॥
દ્વૈત દ્વંદ મન જાંહાં લગી નડે પૂરણ પદ ત્યાંહાં લગી નવ્ય જડે॥૨૭॥
પૂરણ પદ પ્રાપત નવ્ય થાએ ત્યાંહાં લગી અહંભાવ ન જાય ॥૨૮॥
અહંભાવ એ વ્યાધ અપાર તેહ તણા તમો નીવારણહાર ॥૨૯॥
નેત્ર પડલ ઊતારે જે વૈદશીરોમણ ભણીએ તેહ ॥૩૦॥

---

1 ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૭૨૨, પૃ. ૬–૯ (કડવું ૨જું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વ્યાપક વિશ્વ ઓલષાવે રાંમ એ બ્રંહ્મવેતા માહોટાંતાનાં કાંમ ॥૩૧॥
મેઘ વ્યના મહી ત્રપત ન થાય કોડ કુપ જો કીજે ઉપાય ॥૩૨॥
જેહનાં કાંમ તેથી નીપજે કંચન ઠાંમ નવ્ય પિત્તલ સજે ॥૩૩॥
નહી ત્રીભોવન દીનકરની જોડ સુ કીજે તારા બહુ કોડ ॥૩૪॥
સહી એક ગાજે વન માંહ મદોનમતના જુથ પલાય ॥૩૫॥
કીધા એક ગુરના ગુણ બહુ મંદમતી હુ કયાંહાં લગી કહુ ॥૩૬॥"[૧]

એનામાં કવિત્વશક્તિ અવસ્ય છે અને તે એનાં છૂટાં પદોમાં તરી આવે છે. એણે "બુદ્ધિવહુને શિખામણ"નું ધોળ લખ્યું છે, એ એની સાક્ષી પૂરશેઃ

"સાચી સમજણ બુદ્ધિને ખોટી રે લાગે
સંત મનાવે તો મનાવું, હો લાલણી–સાચી સમજણ૦ ॥ટેક॥
શીલ શંતોષ કહો તો કલ્લાં ઘડાવું, કરૂણાની કાંબિયો ઘડાવું. હો૦
વિવેક વિચાર કહો વિછુવા ઘડાવું, હર્ષના ઘૂઘરા બંધાવું. હો૦
સાધન સંપતિ કહો તો ચુડલો પેરાવું, ક્ષમાની ચીપો મંઢાવું. હો૦
જ્ઞાન વૈરાગ્ય બાજુબંધ સોવરાવું, શાંતીનું રતન જડાવું. હો૦
પ્રેમનાં પુષ્પો ગળામાં નંખાવું, લક્ષના દોરડા પ્રોવરાવું. હો૦
ટેક રૂપી કહો તો તુશિયો ઘડાવું, દયાની દામણી બંધાવું. હો૦
સતસંગરૂપી ઘુલર ઘડાવું, લગ્નનું લોળિયું પેરાવું. હો૦
ભક્તિરૂપી કહો તો વાળી ઘડાવું, મુક્તિની ચૂનીયો મેલાવું. હો૦
નેહનું નયણે કહો તો કાજળ સરાવું, હેતની આડો કરાવું. હો૦
સીધી સમજણ કહો તો સેંથો પુરાવું, જોગનો ચાંદલો ચોઢાવું. હો૦
ધીરજરૂપી કહો તો વેણો ગુંથાવું, ગુરુગમ ગોફણો લટકાવું. હો૦
ચોખ્ખી ચાલની તમને ચોળી શિવડાવું, ચૈતનની ચુંદડી પેહેરાવું. હો૦
સાચી કરણીનો કહો તો કંચુવો શિવડાવું, ભાવનું ભરત ભરાવું. હો૦
**દાસ ગોપાલ** કહે એ સમજણ સાચી, દક્ષનો લક્ષ બતાવું.
હો લાલણી–સાચી સમજણ૦"[૨]

---

૧ એજન, પૃ. ૧૨–૧૫, (કડવું ૩જું)

૨ બૃ. કા. દો. ભાગ ૩જો, પૃ. ૫૭૨–૭૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ કવિએ રાસલીલા, કૃષ્ણભક્તિ, સત્સંગમહિમા વગેરેનાં પદો પણ રચ્યાં છે, જે બધાં "દાસ–ગોપાલ"ની છાપનાં છે:[1] એ બધાં પણ સારાં છે. બૃ. કા. દો. ભાગ ૫ મામાં છપાયેલી "જ્ઞાનની શાખીઓ" પણ નબળી નથી. "બોડાણો"[2] જો એણે જ લખ્યો હોય તો એ પણ ઐતિહાસિક કાવ્ય તરીકે દીપે તેવું કાવ્ય છે, જોકે કવિત્વ તેમાં નથી.[3] આમ નરહરિ કરતાં આ કવિમાં સ્વતંત્રતા પૂરતી વિશેષતા છે.

સ્વતંત્ર જ્ઞાનમાર્ગીય કવિઓ ગોપાલ અને અખો મેળવવામાં અમદાવાદની પ્રથમતા છે, એમ આ બે કવિઓની કૃતિઓ કહી આપે છે. પછી અમદાવાદને તો નહિ પણ "ભાણદાસ" અને "ધીરા"ને બાદ કરતાં ગૂજરાતને પણ ભાગ્યે જ સ્વતંત્ર જ્ઞાની કવિઓ મળ્યા છે.

ચરિતસામગ્રી:

૧. બૃ. કા. દો. ભાગ ૩–૫–૭ (ગૂજરાતી પ્રિ. પ્રેસ, મુંબઈ)
૨. ગૂજ. વર્ના. સો. હ. લિ. પુ. નં. ૧૧૬–૭૨૨ વગેરે
૩. ગૂજ. સા. માર્ગ. સ્તંભો, દી. બ, કૃ. મો. ઝવેરીકૃત
૪. Guj. & its Lit. by K. M. Munshi
૫. સાહિત્ય–માસિક, વર્ષ ૧૪–૧૫ (સ્વ. હ. ગો. કાંટાવાળા–સંપાદિત)
૬. અખેગીતા } સં. સ્વ. દી. બ. ન. દે. મહેતા (અમદાવાદ)
૭. અખો }

---

૧ બૃ. કા. દો. ભાગ ૫ મામાં સુંદર ૧૧ પદો છે; ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૧૧૬માં ૧૫ પદ છે.

૨ બૃ. કા. દો. ભાગ, ૫ મો પૃ. ૬૬૯; જેમાં ગુરુને માટે "સતગુરુ ચૈતનદેવતા જ્ઞાનતણો ભંડાર" એવો નિર્દેશ છે, જે પણ પરબ્રહ્મને ઉદ્દેશી લાગે છે.

૩ બૃ. કા. દો. ભાગ ૭ મો, પૃ. ૭૯૮–૮૦૪

૪ ગૂજ. હાથ. ની સંકલિત યાદીમાં "સ્ત્રીશિક્ષા" સૂચવાયેલી છે, તે તે તો ગોપાલ ભટ્ટ—ફૂલાંચરિત્રકાર—ની છે. (પૃ. ૩૩)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# બૂટિયો

[ વિ.ની ૧૮મી સદીનો આરંભ ]

**વેદાંતી કવિઓમાં** એક બૂટિયાની પણ ગણતરી થાય છે. આ કવિ વિક્રમની ૧૭મી અને ૧૮મી સદીની સંધિમાં થયો હોવાની સંભાવના છે. ચાર સમકાલીન વેદાંતી કવિના વિષયમાં એક દોહો પ્રચલિત છે કેઃ

"અખાએ કર્યો ડખો, ગોપાલે કરી ઘેંસ;
બૂટે કર્યો કૂટો, નરહરને કહે શીરાવા બેસ."૧

બૃ. કા. દો. ભાગ ૫ મામાં તેનાં ઉપદેશનાં બાર પદો છપાયેલાં છે. તેનાં ૧૨ એ પદોમાં કેવલાદ્વૈત વેદાંતની ઠીકઠીક છાયા દેખાય છે. એની ભાષા પણ સરલ છેઃ

"જ્યાં સુધી જીવની જાણ જાણી નહીં,
ત્યાં સુધી તાણ બે તાણ રહે છે;
આદિ ને મધ્ય ને અંત એક આત્મા,
વસ્તુ સાચી એ વેદાંત કહે છે. જ્યાં૦
જાત જાણ્યા વિના મત પંથ બહુ થયા,
અટકી રહ્યાં આંધળાં આપ ભુલ્યાં;
વાદવિવાદમાં હરિ ન આવે હાથમાં,
મન મેરૂ ઝાલવા જાય પણ પાય લુલા. જ્યાં૦
જાત જાણ્યા વિના યોગ સાધન કરે,
પરહરે કામ ધન ધામ ચુકે;
હઠ કરી આદરે પરથી પાછા ફરે,
વૈભોગ ના ભોગવે ભક્તિ ચુકે. જ્યાં૦
આપના આપમાં આપ ભુલી ગયો,
જીવને જાચતો, કર્મ ગાંઠે;

---

૧ અખો, પૃ. ૧૬

P. P. Ac. Gunratnasuri M.S.　Jin Gun Aaradhak Trust

શબ્દના ઠાઠમાં વાત સુઝી નહીં,
આવવું જાવવું એ જ માટે. જ્યાં૦
જાત જાણ્યા પછી જેમ મૃત્યુ ટળે,
પાળો ગણી પાણીમાંથી પાછો ન આવે;
બ્રહ્મવેત્તા ગુરૂ જેને મળે બુટીઆ,
નર દેહી એ જ અને અભય પદ પામે. જ્યાં૦"
અને-"અવિચલ કો નહિ રે, મન તું ન કર કોઇની આશ;
સ્વપ્નવત્ સંસાર દીસે, સમજ પદ અવિનાશ."[1]

બૂટિયાનાં થોડાં જ પદ મળે છે, છતાં તે થોડાં પણ તેને એક શિષ્ટ વેદાંતી કવિમાં મૂકે તેવાં છે. એની ભાષા સ્વાભાવિક છતાં વેગવાળી છે:

"જેણે ગગન દોહીને દુધ પીધાં રે, સોહી મતવાલા બોલ્યા, દીવાના.
ધ્યાન ધારણા નામ નિરંતર, વ્યાપક આતમ ચીન્યા રે હો. સોહી૦
સુરત નુરત કરે ધમણ ધમાવી, કામ કોયલાને વામ્યા રે હો. સોહી૦
હર્ષ શોક અગ્નીમાં રે હોમ્યા, તેણે અમર અજર રસ ઝામ્યા રે હો. સોહી૦
પીબત પ્યાલા બિસર ગયો, પરમ તત્ત્વ તવ લીના રે હો. સોહી૦
પુરણ બ્રહ્મ અખંડ અવિનાશી, સોહમ બ્રહ્મ જેણે જાણ્યા રે હો. સોહી૦
સુકા પાંત જ્યું પવન ચલાવે, જ્યું કાત્યું હોઇ રહીએ રે હો. સોહી૦
માયાં રહિત મગન ભયા માનવા, સો જન સમજ્યા કહી રે હો. સોહી૦
અનળ પક્ષી આકાશે વર્ત્યું ધાએ, તે ધરતી પાંઊં ન મેલે રે હો. સોહી૦
કહે બુટીઆજી કોઈ અદ્દભુત જ્ઞાની, આશ નિરાશ થઇ ખેલે રે હો. સોહી"[2]

આમ કવિતા પણ સ્ફુટ છે. આ પદમાં હિંદીની છાંટ છે, તે લક્ષ્યમાં રાખવા જેવી છે. અખાએ તો થોકબંધ પદો, તેમ જ સંતપ્રિયા, બ્રહ્મલીલા વગેરે કાવ્યો હિંદીમાં લખ્યાં છે, તે જાણીતી વાત છે.

અખો, ગોપાલ, બુટિયો અને નરહરિને એક ગુરુના ચેલા કહેવામાં આવે છે; પણ એ ઠીક નથી.[3] લગભગ એક જ સમયમાં એ

---

૧ બૃ. કા. દો. ભાગ ૫મો, પૃ. ૭૮૧-૮૨
૨ એજન પૃ. ૭૮૩-૪
૩ આ વિશે જુઓ આ પૂર્વે પૃ. ૫૨૯ અને ૫૩૮-૩૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચારે, વેદાંતમાં રસ લેતા કવિઓ થયેલા, એટલે એક દોહરામાં સમાયા છે. ખૂટિયાએ "ફૂટો" શું વાળ્યો, તે જોવા જેવી વસ્તુ છે. એણે જીવસ્વરૂપની વ્યક્તિ સરળ શબ્દોમાં આપી છે, અર્થાત્ વિચારોને ફૂટી ગ્રહણ કરી શકાય તેવા બનાવ્યા છે; જ્યારે નરહરિએ વેદાંત વિષય અનુવાદોથી અત્યંત સ્ફુટ કરી આપ્યો છે.

ખૂટિયાની સ્વતંત્ર આખી કૃતિ કોઈ જાહેરમાં નથી; તેમ જ વિશેષ કશી માહિતી મળતી નથી. એનાં પદો જોતાં આટલાં જ નહિ, પણ બીજાં ઘણાં રચ્યા હશે, કદાચ સળંગ પણ કોઇ કૃતિ રચી હશે, એટલું એનું જ્ઞાન દેખાય છે.

એનું નામ બતાવે છે કે એ કોઈ સામાન્ય બ્રાહ્મણેતર હશે. પણ સત્સંગ અને ગુરુગમથી વેદાંતવિષયક રચનાકૌશલ મેળવ્યું હશે.

ચરિતસામગ્રી:

૧. બૃ. કા. દો. ભાગ ૫મો, (ગૂજ. પ્રિ. પ્રેસ-મુંબઈ)
૨. અખો. સ્વ. દી. બ. ન. દે. મહેતા-કૃત

शेठ दे. ला. जैन पुस्तकोद्धार फंड.
लायब्रेरी.
गोपीपुरा, सुरत.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# અખો ભક્ત

[ સ. ૧૭૦૫માં હયાત ]

ગુજરાતે જે થોડા વેદાંતી કવિઓ ઉત્પન્ન કર્યા છે, તેમાં અજોડ અને શ્રેષ્ઠ સ્થાન ભોગવતો અખો ભક્ત જ્ઞાતિએ પરજિયો સોની હતો અને અમદાવાદ પાસે આવેલા નાના ગામડા જેતલપુરમાં જન્મ્યો હતો, એ વાત જાણતાં આશ્ચર્ય થયા વિના રહેતું નથી. એનો પિતા રહિયો જેતલપુરમાં ધંધો કરી પોતાના નાના કુટુંબનો વ્યવહાર ચલાવતો હતો. સં. ૧૬૪૯ અથવા બીજે મતે સં. ૧૬૫૩ લગભગમાં[૧] તેને ત્યાં અખાનો જન્મ થયો; એ પછી એક પુત્રીનો જન્મ આપી એની માતા મરણ પામી. પિતાએ બચપણમાં જ અખાને પરણાવ્યો. એ વખતે અમદાવાદ ધીમે ધીમે આગળ વધતું આવતું હતું. અનેક પરદેશીઓ અમદાવાદમાં આવી વસતા હતા. ઈ. સ. ૧૬૧૭ માં અમદાવાદમાં સર ટોમસરો આવી ગયો અને વલંદા લોકોએ ઈ. સ. ૧૬૧૮ માં કોઠી સ્થાપી.[૨]

અમદાવાદનાં ધંધો રોજગારની ખ્યાતિ સાંભળી અખાનો પિતા પોતાના નાના કુટુંબ સહિત અમદાવાદમાં આવી રહ્યો. અહીં ખાડિયામાં અત્યારે દેશાઈ પોળ નામે પ્રસિદ્ધ પોળમાં સર ચીનુભાઈના મકાનની નજીક કૂવાવાળા ખાંચામાં આવેલા એક નાના મકાનમાં એ કુટુંબ આવી રહ્યું.[૩] અમદાવાદમાં આવ્યો ત્યારે અખાની વય ૧૬ વર્ષની હતી.

---

૧ "અખાની વાણી"માં "અખાનો પરિચય", પૃ. ૨૬

૨ અત્યારે માણેકચોકમાંથી રીચીરોડ ઉપર આવતાં ફુવારા નામક સ્થાન સામે આવેલું મકાન "વલંદાની કોઠી" નામે પ્રસિદ્ધ છે.

૩ આ મકાન અત્યારે પણ "અખાના ઓરડા" તરીકે પ્રસિદ્ધ છે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એની વીસ વર્ષની ઉમરે એનો પિતા મૃત્યુ પામ્યો. થોડા સમયમાં નાની બેન અને પત્ની પણ મરણ પામ્યાં અને અખો એકલો થઇ ગયો. થોડા સમય પછી એણે ફરી લગ્ન કર્યું, પણ નસીબના બળિયા અખાનો એ ગૃહસંસાર પણ થોડા જ સમયમાં વિલીન થઇ ગયો. સગાંઓ થોડા જ સમયમાં મૃત્યુ શરણ થતાં અખાના હૃદયમાં વૈરાગ્યના અંકુર ફૂટયા. પોતાના નિભાવનાં કામકાજ ઉપરાંત એ સાધુસમાગમ શોધવા લાગ્યો.

અખાના વૈરાગ્યના અંકુરો વધારે ખીલે તેવા પ્રસંગો પણ આ ગાળામાં બન્યા. અખાની નાની બેન ગુજરી ગયા પછી તેણે પડોશમાં એક બીજી બાઇને ધર્મની બેન કરી માની હતી. એ બાઇએ અખાને ત્યાં ૩૦૦ રૂપિયા થાપણે મૂકયા હતા. એ બાઇને એ રૂપિયા ઉપાડી લેવાની ઈચ્છા થવાથી અને રોકડા રૂપિયા માગવા એ ઠીક નહિ, એમ માની તેટલી કીમતના સોનાની કંઠી કરી આપવાનું કહ્યું. અખાએ સો રૂપિયા પોતા તરફથી જોડી રૂ. ૪૦૦) ની કંઠી કરી આપી. 'સોની તો સગી બેનનું ચોરે' એમ કહેવત થઈ પડી છે. અખો પણ જાતે સોની હોવાથી ઘરનું સોનું ન જ નાંખે, માટે જરૂર ભેળ કર્યો હશે, આવી શંકાથી બાઇએ કોઈ બીજા પારેખની પાસે સોનાનો કસ કઢાવી જોયો, તો માલૂમ પડયું કે સોનામાં ભેળ કરેલો ન હતો. જ્યાં કાપ મુકાવી કસ જોવડાવેલો તે ભાગ પાછો ઝેરાવવાને માટે બાઇ અખા પાસે આવી ને કહેવા લાગી કે 'ઊંદરે આ ભાગ ટોચ્યો છે, માટે સરખો કરી આપો.' અખો પામી ગયો કે 'એનને વિશ્વાસ ન આવવાથી તેનો કસ કઢાવ્યો છે.' બાઇએ પણ પછી સાચી વાત કરી દીધી. આ જ ગાળામાં જહાંગીરે અમદાવાદમાં સ્વામિનારાયણના અત્યારના મંદિરની અગ્નિકોણની બાજૂએ ટંકશાળ સ્થાપી. અખો તેમાં કામે રહ્યો અને થોડા સમયમાં પોતાની હોશિયારીથી ટંકશાળનો ઉપરી થયો. દ્વેષીલા જ્ઞાતિબંધુઓ અખાની આ ઉન્નતિને જોઇ શકયા નહિ; તેથી અમલદાર પાસે અખો સિક્કાઓમાં હલકી ધાતુઓનું મિશ્રણ કરે છે, તેવી ચાડી કરી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે વખતના સૂબાએ તેને બંદીખાને નાંખ્યો. એ પછી મુકદ્દમાઓ ચાલતાં એ નિર્દોષ થઈ છૂટચો. આ બે પ્રસંગોએ એને સંસારમાંથી આસક્તિ-વિહીન બનાવી દીધો. તેણે પોતાનાં હથિયાર કૂવામાં ફેંકી દીધાં, માલ મિલ્કત વેચી નાંખ્યાં અને સદ્દગુરુની શોધમાં અમદાવાદ છોડી ચાલી નીકળ્યો. ફરતો ફરતો એ ગોકુળ મથુરાં ગયો.[1] ત્યાં તેણે શ્રીવલ્લભાચાર્યજીના ચોથા પૌત્ર શ્રીગોકુલનાથજી પાસેથી વૈષ્ણવી દીક્ષા લીધી. ત્યાં કેટલોક વખત રહ્યો, પણ જ્ઞાની અખાને ભક્તિમાર્ગમાં અનુકૂળતા ન આવી. તે પોતાના એક છપ્પામાં જણાવે છે કે—

"ગુરુ કર્યા મેં ગોકુલનાથ, નુગરા મનને ઘાલી નાથ;
મન મનાવી સગુરુ થયો, પણ વિચાર નગુરાનો નગુરો રહ્યો."[2]

વૈષ્ણવોનો તે પાકો વિરોધી[3] હતો એમ કહેવામાં આવે છે; પણ એ વાત છપ્પાઓમાંથી સ્ફુટ થતી નથી. એના વૈષ્ણવી દીક્ષાના ગુરુ તરફનો ભાવ એના ઉપરના છપ્પાની ઉપર આવેલા નીચેના છપ્પાઓમાં જણાય છે:

"વિચાર કહે પામ્યો શું અખા, જન્મ જન્મનો કયાં છે સખા.
બહુ કાળ હું રોતો રહ્યો, આવી અચાનક હરી પ્રગટ થયો.
ત્રણ મહાપુરુષ ને ચોથો આપ, જેનો ન થાય વેદે ઉથાપ,
અખે ઉર અંતર લીધો જાણ, ત્યાર પછી ઉઘડી મુજ વાણ.
પરાત્પર બ્રહ્મ પરગટ થયા, ગુણ દોષો તે દિનના ગયા,

---

૧ જયપુર ગયો, એવું ગૂ. સા. માર્ગ. સ્તંભો અને "અખાની વાણી"ના "અખાનો પરિચય"માં મળે છે. પણ શ્રીગોકુલનાથજી જયપુર નહિ પણ ગોકુલમાં રહેતા હતા. તેણે "ગુરુ કરવાને ગોકુળ ગયો," એમ લખ્યું પણ છે. જુઓ 'અખો', પૃ. ૮ અને 'અખાની વાણી', પૃ. ૧૬૦

૨ જુઓ અખો પૃ. ૮; આના જુદા જુદા પાઠો અનેક છે, પણ સદ્ધર અને સંગત પાઠ આ છે, એમ સ્વ. દી. બ. નર્મદાશંકર દે. મહેતા માને છે.

૩ બેશક તે ઢોંગી પેટભરા વૈષ્ણવોને ધિક્કારે છે જ; એમાં એણે ખોટું શું કર્યું છે? શ્રીવલ્લભાચાર્યજીના એક વંશજ શ્રીહરિરાયજીએ એવા વંચક વૈષ્ણવ નામધારીઓને ઉઘાડા પાડયા જ છે (દુઃસંગ વિજ્ઞાનપ્રકાર-નિરૂપણ ગ્રંથમાં).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અચ્યુત આવ્યાનું એ એંધાણ, ચળ્યું ન ચાવે એ અખો અજાણ.
જે નરને આત્મા ગુરુ થશે, કહ્યું અખાનું તે પ્રીછશે.'

એને બ્રહ્મસંબંધની દીક્ષા પછી શ્રીગોકુલનાથજીના સત્સંગથી "વાણી ઊઘડી" અને તે કવિતા કરવા માંડયો, તેવો ઉપરના છપ્પામાં નિર્દેશ છે. સ્વ. નર્મદાશંકર મહેતાને મતે[1] ત્રણ મહાપુરુષો તે બીજા કોઇ નહિ પણ શ્રીવલ્લભાચાર્યજી, તેમના પુત્ર શ્રીવિઠ્ઠલનાથજી, અને તેમના પુત્ર શ્રીગોકુલનાથજી છે, કેમકે પછી તરત જ નીચે "ગુરુ કર્યા મેં ગોકુલનાથ" એ છપ્પો આવે છે, જોકે એમણે અન્યત્ર વિકલ્પ[2] બતાવી ગુરુ, પરમગુરુ અને પરાત્પર ગુરુ એવો પણ અર્થ કર્યો છે. બેશક જ્ઞાનપિપાસાની શ્રીગોકુલનાથજી પાસે તૃપ્તિ થઇ નથી; અને તેથી જ પોતે 'સગુરો' બન્યા છતા એના વિચાર "નગુરા" રહ્યા.

ત્યાર પછી એ કાશી ગયો કહેવાય છે. ત્યાં પણ એને સંતોષ થયો નહિ. તેમ છતાં કેટલોક વખત એ કાશીમાં જ સદ્‌ગુરુની શોધમાં રહ્યો. ફરતાં ફરતાં કાશીના મણિકર્ણિકા ઘાટ ઉપર એક ઝૂંપડામાં એક જ શિષ્યને વેદાંતનો અભ્યાસ કરાવતા એક સંન્યાસી પર તેની નજર પડી. જ્ઞાનભૂખ્યો અખો ત્યાં ઝૂંપડાની પાછલી બાજૂ બેસી ઉપદેશનું શ્રવણ કરવા લાગ્યો. પ્રતિદિન એ આ પ્રમાણે આવી ઉપદેશ સાંભળવા લાગ્યો. વર્ષ પર્યંત તેણે તે સંન્યાસીનો ઉપદેશ સાંભળ્યો અને તેને ખાત્રી થઇ કે ગુરુ થવાને આ જ સંન્યાસી પાત્ર છે. પણ પ્રકટ થવું કેવી રીતે? એક દિવસ એવો સંયોગ મળ્યો કે ગુરુ શિષ્યને ઉપદેશ આપતા હતા, ત્યાં અચાનક ઝોકું આવ્યું, અને શિષ્ય હૂંકારો ન ભણી શક્યો. ઝૂંપડી પાછળ બેઠેલા અખાએ તરત હૂંકારો ભણ્યો. ગુરુને આથી આશ્ચર્ય ઉત્પન્ન થયું. તપાસ કરતાં ઝૂંપડી પાછળ અખો માલૂમ પડયો. આમ છુપાઈ બેસવાનું કારણ પૂછતાં અખાએ પોતાનો સમગ્ર વૃત્તાંત કહી સંભળાવ્યો, અને બારમાસ સુધી જે કાંઈ શ્રવણ કર્યું તે પણ ટૂંકમાં કહી બતાવ્યું. ગુરુને એના પર વિશ્વાસ

---

[1] અખા કૃત કાવ્યો, ભાગ ૧લો, પ્રસ્તા. ૧૦

[2] એજન, પૃ. ૬૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બેઠો અને તેને ગુપ્ત દીક્ષા આપી. અહીં અખો ગુરુ પાસે વેદાંત શાસ્ત્રને લગતા ગ્રન્થો ભણ્યો, એમ જનશ્રુતિ છે. આ ગુરુ વિશે આમ છતાં અખાએ કયાંય પણ નિર્દેશ કર્યો જાણવામાં નથી આવ્યો. અખાએ ગુરુ તરીકે "બ્રહ્માનંદ"ના નામનો નિર્દેશ કર્યો માનવામાં આવે છે, તેવાં કેટલાંક સ્થળો નીચે બતાવવામાં આવે છેઃ

(૧) "ચરણ ચીતવી સ્તુતિ કરૂં ચિદ શક્તિ **બ્રહ્માનંદ**ની."
(અખેગીતા ૧-૧)

(૨) "સદ્ગુરુની સંગત કરીએ, મન ક્રમ વચને તન મન ધરીએ.
**બ્રહ્માનંદ** નિજ સુખ અનુસરીએ તો, મોટો મહિમા ગુરુદેવનો રે."
(અખાની વાણી. પૃ. ૨૮૬)

(૩) "**બ્રહ્માનંદ** સાગરમાં ઝીલતાં, નવ જાણ્યું તે દિન ને રાત."
(અખાની વાણી, પૃ. ૨૯૪)

(૪) "**બ્રહ્માનંદ** સ્વામી અનુભવ્યો રે, જગ ભાસ્યો છે બ્રહ્માકારે."
(અખાની વાણી. પૃ. ૨૯૬)

આ અવતરણોમાં "બ્રહ્માનંદ"માં શ્લેષ હોવાનું સ્વ. દી. બ. ન. દ. મહેતાએ જણાવ્યું છે, તે મને બરાબર નથી લાગતું. કાશી જઈને એ બ્રહ્માનંદ નામના કોઈ ગુરુનો શિષ્ય થયો હોય તોયે ઉપરનાં અવતરણોમાં બ્રહ્માનંદ એ "બ્રહ્મનો આનંદ" એ જ અર્થમાં છે. અખેગીતાના આરંભમાં એ સ્પષ્ટ અર્થ જ છે. ત્રીજા અવતરણમાં પણ એ જ અર્થ છે. બીજા અને ચોથા અવતરણમાં ગુરુનું નામ બ્રહ્માનંદ ઉદ્દિષ્ટ છે, એમ માનવા એક વાર દિલ લલચાય છે. આમાંથી બીજા અવતરણમાં ગુરુજીની કૃપાના ફલરૂપે બ્રહ્મનો આનંદ ઉદ્દિષ્ટ છે; ગુરુનું નામ બ્રહ્માનંદ એટલે ગુરુના મહિમાએ શિષ્યને બ્રહ્મનો આનંદ મળે છે, એમ કહેવું હોત તો વાક્યરચના એ રૂપમાં એ ન આપત. "નિજ"ને સ્થાને "નામ" પાઠ હોત તો એમ માનવા દિલ થાત. ચોથા અવતરણમાં "બ્રહ્માનંદ સ્વામી" એવું ભ્રામક શબ્દયુગ્મ છે. "બ્રહ્માનંદ સ્વામીએ જેનો અનુભવ કર્યો, તે જગત બ્રહ્માકારે દેખાયું" એમ અર્થ આમાંથી કરવામાં આવે તો તેમાંથી "બ્રહ્માનંદ" ગુરુનામ નીકળે; પણ તેમ કરવાને માટે "અનુભવાવ્યો" શબ્દ જોઈયે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યા "અનુભાવ્યો." અખો તો "અનુભવ્યો" કહે છે, તે અખાએ જાતે બ્રહ્માનંદનો અનુભવ કર્યો તેને પરિણામે જગત બ્રહ્માકાર ભાસ્યું. સ્વામી એ બ્રહ્મને માટે છે, જેવું સેહેજાનંદ. આમ એમાં ગુરુના નામનો સંબંધ જણાતો નથી. એમ "બ્રહ્માનંદ" એવી વ્યક્તિ જ કોઈ ગુરુ છે એ જ અખાના કવનમાંથી કયાંય સ્પષ્ટ નીકળતું નથી. અને નરહરિ, ગોપાલ અને બૂટિયાનાં ચરિતમાં કહેવામાં આવ્યું છે[1] એમ એ ચારેનો કોઈ એક ગુરુ હોવાનું પણ પુરવાર નથી થઇ શકતું, કેમકે નરહરિ અને બૂટિયો ગુરુનાં નામ અખાની જેમ આપતા નથી; જ્યારે ગોપાલ તો સ્પષ્ટ રીતે "સોમરાજ" નામ નોંધે છે. અખાના કવનકાળમાં સોમરાજનું અસ્તિત્વ અમદાવાદમાં હોવાની સંભાવના છે, પણ એ જ સોમરાજ અખાનો ગુરુ હોવા વિશે એક પણ પુરાવો અદ્યાપિ કયાંયથી મળ્યો નથી. આજે છે એનાં જેવી લગભગ અખા–ગોપાલના સમયમાં અમદાવાદની જાહોજલાલી હતી; અહીં અનેક સાધુ સંતો આવતા હશે, તેમ આવી રહ્યા પણ હશે. સોમરાજ એવો કોઈ છે; એવા કોઇ અન્યનો અખાને અહીં લાભ મળ્યો હોય, યા જનશ્રુતિ કહે છે તે પ્રમાણે કાશી કે કયાંય અન્ય સ્થળે કોઈ ગુરુનો ભેટો થયો હોય. ગોપાલનો ગુરુ સોમરાજ પણ સામાન્ય વ્યક્તિ હોય તેવું નથી લાગતું; ગોપાલની કવિતામાં ઝરતું જ્ઞાન એ સમર્થ ગુરુના ઉપદેશનું પરિણામ છે, એ નિર્વિવાદ છે. એ જ ગુરુની કાંઇ અને કાંઇ અખાને પણ મદદ મળી હોય તેવું ભવિષ્યમાં સિદ્ધ થાય તો એક ગુરુની કલ્પના ટકી શકે. ગમે તે હો અખા ઉપર કોઈ અસાધારણ ગુરુની કૃપા ઊતરી છે, એ નિર્વિવાદ છે.

ગુરુ તરફનો અસાધારણ ભક્તિભાવ તેણે વ્યક્ત કર્યો છે:

"ચર્ણ ચીતવી સ્તુતિ કરૂં ચિદ શક્તિ બ્રહ્માનંદની ।
અણછતો **અષો** અધ્યારોપ કરે કથા નીજ આનંદની ॥૨॥
ગુરૂ ગોવ્યંદ ગોવ્યંદ ગુરૂ નામ યુગ્મ રૂપ એક ।
તેહને સ્તવ્યૂં નીચો નમી કરૂં બૂધ્યમાંન્યે હૂં વિવેક ॥૩॥

---

[1] જુઓ આ પૂર્વે પૃ. ૫૨૯, ૫૩૮–૩૯, ૫૪૬

૧૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરાતપર પરબ્રહ્મ યે તે મન વાંણીને અગંમ્ય ।
તેહેનો લક્ષ આપી શકે તે માટે ગુરુ તે બ્રહ્મ ॥૪॥
સ્વાંન શુકર બ્યડાલ ષર તેહેના ટોલાનો યે જંત ।
તેને મૂક હરી કરી યેહને મલે સદગુરૂ સંત ॥૫॥
ગુરૂમહિમા છે અત્ય ઘણો કો સમજે સંત સુજાંણ ।
તે ગુરૂ ગોવ્યંદ એકતા ભજે યેહેને લાગાં સદગુરૂબાંણ ॥૬॥
યમ રવી દેખાડે રવીધાંમને ત્યમ ગુરૂ દેખાડે રામ ।
તે માટેં હરી તે ગુરૂ ગુરુ ગોવ્યંદ એહેવૂં નામ ॥૭॥
ચાહીન સમી તે સંતની યે ગુરૂ ગોવ્યંદ એક તાં ભજે ।
યમ બીબામાંહે રસ ભરચો વણઘડો રૂપ નીપજે ॥૮॥
યમ સૌવર્ણ કેરી મોહોર માંહે અંન્ય મુદ્રા છે અત્ય ઘણી ।
ત્યમ ગુરુભજન માંહાં સર્વ આવે જો મન વલે ગુરુચર્ણ ભ્યણી॥૯॥
યમ બધિર ન જાણે નાદસુષ સ્વાદ નોંહે રસના વીના ।
ત્યમ ગુરુ વ્યના હરી નવ્ય મલે યમ ભોગ ન પામે નિર્ધનાં ॥૧૦॥"[1]

અખાએ એવા કોઈ સમર્થ ગુરુ પાસેથી મેળવેલા વેદાંતજ્ઞાનનો ઉપયોગ સરસ્વતીને ચરણે ધર્યો; તેની કાવ્યશક્તિ ખીલી. તે એક પછી એક કૃતિ માતૃભાષાને અર્પવા લાગ્યો. સં. ૧૭૦૫ માં તો નિશ્ચિત રીતે એણે એની 'અખેગીતા' રચીઃ

"સંવત **સત્તર પચલોતરો,** શુકલપક્ષ ચૈત્ર માસ;
સોમવાર રામનવમી, પૂરણ ગ્રંથ પ્રકાશ."

( કડવું ૪૦–૧૧ )[2]

એનો કાવ્યવેગ ખૂબ વધ્યો હતો. તેનાં કાવ્યોમાં અનુભવબિંદુ, કૈવલ્યગીતા, [3]ગુરુશિષ્યસંવાદ, ચિત્તવિચારસંવાદ, પંચીકરણ, બ્રહ્મ-

---

૧ સં. ૧૭૭૪ની "અખેગીતા"ની હાથપ્રત

૨ જુઓ, અખાકૃત કાવ્યો–ભાગ ૧લો, પૃ. ૫૫. કોઇ પ્રતમાં ૧૭૦૯ પણ મળે છે; પણ ૧૭૦૫ ગાણિતિક દૃષ્ટિએ ખરું વર્ષ છે.

૩ આ કાવ્ય ૧૭૦૧માં રચ્યાનો ફા. સ. નં. ૩૩૬–અખેગીતાની હાથપ્રતમાં ઉલ્લેખ છે. "અપ્રસિદ્ધ અક્ષયવાણી" (અખાકૃત કાવ્યો–ભાગ ૨જો. ગૂ. વ. સો.)ની પ્રસ્તાવનામાં તેને સંમતિ આપી છે. એમ હોય તો અખેગીતા પૂર્વેની આ કૃતિ માનવી જોઇયે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લીલા, સંતપ્રિયા એ ખંડકાવ્યો છે: બાકી પ્રકીર્ણ કવિત્ત, છપ્પા (ષટ્પદી), ચોપદી સાખીઓ, માસ, વાર, વિષ્ણુપદ, ધ્રુઆર્ય, દૂહા–પરજિયા વગેરે તેમ જ કેટલાંક પદો એ તેની છૂટક કૃતિઓ છે. એ બધામાં એણે જ્ઞાનમાર્ગની ઉચ્ચ ભૂમિકા તેમ જ જગતની ક્ષુલ્લકતા બતાવી છે. એણે ચાલુ દેશીઓ ઉપરાંત પ્રકીર્ણ માત્રામેળ છંદો જેવા કે દોહા, સોરઠા, ચોપાઈ, કુંડલિયા, સવૈયા વગેરેનો ઉપયોગ કર્યો છે. એના છપ્પા તે પિંગલમાં નિર્દિષ્ટ રોળા અને ઉલ્લાલના મિશ્રણવાળા[૧] છપ્પા જેમ છે, તેમ જુદી રીતે પ્રયોજેલા ષટ્પદી ચોપાઈરૂપે પણ છે. આ પાછલા પ્રકારની કવિતા અખાની પૂર્વે એક માત્ર બંધારા કવિ માંડણે "પ્રબોધબત્રીશી"માં પ્રયોજી છે.[૨] અખા પછી એનો ફરી કોઇએ ઉપયોગ કર્યો જાણવામાં નથી.

એની કાવ્યપ્રવૃત્તિ કયારથી શરૂ થઇ તે વિશે મતભેદ છે; પણ સામાન્ય રીતે એમ માનવામાં બાધ નથી કે યાત્રાઓ કર્યા પછી પોતાની પ્રૌઢ વયે તેણે કાવ્યપ્રવૃત્તિ હાથ ધરી. તેણે તેના "કુટકળ-અંગ"ના આરમ્ભમાં કહ્યું છે કે–

"તિલક કરતાં ત્રેપન વહ્યાં, જપમાળાનાં નાકાં ગયાં,
તીરથ ફરી ફરી થાકયા ચર્ણ, તોએ ન પહોંચ્યા હરિને શર્ણ."

આ પૂર્વે એવો સિદ્ધાંત શ્રી. અંબાલાલ બુ. જાની વગેરેએ સ્થાપ્યો છે કે[૩] અખાની કાવ્યરચનપ્રવૃત્તિ બાવનમે વર્ષ થઈ. તેના સમર્થનમાં કેટલીક પંક્તિઓ મૂકવામાં આવી છે; જેવી કે

(૧) "બાવનથી બુદ્ધ આધી ઘટી, ભણ્યા ગણ્યાથી રહી ઉલટી."
(પ્રાપ્તિ, અંગ. ૨૪૨)

(૨) "બાવન બાહરો રે, હરિ નાવે વાણી માંહ્ય."
(અખાનું પદ ૧૯મું)

(૩) "શાખ્ય આશરો અક્ષરનો અખા, જે છે બાવનથી વળી બાર."
(અખાનું પદ ૩૭મું).

---

૧ "અનુભવબિંદુ"માં શુદ્ધ છપ્પા પિંગલ પ્રમાણેના છે.
૨ જુઓ આ પૂર્વે પૃ. ૯૧–૯૭
૩ બીજી ગૂર્જ. સા. પરિ. રિપોર્ટ, પૃ. ૫ વગેરે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૪) "બોલું બાવન માંહ્ય, જે બુદ્ધ વિલાસ બુદ્ધ્યે કર્યો."

( સોરઠા ૧૧૧ )

પણ આમાં તો વર્ણમાલાના બાવન અક્ષરોની પર એટલે કે બ્રહ્મ અક્ષરાતીત છે, તેવો સ્પષ્ટ આશય છે, એટલે આ પંક્તિઓથી બાવનમે વર્ષે કાવ્યપ્રવૃત્તિ શરૂ કરી, તે કહેવું વાજબી નથી. તેને માટે તો "તિલક કરતાં ત્રેપન વહ્યાં" એ જ પંક્તિ વાજબી છે, જે ૫૩ વર્ષ પછી " કુટકળ અંગ "ની રચના થયાનું સ્પષ્ટ કહે છે.

અખાએ આમ ત્રેપન વર્ષ પર્યંત હરિનામના જપ કર્યા હોય, તેવું સ્પષ્ટ થાય છે. આટલી ઉમરે પણ તેને હરિશરણ સિદ્ધ નથી થતું એની એ વેદના તેણે કાશીમાં જઈ વામી કહેવાય છે. તેણે આત્મ-સ્વરૂપનું ત્યાં જ્ઞાન મેળવ્યું સંભવે છે, એ એની વાણીમાં ઠેર ઠેર જોઈ જાણી શકાય છે. સમકાલીન નરહરિ અને ગોપાલની કૃતિઓ વેદાંત ગ્રન્થોના આશય લઈ રચાયેલી છે; તેમાં તે કવિઓનો ખાસ જાતઅનુભવ નથી. એથી ઊલટું અખાનો શબ્દેશબ્દ જાત-અનુભવનો છે, તેણે પરંપરાવાળું પણ સમર્થ ગાયું, તેથી જ નરસિંહ મહેતા જેમ ભક્તિમાર્ગનો સ્વાનુભવી કવિ છે, તેવો જ અખો જ્ઞાનમાર્ગનો સ્વાનુભવી કવિ છે. અખાની પૂર્વે થયેલો કે પછી થયેલો કોઈ જ્ઞાની કવિ એથી જ અખાની તોલે આવી શકવાની સ્થિતિમાં નથી.

અખાએ ગૂજરાતી ભાષા ઉપરાંત વ્રજભાષાની છાંટવાળી તત્કાલીન હિંદી ભાષામાં પણ પદો-છપ્પાઓ-સવૈયાઓ વગેરે રચ્યાં છે. સંતપ્રિયા અને બ્રહ્મલીલા તેવી કૃતિઓ છે. હિંદી ભાષામાં પણ ગૂજ-રાતીની જેમ જ માર કરનારી તેણે કવિતા લખી છે.

તે ક્યારે ગુજરી ગયો, એ જાણી શકાતું નથી. અત્યારે સામાન્ય રીતે ૧૭૩૦-૩૧ આસપાસ તે વિલીન થયો મનાય છે. એમ કહે-વાય છે કે એણે પ્રેમાનંદના શિષ્યમંડળને જોયું હોય. એના છપ્પાના "કુટકળ અંગ"માં પ્રાપ્ત થતી કેટલીક કડીઓથી એવી કલ્પના અસ્તિ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્વમાં આવી છે.[૧] વસ્તુસ્થિતિએ સામાન્ય માણભટ્ટને ઉદ્દેશીને જ તેની એ ઉક્તિ જણાય છેઃ

"અલ્પાનંદી પોતાને **પ્રેમાનંદી** ભણે, જેમ વાંઝણી પુત્ર ખોળામાં ગણે,
વાંઝણી પુત્ર શોભા અભિમાન, પણ ઉદરમાં નથી ઉપજ્યું ગણે સતાન.
**એમ અલ્પાનંદી** પોતાને ગણે ભલ, **અખા પ્રેમાનંદ** નથી ઉપન્યો પલ. ૭૨૮
એમ ગાય વજાડે ગુણીજન ઘણા, રંગે રૂપાળા નહિ કંઇ મણા,
કંઠે સૂર તાળી ને તાન, ગમે ગાંધર્વને પાતરનું જ્ઞાન.
પણ **અખા** એ તો કસબણ કહેવાય, પતિવ્રતા પૂર્વે તે ન ગાય. ૭૨૯"

પ્રેમાનંદનો જીવનકાળ સં. ૧૬૯૨–૧૭૯૦ ગણાય છે. તેની પહેલી કૃતિ "સ્વર્ગની નીસરણી" અને બીજી કૃતિ "લક્ષ્મણાહરણ" (ર. સં. ૧૭૨૦) છે. પ્રેમાનંદે જે ટોળી સ્થાપી કહેવાય છે, તે સં. ૧૭૨૦–૨૫ થી અસ્તિત્વમાં આવી હતી, એમ મનાય છે. આવી ટોળીનું અસ્તિત્વ જ શંકાસ્પદ છે. અને થઈ હોય તોયે પ્રેમાનંદની ઉત્તરાવસ્થામાં થઈ હોય. તેની નિંદા અખાએ કરી એ કહેવું કાંઈક વધુ પડતું છે. "કુટકળ અંગ"નો પ્રસંગ જોતાં એ કોઈ વિશિષ્ટ વ્યક્તિને ઉદ્દેશી કહેતો હોય તેવું જણાતું નથી. "લક્ષ્મણાહરણ" રચાયું ત્યારે અખાનું વય ૫૩+૧૫=૬૮ વર્ષનું તો હોય જ. પ્રેમાનંદની ખ્યાતિ તેની આરંભની કૃતિઓથી જામી હોય તેવું કોઈ રીતે માની શકાય તેમ નથી.

અખાની થોકબંધ કૃતિઓ, ઢગલાબંધ સાખીઓ, પદો, છપ્પાઓ, દૂહાઓ, સોરઠાઓનું પૂર એટલું બધું છે કે એ થોડા સમયમાં રચાયાં જણાતાં નથી. કુટકળ અંગના છપ્પા ૫૩ મે વર્ષે રચ્યા હોય તો સંવત્સરનું કયું વર્ષ એ અખાનું ૫૩ મું વર્ષ થાય એ કહેવાનું આપણી પાસે કાંઇપણ સાધન નથી. અખેગીતા મને તો તેની મોડી કૃતિ જણાય છે. આ કલ્પના સાચી હોય તો પ્રકીર્ણ કવિતા બધી તે પૂર્વે રચી હોય અને શ્રીગોકુલનાથજી ગોકુલમાં સં. ૧૬૦૮–૧૬૯૭ વર્ષ દરમિયાન બિરાજ્યા છે, એ જોતાં સં. ૧૬૯૭ પૂર્વે જ શ્રીગોકુલનાથજીના

૧ જુઓ અખો, પૃ. ૧૦–૧૧

P. P. Ac. Gunratnasuri M.S. 	Jin Gun Aaradhak Trust

જીવનકાળમાં તેણે કુટકળ અંગ વગેરે લખ્યાં હોય તો સંભવી શકે તેમ છે કે એનું ૫૩ મું વર્ષ સં. ૧૭૦૫ ધારવામાં આવે છે એનાં કરતાંએ થોડાં વર્ષો વહેલું લઈ જવું જોઇયે; તો એનો જન્મસંવ-ત્સર પણ સં. ૧૬૪૯ કરતાં વહેલો જાય; અને "પંચીકરણ"ની એક હાથપ્રતની ભાષા જોતાંયે તેવા મંતવ્ય ઉપર આવવા કારણ મળે ખરું:

"એ તિં પંચીક્રણ માહાવાક્ય એણિં હોઇ અનૂભવ પરીપાક ।
જક્તપણું જેહેનિં છિ સત્ય તેણિં કરચી એહેની નીર્ત ॥૯૮॥
વેદ તણાં વચન છિ એહ નીસીંધે થાઇ સોધિં તેહ ।
જીવનમૂક્ત તે તેહનૂં નાંમ જેણિં સંભાલૂં મૂલગૂં ધ્રામ ॥૯૯॥
ન અવતરીઓ સરપો તેહ જેણિં ઇમ સંભાલો દેહ ।
તેહનિં મૂંક્તબંધ નોહિં અભીમાંન જ્યાંહાં જ્ઞાતા ન હ્રીઝે તિં જ્ઞાન ॥૧૦૦॥
ત્રીપુટીરહીત તે છિ અવાચ્ય 'તંત્વમશી' પદ સાધ્યાં સાચ ।
શાહાસ્ત્રારથ તેણિં પામ્યૂં જ્ઞાંન આતમ-અનૂભવ હવો વીજ્ઞાંન ॥૧૦૧॥
માંહાપદ માંહાં કલપ્યૂં તૂ દ્વૈત તે ઇમ સમઝિ થઉ અદ્વૈત ।
અહં બ્રંહ્મ છિ શબ્દ જ વીના એ સમઝિં વેતા આપના ॥૧૦૨॥
ઇતિ શ્રીપંચીકર્ણં માહાવાક્યની ટીકા કરી છિં વીપણુવ અપા-
કર્ત છિ ॥"[1]

આમાં મધ્ય. ગૂજ.ની ૪થી મિશ્ર ભૂમિકા છિ, હવો એ વગેરે રૂપોથી સ્પષ્ટ છે. અખાએ એ જ રૂપ સ્વીકાર્યું હોય તો તેને સં. ૧૭૦૦ પૂર્વે જરા વહેલો લેવો જોઇયે. મને લાગે છે કે સં. ૧૭૦૫ માંથી ઓછામાં ઓછાં ૨૦ વર્ષ બાદ કરી સં. ૧૬૮૫-૧૭૦૫ એ ગાળો અખાના કવનકાળનો સ્વીકારવામાં આવે તો પંચીકરણની ભાષા અને અખેગીતાના રચ્યાવર્ષનો મેળ બરોબર બેસી જાય. અખેગીતામાં પણ જૂનું રૂપ સાચવી રાખ્યું હોય, જે પાછળની હાથપ્રતોમાં અર્વાચીન બન્યું હોય. જૂનામાં જૂની સં. ૧૭૭૪ ની હાથપ્રતમાં સ્વરૂપ અર્વાચીન ૧લી ભૂમિકામાં-એટલે કે પ્રેમાનંદની સિદ્ધ ભાષામાં છે.

---

૧ ગૂજ. વર્ના. સો. હ. લિ. પુ. નં. ૩૨૮ની હાથપ્રતમાં તૂટક છે. આ પ્રતનું લખ્યાવર્ષ મળતું નથી; મળ્યું હોત તો નિર્ણય કરવામાં ઘણી સરળતા થાત.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નરસિંહ અને મીરાંની ભક્તિજ્વાળા ક્યાંથી પ્રકટી એના ઉપર ખૂબ ચર્ચાઓ થઈ છે, પણ અખાની આ જ્ઞાનજ્વાળા ક્યાંથી ફૂટી એને વિશે કદી ક્યાંય પ્રશ્ન પુછાયો નથી. પોલિસકોર્ટમાં સિદ્ધ જેવા પુરાવા મળી જવાથી ફુલાયેલા ફોજદાર સાહેબ સમર્થક પુરાવા પછી ખોળવા ન બેસતાં આત્મવિશ્વાસ રાખી મુકદ્દમો ઉપરની કોર્ટમાં રજૂ કરે છે, જ્યાં સિદ્ધવત્ મનાયેલા પુરાવા સમર્થક પુરાવાઓને અભાવે તૂટી પડે છે અને મુકદ્દમો માર્યો જાય છે–તેવું જ અખાના વિષયમાં બન્યું છે. કાશીમાં બ્રહ્માનંદ ગુરુની કૃપા વરસી અને તેના બળે અખાની વાણી ખુલી, એ માની ચુકાયેલા સમર્થનમાં જનશ્રુતિ વિના એક પણ પુરાવો નથી. એટલે અખાને પ્રેરણા ક્યાંથી મળી એ પ્રશ્ન અસલ સ્વરૂપમાં જ આવી ઊભો રહે છે. એ ગુરુ કરવા ગોકુળ ગયાનું પોતે જ લખે છે; જેમકે

"ઘણાં કૃત્ય કર્યાં મેં બાહ્ય, તોએ ન ભાગી મનની દાઝ.
દર્શન વેશ જોઇ બહુ રહ્યો, પછે ગુરુ કરવાને ગોકુળ ગયો.૧૬૬"[1]

અને અગાઉ જણાવ્યું છે, તેમ એણે વૈષ્ણવી દીક્ષા લીધી; અને ત્રણ મહાપુરુષ મળ્યા, તે કોણ તે અગાઉ કહેવામાં આવ્યું છે. તે જ ત્રણ મહાપુરુષો ન હોય તો સ્વ. દી. બ. નર્મદાશંકરભાઇએ બીજો વિકલ્પ બતાવ્યો છે, તેમ ગુરુ, પરમગુરુ, પરાત્પરગુરુ એ ત્રણ તેને મળ્યા અને વાણી ખીલી; તેણે કાવ્યપ્રવાહ પુષ્કળ વહાવ્યો. આ તેની જ્ઞાનજ્વાળાની શરૂઆતનું કારણ? આ પ્રશ્ન જ પ્રશ્ન ઊભો કરે છે: અખાએ શું આ બધું નવીન અવતાર્યું? એની પૂર્વે એના જેવી કવિતા ન જ મળતી હોય તો એની જ એ નવીનતા ખરી, પણ એમ, ગૂજરાતી સાહિત્યનો ઇતિહાસ જોતાં જણાતું નથી. અખાની કવિતાનો સ્વપ્રતિભોત્થ વેગ ગાળી નાખતાં ભીતરમાં દોઢસો વર્ષ ઉપર થયેલો માંડણ બંધારો ડોકિયાં કરે છે. ગૂજરાતી સાહિત્યના ઇતિહાસમાં માંડણ બંધારો જૂનો જ્ઞાની કવિ છે. અખાનો તનમનાટ અને આત્મસાક્ષાત્કાર માંડણમાં નથી,

૧ અખાની વાણી, પૃ. ૧૬૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ એ પ્રકારનાં કાવ્યઝરણુ તો એમાં દેખાય છે જ. એ બંનેની સરખામણી કરિયે તો

| માંડણ | અખો |
| --- | --- |
| (૧) ષટ્પદી ચોપાઇ-કાવ્યબંધનો પ્રેમી | (૧) ષટ્પદી ચોપાઇ-કાવ્યબંધનો પ્રેમી |
| (૨) ખૂબ ફરેલો | (૨) ખૂબ ફરેલો |
| (૩) ઢોંગી ધર્મગુરુઓનો વિરોધી | (૩) ઢોંગી ધર્મગુરુઓનો વિરોધી |
| (૪) સમાજના સડાનો વિરોધી | (૪) સમાજના સડાનો વિરોધી |
| (૫) હૃદયનો વૈષ્ણવ | (૫) હૃદયનો વૈષ્ણવ |
| (૬) ગુરુ તરફ સંપૂર્ણ આદર | (૬) ગુરુ તરફ સંપૂર્ણ આદર |
| (૭) જ્ઞાની કવિ | (૭) જ્ઞાની કવિ |

સર્વસામાન્ય જે સામ્ય છે, તે આટલું છે. બે વચ્ચે જબરદસ્ત જે તફાવત છે, તે એ કે એક **ફક્ત ઉપદેશક** છે, બીજો **પ્રતિભાશાળી તનમનાટવાળો** કવિ છે; પણ તે ઉપદેશકનાં વાવેલાં બીજોનો તદ્દન સ્વતંત્ર–સર્વતંત્રસ્વતંત્ર વિકાસ કરનારો માળી છે; એ લેશ પણ ભુલાવું ન જોઇયે.

(૧) ઉપરના સાત મુદ્દાઓમાંનો પહેલો મુદ્દો તો પ્રત્યક્ષનો જ વિષય છે. અખાએ ષટ્પદી ચોપાઇ એટલે કે ચોપાઇનાં છ ચરણોની એક કડી એવી રીતે અનેક અંગો લખી નાખ્યાં છે. એણે કડવાબદ્ધ અખેગીતા, દોહા–ચોપાઈબંધની કવિતા, ચાલુ રોળા–ઉલ્લાલના છપ્પા, દૂહા પરજિયા, સોરઠા, સાખીઓ અને પદો સિવાયની બીજી બધી કવિતા ષટ્પદી ચોપાઈમાં લખી છે. એ ષટ્પદી ચોપાઇ ગૂજરાતી સાહિત્યમાં પ્રયોજનારા માત્ર બે કવિઓ: માંડણ અને અખો. દોઢસો વર્ષમાં કે પછી આ જ સુધી કોઇએ એ ષટ્પદી ચોપાઈ પ્રયોજી નથી. માંડણની ષટ્પદી ચોપાઇનો નમૂનો અગાઉ આવી ગયો છે.[૧] એણે કહેવતોનો થર કર્યો છે, તેવો થર અખાએ નથી કર્યો; છતાં એ ચોપાઈઓની શબ્દાવલીઓ અને કહેવાતો અખામાં અત્રતત્ર આવી ગઈ છે:

---

૧ આ પૂર્વે પૃ. ૯૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| માંડણ | અખો |
|---|---|
| ૧. આગઇ કવિ ગ્યા મોટા કવિ<br>જે બોલઇ તે વાણી નવી. | ૧. કવિતા ઘણા કવિ કવી ગયા<br>અદ્યાપિ કવે પ્રત્યક્ષ રહ્યા. |
| ૨. ખિણ સાંભલવા શ્રોતા મિલ્યા<br>જાણો તિલ કોદ્રવામાં ભલ્યા<br>તેહની ઘચસિ ન ઘાણી હોઇ<br>વાંચિ વ્યાસ ન બૂઝઇ કોઇ. | ૨. અંધે અંધ અંધારે મળ્યા<br>જેમ તલમાં કોદરા મળ્યા<br>ઘેંસ ન થાય ન થાય ઘાણી<br>........................ |
| ૩. સસરુ અંધ નઇ વહુ સરગટુ. | ૩. આંધળો સસરો ને સણગટ વહુ |
| ૪. પાપમતીના મદિરા પીધ<br>વઢકણી વહુ નઇ પીય પક્ષ કીધ | ૪. ...........................<br>વઢકણી વહુએ દીકરો જણ્યો. |
| ૫. પરણી નારી તજી વનિ ગયુ<br>આલસ અંગિ તપસિ થયુ<br>કામબાણ ન સકયુ જાલવી<br>રડવડતી સ્ત્રી આણી નવી<br>શ્વાન ભસાવઇ હીડઇ ચકયુ<br>બાહરિ ન ગ્યુ ઘર ન રાખી સકયું. | ૫. અંગ આળસ ને તપસી થયો<br>ઘર મેલીને વનમાં ગયો,<br>કામબાણ ન શકયો જાળવી,<br>રડવડતી એક આણી નવી,<br>શ્વાન ભસાવે હીંડે છકયો,<br>અખ્યા હગ્યો નહિ ને ઘર નવ રખ્યો |

આ તો માત્ર પાંચ નમૂના જ આપ્યા છે, આવાં સામ્ય ઘણાં છે. "અખો–એક સ્વાધ્યાય" એ નિબંધમાં શ્રીઉમાશંકર જોશીએ આપેલાં અનેક ઉદાહરણો અહીં અનુસંધિત કરવાં.[૧]

(૨) બંને જણા ખૂબ ફરેલા હતા. માંડણના વિષયમાં આ પૂર્વે સૂચવાયું છે.[૨] અખો "તીરથ ફરી ફરી થાકયા ચર્ણ"નું સૂચન કરે છે.

(૩) ઢોંગી ધર્મગુરુઓના બંને વિરોધી હતા. માંડણનો તે વિષયક મત આ પૂર્વે આવી જાય છે.[૩] અખો તો સ્પષ્ટ જણાવે છે કે

"ગુરુ થૈ બેઠો હોંશે કરી, કઠે પાણ શકે કયમ તરી:
જ્યમ નાર નાંનડી હવું પ્રસૂત, વળતી વાધે નેં અદ્‌ભુત;

૧ ગૂ. વ. સો. તરફથી થોડા સમયમાં પ્રસિદ્ધ થશે; આનો ઉપયોગ કરવા દેવા માટે ભાઇશ્રી જોશીનો હું ઋણી છું.

૨ આ પૂર્વે પૃ. ૯૭

૩ આ પૂર્વે પૃ. ૯૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શિષ્યને ભારે ભારે રહ્યો, **અખા** તે મૂલગેથો ગયો. ૧૨
પોતે હરિ નૈં જાણે લેશ, કાઢી બેઠો ગુરુનો વેશ;
સાપને ઘેર પરોણો સાપ, મુખ ચાટી ચાલ્યો ઘેર આપ,
એવા ગુરુ ઘણા સંસાર, તે **અખા** શું મુકે ભવપાર. ૧૩"[1]

(૪) સમાજના સડાઓનો વિરોધ માંડણે સ્વલ્પ જેવો પણ કર્યો છે, જેવો કે,

"ટીલાં કાઢઇ મ ટોકર થાઇ, મૂઢ બિરિડા મંડન કાઇ,
હોઠ હુલાવિ જપ જાણિવુ, પૂજા ઘાટ મ સિલહલવુ,
એ વિધિ જાણુ ડંભક તણી, ખા ચોરીનઇ ગુલ આપણું. ૮૬"
(પાખંડવીશી, પૃ. ૧૧)

અખાએ એનાં અંગોમાં વેશનિંદાઅંગ, આભડછેટઅંગ, દંભભક્તિ-અંગ, જ્ઞાનદગ્ધઅંગ, વેશવિચારઅંગ, અજ્ઞાનઅંગ, કુટકળઅંગ, એ વગેરે અંગોમાં સમાજમાં ચાલતાં દંભ વગેરે ઉપર વારંવાર પુષ્કળ ટકોરા કર્યા છે. આભડછેટઅંગમાં એ કહે છે:

"આભડછેટ અંત્યજની જણી, બ્રાહ્મણ વૈષ્ણવ કીધા ઘણી;
બારે માસ ભોગવે એ બે, સૌને ઘેર આવી ગઈ રહે.
**અખા** હરિ જાણે જડ જાય, નૈં તો મનસા વાચા પેશી રે કાય. ૯

× × ×

ઇશ્વર જાણે તે આચાર, એ તો છે ઉપલો ઉપચાર;
મીઠાં મૌડાં માન્યા દ્રાક્ષ, અન્ન નોય અન્નમાંની રાખ:
સોનામુખી સોનું નવ થાય, **અખા** આંધળીને પાથરતાં વાણું વાય. "૬

(પ) બંને હૃદયના પક્કા વૈષ્ણવ છે, હરિમાં પૂર્ણ શ્રદ્ધાવાળા છે. માંડણ વૈષ્ણવ છે, એ અગાઉ બતાવ્યું છે,[2] જ્યારે

"હરિ પામવા સૌ તપ કરે, **અખો** હરિમાં મેળે ફરે;
મારે સમરસ શેજ સંયોગ, સાવ સ્વતંતર પામ્યો ભોગ,
જેમ ભરસાગરે તીમિંગલ રમે, હું હરિમાં તો દેહ કોણ દમે. ૨૫૭
પેરે પેરે મેં જોયું મથી, જે હરિ વિના પદારથ નથી:

---

૧ અખાની વાણી, પૃ. ૧૪૩ ૨ આ પૂર્વે પૃ. ૯૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તો આઠ વેંતનો હુ જે ઘડચો, તે તે કયાં અળગો જઇ પડચો,
એમ જોતાં હરિ લાગ્યો હાથ, ટળ્યો **અખો** ને એ રહી આથ્ય. ૨૫૮"[1]

અખા જેવો ચુસ્ત જ્ઞાની પણ ગોપીભક્તિ પાછળ ગાંડો જણાય છે; એ ગોપીભક્તિમાં દોષ નથી જોતો:

"જ્ઞાની વિહારી ગોપી જશા, તે જ જ્ઞાની જે'ને ગોપીની દશા;
ગોપી ભૂલી ઘર ને બાર, ગોપી ભૂલી કુટુંબ પરિવાર;
પોતાની દેહ પણ ભૂલી ગઇ, **અખા** કામની કુલવંત થઇ. ૬૯૭
પ્રસન્ન થઇ પ્રભુપ્રેમ મળ્યો. જાગ જોગારથ કરવો ટળ્યો;
વિધિ નિષેધ ને થાપ ઉથાપ, સંકલ્પ વિકલ્પ ટળ્યો સંતાપ;
પ્રગટચો ઉરમાં પ્રેમાનંદ, પિયે સુધારસ પ્રમદાવૃંદ,
સખી સમાગમ સદા નિજ ધામ, **અખા** અક્ષય રસ તેનું નામ. ૬૯૮"[2]

શાંકરવેદાંતના સમર્થ પંડિત શ્રીમધુસૂદન સરસ્વતી અસામાન્ય કૃષ્ણભક્ત હતા, અને कृष्णात्परं किमपि तत्त्वमहं न जाने કહી કૃષ્ણની પરાત્પરતા કહેતા, તેવી અખાના હૃદયમાં ગોપી અને કૃષ્ણની સર્વશ્રેષ્ઠતા ઉપરની ચોપાઇઓમાં સ્પષ્ટ થાય છે. પણ તેમ થવામાં મને કારણ તેનો વૈષ્ણવ દીક્ષાને કારણેનો અનુભવ મુખ્ય લાગે છે. તેના વેદાંત મતમાં પણ જગત ક્રીડાભાંડ છે, તેવી મતલબની કવિતામાં શ્રીવલ્લભાચાર્યજીના શુદ્ધાદ્વૈતવાદની છાયા દેખાય છે. (જુઓ નીચે અને પછી પૃ. ૫૬૫.)

ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય એ ત્રણે માર્ગથી મોક્ષ મળવામાં એ માને છે. જ્ઞાનમાર્ગીય છતાં ભક્તિ તરફનો જે તેનો પ્રેમ છે, તે તેના ઉપર વૈષ્ણવી અસર છે. એનું આખું જીવન એક જ્ઞાનમાર્ગીય ભક્તનું છે, જેમાં એનો વૈદાંતિક સિદ્ધાંત કેવલાદ્વૈત છે. ભક્તિ તરફનો તેનો અનુરાગ જુઓ:

"ઊવેષે નહીં કોહેનેં એ તો આતમા વિલશી રહ્યો ।
યેહનેં ભાગ્વત ગાએં ગીતા, ઊપનીષેદેં યે કહ્યો ॥૨॥
ભક્ત તે યે એમ જાંણે જાંણીનેં રદયા ધરેં ।
સ્વામી માહારો રહ્યો સઘલેં અહર્નિશ ચ્યંતન એ કરેં ॥૩॥

---

૧ અખાની વાણી, પૃ. ૧૭૧.   ૨ એજન, પૃ. ૩૧૮

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

ભુવન ત્રણ્ય માંહાં રહ્યો પૂરી પૂરણ સ્વે પરમાતમા ।
પોત તે પીઊયી નિરંતર ભેદ દેષૂ હું આત્ય માંહાં ॥૪॥
માહારો રામ રમે છે સર્વ વિષે એમ હેત્યેં હીંસે મંન ।
હરી કહેં હરી સાંભલે હરીનેં સોંપે તંન ॥૫॥
નિત્ય રાસ નારાંણ્યનો દેષે તે અનંત અપાર ।
યાંહા યેહેવો ત્યાંહાં તેહેવાં નારાયણ નરનારય ॥૬॥
ગદગદ કંઠ ગાતેં થકે રોમાંચિત હોએ ગાત્ર ।
હર્ષ આંસૂ હેત હ્રિદે પ્રેમ કરૂં તે પાત્ર ॥૭॥
નવનીત સરખૂં રદે કોમલ કહ્યૂં ન જાએં હેત ।
આંક્ષમાંહાં અંમ્રત ભરયૂં ભક્તિ કરૂં તે પેત્ર ॥૮॥
ષાતો પીતો બોલતો દેષે તે સઘલે રામ ।
વેધ્યૂ મન રહે તેહનૂ શથલ સંસારી કામ ॥૯॥
યમ જાર-લૂબધી યુવતી તેહનૂ મન રહે પ્રીતમ પાશ ।
અહનીંશ રહે આલોચતી ભાઇ એહેવૂં મન હરીદાસ ॥૧૦॥"[1]

(૬) ગુરુ તરફનો સંપૂર્ણ આદર બંનેમાં ઠીક મળે છે. માંડણે ગુરુપ્રેમ નીચે મુજબ વ્યક્ત કર્યો છે:

"**માંડણ** ભણઇ **શ્રીગુરૂપ્રસાદિ**, પારિ ગયા બહુ આદિ અનાદિ,
યેહ નરિ પ્રબોધ માનીયા, ગયા વૈકુંઠિ આપ શિબિકાયા,
કર અક્ષર શ્રુતિ મેહલ્યા લિખિ, રાજા રાજ્ય પ્રજા હુઇ સુખી. ૬૪૦"
(સંતોષવીશી, પૃ. ૭૯)

અખો તો ગુરુ માટે અસાધારણ પ્રેમ બતાવે છે. અખાના પ્રત્યેક કાવ્યમાં ગુરુ માટેનો આદર તેણે અસાધારણ બતાવ્યો છે, એ આ પૂર્વે બતાવવામાં પણ આવ્યું છે. અખેગીતાના પ્રત્યેક કડવાને અંતે "સેવો હરિ-ગુરુ-સંતને" એ ચરણમાં તેનો ગુરુપ્રેમ સ્પષ્ટ છે; એ ગુરુ અને ગોવિંદને એક જ માને છે. કેટલીક વાર તો એમ જ લાગે છે કે પ્રભુ જ એના ગુરુ છે:

"ગરવા ગુરુ મળ્યા રે, એવા સત નિરંજન દેવ;
મિષ્ટ વચન ગુરુદેવનાં, તેનો વિરલા જાણે ભેવ. ૧

૧ સં. ૧૭૭૪ની જૂની હાથપ્રતમાંથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેને જાત વરણ આશ્રમ નહીં, ને સહેજપણે અવધૂત;
ગુણ સાથે નહિ યોજના, સ્પર્શે નહિ પંચભૂત. ૨
અખિલ જગત ગુરુમાં રહે, અને ગુરુ રહે નિરધાર;
અન્ય-આશ્રિત નહિ ગુરુ વિષે, તે રહે પરાને પાર. ૩
એ અચરજ ગુરુનું ઘણું, જે અરૂપી ને અણલિંગ;
સ્વભાવે સાક્ષી તે સદા, પ્રતિબિંબે પંચ રંગ. ૪
સામર્થ્યે સઘળે રહે, અને સ્વયં રહે સંત પાસ;
ત્યાં મેળાવો અખા માહેરો, એ તો સ્વયં મળે અવિનાશ. ૫"[1]

(૭) બંને જણા જ્ઞાની કવિ છે, એ વિષયમાં અહીં લંબાણ કરવાની જરૂર નથી.

આ ચર્ચા પછી એટલું મુખ્યત્વ સમઝવાની સરળતા થશે કે કોઇ અને કોઈ રીતે અખા ઉપર માંડણ બંધારાની અસર છે; એની પરંપરાનોએ એકમાત્ર વિકાસક છે, અને આજે પટ્પદી ચોપાઈના વિષયમાં અખાનું અસાધારણત્વ તુલસીદાસની ચોપાઈથી જરાયે ઊતરતા પ્રકારનું નથી. અખાના વૈષ્ણવી સંસ્કારોએ જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યની ત્રિવેણીને ઝીલી લઈ જ્ઞાનની સરિતા વહાવી છે; એમાં અખાની રસિકતાએ અને પ્રતિભાએ કવિતાગંગા વહેવડાવી છે:

"સ્વયં શ્રીનાથજી વ્યાપી વિલસી રહ્યો, તું જ હૃદે બ્રહ્મ તેને ન જાણે;
અખિલ જે રાસ સ્વામી તણો ત્યાં સદા, ભુવનમાં ભુવનેશ્વર માણે.
તેહ પોતે પ્રભુ વ્યાપી રહ્યો વિશ્વમાં, તે હરિ વિસરે સર્વ પ્રકારે;
ચરિત્ર જોઇ વંદવા રંચ નહિ નિંદવા, ઘાટ નહિ બેસે બીજું વિચારે."[2]

આમાં શુદ્ધાદ્વૈત-સિદ્ધાન્તની આત્મરમણની અસર સ્પષ્ટ છે.

અખાનું કવિ તરીકેનું મૂલ્ય કેટલું? આ પ્રશ્નનો જવાબ અખાની પ્રતિભામાંથી ધોધબંધ ઝરતી વાણી જ આપી દે છે. જ્ઞાનની કપરી વાતોમાં પણ એ કવિતા વહેવડાવી શકે છે:

"અણછતી અજા તમારી, અંગીકૃત સરખી અશી;
તે મધ્ય પડિયું ધામ તમારૂં, ત્યારે ઇશ્વર થઇને વિલસી. ૬

---

૧ અખાની વાણી, પૃ. ૨૨૬ ૨ એજન પૃ. ૨૬૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે ઇશ્વરના ઐશ્વર્ય વિષે, અનંત ઉપજે ને ફરે;
ચૈતન્ય ચાલ્યું આવે તમારૂં, ત્યારે અનંત પ્રકારે ઉચરે. ૭
જેમ કાચનું મંદિર રચ્યું, નીલ પીત શુભ્ર શ્યામનું;
તે ઉપર તપીઓ સૂર્ય જ્યારે, ત્યારે વિચિત્ર રૂપ થયું ધામનું. ૮
કૈવલ્ય સૂરજ તપે સદા, માયા તે મંદિર કાચ;
ઇશ્વર નામ તે તેહનું, પણ જીવ થઇ માન્યું ન સાચ. ૯
અધિષ્ઠાન તે તમો સત્ય સ્વામી, તેણે એ ચાલ્યું જાય;
ત્યાં અણછતો જીવ હું હું કરે, પણ ભેદ ન પ્રીછાય. ૧૦"[1]

એની કવિતાનો પ્રવાહ એનાં અંગો અસાધારણ રીતે આપે છે; બલિષ્ઠ કવિ–તારો પૂરે ચઢેલી નદીને બે હાથથી વીંઝતો આગળ ધસ્યો જાય તેમ તે ખીલે છે:

"સકલ લોક ત્યમ જ્ઞાતા પુરુષ, એમ જાણે તે નર છે મૂરખ:
દેહ વિષે સૌ સરખા ગણે, જેમ કંચન તાર ત્રાપડમાં વણે;
અખા અમૃત તે પાણી નોય, રસ જાણી ગણસો માં તોય. ૧૭૦
જ્ઞાનીનો લક્ષ પરપંચ–પાર, જેમ નાવ ચાલે ધ્રુને આધાર.
વણવાળી જેમ વહે નદી, આવી મેલાણ કરે ઉદધી;
જેમ દીપક ફેરી ગત્ય ગગન, એમ પરબ્રહ્મમા અખા તું ગણ. ૧૭૧
સેજ સ્વભાવે સર્વાતીત, દ્વૈત તે જ ભાસ્યું અદ્વૈત,
જેમ ફુમાસ વિષે બૌ દીસે ભાત્ય, પણ પોત થકી નૈં અળગી જાત્ય.
અખા જ્ઞાતા દેખે અશું, અદ્‌ભુત કારણ જ્યાં ઉલસ્યું. ૧૭૨

× × ×

ભવન ત્રણ સ્ફુર્ણ મન તણું, જેમ સૂર્ય કારણ રેણી દિન તણું;
સૂરજ વિના નોહે દિનરાત, તેમ તે વિના કોણ દેખે ભાત:
અખા તેમ જે મનને લહે, ત્યારે સેજે પરમ કારણ રહે. ૧૭૪"[2]

ગૂજરાતીમાં અને તે ઉપરાંત હિંદીમાં પદોની પણ અખાએ રેલમછેલમ કરી નાખી છે; એ પદોમાં પણ તેની કવિપ્રતિભા દેખાયા વિના રહેતી નથી:

---

૧ અખાકૃત કાવ્યો, પૃ. ૨૮ (અખેગીતામાંથી)
૨ અખાની વાણી, પૃ. ૧૬૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"બ્રહ્મરસ તે પીએ રે, જે કોઇ આપે ત્યાગી હોય;
ભગજીવિદ્યા નટખેલ છે, તે ખેલે અખેલા કોય. ૬
કેસરીકુખથી સંચરે અને વાંકા રે મહાવીર;
તે ગર્જનાએ ગજરાજ નાસે, સીંઆલ છાંડે ધીર. ૨
સાત સાયર સહેજે તરે, જેમ એક અંજલી નીર;
બુડે નહિ કહું બિદ્દ ભાખી, ત્રવેણીને તીર. ૩
સંગ્રામે શૂરા લડે, જેના ધડ પર હોય ન શીશ;
ધાર અણી અટકે નહિ, જેને રોમે રોમે જગદીશ. ૪
મહા પરમારથી તેને કહીએ જે સર્વને કરે સંત;
અખો મહાતેજ માંહે, તે મળી રહ્યા મહંત. ૫"[૧]

અને

"નામેં ઘટ, બીના ઘટ નાહીં, જૈસે દેહ સંગ હોત છાંહી. ટેક
જૈસે મુકુરમેં પડત ઝાંહી, કહી ન જાત ન્યારી કે માંહી. ૧
પાનીમેં નભ દેખીઅત નીકે, જલકા મલ નહીં ઉનહીકે, ૨
બિન અકાસ સ્થલ નહિ રહેવુંકું, ભીતર બહાર બચન કહેવેકું, ૩"[૨]

"સંતપ્રિયા" અને બ્રહ્મલીલા એ વગેરે કાવ્ય એણે હિંદીમાં રચ્યાં છે. હિંદી કવિઓથી જરાપણ નબળી નહિ, તેવી કવિતા તે આપે છેઃ હિંદીના રૂઢ છંદો સવૈયા, એ અજબ જોરથી લલકારે છે.

"કહા ભયો કંચન કુંદસો અંગ, રંગ સુગંધ શોભા અતિ ઓપે.
કહા ભયો તાન તુરંગ તુરી ચઢે, ધ્રુજે ધરા જાકે નેક કોપે,
ધનદ સો ધન કરન સો દાની તો કહા કામ સર્યો હરિ તોપેં.
એતે ગુન અવગુન ભએ સોનારા, જો ગુરુ જ્ઞાન ન પાયો ગુરુપેં. ૧
મન રીઝાવન વેદવિદ્યા સબ, મન રીઝાવન ચૌદ વિદ્યારી;
મન રીઝાવન પાટ પટંબર, મન રીઝાવન મહોલ અટારી;
મન રીઝાવન તાપ તપે સબ, મન રીઝાવન હોય બ્રહ્મચારી.
મનકું મેટ મનાતીત પાવે, સો તો અખા હે ગુરુકલ ન્યારી."[૩]

---

૧ એજન, પૃ. ૨૨૫ 		૨ એજન, પૃ. ૨૮૪
૩ એજન, પૃ. ૧૨૮

P. P. Ac. Gunratnasuri M.S. 		Jin Gun Aaradhak Trust

અને બીજી દેશીઓ:

"ઉર અંતરમે આપ સ્વબસ્તુ, ઢિગ નહીં માયા તબેં
અન્ય નહિ ઉચ્ચાર કરિવે સ્વસ્વરૂપ હોંહી જબેં. ૧
મિથ્યા માયા તહાં કલ્પિત અધ્યારોપ કિનો સહી:
અર્દ્ધ માત્રા સ્વભાવ પ્રણવ સો, ત્રિગુણતત્ત્વ માયા ભઇ. ૨
આપ જ્યોંકે ત્યોં નિરંજન, સર્વ ભાવ ફેલી અજા:
જ્યોં ચુંબક દેખકેં લોહ ચેતન ત્યોં દષ્ટોપદેશ પાઇ રજા. ૩
પરમ ચૈતન આદિ નિરંજન અકરતા-પદ સો સદા;
અજા અલ્પ અર્વાક અંજન સો જગત પલમેં તદા. ૪
સગુણ બ્રહ્મ સો સ્તુતિ પદારથ, દષ્ટ પદારથ-સ્વામિની,
અખા બ્રહ્મ ચૈતન્યઘનમેં ભઇ અચાનક દામિની. ૫"[1]

વળી

"જૈસેં અંડ પિંડ ફૂટૈ વિહંગા, ઔર રૂપ ભયો ઓરહી રંગા;
આગેં અંડ મધ્ય ગંદા પાની, ચલન હલન તાકી કોમલ બાની. ૧
છંદ—બાની કોમલ અંગ ખેચર-ભૂચરભાવના સબ ટરી;
તેસેં જંત પ્રસાદ ગુરુતેં અહંતા અપની ગિરિ."[2]

"અનુભવબિંદુ"માંના નીચેના છપ્પા પણ એ કવિતા બતાવશે:

"જેમ વર્ષા ઋતુ જાય, શરદ ઋતુ રૂડી દીસે:
દામિની દોડી પળાય, વાય મન હળવા હીસે;
ચહુ દિસ ચમકે ચંદ, દૂંદ બહુ મનના ભાગે;
તેમ ભાગે ભવભ્રાંતિ, કાંતિ જેમ દ્વિતીયા આગે:
વિમળ વપુ હોય વારિ ચતુર લિંગ દેખી લહે;
ચિદાકાશ ચિનમય અખા ધ્યાતા ધ્યેય સમરસ રહે. ૧૫
મોટા મંદિર બહાર ચાર દિશા કાચો ઢાળ્યા;
નીલ પીત બહુ રંગ ઢંગના ભેદો ભાળ્યા;
ઊગ્યો શશી કાં સૂર દૂરથી અતિશે ઝળકે;
દેખાડે બહુ રૂપ, ધૂપ વિવિધ પેર ચળકે;
અખા ઉપર અવલોકતાં, તહાં તેમનું તેમ છે;
તેમ ત્રિલોકી જાણજો, એક વસ્તુ વડે એમ છે. ૪૨"

---

૧ એજન, પૃ. ૫૧

૨ એજન, પૃ. ૫૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અખાએ કવિતામાં બંધો પણ અનેક લીધા છે. અખેગીતા કડવાબદ્ધ કાવ્ય છે, બ્રહ્મલીલામાં એ જ પ્રકારના હરિગીતની દેશીના ચોખરા છે, તો પંચીકરણ, ચિત્તવિચારસંવાદ, અનુભવબિંદુ (બધા જ રોળા-ઉલ્લાલના છપ્પા) એ સળંગ બંધનાં કાવ્યો છે, જ્યારે ગુરુ-શિષ્યસંવાદ જૂના પ્રબંધ-પવાડા જેવું દોહરા-ચોપાઈનું કાવ્ય છે. છૂટી ષટપદી ચોપાઈ, દોહરા, સોરઠા અને દેશી બંધનાં અનેક રાગોમાં ગવાતાં હિંદી અને ગૂજરાતી પદો, એમ અનેક પ્રકારની વિવિધતા, મને લાગે છે કે ભાગ્યે જ બીજા ગૂજરાતી કવિએ સાધી હશે.

અને તેથી જ મને લાગે છે કે ૫૩ મા વર્ષની પૂર્વે અને પછી પણ અખાએ કવિતા ખૂબ રચી હશે. મારું દિલ તો એમ જ કહે છે કે ઓછામાં ઓછાં ૨૫ થી ૩૦ વર્ષ એટલે સં. ૧૬૭૫-૮૦ થી ૧૭૦૫-૧૦ સુધીમાં અખાએ કાવ્યનાં વહેણ વહાવ્યાં છે. પણ પછીના કવિઓ એ કવિતા ઝીલી શકયા નથી; એટલે તેની જ પદ્ધતિ-ની કવિતા આપી શકયા નથીઃ ભાણદાસ તેના સમયમાં જ અને ધીરો-જગજીવન પછીના સૈકાઓમાં થોડો-ઘણો વેગ સાધે છે ખરા.

અખાનાં કાવ્યો જીવનને ઉચ્ચ ભૂમિકાએ પહોંચાડવામાં, આદર્શ જીવન ઘડવામાં પણ ઓછાં ઉપયોગી નથી; એણે સંસારના અટપટા રંગોને કાવ્યમાં વણી તેની મોહિનીનો પરિચય બની શકે તેટલી માર્મિક રીતે આપ્યો છે. એણે જ્ઞાનની પાછળ જ પોતાનું જીવન ન્યોછાવર કરી દીધું છે અને બીજાઓને ન્યોછાવર કરી દેવાની સરળતા કરી આપી છે.

અખાની પરંપરા ચાલ્યાનું કહેવાય છે. લુણાવાડા તાબાના વીરપુરના કોઈ લાલદાસ તેના શિષ્ય હતા. તેના હરિકૃષ્ણ મહારાજ (અમદાવાદ), તેના જીતામુનિ નારાયણ (સૂરત જિલ્લાના ઉત્તરાણમાં), તેના કલ્યાણદાસજી (કહાનવો બંગલો) શિષ્ય થયા. તે પછી તે જ ગામમાં પૂર્ણાનંદ, દયાનંદ, અને ભગવાનજી મહારાજ શિષ્ય-પ્રશિષ્ય થયા. આમાંના છેલ્લા અત્યારે વર્તમાન છે. (જુઓ, અપ્ર. અ. વાણી. પૃ. ૨૮૦)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચરિતસામગ્રી:

૧. અખાકૃત કાવ્યો, ભાગ ૧–૨ (ગૂજરાત વર્ના. સોસાયટી)
૨. બૃ. કા. દો, ભા. ૧–૮ (ગૂજરાતી પ્રેસ, મુંબઇ)
૩. અખો—દી. બ. નર્મદાશંકર મહેતાકૃત
૪. Gujarata and its Literature by K. M. Munshi
૫. ગૂજ. સા. ના માર્ગ. સ્તંભો, દી. બ. કૃષ્ણલાલ મો. ઝવેરીકૃત
૬. "અખાની વાણી" (સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ)
૭. કવિચરિત્ર, શ્રી ડાહ્યાભાઇ ઘે. પંડિત–કૃત
૮. Classical Poets of Gujarat, by G. M. Tripathi
૯. Guj. Lang & Lit. by late N. B. Divetia
૧૦. ગૂજ. વર્ના. સો. હ. લિ. પુ. સંગ્રહની હાથપ્રતો
૧૧. "અખો" એક સ્વાધ્યાય, શ્રી ઉમાશંકર જોશી–કૃત
૧૨. ગૂજ. સા. પરિષદના રિપોર્ટ (ગૂજ. સા. પરિ. મુંબઇ)
૧૩. "ગૂજરાતી" પત્રની ઈ. સ. ૧૯૧૩–૩૩ની ફાઇલો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# સુરભટ્ટ

[ સં. ૧૭૦૪માં હયાત ]

**આવીસ કડવાંમાં** મહાભારતના અંતિમ પર્વ સ્વર્ગારોહણીનો સાર સાદા દેશીબંધમાં અર્પનાર સુરભટ્ટ નામનો એક પૌરાણિક રૈકવબ્રાહ્મણ સં. ૧૭૦૪માં કલોલમાં હયાત હતો, તેવું તેના તે કાવ્યને અંતે કરેલા ઉલ્લેખથી જાણવામાં આવે છે. કાવ્યાંતે તે જણાવે છે કે—

"સંવત ૧૭૦૪ **ચારોતર** શાર ॥ જેષ્ટ મારા બારેશ ગુરૂવાર ॥
**શ્વર્ગારોહેણી** કીધી ગ્રંથ ॥ જેહેમાં શકલ ધરંમનો પંથ ॥
ગામ **કલોલ્લી** (કરોલી ?) રેહેવું વાસ ॥ રચીક (રઇકચ) બ્રંમગ્નાની વેદ આચાર
રૂડી સ્તુતી **નારાયણ**ની કરે ॥ **સુરભટ** સુત તેહેનો મંન ધરે ॥"[1]

(કડવું ૨૨મું)

કવિના પિતાનું નામ નારાયણ જણાય છે. ૨૨ કડવાંના આ કાવ્યનાં આરંભનાં ૯ કડવાંમાં કલિયુગનું વર્ણન છે; તેની જુદી હાથપ્રતો પણ મળે છે. આ કાવ્ય તેણે સં. ૧૭૦૪માં (કયાંક ૧૮૦૧, ૧૭૨૩, ૧૭૧૪, ૧૨૦૫, ૧૬૪૦ એવી સાલ પણ મળે છે; પણ તે બધી પ્રામાદિક છે; એથી જ સાં. ૧૭૦૪માં) આ કાવ્યની રચના કરી છે. આ કવિએ વીરજીના "સુરેખાહરણ"માં પોતાનું નામ ઘુસાડયું કહેવાય છે;[2] જો કે એવી કોઇ હાથપ્રત અમારા જોવામાં આવી નથી. અને ઉપરની સ્વર્ગારોહણીની તો અનેક પ્રતો મળે છે કે જેમાં અચૂક રીતે સુરભટ્ટનું જ નામ મળે છે; અને એ કાવ્ય અદ્યાપિ કોઇ પણ બીજાની છાપ-વાળું મળતું નથી.

સ્વર્ગારોહણીનાં આરંભનાં ૯ કડવાંમાં કલિયુગનો મહિમા આવે છે. વળી એ સ્વતંત્ર કાવ્યરૂપે પણ મળે છે. કાવ્યની દૃષ્ટિએ આમાં

---

૧ ફા. ગૂ. સ. હ. લિ. પુ. નં. ૮૨ ક

૨ જુઓ: ફા. ગૂ. સભા. નામાવલી, ભાગ ૨જો, પૃ. ૧૪૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખાસ વિશિષ્ટતા નથી, છતાં કલિયુગનું વર્ણન બહુ અસર કરે તેવી રીતે આપવામાં આવ્યું છે. એમાં કવિએ વેગ પણ સારો સાધ્યો છે. એમાંનો થોડો ભાગ જ નમૂના તરીકે જોઇયે:

"વડ પીપલ આંબા વાઢશે, લેઇ ધન દેવાલાં કાઢશે;
તુલસી ગો બ્રાહ્મણ ને દેવ, કો નહિ માને અવશ્યમેવ. ૧
વેશ્યા ધરશે લાજ અપાર, મહા નિર્લજ કુલવંતી નારય;
સીસાનાં નાણાં ચાલશે, ન્યાય હશે તેહને શૂલીએ ઘાતશે. ૨
તલાવ માંહે કરસણ વાવશે, સાધુ હશે તે દુખિયા થશે;
સુખિયા થશે પાપી લોક જેહ, આગલ્ય નરક નર જાશે તેહ. ૩
અનામિકને ઘેરય આચાર, ઉત્તમવર્ણ ભ્રષ્ટ સંસારય;
પંડિત ઉપરથી ભાવ જશે, સરવે ગરુડાને માનશે. ૪
માંહોમાંહે વિષ દેશે ઘણા, એવાં લક્ષણ કલિયુગ તણાં;
વૈષ્ણવ થઇ ઘેરય ઘેરય નાસશે, અંત્યજ પાસે અંન જાચશે. ૫

× × ×

લેશિ કરજ નહિ આપે વલી, મત ફેરવશે પાપી કલિ;
ભૂંડો પુર્ખ ને રૂડી નારય, જોડાવાનો નહિ સંસારય. ૮
જે નર સુખે મળશે અન્ન, તેહને નૃપ દંડી લેશે ધંન;
ખેડૂના ચ્યારે ભાગ જશે, તે ઉપરય બલદ વેચાવશે. ૯
રાજા પ્રજા દેસાઈ વજીર, પટેલ તલાટી ચ્યારે ધીર;
ઘરલેખ મૂકી કરે જમાન, પ્રજા તણાં ટાલે અન્ન પાન. ૧૦
જૂઠાં બોલશે લેશે લાંચ, કરશે કૂડા કોટી પરપંચ;
સુપાત્રને જોડાએ મારશે, કુપાત્રને આસન્ય થાપશે. ૧૧
સુપાત્રને કોડી નહિ દે, કુપાત્રનાં ચરણોદક લેઇ પિએ:
માતપિતા બાલક વંચશે, નારી છાનાં ધન સંચશે. ૧૨
પુત્ર જણ્યાની પડશે વેઠ, પુત્રી જમાઇ ઘર ભરશે પેટ;
પુત્ર પિતાનું છેદશે શીસ, સાચું કેહેતાં ચઢશે રીસ. ૧૩[1]

× × ×

મોટા કુલની કન્યા જેહ નીચ તણે ઘેરય જાશે તેહ,
શૂદ્ર વિપ્રને દેશે વ્યતું, કેહેશે ગાલ્ય અણઘટતું છતું. ૨"

---

૧ "બુદ્ધિપ્રકાશ" વર્ષ ૭૯, પૃ. ૧૭૨ને આધારે (કડવું પમું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ખાવા પીવા રમવા ઘણું એ સાધન નરક જ તણું:
બહુ કપટી માલા પેહેરશે, ધન લેવા ઘેરચ ઘેરચ હેરશે. ૨૧
કૂડા રાજા ને કૂડા પ્રધાન, કૂડા જ્ઞાની, દાન માન;
કૂડા મેહ સ્નેહ ન ભાવે, કૂડાં સગપણ વનિતા હાવે. ૨૨
કૂડાં દેવતીરથ વિશ્વાસ, કૂડા નિત્ય વિચારી આશ:
કૂડી માયા છલ અહંકાર, કૂડાં વચન વિવેક વિચાર. ૨૩
કૂડાં ધર્મ કર્મ ને પ્રીત્ય, કૂડી સઘલી કલિયુગે રીત્ય;
કૂડી વિનતા કૂડા પુત્ર, કૂડા બાંધવ ને ઘરસૂત્ર. ૨૪
કૂડી લક્ષ્મી ને મંદિર ધામ, કૂડા સરલ મનોરથ કામ;
કૂડો છે સકલ સંસાર, કૂડો હરખ શોક વિવહાર. ૨૫"[૧]

કૃષ્ણના સ્વધામપ્રયાણ પછી દ્રૌપદીએ કૃષ્ણલીલા ગાઈ છે, એ પ્રસંગ કવિએ સારો આપ્યો છે, એમાં કવિતાના અંશો છે:

"દ્રુપદસુતા કેહે, ગોપીએ રે, સુકૃત કીધાં સાર;
રજની કરી ખટ માસની રે, વિલસ્યા રાસવિહાર. ૫
જમનાજીને કાંઠડે રે, કેશવ રમતા દૂર;
લેવા દાણ દધિ તણું રે, સુખ સાગર સંપૂર. ૬
અમૃત સરસી મોરલી રે, વન વાહાતા જયદુવીર;
સુણી મોહ પામી વ્રજવધૂ રે, જાતી ભરવા નીર. ૭
ઘેરચ ઘેરચ માખણ ચોરતા રે, ઘેરચ ઘેરચ દોહોતા ગાય;
ઘેરચ ઘેરચ આંગણ નાચતા રે, પોતે વૈકુંઠરાય. ૮

× × × ×

વૃંદાવન્ય ગો ચારતા રે, પીતા જયમુના-વારચ:
મોહન વંશી વજાડતા રે, કંઠે ગુંજાનો હાર. ૧૩
મયૂરપિચ્છ મસ્તકચ ધરચાં રે, ઘાતણાં અંગોઅંગ્ય:
ગોમંડનનાં મંડન કરી ગોપી કરતા અનુરાગ. ૧૪
ઘનશ્યામ-ઘન વિઠ્ઠલો રે, પીતાંબર-પરિધાન;
નેત્રકમલ શોભતાં રે, સૂરજ કોટિ સમાન. ૧૫
મસ્તકચ મુગટ સોહામણો રે, ખીંટલિયાલા વાલ;
ચાલ્ય સરસ લટકતી રે, તિલક વિરાજિત ભાલ. ૧૬

૧ એજન, પૃ. ૧૭૩-૭૪ ને આધારે (કડવું ૬૬ું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રવણે કુંડલ શોભતાં રે, કંઠે વૈજયંતી માલ;
અંગ પ્રોંહોચી મુદ્રિકા, કટિ મેખલા રસાલ. ૧૭
કર ગ્રહી ગેંડી સઘલાં કરચ પૂરિત પાત્ર,
વ્રજમંડલ વચ પરવરે, સુખ પામે વ્રજજન માત્ર. ૧૮"[1]

સ્વર્ગારોહણીનો ભાગ કવિએ તે જ વેગથી બનાવ્યો છેઃ

"સૂંણી વાંણી યુદિષ્ટિરની, વીર થયા રલિઆત્ય ।
કેડચેં ચાલ્યાં કાંમિની નેં આગલિં સઘલા ભ્રાત ॥૮॥
સ્નાંન સંધ્યા સાચવે, મારગિં કરે કૃત–આહાર ।
ચાલતાં દિવસ કેટલે, જૈ પોતા શિવકેદાર ॥૯॥

× × ×

પછે વીસ જ્યોજન આવીઆ, તે પાંડવ પાંચે વીર ।
દીઠાં વૃક્ષ સોહામણાં એક નદી કેરું તીર ॥૧૩॥"[2]

સુરભટ્ટનું આ એક જ કાવ્ય, પણ તેને આખ્યાનપદ્ધતિના કવિઓમાં મૂકવા પર્યાપ્ત છે.

એની ભાષા મધ્ય. ગૂજ.ની ૪થી મિશ્રભૂમિકા ઉતારવા આવી છે. સં. ૧૭૦૪માં નવું રૂપ સ્થાપિત થઈ ચૂક્યું હતું, છતાં જૂના અંશો ક્યાંક જાળવી રખાતા હતા; ખાસ કરીને સાતમીના य પ્રત્યયના મૂળનો इ સાચવવામાં આવતો ઉપરના છેલ્લા અવતરણમાં મળે છે. બાકી ક્રિયાપદો–નામો વગેરેમાં ए–ओ આવી ગયા સ્પષ્ટ છે.

આ કવિ પ્રેમાનંદના બાલ્યકાળમાં થયેલો છે. એની બીજી કોઈ કૃતિ મળતી નથી. આ જ નામને મળતા નામનો એક સુરદાસ તેનાથી એક સૈકો જૂનો થયો છે કે જેનાં સગાળશા–આખ્યાન, ધ્રુવાખ્યાન, અને પ્રહ્લાદાખ્યાન મળે છે.

ચરિતસામગ્રીઃ

૧. ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૨૦૧ વગેરે
૨. ફા. ગૂ. સ. હ. લિ. પુ. નં. ૮૨ क, ૩૧૯ अ વગેરે

---

૧ એજન, પૃ. ૧૮૦–૮૧ને આધારે (કડવું ૯મું)
૨ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૮૯૯ (કડવું ૯મું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ગોવિંદ—મોરાસુત

[ સં. ૧૭૦૫માં હયાત ]

**અ**ત્યારે ગૂજ. વર્ના. સો. ના સંગ્રહમાં પ્રાપ્ત થતી "સુધન્વાખ્યાન"ની એક માત્ર નકલથી જ[1] જેના અસ્તિત્વની ખબર પડે છે, તે મોરાસુત ગોવિંદ સૂરતનો વતની અને જ્ઞાતિએ કંસારો હતો તેમ જ સં. ૧૭૦૫માં હયાત હતો, તેવું તેના એ એક માત્ર મળતા કાવ્યના અંતભાગથી જણાય છે. ત્યાં તે જણાવે છે કેઃ

"સંવત્ **સત્તર સત પાંચ** વરષે ॥ વ્રખા રત આખાડ ॥
શુકલ પક્ષ દ્રીતીઆ રવી ॥ પાલવું પ્રભૂજી લાડ ॥૪૭॥
કથા એ આરંભ કીધો ॥ સુભ નક્ષત્ર વેલા સાર ॥
શ્રાવણ સુદ બુધવાર દ્રીતીઆ॥ પુરંણ થઇ નીરધાર ॥૪૮॥
**ભાંનુ** જાતી રે ગાંમ **સુરત** ॥ તાંહાં વસું છું વાસ ॥
**કંસારા** કૂલે માહારૂં ॥ શ્રીનાથ પૂરી આસ ॥૪૯॥
દીંનબંધ દયાલ શ્રીપત્ય ॥પૂર માહારું કોડ ॥
**મોરાનો સુત વીનવે** ॥ ગોવંદ કેહે કર જોડ ॥૫૦॥

આ અવતરણમાં તેણે "કંસારા કુલ" અને જ્ઞાતિ "ભાનુ" લખી છે. એ ઉપરથી સમઝાય છે કે એ "ભણસાલી" જણાય છે, અને ધંધે કંસારો છે. આ ઉપરથી જાણવા જેવી હકીકત મળે છે તે એ કે ભણસાલીઓ કંસારાનો પણ ધંધો કરતા. આ જોતાં અત્યારની કંસારા જ્ઞાતિ "સોરઠી અને ગુજ્જર" ભણસાલીઓમાંથી જ ઊતરી આવી હોય. ગોવિંદ પોતે જ પોતાના વિષયમાં માહિતી આપતો હોવાથી એના "ભણસાલી" હોવા વિશે કાંઇ પણ શંકા રહેતી નથી.

ગોવિંદનું ૧૫ કડવાંનું આ એક જ કાવ્ય પ્રાપ્ત થાય છે; નકલ પણ એક માત્ર મળે છે, તેમાં પણ આદિ ભાગ તૂટતો હોવાથી ૬

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૭૦૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કડવાં અને ૭ મા કડવાની ૧૪ાા કડીઓ નષ્ટ થઇ છે. એનો આદિ ભાગ મળ્યો હોત તો તેના ધર્મ વિશે વિશેષ ખુલાસો મળી શકત. કાવ્યના અંતભાગમા "શ્રીનાથ"ને આશ્રયપૂરક કહેતો હોવાથી તેમ જ શ્રીનાથની વીનતી કરતો હોવાથી તે વૈષ્ણવ જણાય છે. શ્રીપત્ય એટલે અત્યારે ઉદેપુર નજીક નાથદ્વાર નામક ગામમાં બિરાજતું વૈષ્ણવોના ઈષ્ટ દેવ શ્રીનાથજીનું સ્વરૂપ સમઝાય છે. કંસારાઓ ચુસ્ત વૈષ્ણવો હોય છે, તે વઢવાણ, સિહોર વગેરે કંસારાઓની જ્ઞાતિનો મોટો સમૂહ ધરાવતાં ગામો તેમ જ જ્યાં જ્યાં છૂટા છવાયા કંસારાઓ રહે છે, ત્યાં ત્યાં જોવાથી જાણી શકાય છે; ભણસાલીઓ પણ વૈષ્ણવો જ છે.

સુધન્વાખ્યાન કરુણ અને વીરરસના સંકરવાળું કાવ્ય છે; શરૂમાં તાતી કઢાઇમાં સુધન્વાને નાખવામાં આવે છે, એ કરુણ પ્રસંગ છે, પણ તેમાંથી સુધન્વા ઊગરી જાય છે. પછી અર્જુન સાથેના યુદ્ધપ્રસંગે વીરરસનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. કરુણ રસ કવિ નીચે મુજબ જમાવવા પ્રયત્ન કરે છે:

"સેવક સીઘ્રેં લઇ ગયા જહાં કઢા તાંહા તતકાલ ।
ચોહોગમાં પાવક પર્જલે બ્રંહ્માંડ લાગી ઝાલ ॥૨૩॥
સેવકની આગ્યા લેઇ સીગ્ર કીધું સ્નાંન ।
મંનશા સીધ માહાપૂરસસું ધર્યું ધરણીધરનું ધ્યાંન ॥૨૪॥
સુધંનવા કેહે સુણો સ્વાંમી નથી માહારો વાંક ।
કોપીઆ રા પ્રોહીત મૂ પર સું કરૂં હું રાંક ॥૨૫॥
દીનાનાથ દયાલજી તું કરે માહારી સાર ।
અપરાધવંત પણ સરણ તાહારે રાખજો આ વાર ॥૨૬॥
જાંહાં જન્મ તાંહાં મર્ણ સ્વાંમી કસો તેહેનો સોક ।
હરીભક્ત ઊગાર્યો નહી હરી હસસે તમનેં લોક ॥૨૭॥
× × × ×
સેવક કહે સુંણ સુધંનવા તું કાં લગાડે વાર ।
પ્રોહીત પાપી આવસે અંમ તણો ફેડે ઠાર ॥૪૪॥
વીલંબ જો મહીપાલ જાંણે રાંએ આંણે રોંસ ।
હવેં અહીં તુઝનેં નાંખસું તું રખે દેતો દોસ ॥૪૫॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અંન્યોઅંન્ય એંમ ઓચરે ગઇ નગર મધ્યે વાત ।
સુધંન્વા સહુ પછી આવો તલાવે છે તાત ॥૪૭॥
માતા કેહે ષોટી કરચો મેં એ પાપ માહારે સાસ ।
કેંમ સેહેસેં અગ્નીજવાલા રાખજો જુગદીસ ॥૪૮॥
ભગની કેહે દુરભાગણીએં કરચો ખોટી વીર ।
ભગત વહાલી ભૂદરની રાખશે શ્યાંમશરીર ॥૪૯॥
પ્રભાવતી કેહે લહુ કહૂં પીઉજી ચતુર સુજાંણ ।
નાયનો મેં વધ કરાવ્યો પાંહાંનીએ મુખ્ય જાંણ ॥૫૦॥
સજન કુટુંબ ટોલે મલીનેં કરે અતી કલપાંત ।
કેહે સુધંનવાનેં શ્યાંમ વાહાલા આંણસે નહીં અંત ॥૫૧॥
આલેટે અવની પડચાં નેં ટલી દેહની સાંન ।
કેસ ટૂંપે કામ્યની કેહે રાખજો ભગવાંન ॥૫૨॥"[1]

કવિ આ રસ જમાવવામાં જોસ કરી શકયો નથી, છતાં બિંદુ આપી શકયો છે. વીરરસમાં કાંઇ વિશેષ ચમક આપી છે.

એના આ એક માત્ર કાવ્યમાં તેણે સ્વીકારેલી કાવ્યપદ્ધતિ સામાન્ય પૌરાણિક ધાટીની છે. વર્ણનશક્તિ વિશેષ હોવાથી કડવાંઓ લાંબાં મળે છે; પણ સુરસિક શબ્દોમાં આપતો હોવાથી વાંચવામાં અણુગમો આવતો નથી. પાત્રાલેખનની દષ્ટિએ પણ કાવ્ય ઠીક છે. બેશક તેમાં પ્રેમાનંદની પ્રતિભાનાં દર્શન નથી થતાં.

આ કાવ્યની નકલ સં. ૧૭૪૨ જેટલી જૂની છે, છતાં લેખનની શુદ્ધિને અભાવે તત્કાલીન ભાષાનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થતું નથી. કવિએ શબ્દપસંદગી સારી કરી હોવાથી ભાષા ઉપરનું પ્રભુત્વ સમઝાય છે, અને તેથી તેણે મૂળ કાવ્યમાં શુદ્ધિ અવશ્ય સારી રાખી હશે. આ કાવ્ય સં. ૧૭૦૫ માં તેણે સૂરતમાં લખ્યું તે તે વખતની શિષ્ટ ભાષાનું સ્વરૂપ સાચવે એમ માનવામાં બાધ નથી.

ચરિતસામગ્રીઃ

૧. ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૭૦૯ની હાથપ્રત

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૭૦૯ (કડહું ૭મું), પૃ. ૧૩–૧૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# માધવદાસ

[ સં. ૧૭૦૫માં હયાત ]

સૂરતનો વાલ્મીક કાયસ્થ કવિ માધવદાસ તેનું એક પણ સંપૂર્ણ કાવ્ય છપાયું નહિ હોવાથી જોઇયે તેવો પ્રસિદ્ધ નથી;[૧] છતાં એક ઠીકઠીક કવિ છે. તેણે દશમસ્કંધનો અધ્યાયવાર છતાં સ્વતંત્ર રીતે પદબંધ રચ્યો છે અને એ ઉપરાંત તે જ પદ્ધતિએ આદિપર્વ ગૂજરાતીમાં પદબંધ રચ્યું છે. તેણે દશમસ્કંધ ૧૭૦૫માં–શાકે ૧૫૭૧માં રચેલો છે; જે તે કાવ્યના અંતભાગમાં આપેલા તેના નીચેના ઉલ્લેખથી સમઝાય છે. ત્યાં તે જણાવે છે કે—

"**સંવત સતર પાંચ્ય ને**[૨] ॥ સાકની સંક્ષા કહુ ॥
**પનર સત એકોતેર** ને ॥ દક્ષણાયન રવી તે લહૂ ॥૫૬॥
ભાદ્રવા કૃષ્ણપક્ષ દ્રીતીયા ॥ ચંદ્ર સુધ વાસર વલી ॥"
( દ. સ્કં. અધ્યાય ૯૦મો )[૩]

તેનું આદિપર્વ સં. ૧૬૭૫માં રચાયેલું સાંપડે છે,[૪] તે તેના નીચેના ઉલ્લેખથી સમઝાય છેઃ

---

૧ બૃ. કા. દો. ભાગ ૮મામાં "રુક્મિણીહરણ" "લક્ષ્મણાહરણ" ને "ઓખાહરણ" છપાયાં છે, તે તેના ભાગવત–દશમમાંથી છે.

૨ મૂલ પ્રતમાં પાંચ્યોતેરે સુધારી પાંચ્ય ને કરેલ છે. પાંચ્યોતેર હોય તોયે ૧૭૦૫ થશે; કેમકે શાકે ૧૫૭૧ છે. તેમાં ૧૩૪ ભળતાં સં. ૧૭૦૫ આવે જ. બૃ. કા. દો. ભાગ ૮મા (પૃ. ૫૬૩)માં સં. ૧૭૭૫ માન્યા છે; પણ તે શાકે ૧૫૭૧ જોતાં ખોટા છે.

૩ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૭૩

૪ એજન, નં. ૩૦ની નકલ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"સંવત સોલ પંચોતેર[1] પુરણ ઉત્તમ અસ્વન માસ,
શુકલપક્ષને ચતુરદશી રવીવારે પોહોતી છે આશ. ૧૭"
(આ. પ. કડવું ૧૨૮)

આમ આ પાઠ જોતાં તેનો સમય ૧૬૭૫–૧૭૦૫ તો નિશ્ચિત લાગે. આદિપર્વમાં શાકનો ઉલ્લેખ નથી, એટલે ૧૬૭૫ છે કે ૧૭૦૫ છે, તે પ્રથમ નજરે મુસ્કેલ છે; પણ ગણિતની દૃષ્ટિએ વિચાર કરવામાં આવતાં સં. ૧૬૭૫ ને બદલે સં. ૧૭૦૫ના આશ્વિન માસની સુદિ ચતુર્દશીને દિવસે રવિવાર આવે છે, એટલે આદિપર્વની નકલમાં ૧૭નો ૧૬ થઈ ગયો સંભવે છે, અને પંચોતેર તે પાંચ–ઉત્તર છે.

તેના વતન, જ્ઞાતિ વગેરેના વિષયમાં તેણે તેના આ બંને કાવ્યંને અંતે આવશ્યક માહિતી આપી દીધી છે. દશમસ્કંધમાં ઓળખ આપતાં તે જણાવે છે કે—

"સુરત બંદર તાપીત્રઠ સહી તે મધ્યે વાસો રહું ॥
વાલ્મીક કાયસ્થ જ્ઞાત માહારી હવ્ય કવ્ય કાંઇ નવ્ય લહું ॥
સુંદરસુત બેહે પાંણ જોડી સંત મહંતની વીનતી કરે ॥
માધવદાસ ચરણે રાખો ભવસાગરમાંથી જમ તરે ॥"
(દ. સ્કં. ૯૦મો અધ્યાય)

આદિપર્વમાં જરા વિસ્તારથી તે પોતાની ઓળખ આપે છેઃ

"પુરવે તાત પિતામહ સ્થાનકે અંકલેશ્વર માંહાં વાંસ.
કાએસ્થ કુલ વાલમીક ગ્નાતી વૈષ્ણવસુત સુંદરદાસ. ૬૨
તેહ તણો સુત કાંઇઓ ન જાંણે બાલક બુદ્ધ આસંન.
માધવદાસ કહે કર જોડી કીપા કરો હરીજંન. ૨૩
હવડા વાશ અલ્પમતીનો સુરજપુર નિરધાર.
સુરજદેહા–તાપીત્રટ ઉપર...તા હોતે વાશ. ૨૪
× × ×

---

[1] આ વર્ષ ૧૬૭૫ હજી સંભવે, ૧૬૦૫ તો ન જ હોઈ શકે. પણ ૧૭૦૫ હોય તો જ બંધ બેસે તેમ છે. એક માસ જેટલા સમયમાં તેણે આદિપર્વ રચી કાઢયું હશે; અથવા તે કથા કરતો હોય અને એક કાવ્ય ભાદ્રપદમાં તો બીજું કાવ્ય આશ્વિનમાં પૂરું કર્યું હોય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાલાગ્રેહમાં લેહેર કરી મનની પોહોતી આશ.
સુંદરસુત કર જોડી કહે માધવદાસ. ૨૭
(આ. પં. ૧૨૮મો અધ્યાય)

આ ઉપરથી જણાય છે કે તેના બાપદાદાનું વતન અંકલેશ્વર હતું અને પછી તે સૂરતમાં આવી રહ્યો હતો. છેલ્લા ઉલ્લેખમાં "કાલાગ્રેહેમાં લેહેર કરી" એ શબ્દો સંદિગ્ધ છે. શું માધવદાસ કોઈ ગુન્હાસર કેદ પકડાયો હશે અને ત્યાં તેણે આદિપર્વની કથા રચી કાઢી હશે? બેશક તે એ વિશે દશમસ્કંધમાં કાંઇ પણ નથી કહેતો.

બૃહત્કાવ્યદોહનમાં રુકિમણીહરણ, લક્ષ્મણાહરણ, અને ઓખાહરણ છપાયાં છે, તે તેના આ અપ્રસિદ્ધ દશમસ્કન્ધમાં[1]ના જ શબ્દશઃ છે; એટલે એ કોઇ જુદી કૃતિઓ નથી.

અહીં એણે આપેલું વર્ષાકાલ–શરદકાલનું વર્ણન જોઇયે:

"આવો ઉત્તમ વર્ક્ષાકાલ વાજે ઘનઘોર વિકાલ ।
ચમકવા લાગિ વિજલિ ચાંદ્રણિ ઢકાઇ વલિ ।।૨।।
આગિઆ ઉઘાડા થયા મેઘવિષ્ટિ નવ જાએ સહા ।
તમ કેહે માર્ગ પૂરે શીવ શોભે જલથલ કેરા જીવ ।।૩।।
જલધારે સહુ સુખિયા થય્યા પંથિ લોક અતિ શોભાવયા ।
ભરા સરોવર મહા જલપુર કમલ પ્રફૂલિત સારસ સુર ।।૪।।
આવે જાએ વંદાવન ધેન ચરાવે જુગજિવંન ।।૫।।
દધિકુર તે સઘલા મળિ બેસિ સહૂ જમે મંડલિ ।
ગાય વછ ને ચારે છે મેઘ વૃષ્ટિ બહૂ ધારે છે ।।૬।।
પછ શરદ કાલ આવો શોભંત વર્ક્ષા તણો થયો તાંહાં અંત ।
જલ થલ સહુએ નિર્મલ થયા કમલ ફૂલ જલમાં શોભીયા ।।૭।।

---

૧ પાંચમી ગૂજ. સા. પરિ.ના અહેવાલમાં "કાયસ્થ કવિ"વાળા નિબંધમાં એક મોટી યાદી તેના કાવ્યની છે, તે બધાં દશમસ્કંધાંતર્ગત છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જમ શેવા કરતા નરહરિ ઉજ્વલ પુરુષ થાયે ચિત ધરિ ।
કાદવ તે સઘલે સુકાય પાંન વૃક્ષ તણા મુકાય ॥૮॥
જમ ધિર પુરુષ માયાને સાર મેહેલંતા નવ લાગે વાર ।
શોભે ચંદ્રમાજોત ગગંન સમો તાપ લોકને તંન ॥૯॥
મેહેલો તાપ તા સહૂએ નાર વીરહાનલ નાઠો તે ઠાર ।
પછે ગાય મૃગલા પંખિ ધિર ખગ સમસ્ત થયા ગંભિર ॥૧૦॥
જે જેહેને જેહેવો ભરથાર તેહેનો ગર્ભ ધારો તેણિ વાર ।
ઘેર ઘેર વાજે તાલ મૃદંગ ઉછવ કરે વૈષ્ણવજન રંગ ॥૧૧॥
તેણિ વેલા તે પ્રથ્વિ ધાન્યે કરિ શોભે અતિ નવ।
સૌદ્રવંશ ખત્રી બ્રાહ્મણ જતિ શંનાશિ જોગિ વર્ણ ॥૧૨॥
ચતુરમાસ ઉતરા નિરધાર, ગાંમ ગામંતરા નિકલા બાહાર ।
ધેન લેઇને કાનડ વિર આવા હરિ જુમનાનિ તિર ॥૧૩॥
ગોપનાર ગોરસ સિર ધરિ તે જાતિ રુધિ નરહરિ ।
મથુરા નયર તણિ તે વાટ ઢોલા હરિએ ગોરસ માટ ॥૧૪॥"[૧]

આદિપર્વમાં પણ આમ જ સાદી કવિતા, પ્રાયઃ અનુવાદ, તે પણ મૂળના આશયને બદલે કથાભાગ મોટે ભાગે સાચવતી મળી આવે છે. ખાસ વિશિષ્ટતા ન હોવાને કારણે અહીં વિશેષ નમૂના ઉતાર્યા નથી.

કવિની આ બે સિવાય કોઈ કૃતિ જાણવામાં નથી. અને બે મોટી કૃતિ છતાં આ કવિ ખાસ મહત્ત્વ સાધી શકતો લાગતો નથી. બેશક કોઈ કોઇ વાર સારી કવિતા આપી દે છે. બૃ. કા. દો. ભાગ ૮ મા માં છપાયેલો ભાગઃ રુકિમણીહરણ, લક્ષ્મણાહરણ અને ઓખા-હરણ તે દષ્ટિએ કાંઇક ઠીક છે.

આ કવિના જ હસ્તાક્ષરમાં દશમસ્કન્ધ રાજપીપળા તાબે ઝઘડિયાના એક મંદિરમાં હોવાનું બ. કા. દો. માં જણાવ્યું છે.[૨] એ

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૭૪ (પૃ. ૬૨-૬૩), ૨૦મો અધ્યાય
૨ બૃ. કા. દો. ભાગ ૮મો, પૃ. ૫૬૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાવ્ય મેળવવામાં આવે તો ભાષાની દષ્ટિએ એક મહત્ત્વની કૃતિ પ્રાપ્ત કરી શકાય, કેમકે સં. ૧૭૦૫ માં સાહિત્યકીય સ્વરૂપ કેવું હતું, તેનો સદ્ધર પુરાવો તેમાંથી મેળવી શકાય.

ચરિતસામગ્રીઃ

૧. ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૩૦ અને ૭૩ની હાથપ્રત
૨. ગૂજ. સા. માર્ગ. સ્તંભો. દી. બ. કૃ. મો. ઝવેરીકૃત
૩. બૃ. કા. દો. ભાગ ૮મો (ગૂજરાતી પ્રિ. પ્રેસ–મુંબઇ)
૪. પાંચમી ગૂજ. સા. પાર.નો રિપોર્ટ (ગૂજ. સા. પરિ. મંડળ–મુંબઇ)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ભાણદાસ

[ સં. ૧૭૦૬-૭માં હયાત ]

અખાના સમયમાં થઈ ગયેલો છતાં બહુ જાણીતો નહિ તેવો ભાણદાસ નામનો એક જ્ઞાની કવિ ખાસ કરીને તેના 'હસ્તામલક' નામના કાવ્યથી જાણીતો છે. તેણે "હસ્તામલક"ને અંતે તેની રચ્યા-સાલ આપતાં જણાવ્યું છે કેઃ

"સંવત **સત્તર સતોતરે** [૧]અને જ્યેષ્ટ મહીનો સાર,
શુકલ પક્ષની શુભ નવ અને સુર તણો ગુરૂવાર."[૨]

આ વર્ષ ૧૭૭૭ છે કે ૧૭૦૭ છે, એ શંકાનો વિષય છે, પણ તેના અપ્રસિદ્ધ "પ્રહ્‌લાદાખ્યાન"માં સ્પષ્ટતા છે. તેમાં રચ્યાવર્ષ નીચે પ્રમાણે મળે છેઃ—

"સંવત **સત્તર છાયોત્તરો**. માગસર મહીનો તે ખરો,
શુકલ પક્ષ દશમી સોમવાર, પૂરણ ગ્રંથ થયો અતીસાર."[૩]

અહીં "છાયોત્તરો" એ સ્પષ્ટ રીતે ૧૭૦૬ છે.[૪] એથી ઉપરની સાલ પણ સં. ૧૭૦૭ની જ "સપ્તોત્તર=સત્તોત્તર" શક્ય છે. સં.૧૭૦૭ના જ્યેષ્ઠ સુદિ ૧૦ને દિવસે, ૧ તિથિના ક્ષયે શુક્રવાર આવી શકે છે. "સુર તણો" ત્યાં અસુર તણો હોય તો "અસુરનો ગુરુ" "શુક્ર" એ વાર બંધ બેસે છે. સં. ૧૭૭૭માં તો તે દિવસે મંગળ આવે છે. એટલે સં. ૧૭૭૭ની શક્યતા જ નથી. તે સાથે સં. ૧૭૦૬ના માર્ગશીર્ષ

---

૧ પ્રા. કા. ત્રૈ. ૧૮૯૦–૪થા અંકમાં ૧૭૧૫ મળે છે, જે પ્રમાદ છે.

૨ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૭૩૬ (યાદી પૃ. ૨૧૦)

૩ એજન, પૃ. ૧૦૧–નં. ૨૩૫ની પ્રત

૪ અને ફા. ગૂ. સ. ની ૩૩૫ ગની પ્રતમાં ૧૮૦૬ પણ મળે છે. ગૂ. વ. સો. હ. લિ. પુ. સં. માંની બે પ્રતો "છાઓતરો" કહે જ છે. યાદીમાં ૧૭૧૬, ૧૭૬૬ ભૂલથી છપાયેલ છે, એ નીચેનાં અવતરણોથી સ્પષ્ટ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુદિ ૧૦ ને સોમવાર સાચો દિવસ છે. આમ હોવાથી તેની હયાતી સં. ૧૭૦૬–૦૭માં સ્પષ્ટ થાય છે. અને નીચે ભાષાના નમૂના આવશે તે જોતાં પણ આ જ સમય વાજબી છે. સંભવતઃ એના જ હાથની એના ૭૧ ગરબાની નકલ સં. ૧૭૧૫ની જૂની મળે છે.

ભાણદાસે ઉપર સૂચવ્યા મુજબ ૭૧ ગરબા અને ધોળ વગેરે પોતાને હાથે લખ્યાં હોય અથવા તેના નાના કે મોટાભાઇ દામોદરદાસે લખ્યાં હોય તેવી એક હાથપ્રત મળી આવી છે. એની પુષ્પિકામાં નીચે મુજબ મળે છેઃ

"ईती श्रीगरबा ईकोत्यिरब्ब ॥ संपूर्ण समाप्त ॥ लेषक पाठकयो सूभ भवतु ॥ कल्यांणमस्तु ॥ हरिभगत्यरस्तु ॥ संवत १७१५ वरषे माघसर मासे । कृष्ण पक्षे ॥ अष्टमां तिथौ । भोमवासरे ॥ लषीतं भीमपूत्र वईष्णव भांणदास ॥ तस्य भ्रात वईष्णव दांमोदरदास ॥ लघू भ्राता ॥ वईष्णव भांणदासक्रत । गरबा ईकोत्यिर ॥ सकल साधप्रसादात ॥ श्रीनरसिंहजीनो क्रूपांभि । वईष्णवी माया भवांनीप्रसादात् ॥ गीत संपूर्ण ॥ ० ॥ आदर करीनि सीषजो सांभलज्यो ॥ जय कल्यांण थसि ॥"[1]

વાક્યરચના એવી છે કે ભાણદાસ નાનોભાઈ અને દામોદરદાસ મોટોભાઇ હોય. આમ તેણે પોતાનું, પિતાનું અને મોટાભાઈનું નામ આમાં આપ્યું જણાય છે. આ વસ્તુ તેનો સમય નક્કી કરી આપે છે, એથી વિશેષ માહિતી આપતી નથી.

તેનાં અપ્રસિદ્ધ કાવ્યોમાં પ્રહ્લાદાખ્યાન ઉપરાંત અજગરઅવધૂત સંવાદ,[2] ગરબા,[3] નૃસિંહજીની હમચી, બારમાસ, હનુમાનની હમચી અને પ્રકીર્ણ પદો છે.

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૨૪૦ (પૃ. ૧ થી ૧૮૧માં ૭૧ ગરબા છે.)

૨ એજન, ૭૫૬ જી અને ફા. ગૂ. સ. હ. લિ. પુ. નં. ૩૩૧ ણ વગેરે પ્રતો

૩ તેના તત્ત્વજ્ઞાન અને વૈરાગ્યના ત્રણ ગરબા ફા. ગૂ. સ. નં. ૬૯ कમાં છે. આ પદ્ધતિના ગરબા રચનારાઓમાં ભાણદાસ કદાચ પ્રથમ જ છે; કેમકે બીજાના તેટલા જૂના ગરબા નથી મળતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાણદાસે "હસ્તામલક"ને અંતે પોતાના વિષયમાં વિશેષ માહિતી ન આપતાં માત્ર "પદબંધ પૂરણ નીપન્યો, કૃષ્ણપુરી ગુરુ-પ્રસાદ" એટલો જ માત્ર ઉલ્લેખ કરી ગુરુનું નામ "કૃષ્ણપુરી" હતું.[1] એટલું બતાવ્યું છે. આ ગુરુ અતીત સંપ્રદાયનો જણાય છે. આ જોતાં ભાણદાસે રીતસર દીક્ષા લઇ અતીત ન બનતાં ગૃહસ્થધર્મમાં રહી જીવનયાપન કર્યું સંભવે છે.

જ્ઞાનમાર્ગમાં આસ્થાવળા આ કવિએ મુખ્યત્વે પોતાનાં કાવ્યોમાં જ્ઞાનવિષયક ચર્ચા જ કરી છે. "હસ્તામલક"માં મૂળ સં. ગ્રથને આધારે હસ્તામલક અને શંકરાચાર્યજી વચ્ચે થયેલા સંવાદનું વર્ણન આવે છે, જેમાં કેવલાદ્વૈતાનુસારી જ્ઞાનમાર્ગની ઉત્તમતા બતાવવાનો તેણે પ્રયત્ન કર્યો છે. એનું છઠ્ઠું કડવું જ અહીં ઉતારિયે; એમાં તત્ત્વજ્ઞાન સાથોસાથ ક્વચિત્ કવિતાના ચમકારા પણ દેખાય છે:

"અમૃત વાંણી બોલ્યા બ્રહ્મ જી બ્રહ્મવિદ્યાનો ભરિયો કુંભ જી ।
ગગન સરિષા સોભે સ્થંભ જી આતમગ્નાંનનો કરે આરંભ જી ॥૧॥
**ઢાલ**—આરંભ માંડયો ગ્નાંનનો સાંભલો સંકરદેવ ।
આસ્રય બહૂનેં રહ્યો અલગો સમજીં લો તતષેવ ॥૨॥
જમ કાષ્ટમાંહ વહની રહે અને નથી ત્યહાં નિરધાર ।
હોય તો બાલે સહી પણ પ્રગટ છે આ પાર ॥૩॥
તમ મજવડે સરવ નીપજે હૂં ભલૂં નહિ કો માંહે ।
સાષીનિ પરે વેગલો મુને લેપ ક્યમેં નહિ થાયે ॥૪॥
પૃથવી પાણી તેજ વાયુ, અનેં પાંચમૂં આકાશ ।
મનબુદ્ધિ ચિત્ત અહંકાર ઈંદ્રી એ મુજ વડે પ્રકાશ ॥૫॥
રસના તે રસ ભોગવે નાસિકા લે છે ગંધ ।
નેત્રે નિહાળે રૂપને, શ્રવણે તે શબ્દસંબંધ ॥૬॥

---

૧ પ્રહલાદાખ્યાનના આરંભમાં પણ "કૃષ્ણપુરી ગુરુને પ્રણમૂં." એમ ૧૩મી-૧૪મી કડીમાં તેણે કહ્યું છે. (જુઓ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૨૩૫ માનું ૧) તે જ પ્રમાણે ફરી તે જ કાવ્યને અંતે (૨૧મા કડવામાં) પણ તે જ ગુરુનું નામ આવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્વચા સ્પર્શને ભોગવે, ત્રિગુણ જે કહેવાય ।
એ નિમિત્ત કારણ હૂં જ છૂં મુજવડે ચૈતન થાએ ॥૭॥
ઉપાધથી અલગો રહ્યો છૂં અદ્રશ્ય નહિ લગાર ।
આકાશવત છૂં નિરમલો લાગે નહી વિકાર ॥૮॥
જગત સહૂ કારજ કરે છે જુજુઆં વસ્તવલોક ।
પણ સુરજ વિનાં નવ નીપજે કંહી હરષ ને કહિં શોક ॥૯॥"૧

અજગર–અવધૂત–પ્રહ્લાદ સંવાદ એ પર કડીનું નાનું કાવ્ય છે, એમાં પણ જ્ઞાન જ વસ્તુ ચર્ચવામાં આવી છે: આત્મજ્ઞાનની ઉચ્ચતા બતાવતાં કવિ ગાય છે:

"ધર્મ અધર્મ મુક્તિ નેં કામ દ્વિપદ આદ્ય સચરાચર નામ ।
માહારા મનની છુટી આશ મૃગતૃષ્ણામાંનો આભાસ ॥૮॥
સકલ ધ્યાન મે તજ્યાં રાય કર્મ શુભાશુભ જે કેહેવાય ।
ત્યાગ તણો મે ત્યાગ જ કરચો અને મેલ કષા મનનો ઉતરચો ॥૯॥
એ તો સુષ મેં કહ્યૂં નવ્ય જાય મગન થયો અમ્રત ફલ–માય ।
એ સમઝે સહુ કો સમઝાય અર્થ લાભ સંતોષે થાય ॥૧૦॥

આપેઆપ રહ્યા પદ એક હું તું જક્ત નથી વલી છેક ।
ઘાટે ઘાટ કચમ કેહેવાય જિહ્વાથી કહ્યૂં નવ્ય જાય ॥૧૧॥
જ્યમ કાલો સાકર ભાવે ષાય તેહેનો સ્વાદ કહ્યો નવ્ય જાય ।
ઉત્તમ સ્વપ્ન ગુંગાને હવું કહી કોટિ સર્ગ તણ્ સુષ લહ્યુ ॥૧૨॥
હર્ષભરયો મન જાગ્યો સહી મનમાં આનદ પાંમ્યો અહી ।
તે કેહેવા ઘણૂયે આંગમે પછે મંનમાંનો મનમાં વીસમે ॥૧૩॥

ધાવે વછ અમાંને ઘણ્ પુછ હલાવે પોતા તણ્ ।
તેહેનુ સુખ તે તેહેજ લહે પછે માહાપુરુષ રાજાને કહે ॥૧૯॥
કચમ કહું કચમ કહુ કચમ કહુ ભૂપ એ સાદ અનોપમ અકલ સ્વરૂપ ।
એક ઉપમા દેવા નથી સત્ય સત્ય મે વાંણી કથી ॥૨૦॥"૨

પ્રહ્લાદાખ્યાન તો ૨૧ કડવાંનું પૌરાણિક પદ્ધતિનું આખ્યાન

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૭૩૬
૨ એજન, નં. ૭૫૬ ૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે, તેમાં ભાગવતની ષષ્ઠ સ્કંધની કથાને અનુસરી ભાણદાસે પ્રહ્‌લાદ-ચરિત આપ્યું છે. આમાં પણ એનો જ્ઞાનમાર્ગ તરફ ઝોક છે, અને કાવ્યાંતે તેવો નિર્દેશ કર્યો પણ છે:

"શુદ્ધ વૈરાગ તે વરણવો કહુ તે કેવલ ગ્નાંન ।
ભક્તી કહી તે નીરમલ ભાઈ ઉત્તમ હો આપાન ॥૬॥"[1]

એની જ્ઞાનમિશ્ર કવિતા એમાં ઠીક ઠીક દીપે છે:

"વલી વલી કરુ વીનતી દેહીનો આશરો કાંઈ નથી ।
વાત કરંતા શીટી જાએ દએણુ ભંજન એ પોટી કાએ ॥૩૪॥
જમ જબકીની જાએ વીજલી જલપપેટો શીટ છે વલી ।
કુપો કાચને ઠબકે ટલે તમ એ પીડ પલકમાં ઢલે ॥૩૫॥
ઘ્રત માંષણ કેરી પુતલી તાપ મલે જાએ ઓગલી ।
ઘ્રત પોતાને રૂપે થાએ ઘટે વાધે નહી આવે જાએ ॥૩૬॥
અંતરજાંમી દેહ થઓ દેહ ગલતાં એક આત્મા રહો ।
પંડ બ્રમાંડ આત્માથી થયો પછે આત્માને વધે ભલી ગયો ॥૩૭॥
તે માટે એક પંડ બ્રમંડ અનેક આત્મા અકલ અષંડ ।
વ્યાપકરૂપ સનાતન સાર પુરણ બ્રંમ અપારાવાર ॥૩૮॥
ઉતપતી સ્થતી લય જેહમાં હોએ જલ–લેહરી રૂડાં તે જોએ ।
લેહરી જાતાં જલ નવ ટલે પછે લેય પામી લેહરી જલ ભરે ॥૩૯॥"[2]

આમાં કવિનું લક્ષ્ય ક્યાં છે, તે વ્યક્ત થાય છે. આખું કાવ્ય આવાં જ્ઞાનબિંદુઓથી રસિકત છે, જે સર્વસામાન્ય શ્રોતાને કર્ણકટુ થઇ પડે તેમ છે; પણ કવિનું મન જ્ઞાનમાર્ગમાં પ્રેમ ધરાવતું હોવાથી કાવ્ય રચાઈ જાય છે.

પદપ્રકાર ગોપાલ, બૂટિયા અને અખામાં આપણને મળ્યો છે. ભાણદાસ પણ નાનાં પદો રચે છે; પણ તે વિશેષ ગરબા પણ રચે છે. ભાણદાસનાં ગરબા–ગરબીનો એક સારો સંગ્રહ મળે છે, જેમાં

૧ એજન, નં. ૨૩૫, કડવું ૨૩મું), પૃ. ૯૮
૨ એજન, પૃ. ૯૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એકોતેર ગરબા પૂરા સચવાઇ રહ્યા છે. તેમાં છેડે ૨ ધોળ આખાં ને એક અપૂર્ણ છે અને આરંભમાં અંબાજીનો ગરબો, થાલ, ધુલ અને ભવાનીનાં પાંચ પદો તૂટક મળે છે. અગાઉ નિર્દેશ્યા મુજબ એ ભાણદાસના હાથની નકલ જણાય છે. એમાં તત્કાલીન ભાષાસ્વરૂપ સાચવતા ગરબાઓ ભાણદાસની પદપદ્ધતિ ઉપર સારો પ્રકાશ પાડે છે. મારી ભૂલ ન થતી હોય તો જૂનામાં જૂની ભાણદાસની આ હાથપ્રત છે કે જેમાં **ગરબા** શબ્દનો પ્રયોગ મળે છે; અને **ગરબી** શબ્દનો પ્રયોગ તો ભાણદાસનો પ્રથમ જ છે:

"ગગનમંડલની ગાગરડી ગુણ ગરબી રે ।
તેણિ રમિ **ભવાંની રાસ** ગાયુ ગુણ ગરબી રે ।
દિનમણિ સૂરય દીપક કરયુ ગુણ ગરબી રે ।
માંહિં ચંદ્ર તણુ પરકાસ ગાયુ ગુણ ગરબી રે ॥૧॥

પ્રથ્વી પાત્ર ત્યાંહાં કોડીઉં ગુણ ગરબી રે ।
વાતી પરવત મેર ગાયુ ગુણ ગરબી રે ।
સાતિ સાગર તેલ ભરયું ગુણ ગરબી રે ।
માહિં મૂગતાફલ ચુ-ફેર ગાયુ ગુણ ગરબી રે ॥૨॥

થાવર જંગમ ભસ્મ ભરયું ગુણ ગરબી રે ।
સુંદર સકલ વિભાગ ગાયુ ગુણ ગરબી રે ।
સર પરિ ગાદી કછપની ગુણ ગરબી રે ।
ઉંઢણી શેષ નાગ ગાયુ ગુણ ગરબી રે ॥૩॥

ગાગરિ ઉપરિ ઢાંકણું ગુણ ગરબી રે ।
અંબર એક અપાર ગાયુ ગુણ ગરબી રે ।
તેત્રીસ કોટિ વીવર કરયાં ગુણ ગરબી રે ।
તેજ તણુ નહિં પાર ગાયુ ગુણ ગરબી રે ॥૪॥

ત્રયણ્ય ગુણો થઈ ગુણવંતી ગુણ ગરબી રે ।
દૂઝિ પરંમ નિધાન ગાયુ ગુણ ગરબી રે ।
અહનિસિં અમૃત ઝરિ ગુણ ગરબી રે ।
જગત કરિ છિ પાંન ગાયુ ગુણ ગરબી રે ॥૫॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વીવીધ પિરિં વરસી રહી ગુણ ગરબી રે ।
ધર્મ અરથ નિ કામ ગાઅુ ગુણ ગરબી રે ।
ચ્યાર વેદ પરગટ થયા ગુણ ગરબી રે ।
વીસ્વ તણુ વિશ્રાંમ ગાઅુ ગુણ ગરબી રે ॥૬॥
ત્રહુિય મૂરત્ય ગાગર મહા ગુણ ગરબી રે ।
હરિ બ્રહ્મા નિ ઇસ ગાઅુ ગુણ ગરબી રે ।
સદાકાલ સહજિં ધરિ ગુણ ગરબી રે ।
ગૌરી ગાગરિ સીસ ગાઅુ ગુણ ગરબી રે ॥૭॥
આદિ સકત્ય અવીગત તણી ગુણ ગરબી રે ।
રમિ રસાલુ રાસ ગાઅુ ગુણ ગરબી રે ।
ચઉદ લોક મોહ પાંમીઆ ગુણ ગરબી રે ।
ઇંમ કહિ છિ **ભાંણદાસ** ગાઅુ ગુણ ગરબી રે ॥૮॥"૧

એવો જ બીજો યોગમાયાનો ગરબો જોઇયે:

"જોનિં યોગમાયા ગરબુ રમિ તે તુ કરતી અત્ય કલોલ ।
ત્યાં કુંકુમ કેસર કસ્તૂરી વલી રંગ તણા બહૂ રોલ ॥૧॥
જોનિં યોગમાયા ગરબુ રમિ ॥
પારજાતનાં પૂઃપ ઘણા ત્યાંહાં સૂકડિ અગર અબીર ।
વલી ગાંન ગાવિ ગોવિંદતણા ત્યાંહાં ગાજિ સબદ ગંભીર ॥૨॥
જોનિં યોગમાયા ગરબુ રમિ ॥
ત્યાંહાં અઠોતર સુ વારાહી મલી રંગભરિ **ષેલિ રાસ** ।
ત્યાંહાં છપન કોડિ મલી ચામુંડા જાંણે સૂર્ય કોટિ પ્રકાસ ॥૩॥
જોનિં યોગમાયા ગરબુ રમિ ॥
ત્યાંહાં નવિ કોટિ મલી કાલિકા તે મહામોટી મહામાય ।
ત્યાં બ્રહ્માણી અંદ્રાણી આવ્યાં રૂદ્રાંણી ગુણ ગાય ॥૪॥
જોનિં યોગમાયા ગરબુ રમિ ॥
પંચરંગ પટુલાં પિહિરણિ ચરણા ચોલી ચીર ।
ત્યાહાં સ્વેત પીત નિ રાતડાં વલી ભાતિ ભાતિનાં હીર ॥૫॥
જોનિં યોગમાયા ગરબુ રમિ ॥

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૨૪૦, પૃ. ૨–૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યાંહાં વિંછીયડા વાજિં ઘણા વલી ઝાંઝરનુ ઝમકાર ।
ત્યાંહાં ધમધમ વાજિ ઘૂઘરડી તેહનિ મૂગતાફલના હાર ॥૬॥
જોનિં યોગમાયા ગરબુ રમિ ॥

તેહનિ ચૂડુ કંકણ મૂદ્રિકા વલી સીસરાખડી ફૂલ ।
તેહનિ નીલવટિ સોભિ ચાદલુ ઝાલિ તણું નહિં મૂલ ॥૭॥
જોનિં યોગમાયા ગરબુ રમિ ॥

ત્રણિય ભૂવન માંહિં રમિ તે ગાજી રહ્યું બ્રહ્માંડ ।
તેણિ સાત દ્વીપ સોભી રહ્યા વલી સોભી રહ્યા નવખંડ ॥૯॥
જોનિં યોગમાયા ગરબુ રમિ ॥

નવ દાઢા નવરાત્ય રમ્યાં તેણિ હઇડિ હરખ ન માય ।
પછિ પોતાનિ આશ્રમ્ય ગયાં તેહના **ભાંણદાસ** ગુણ ગાય ॥૧૦॥
જોનિં યોગમાયા ગરબુ રમિ ॥"[1]

ભાણદાસ માત્ર જ્ઞાની કવિ નહિ, પણ રસિક કવિ પણ હતો તે આ થોકબંધ ગરબાઓથી સમઝાય છે. એનાં પાત્રો ગોપિકા જેવાં રસિક બધી વાર નથી; તે પ્રચંડ દેવીઓને પણ રાસ રમાડી રહ્યો છે, એ એનું જાદૂ જણાય છે. આ અતિશયોક્તિ નથી, એ એના એ રસિક ગરબાઓ જેયા પછી જ સમઝવામાં આવશે.

આમ આ કવિ અગાઉના જ્ઞાની કવિઓ કરતાં જરા વધે છે, એનું તત્ત્વજ્ઞાન જોકે અખાને લગે તેમ નથી; તે કાંઇક ગોપાલને પહોંચી શકે છે.

ભાણદાસના સમયની સાહિત્યકીય ભાષા કઈ એ પ્રશ્ન હવે ખડો થાય. એણે જે સ્વરૂપ સાચવ્યું છે, તે તો મધ્યકાલીન ગૂજરાતીની શુદ્ધ ૩જી ભૂમિકાનું છે કે જેનો સમય તો સં. ૧૫૫૦–૧૬૨૫નો સામાન્ય રીતે છે. સં. ૧૬૨૫–૧૭૦૦માં તો ૪થી મિશ્રભૂમિકા પ્રચારમાં હતી અને તે પછી અર્વાચીન રૂપ શરૂ થઈ ચૂકયું હતું. મને એમ લાગે છે કે ભાણદાસે પોતાના ગરબાઓનું લેખન જૂની પદ્ધતિમાં સાચવી રાખવાનો યત્ન કર્યો છે.

---

૧ એજન, પૃ. ૮–૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રામભક્ત, નરહરિ, ગોપાલ, બૂટિયો અને અખો જે પ્રકારની કવિતા ફેલાવી ગયા છે, તેમાં ભાણુદાસ પણ એક જ્ઞાની કવિ તરીકે પોતાની કૃતિઓને ઉમેરે છે; અને વિશેષતઃ ગોપાલ, બૂટિયો અને અખાએ રેલાવેલી પદોની રસગંગામાં પોતાનાં ગરબા—ગરબી—હમચડી જેવા રસિક કવિતાસ્રોતને મેળવી ગૂજરાતને ગંગા—યમુના—સરસ્વતીના ત્રિવેણીસંગમ જેવી કાવ્યસૃષ્ટિ અર્પી જાય છે.

ચરિતસામગ્રી :

૧. પ્રા. કા. ત્રૈમાસિક—૧૮૯૦, ૪થો અંક—સ્વ. હ. ગો. કાંટાવાળા—સંપાદિત
૨. ગૂ. વ. સો. હ. લિ. પુ. સં. ની હાથપ્રતો
૩. ગૂજ. સા. માર્ગ. સ્તંભો—દી. બ. કૃ. મો. ઝવેરીકૃત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

[illegible]
गोपीपुरा, सुरत.

# માધવ

[ સં. ૧૭૦૬માં હયાત ]

ગુજરાતી ભાષાના જે કવિઓએ જૂની સંસ્કૃત પ્રણાલીને સ્વીકારી કાવ્યો લખ્યાં છે, તેવા વિરાટપર્વકાર શાલિસૂરિ, રણમલ્લછંદના રચયિતા શ્રીધર, ઈસરશિક્ષાકાર ઇશ્વરસૂરિ, લાવણ્યસમય, સહજસુંદર, કૃષ્ણક્રીડાકાવ્યકાર કેશવરામ કાયસ્થ, ફૂલાંચરિત્રકાર ગોપાલ, વૈષ્ણવ કવિ મહાવદાસ, એ વગેરે જૂજજાજ કવિઓમાં પોતાની એક સુંદર કૃતિથી સ્થાન મેળવવાને ભાગ્યશાળી થયેલો માધવ નામક દ્વિજકવિ પણ વિક્રમની ૧૮મી શતાબ્દીના આરંભમાં થઈ ગયો છે. આ કવિએ "રૂપસુંદરકથા" નામનું એક ખંડકાવ્ય જુદાં જુદાં અક્ષરમેળ વૃત્તોમાં લખ્યું છે. ૧૯૨ શ્લોકમાં રચાયેલું આ કાવ્ય કવિએ સં. ૧૭૦૬માં રચી સમાપ્ત કર્યું છે, એવું કાવ્યને અંતે "શાર્દૂલવિક્રીડિત"માં આપેલા શ્લોકથી જાણવામાં આવે છે; જેમ કે—

"સંવત્ (સ)ત્તરસેં ૭ ઉપર નૃપ શ્રીવિક્રમાદિત્યનો
આષાઢાધિક શુદ્ધ વિષ્ણુ દિવસે છે વાર આદિત્યનો
તે દા'ડે થઇ **રૂપસુંદરકથા** પીયૂષની એ ઝરી
**ઊદીચ્યે દ્વિજ માધવે** ઘન રસે ભાષાકવિત્વે કરી. ૧૯૨"[1]

સં. ૧૭૦૬ના અધિક આષાઢ સુદિ ૧૨ (વિષ્ણુ-દિવસ) ને રવિવારને દિવસે ઔદિચ્યજ્ઞાતિના માધવે આ કાવ્યની રચના કરી છે. આ કવિ કયાંનો હતો, તે વિશે કશું જાણવા સાધન નથી. એના આ કાવ્યથી તે શિવભક્ત હોય, તેવું જણાય છે; આરંભમાં એ વિશે તેણે એક સં. પદ્ય રચ્યું છે; જેવું છે—

---

૧ રૂપસુંદર કથા, પૃ. ૫૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" भवानीशपादारविन्दे हि भक्त्या
इमां व्याकरोद् भाषया पद्ययुक्ताम् ।
सुधीर्माधवाख्यो रसैः स्थायिभावै-
र्युतां यां कथां कामदेवप्रभावैः ॥ [ पृ. २५ ]

આ આરમ્ભના સં. શ્લોક ઉપરથી જ સ્પષ્ટ સ્વરૂપે સમઝાય છે કે તે સંસ્કૃત સાહિત્યમાં નિષ્ણાત હોવો જોઇયે.[1] એણે કામદેવનો જેમાં પ્રભાવ છે, તેવા સ્થાયિભાવવાળા રસોથી યુક્ત આ કાવ્ય રચ્યું છે, કે જેટલો તેનો રસશાસ્ત્ર પર કાબૂ છે. એણે સમાસાંત શબ્દો કાવ્યમાં છૂટ હાથે પ્રયોજ્યા છે.

કાવ્યના વસ્તુ તરીકે એણે રૂપાં અને સુંદરનાં લોકકથાગત પાત્રો પસંદ કરી વિપ્રયોગ અને સંયોગ શૃંગારની જમાવટ કાવ્યમાં કરી છે. નાયક અને નાયિકાનો વિરહ એણે માર્મિક રીતે આપ્યો છે, એમાં તેણે રસશાસ્ત્રગત ઝીણવટને સ્પર્શ કર્યો છે. બીજા અગાઉના કવિઓથી આમ એ જુદો તરી આવે છે. શુદ્ધ સંસ્કૃત અલંકારોનો પણ તેણે અત્રતત્ર ઉપયોગ કર્યો છે; એ દષ્ટિએ પણ અગાઉના દેશીબદ્ધ કાવ્યો અર્પનારા તેમ જ વૃત્તબદ્ધ કાવ્યો રચનારા કવિઓથીયે એ અલગ તરી આવે છે.

હવે એની કવિતા જોઇયે;

**દ્રુતવિલંબિત**

"શશિકલા નૃપની પટરાણિએ ઉદર ગર્ભ ધર્યો, કચમ જાણિએ ?
શિપ વિષે જયમ મૌક્તિક પાણિએ કદલિ માહિ કસતૂરિ વખાણિએ. ૧૦

× × ×

**શાલિની**

ગર્ભચ્છાયા તે તણે અંગ કેવી વસ્ત્રે વીંટી રત્નની કાંતિ જેવી.
રૂપે રાણી કેરડૂં અંગ છાયું, પૂરે દા'ડે કન્યકારત્ન જાયું. ૧૨

---

૧ એણે પુષ્કળ સં. સાહિત્ય જોયું છે તે ભાઇ શ્રી ભોગીલાલ જ. સાંડેસરાએ "રૂપસુંદરકથા"ની આપેલી વિવૃતિમાં માધવનાં પદ્યોને મળતાં સંસ્કૃત સાહિત્યમાંથી અવતરણો આપી સ્ફુટ રીતે બતાવ્યું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### શાર્દૂલવિક્રીડિત

તારુણ્યાર્ક શિશુત્વનીર સુકવે એ ભેદ દીવો હૃદે,
નાઠા નેત્રકુરંગ કોતર ભણી મંદત્વ આવ્યું પદે;
નિઃશ્રેણિ ત્રિવલી સ્મરે ધરી હવે મધ્યે જશે, શું થયું ?
આ શાને તનુવિશ્વનાથચરણામ્ભોજે તમો લાગતું. ૨૭

× × ×

### શાલિની

રૂપાં, તારા કેશ વિસ્તીર્ણ કાળા દીઠે ઊઠી રાહુને જ્વાલમાલા;
તેણે માથું શું નખાવ્યું કપાવી તેની કાંઇ દૈવને પીડચ ના'વી. ૨૯

× × ×

### સ્રગ્વિણી

ક્ષાન દેખી ત્યજ્યું માન એ શુક્તિએ,
તોય માંહે ગ્રહ્યો જન્મ એ યુક્તિએ,
તે ન ઉચે મુખે દેખિયે જીવતી
ભોઇ તોહે વધે દૈવની એ ગતિ. ૩૧

### ઇંદ્રવજ્રા

નેત્રપ્રતાપાનલદગ્ધગાત્રે હે પદ્મપક્ષ્મે વિમલે પવિત્રે
જલે ગ્રહ્યો જન્મ તથાપિ ભિન્ન ન ચન્દ્ર, અસ્મિ રવિરશ્મિ ખિન્ન. ૩૨

× × ×

એ બાહુવલ્લી મૃદુ ગૌર ટાઢી એવી મૃણાલે સુણી કીર્તિ ગાઢી,
થ્યા અંગ રોમાંચ અસહ્યતાના, કે' મૂઢ કાંટા નલીનીલતાના. ૩૫"[1]

આવા કેટલાક સારા નમૂના છે. માધવની પદ્ધતિનો પણ આનાથી ખ્યાલ આવશે.

ભાષાના સ્વરૂપનો સાચો ખ્યાલ અક્ષરમેળ વૃત્તો જ આપી શકે, માધવ પૂર્વેના અક્ષરમેળ-વૃત્તબદ્ધ કાવ્યો અર્પનારા કવિઓના સમયની ભાષાઓમાં વપરાતાં વૈકલ્પિક રૂપો ઉપરથી તત્કાલીન ભાષાસ્વરૂપ નક્કી કરવામાં સહાયતા થઈ શકે છે, એ જ પ્રમાણે પ્રેમાનંદના આરંભ-

૧ રૂપસુંદર કથા, પૃ. ૨૭-૪૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાળમાં કેવી ભાષા હતી, તે માધવના આ વૃત્તબદ્ધ કાવ્યથી જાણવામાં આવે છે. આ સમયે મધ્યકાલીન ગૂજરાતીની ચારે ભૂમિકાઓ પૂર્ણ થઇ ચૂકી હતી, તે માધવના આ કાવ્યથી સિદ્ધ સ્વરૂપે જાણવા મળે છે. બેશક કવચિત્ 'નવિ' જેવાં રૂપો વપરાયેલાં છે, પણ તે "નવ્ય" જેવો ઉચ્ચાર જ અર્પતાં હશે, એ તે પૂર્વેની અનેક હાથપ્રતોમાં વપરાયેલાં તેવાં રૂપોથી સમઝવામાં આવે છે:

"એક વાર મરવું નવિ ચૂકે, ભૂપને ભય નહીં જમ મૂકે,
તો પરોપકૃત કાં નવિ કિજે ! જેણ મુક્તિપદ તત્ક્ષણ લીજે,"
(પૃ. ૫૫)

–આમાં 'જેણ' પદ 'જેણ્ય'–જૂના 'જેણિ' નો અવશેષ છે, એ સ્પષ્ટ છે, જે તત્કાલીન ભાષામાં નવા સ્વરૂપમાં રજૂ થયો છે.

માધવ આમ ભલે નાનું કાવ્ય આપે છે, છતાં શિષ્ટ કવિઓમાં ઉચ્ચ પ્રકારનું સ્થાન મેળવવાને પાત્ર છે. આ કવિનું આ સિવાય કોઇ બીજું કાવ્ય પ્રાપ્ય નથી; તેમ તેણે બીજું કોઈ કાવ્ય રચ્યું છે કે નહિ, તે પણ નિશ્ચિત રીતે કહી શકાય તેમ નથી.

ચરિતસામગ્રી:

૧, રૂપસુંદરકથા, સ. શ્રી. ભોગીલાલ જ. સાંડેસરા (ફા. ગૂ. સભા–મુંબઈ)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# વિશ્વનાથ જાની

[ સં. ૧૭૦૮માં હયાત ]

**વિ**ષ્ણુદાસ, કૃષ્ણદાસ અને ગોવિંદ પછી [૧] નરસિંહ મહેતાના જીવન પર સ્વતંત્ર રીતે કાવ્ય લખનારો વિશ્વનાથ જાની પાટણનો વતની હતો, તે તેના "મોસાળાચરિત્ર"માંના ઉલ્લેખ પરથી જણાય છે; જેમકે–

"ગોવિંદકૃપાએ ગ્રંથ બાંધ્યો પ્રેમે **પાટણ** દેશ" (મો. ચ.)

તેની છાપનાં જે ત્રણ કાવ્યોઃ પ્રેમપચીશી, સગાળચરિત્ર અને મોસાળાચરિત્ર મળે છે, તેમાંનું પ્રેમપચીશી અપ્રસિદ્ધ છે અને પાછલાં બે છપાયાં છે. આ છેલ્લાં બે કાવ્યોમાં તે તે કાવ્યની રચ્યાસાલ સં. ૧૭૦૮ મળે છે; જેવી કે—

(૧) સગાલચરિત્ર

"સંવત **સતરસેંહે અઠોતરો**, ફાલ્ગુન માસ, અજુઆલડો ખરો,
દુખહરે દશમી રવિવારે, કથા પૂર્ણ થૈ શુભ સાર.
શિવપુરાણ તણી કથા **સગાલચરિત્ર** જાણો સર્વથા."

( સ. આ. કડવું ૨૩મું )

તેમ જ—

(૨) મોસાળાચરિત્ર

"**માંહાંમેરા મેહેતા તણાનો**, કહ્યો જથાબુદ્ધિ વિસ્તાર;
ભાવે કરીને સાંભળે, તે તરે નર વા નાર. ૧૧
સંવત **સત્તર આઠ** અભિનવો ચૈત્ર વદ શનિવાર;
તાપહરણ તેરશને દહાડે, પુણ્ય તણો નહી પાર. ૧૨"

( મો. ચ. ૧૩મું કડવું )

---

૧ શ્રી ક. મા. મુનશી નરસિંહના જીવન પર કાવ્ય લખનારાઓમાં વિશ્વનાથને પહેલો માને છે. (જુઓ, Guj. & its Lit. પૃ. ૧૩૯), પરંતુ વિશ્વનાથ પહેલાં વિષ્ણુદાસે હૂંડી ને મામેરું (જુઓ શ્રી ભા. નિ. મહેતા-સંપાદિત સભા પર્વ વગેરે કાવ્યો), કૃષ્ણદાસે હૂંડી અને મામેરું અને ગોવિંદે મામેરું રચેલાં છે. (જુઓ આ પૂર્વે પૃ. ૩૩૦–૩૨, ૪૪૭–૫૦, અને ૪૫૭–૬૦ ).

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

બૃહત્કાવ્યદોહનના ૮મા ભાગમાં "નરસિંહ મહેતાનું ચરિત્ર"[1] આખું વિશ્વનાથ જાનીના તરીકે છપાયું છે; પણ એ ચરિત્રસંગ્રહની બીજી સંપૂર્ણ હાથપ્રતો ઉપરથી સ્પષ્ટ માલૂમ પડયું છે કે એમાંનું માત્ર "મોસાળાચરિત્ર"જ વિશ્વનાથ જાનીની કૃતિ છે.[2] વિશ્વનાથ જાનીનાં કાવ્યોની એક લાક્ષણિકતા છે કે તે પ્રાયઃ[3] પ્રત્યેક કડવાના અંતમાં પોતાની અવટંક जानी (કે यानी) આપે છે. "નરસિંહ મહેતાનું ચરિત્ર"માં માત્ર "મોસાળાચરિત્ર"માં "जानी"નો નિર્દેશ છે. જેવો કે

"જાની જેના હૃદે માંહે રમાપતિનો વાસ" ૧૧
(મો. ચ. કડવું ૨જું)

"ઇંદ્ર અમર અજ આણું ન જાણે, તો, 'જાની' જશ શું ગાયે. ૧૫"
(મો. ચ. કડવું ૧૩મું)

અને જે હાથપ્રત ઉપરથી બૃ. કા. દો.માં આ ચરિત્ર છાપવામાં આવેલું, તેમાંના "મોસાળાચરિત્ર"ની પુષ્પિકામાં જ માત્ર-इति श्री माहामेरुं नरसैं मेहेतानुं जानी विश्वनाथकृत सम्पूर्णम्" એવો ઉલ્લેખ છે. રચ્યાવર્ષ પણ માત્ર 'મો. ચ."માં મળે છે, જ્યારે એ સિવાયનાં હૂંડી-હાર વગેરેમાં નથી. બીજાં ચરિત્રો વિશ્વનાથની શૈલીની દૃષ્ટિએ પણ જુદાં પડી જાય છે. તેમાંનું "હારચરિત્ર" તો સ્પષ્ટ રીતે કોઈ અજ્ઞાતની કૃતિ છે, તેવું તેની સંપૂર્ણ મળેલી હાથપ્રત ઉપરથી જણાય છે.[4]

સામાન્ય રીતે પોતાના નામનો ઉલ્લેખ કરવાને સ્થળે વિશ્વનાથ પોતાની અવટંક "જાની" જ પ્રયોજે છે, એટલે તેનાં છપાયેલાં કાવ્યોમાંથી તો "વિશ્વનાથ" શબ્દ હાથ નથી લાગતો; પરંતુ તેણે

---

૧ આમાં 'હૂંડી' કૃષ્ણદાસની, 'વિવાહચરિત્ર' આધાર ભટ્ટનું, અને 'હારચરિત્ર' કોઇ અજ્ઞાતની કૃતિ છે. (જુઓ વિશેષ માટે ન. મ. આખ્યાન શ્રી હીરાલાલ પારેખ સંપાદિત, પ્રસ્તાવના, પૃ. ૧૦-૧૩)

૨ શ્રી હીરાલાલ પિ. પારેખે સંપાદિત કરેલું "ન. મ. આખ્યાન" જુઓ.

૩ "પ્રાયઃ" એ માટે, કવચિત્ બે ચાર કે આઠ કડવાં બાદ પણ ઉલ્લેખ કરે છે.

૪ જુઓ, ગૂજ. વર્ના. હ. લિ. પુ. નં. ૬૩૫ની પ્રતનો અંતભાગ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"પ્રેમપચીશી" લખી છે, તેના પ્રથમ પદને અંતે "જાની"ને બદલે "વિશ્વનાથ" શબ્દનો પ્રયોગ કર્યો છે; જેવોકે—

"વિશ્વનાથ વાહાલા ઘણૂં, બલેહારી રે,
નિશદિન રાખિશ પાસ, બલા લેઉં તાહારી રે. ૧૯"
(પ્રે. પ. પદ ૧લું)[1]

એટલે "જાની" અને "વિશ્વનાથ" અનન્ય છે, તે વિષયમાં કશી શંકા રહેતી નથી.

બૃ. કા. દો. ભાગ ૮મામાં છપાયેલું "નરસિંહ મેહેતાનું ચરિત્ર" એ સળંગ કાવ્ય મળવાથી એ સમગ્ર કૃતિ વિશ્વનાથ જાનીની હોવાનું બ. કા. દો.ના વિદ્વાન સંપાદકને લાગેલું. જે હાથપ્રત ઉપરથી એ તૂટક ભાગ છાપવામાં આવ્યો હતો, તેની સંકલના જ એવા પ્રકારની થયેલી, એટલે કે કડવાંના આંક સળંગ જ નાખવામાં આવેલા, તેથી કરીને એક કર્તૃત્વના વિષયમાં શંકા ઊભી ન જ થાય. સ્વ. હીરાલાલ પારેખે એ હાથપ્રત જોઇને કહેલું કે–" રા. ભાઇ નટવરલાલ ઇચ્છારામ દેસાઈ પાસેથી તે કાવ્યની અસલ પ્રત મને જોવા મળતાં ન્યાય ખાતર મારે કહેવું જોઇએ કે, તે પ્રત વાંચી તપાસી કોઇ પણ એ જ અનુમાન પર આવે કે આખું કાવ્ય વિશ્વનાથનું રચેલું હોય; કારણ કે, તે કાવ્યની સંકલના કડવાબદ્ધ છે અને તેમાં તેનો આંક ચાલુ એકસરખો મળી આવે છે. વળી મોસાળામાંની નીચેની ત્રણ લીટીઓ વાંચી આપણે એમ કહીએ કે તે કાવ્યનો લેખક એક જ સંભવેઃ

"કેટલેક ઠામે કરુણા કીધી, વીનતિ જાંહાં જાંહાં કરી.
દોશી પરજંન અને પારેખ હાર આપ્યો શ્રીહરિ.
**વળી અનેક ઠામે લાડ પાળ્યાં તે કહ્યો સ્વલ્પ વિસ્તાર."**

"અને તે કાવ્યના અંતે વિશ્વનાથે પોતાનું નામ અને કાવ્યની રચ્યાસાલ નોંધેલાં છે; એટલે સદ્ગત ઇચ્છારામભાઈ એ કાવ્યને વિશ્વ-નાથની કૃતિ તરીકે જણાવે એ સ્વાભાવિક છે.

---

૧ જુઓ. ગૂજ. વર્ના. હ. પુ. સં. નં. ૬૦૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"પરંતુ આ નવીન પ્રત મળી આવતાં અને તેમાંના જુદા જુદા ખંડો તપાસતાં અને તે કાવ્યના આદિ ને અંતમાં કરેલો ઉલ્લેખ વિચારતાં એમ સ્પષ્ટ જણાઈ આવે છે કે તે આખું કાવ્ય વિશ્વનાથની કૃતિ નથી."[1]

સ્વ. હીરાલાલભાઇને જણાયેલો આ મત ગેરવાજબી નથી જ, કેમકે વિશ્વનાથ, ઉપર બતાવ્યું તેમ પોતાના નામની છાપ પોતાની કૃતિમાં આપ્યા વિના રહેતો નથી; એથી ઊલટું "મોસાળા" સિવાયના બીજા ભાગમાં તેનું નામોનિશાન મળતું નથી. નરસૈં મહેતાના આખ્યાનમાં જુદા જુદા કવિઓની કૃતિઓ આમેજ કરવામાં આવી છેઃ

| કૃતિ | બંધ | કવિ |
|---|---|---|
| ૧. આરંભચરિત્ર | પ્રબંધ ૧–૧૨ | અજ્ઞાત |
| ૨. હૂંડીચરિત્ર | પ્રબંધ ૧–૫ | ,, |
| ૩. વિવાહચરિત્ર | પ્રબંધ ૧–૧૫ | આધારભટ્ટ (પણ હરિદાસની કૃતિ) |
| ૪. મોસાળુંચરિત્ર | કડવાં ૧–૧૭ | વિશ્વનાથ જાની |
| ૫. હાર–પ્રસંગ | કડવાં ૧–૩ અને ૮૪ પદ | અજ્ઞાત |

બૃ. કા. દો.માં છપાયેલા ભાગ સાથે સરખાવતાં ત્યાંના કડવા ૯ની ૭મી કડીથી "નરસૈં મહેતાના આખ્યાન"ના આરંભના ચરિત્રના ૧૦મા પ્રબંધની ૧લી કડી શરૂ થાય છે. એ પૂર્વેનો ભાગ પ્રબંધ ૯માની ૧૧મી કડીથી શરૂ થાય છે તે બૃ. કા. દો.માં શરૂ થતી, ૮મા કડવાની ૧૨મી લીટીથી છે, જેમાં કેટલોએક પાઠભેદ અને કડીઓ વધઘટ છે. બૃ. કા. દો. માંનું ૧૧મું કડવું ન. મ. આ.માં નથી; જ્યારે ૧૨મું કડવું ૧૨મા પ્રબંધ તરીકે છે; પણ કથા એક છતાં બૃ. કા. દો. માં ચોપાઈ દાવટીમાં અને ન. મ. આ. માં ચોપાઈમાં છે. બૃ. કા. દો.નું

૧ નરસૈં મેહેતાનું આખ્યાન, પ્રસ્તા. પૃ. ૬–૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૩મું કડવું થોડા પાઠભેદથી ન. મ. આ.માં હૂંડીચરિત્રના પ્રબંધ તરીકે શરૂ થાય છે. પછી સરખું છે. કડવા ૧૮માંથી "જાની"ની છાપવાળું "મોસાળા–ચરિત્ર" શરૂ થાય છે, જેની નવા કાવ્ય તરીકે જ શરૂઆત કરવામાં આવી છે, એમ આદિની કડીઓ જોવાથી માલૂમ પડે છે:

"દયાનિાધ શ્રીદામોદરને ચરણે નામી શીશ;
કામના પૂરે મન તણી, સમરથ શ્રીજુગદીશ. ૧
બ્રાહ્મણ ને વળી ભક્ત હરિનો, સોનું ને સુગંધ;
ધન નાગર નરસૈંયો, જેણે રચ્યા બહુ પ્રબંધ. ૨"

અને ત્યાં "દોશી, પરજન અને પારખ, હાર આપ્યો શ્રીહરિ" એમ વિશ્વનાથે સૂચવી મોસાળું શરૂ કર્યું છે. જો તેણે જ એ પૂર્વના વિષયો ઉપર કવિતા લખી હોત તો ક્રમમાં એ આવી ગયા કે આવવાનાં હોતાં અહીં નોંધવાની જરૂર ન રહત. હરિદાસનો શામળશાહનો વિવાહ બૃ. કા. દો. ના આ "ચરિત્ર"માં નથી મળતો.

"નરસૈં મહેતાનું આખ્યાન" જેમ કોઈ ઇતર માણભટ્ટે જુદા જુદાનું સંકલિત કર્યું છે, તેવું જ બૃ. કા. દો. માંનું ન. મ. ચરિત્ર સંકલિત છે, જેમાં "વિવાહ" નથી, તેમ જ પાઠાંતરો મળે છે; અને જેમાં મોસાળું તો સ્પષ્ટ રીતે જાનીનું જ છે એમ બંને સંકલયિતાઓના લક્ષ્યમાં છે; એટલે એમ સ્પષ્ટ રીતે સ્વીકારવામાં બાધ નથી ટકી શકતો કે આમાંનું માત્ર મોસાળું જ વિશ્વનાથ જાનીની કૃતિ છે અને બીજી કોઇ બીજાઓની છે. "હારપ્રસંગ"ના શરૂના ત્રણ પ્રબંધ એ સંકલયિતાએ નવા રચી પછી ૮૪ પદો સંકલિત કર્યાં છે. એનું બીજા સંકલયિતાએ અનુસરણ પાછલા ભાગમાં સ્પષ્ટ રીતે કર્યું છે. મૂળ સંકલયિતા પોતે નામ વ્યક્ત નથી કરતો, પણ સંકલન કરે છે તેવો તો છેવટ નિર્દેશ કરે જ છે:

"પૂર્વે જે જે કવિજન વૈષ્ણવે કહ્યાં ચરિત્ર ઉદારજી.
તે સઘડાંનો જોડ કરીને બાંધ્યું શુભ આખ્યાનજી.
જે જે પરચા પ્રસિદ્ધ ભૂતલ માંહાં તે લખ્યું વ્યાખ્યાનજી. ૧૭"[1]

---

૧ ન. મ. આખ્યાન, પૃ. ૧૧૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ હારપ્રસંગ સંકલિત કરનાર પ્રેમાનંદ છે એમ માનવામાં આવે છે; તે વિષય અહીં અનુપયુક્ત અને અસ્થાને હોવાથી પ્રેમાનંદના ચરિતમાં તે વિશે ચર્ચા આપવામાં આવશે. અહીં તો એટલું બતાવવું પૂરતું થઇ પડશે કે ન. મ. આ.માં માત્ર મોસાળા–ચરિત્ર જ વિશ્વનાથ જાનીની કૃતિ છે.

ગનીમની લડાઇ એ નામનું ઐતિહાસિક કાવ્ય મળે છે, એમાં "વિશ્વનાથ" અને "નાથ" એવી છાપ મળે છે.[1] "બુદ્ધિપ્રકાશ"માં એને વિશ્વનાથ જાનીની કૃતિ માનવામાં આવી છે; પણ એ લડાઇ ઇ. સ. ૧૭૦૫–વિ. સં. ૧૭૬૧માં સ્પષ્ટ રીતે મરાઠા–મુસ્લિમો વચ્ચે થયેલી છે; એ જોતાં વિશ્વનાથ જાનીની નહિ, પણ કોઇ બીજા વિશ્વ-નાથની એ કૃતિ છે. વિશ્વનાથ જાની તો સં. ૧૭૦૮માં હયાત છે, નહિ કે ૫૩ વર્ષે બાબાપ્યારા (નર્મદાતટના સ્થાન)ની મરેઠાઓની દીવાન હમીદખાન સાથેની લડાઇને વખતે સં. ૧૭૬૧–ઇ. સ. ૧૭૦૫માં. આમ એ કાવ્યની સાથે વિશ્વનાથ જાનીને કશો સંબંધ નથી. સ્વ. ઇચ્છારામ દેશાઇએ[2] એનો નિશ્ચય પૂર્વે ઇચ્છેલો, એ આમ ભિન્નકર્તૃત્વ–રૂપે આવી જાય છે.

વારુ, તે જ્ઞાતિએ કેવો બ્રાહ્મણ હતો? તેના કાવ્યમાં તે આ વિશે કશું લખતો ન હોવાથી કાંઇ પણ નિશ્ચયપૂર્વક કહી શકાય નહિ, તેમ છતાં તે પાટણનો હોવાથી કાં મોઢ, કાં શ્રીમાળી, કાં ઔદીચ્ય હોવો જોઇયે.

પોતાની ભાષાને " ગુર્જરભાષા " એવું નામ અર્પનારા ભાલણ પછી વિશ્વનાથ બીજો છે. તે પણ પોતાની ભાષાને ગુર્જર-ભાષા કહે છેઃ

---

૧ બુદ્ધિપ્રકાશ, વર્ષ ૬૦મું, અંક ૫ મો વગેરે, પૃ. ૧૩૫ વગેરે, તેમ જ વર્ષ ૬૧મું, અંક ૧લો, અને પૃ. ૧૬–૧૮

૨ બૃ. કા. દો. ભાગ ૮મો, પૃ. ૬૧૦ની પાદટીપ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ગુજર ભાષાઇ ગુણ કર્ણના બુદ્ધિ પ્રમાણે ગાઉં. ૪"
(સ. ચ. કડવું ૧લું)

અને—

"જાની સરખા જડમતિ શું ગુજર ભાષા ગાય ? ૧૦"
(એજન, કડવું ૨જું)

"ગુર્જરભાષા" માં કવિતા લખનારા આ વિશ્વનાથે ૧ પૌરાણિક કાવ્યઃ પ્રેમપચીશી, ૨ જું ઐતિહાસિક કાવ્યઃ મોસાળું, અને ૩ જું લોકકથાઃ સગાળશા, આ ત્રણ કૃતિ રચીને પોતા તરફથી ગૂજરાતી ભાષાની ત્રણે કવિતાશાખામાં ફાળો આપ્યો છે. આમાંની ૧ લી કૃતિ ભાગવતના કથાનકને અનુસરી સ્વતંત્ર રીતે રચેલો "ઉદ્ધવ-સંદેશ" છે. એમાં જુદી જુદી દેશીમાં ૨૫ પદો આપવામાં આવ્યાં છે; જેમાં શરૂનાં ૧૨ પદમાં કૃષ્ણનું મન મથુરામાં કેમ નથી માનતું તે વિશે દેવકીનો પ્રશ્ન અને બીજી કથા સાચવતાં પદ છે, જેમાં કૃષ્ણ ઉદ્ધવને ગોકુલમાં મોકલે છે. ૧૩ મા પદમાં ઉદ્ધવ ગોકુલમાં આવે છે, જ્યાં પછીનાં પદોમાં માતા, પિતા, ગોપાંગનાઓ વગેરે પ્રભુને મોકલવાનો સંદેશો કહે છે. આખું કાવ્ય કરુણ રસનો એક સારો નમૂનો છે. વસુદેવ દેવકીને કહે છેઃ

"કાયે સ્વભાવ ન લેહે કૂંઅરનો સાંભલ્ય સાચૂં નારી.
રહેવા દેની ડાપણ તાહારૂં, કરય સીખામણ માહારી,
સાંભલ્ય સાચૂં નારી. ૧
સુંદર છારા, કરમદો કેવલ, સરસ કાચલી ખારી,
સુતને શું સાકર દેખાડાં ? મેંહેં તુને ઘણૂં એક વારી;
સાંભલ્ય સાચૂં નારી. ૨
સારી સુખડી સ્નેહ ઘણો તે એહને અતિ સુખકારી,
રાજભોગ રૂડાં નવ લાગે, જોને રુદેય વિચારી,
સાંભલ્ય સાચૂં નારી. ૩
સોનૂં રૂપૂં મણિ મુગતાફલ મેહેલ્યાં મન ઊતારી,
મોરપીછશૂં પ્રેમ ઘણો ને ગલે ગુંજા રહ્યો ધારીઃ
સાંભલ્ય સાચૂં નારી. ૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મોહોલ માલિયાં છાબન-છજાં, ઊંચી અતિ અટારી,
પંચ પિરોજા-જડિત્ર જલહકે, મોહોલ મીનાકારી:
સાંભલ્ય સાચૂં નારી. ૫
શીતલ ઝૂંપડી ઝાડઆં કેરી કો સંતે હાથ સમારી,
તે કૈલાસ કાહાનજીને મન; બુદ્ધિ ગઇ કાં તાહારી?
સાંભલ્ય સાચૂં નારી. ૬
બે અક્ષરમાં ઘણૂં લાધશે, જોજ્યે મંન વિચારી;
જયાનીના પ્રભુ પ્રેમ તણે વશ, માનો બહુ મનુહારી.
સાંભલ્ય સાચૂં નારી. ૭"[1]

બધા સંદેશા કરુણ છે, તેમાં છેલ્લો નંદનો સંદેશો જુઓ:

"આવોજી એક વાર, આતા, આવોજી એક વાર.
દિન દશ રહીને ચાલજ્યો જી, પ્રાણ તણા આધાર. આતા૦ ૧
નાહાનો સરખો નેશડો રે, કાલા ગેહેલા લોક,
ગોકુલ આવો, કાહાનજી રે, તેહનો ટાલવાને શોક; આતા૦ ૨
સોણૂ સરખૂં વહી ગયૂં રે, ખરી ન પોહોતી ખાંત,
સુખ દુ:ખ કેરી વાતડી રે, નવ્ય કીધી એકાંત્ય: આતા૦ ૩
ભાર ઉતારો ભૂધરા રે, ગરઢો જાણીને તાત;
કહોને દુ:ખ મનનૂં કેહે, મોહન, તારી માત? આતા૦ ૪
જો મથુરામાં વસવૂં ગમે રે, તો તેડો અમને સાથ,
ના નવ્ય કહિએ, કાહાનજી, ઝાલી જાતાં હાથ્ય; આતા૦ ૫
સરવ વિના જયદિવ સરે રે, ન સરે તુજ વિના વીર;
કોહોની, કેહી વિધ રાખિએ રે, પ્રાણ વિનાનાં શરીર: આતા૦ ૬
મન જોવાને મોકલ્યા રે, ઉદ્ધવ માહારા તંન,
પણ હીરે જે જન હેલવ્યાં રે, તેહેનાં સ્ફટિકે ન માને મંન. આતા૦૭"

બીજું કાવ્ય સગાળચરિત્ર ૨૩ કડવાંનું કરુણ રસપ્રધાન કાવ્ય છે. શિવપુરાણમાંથી તારવેલી પણ આ એક અર્ધલોકકથા છે. આ વિષયને લઇ આ પૂર્વે ઘણા કવિઓએ કાવ્યો લખ્યાં છે એમાં એક

---

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૬૦૯ ઉપરથી સંપાદિત. (પદ ૫મું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાદી કૃતિ તરીકે વિશ્વનાથની આ કૃતિ પણ સ્થાન મેળવે છે. ખાંડણું ગાતાં કરુણરસની કવિ ઠીક જમાવટ કરે છે:

"શીશ સોહામણૂં સુત તણઉ ખાંડીએ,
રાંધણૂં માંડીએ, રુડા રામજી રે, હાંરે !
હાથ ઉંચો કરિ, હઇડલું ન ફાટે રે,
ઘાટે વિધાતાએ જે ઘડું. હાંરે રુડા૦
ઉદરિ વશા પછી એક દન રે,
મન માહારું ન ઉવેખીઉં રે. હો૦
ટાઢું, ઉન્હું, ખારું મોલું અન રે,
તન, પ્રેમે નવ્ય પેખીઉં રે. હો૦
લક્ષણવંતા લાડકા પુત્ર રે !
સૂત્ર તાહારું સઘલું સુખ રે. હાં૦
ઓપમા દેવા આખાં વિશ્વમાં રે,
સ્વર્ગ પાતાલે હૂં જો ભમું રે. હાં૦
પાંચ વરસનો પુત્ર તું બાલ રે,
કાલ પાખે કલા આવડી રે. હાં૦
વજ્ર થકી આકરું માહારું મંન રે,
તંન પડે જીવે માવડી રે. હાં૦
દ્રષ્ટે પડા પછીનાની રતી રે,
અતિ સંસાર સહૂ વખાણતો રે. હાં૦
આંખડી આંજતાં આકલો થાતો રે,
જાતો બાપ કેં બીહરાવતો રે. હાં૦
મુશલ ખડગના પ્રાહાર તે કયમ ખમા રે ?
મુખ થકી ઉચરો મા'ક્ષાષ્ય રે. હાં૦
કિહિઢિં કંદોરી ખલકતી ખેલ રે,
ગેલ કરતો કુંઅર આવતો રે. હાં૦
ભૂખડી પાખે આવતી સૂખડી રે,
ભાવ રાખી મન ભાવતો રે. હાં૦
ખાંડણૂં ખાંડતાં નાશિકા નીરમલી રે,
દાંત દાડમકલી દીપતા રે. હાં૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માવડી તાહારા પ્રાણ વીસારે રે,
ગુણ તાહારા જૂગ જીવતા રે. હાં૦
આતા, આંખડી કમલની પાંખડી રે,
ખાંડી મુશલપ્રહાર વાગતા રે. હાં૦
કહું નહી, કોણ છિ રૂપ રે,
અકલસ્વરૂપ આહાર માગે રે. હાં૭
ઉઠ, કુએર, તૂં આલસ મોડી રે,
કર બે જોડી મા તાહારી કરગરે રે. હાં૦
ભાંણે ભૂખ્યો બેઠો તાહારો તાત રે.
માત તાહારી ગ્રાસ કચમ ભરે ? હાં૦"[૧]

બીજું કાવ્ય "મોસાળું" ઐતિહાસિક કાવ્ય છે, જો કે એને "ભક્તચરિત્ર" કરી તે પ્રકારમાંથી બાતલ કરવાનું કોઇને ગમે. મહાકવિ પ્રેમાનંદની પૂર્વનાં ત્રણ મોસાળાંમાંથી પ્રેમાનંદને વસ્તુ મળી છે, એ હવે નવું નથી રહ્યું. પ્રેમાનંદે વિશ્વનાથનું મોસાળું ન પણ જોયું હોય, એમ બની શકે, કેમકે વિશ્વનાથ મામેરાનો પ્રસંગ માંગરોળમાં બન્યાનું કહે છે, ઊનામાં નહિ:

"મહેતાની પુત્રી છે જેહ, કુંવરબાઇ નામ કહાવે તેહ;
નેહશું પરણાવી માંગરોળ ગામમાં રે. ૧"[૨]

પ્રેમાનંદ અને વિશ્વનાથ એ બંનેની આ કૃતિઓમાં કોણ કોનાથી ચઢે એનો નિર્ણય આપવો મુશ્કેલ છે, એટલી વિશ્વનાથની કૃતિ સારી છે; કેટલીક વાર આલંકારિક વર્ણનો વિશ્વનાથમાં વિશેષ છે:

"એક રથ મનોહર માગી આણ્યો સથલ સધળે અંગ,
એક વૃદ્ધ બળદ ને આખલો, જોતર્યા જોડી પ્રસંગ. ૨
સહસ્ર કટકે વણી સાંગી, શોભાનો નહિ પાર,
ખટખટ ચેંચૂં ચાલતાં, બહુ શબ્દ થાયે સાર. ૩

---

૧ સગાળશા આખ્યાન, પૃ. ૧૧૯–૨૦ (કડવું ૨૧મું)
૨ બૃ. કા. દો. ભાગ ૮મો, પૃ. ૬૨૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હાંકતાં બેસે બળદીઓ, આખલો તાણી જાય:[1]
નાથે ઝાલ્યા નવ રહે, નકાંનતર બહુ થાય. ૫
ચઢે બેસે ને ઉતરે, તાણે ઝાલી નાથ;
જે કૃષ્ણ વાણી ઓચરે, એમ પોહોત્યો સઘલો સાથ. ૫

× × ×

કુંઅરબાઇનાં સાસરીયાં માંહાં કહી શઘળે વાત;
કોણ સામગ્રી શું આવ્યો છે, ભાઇઓ કુંઅર વહુનો તાત. ૭
સ્વર્ગથી જેમ અપ્સરા દોડે, અમરાવતીને કાજ;
ખલકતી ચુડી રૂપે રૂડી, નેહે નમતી લાજ. ૮
અલછ અહીં શું રહી ઉભી, મહેતો આવ્યા દ્વાર;
કારજ મૂકી કામિની, હસવા તે લાગી નાર. ૯
શંખણી સાંહામો ઉભો માટી, શીશ અંબર ઓઢ;
કુંઅર કેડે શું ચઢાવ્યો, તરુણી પહરો અચોડચ. ૧૦
મેરચ અહીંથી રહે અળગી, ચંપાણો માહારો પાગ;
ઉરજ માહારે અંગ ખુંચે, જોવાનો નહીં લાગ. ૧૧"[2]

આનાથીયે સારા પ્રસંગો આવે છે. વિશ્વનાથે આ કાવ્યમાં "ગોપાલજી તમચો ભક્તિ દોહલી" અને "ઉધ્રડકી ઊઠિયો વેગે વૈકુંઠપતિ" એ બે જૂનાં નરસિંહનાં પદ પણ લીધાં છે. કવિએ કુંવરબાઇના મુખમાં કરુણ રસ પણ સારો જમાવ્યો છે. તે જ પ્રમાણે ભગવાન દોશી થઈ આવ્યા ત્યારે અદ્ભુત રસ જમાવ્યો છે. પ્રેમાનંદથી સ્વતંત્ર જ તેના પૂર્વેની આ વિશ્વનાથની રચના પણ તુલનાત્મક દૃષ્ટિએ વિચારવા જેવી અવશ્ય છે. વિષ્ણુદાસથી માંડી છેક દયારામ સુધીના કવિઓનાં મામેરાંની તુલના કરવામાં આવે તો કાવ્યશાસ્ત્રની દૃષ્ટિએ વિશ્વનાથ અને પ્રેમાનંદની કૃતિઓ અવશ્ય અલગ તરી આવશે. શ્રી. નટવરલાલ છ. દેસાઇએ વિશ્વનાથના વૈશિષ્ઠ્યની પિછાન આ પૂર્વે આપી જ છે,[3] જેનું તથ્ય એ તુલનાથી અવશ્ય સમઝાશે.

---

૧ સરખાવો પ્રેમાનંદનું ચરણ. ૨ એજન, પૃ. ૬૨૭.
૩ બૃ. કા. દો. ભાગ ૮મો, પ્રસ્તા. પૃ. ૧૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિશ્વનાથ જાનીની ભાષાભૂમિકા કઇ? તેના સગાલચરિત્રને જોતાં તેમાં મધ્યકાલીન ગૂજરાતીની ૪ થી ભૂમિકાના અંશ જણાય છે. અને સમયની દૃષ્ટિએ પણ નવા સંસ્કારો રૂઢ સારી રીતે થયા હતા, તે સંક્રમણકાળમાં આવું રૂપ સંભવી શકે.

કાવ્ય રચાયા પછી ૩૫ વર્ષે પાટણમાં જ ઉતારેલી પ્રત[૧] એવું મિશ્ર સ્વરૂપ આપે છે. તેની ભાષામાં આવા જૂના સંસ્કારો રહી ગયા હશે કે લહિયાએ કવચિત્ જૂનું સ્વરૂપ સાચવી રાખ્યું હશે, એ નિશ્ચિત કહી શકાતું નથી. એનાં બીજાં કાવ્યોની હાથપ્રતો એટલી જૂની નથી મળતી એટલે "સગાળચરિત્ર"ની ભાષા એ વિશ્વનાથની ભાષાની ભૂમિકા એમ અત્યારે માનવાનું રહ્યું.

આ કવિએ વ્રજ ભાષાનો પણ ઉપયોગ તેની "પ્રેમપચીશી"માં એક પદમાં કર્યો છે, એ ભાલણથી શરૂ થયેલા ચાલુ કવિ સંપ્રદાયને માન આપીને હશે.

ચરિતસામગ્રીઃ


૧. બૃહત્કાવ્યદોહન ભાગ ૮મો, (ગૂજરાતી પ્રેસ, મુંબઇ)
૨. ગૂજ. સા.ના મા. સૂ. સ્તંભો, દી, બ. કૃ. મો. ઝવેરીકૃત
3. Guj. & its Lit. by K. M. Munshi
૪. નરસિંહ મહેતાનું આખ્યાન, સ્વ. શ્રી હી. ત્રિ. પારેખ–સંપાદિત
૫. સગાળશા આખ્યાન, શ્રી પ્ર. મુ. દેસાઇ–સંપાદિત
૬. ગૂ. વ. સો. હ. લિ. પુ. સંગ્રહની યાદી, (સ્વ. હી. ત્રિ. પારેખકૃત)


૧ પાટણના ભંડારની સં. ૧૭૪૩ની હાથપ્રત (જુઓ. સ. આ. પ્રસ્તા. પૃ.૧૩)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# જન તાપી

[ સં. ૧૭૦૮માં હયાત ]

"**પ્રબોધબત્રીશી**" વગેરે કાવ્યોના સુપ્રસિદ્ધ કર્તા માંડણ અને "વિરાટપર્વ" વગેરે કાવ્યોના કર્તા કાશીસુત શેધજીની જ બંધારા જ્ઞાતિમાં થયેલા તાપીદાસ કે જન તાપીના એક માત્ર પ્રસિદ્ધ થયેલા કાવ્યથી તેના અસ્તિત્વની જાણ પડે છે. આ બંધારા જ્ઞાતિ ભાવસારોનો જ પ્રકાર છે અને અત્યારે રેશમી કાપડ પર ચળકાટ લાવવાનું કામ પ્રાયઃ કરી રહી છે. કારીગર વર્ગની જ્ઞાતિમાંથી પણ સારા કવિઓ પાકી શકે છે, એ માંડણ, શેધજી અને જન તાપીની કૃતિઓથી જાણી શકાય છે.

કવિએ પોતાનાં જ્ઞાતિ, વતન, સમય વિશે થોડી માહિતી તેના અભિમન્યુ આખ્યાનને અંતે આપી છે. ત્યાં તે જણાવે છે કે–

"સંવત **સત્તર આઠોતરો** વર્ષ, આશ્વિન માસ ઉત્તમ શુકલપક્ષ. ૨૦
તિથિ દ્વિતીયા ને ભૃગુવાર, સ્વાતિ નક્ષત્ર જે દિન સાર;
શાકે પન્નર ચુંવોતેર લીધ, આશ્વન માસમાં પૂરણ કીધ. ૨૧
એ ગ્રંથ મુજથી શું થાય, કર્તા હર્તા શ્રી જદુરાય;
મુજ મંદધીથી કયમ લાભે પાર, કીધું પંડિતને આધાર. ૨૨
નહિતર એ બુધ મુજને કાંહાંથી, અક્ષર માત્ર પામ્યો તાંહાં થકી;
તે માટે કીધો પદબંધ, અભિમન ચરિત્ર–કથા સંબંધ. ૨૩
કવિનું કુળ **બંધારા** માંહે, **હરિયાદમાં** બોલ્યો તાંહે:
**ગુર્જરખંડ** માંહે છે વાસ, **ભૃગુક્ષેત્ર નર્મદાની પાસ**. ૨૪

× × ×

હરખ ધરીને સુણજો સર્વ, કૃષ્ણ ભજીને મૂકજો ગર્વ;
**જન તાપી** કહે બોલ્યો જેહ, હરિ–સમરપણ કીધું તેહ." ૨૬

(કડવું ૨૨મું)[1]

---

૧ શ્રી મંજુલાલ ર. મજમૂદાર–સંપાદિત "અભિમન્યુ–આખ્યાન" પૃ. ૫૯–૬૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગૂજરાતમાં નર્મદાને કાંઠે આવેલા ભૃગુક્ષેત્રમાંના ગામ "હરિયાદ" નો[1] એ બંધારો હતો અને સં. ૧૭૦૮ શાકે ૧૫૭૪ માં તેણે એ કાવ્યની રચના કરી. આ હરિયાદ ગામ અત્યારે નથી, પણ "રહિયાદ" ગામ છે. કદાચ લહિયાની ભૂલે "રહિયાદ" નું "હરિયાદ" ને પાછળથી "હરિ–આધાર" થઈ ગયું હોય. નર્મદાના મુખ પાસે નદીથી ચાર માઇલ દૂર આ "રહિયાદ" ગામ અત્યારે છે; નદી દૂર છે, પણ ભરતી વખતે ગામ સુધી પાણી પહોંચે છે.[2]

૨૨ કડવાંનું "અભિમન્યુ આખ્યાન" કવિની એક સ્વતંત્ર કૃતિ છે. મહાભારતના પ્રસંગોને અક્ષરશઃ ન વળગતાં તેણે કાવ્યને રસિક બનાવવા કેટલાક ફેરફારો કર્યા છે. સંસ્કૃત ભાષાનું એને જ્ઞાન છે કે નહિ, એ સિદ્ધ થતું નથીઃ અને તેથી મહાભારત ખાસ તેણે વાંચ્યું હોય તેના કરતાં સાંભળ્યું હોય અને પછી ગૂજરાતીમાં સ્વતંત્ર રચના કરી હોય, તે કાવ્ય જોતાં વધુ શક્ય છે. "કીધું પંડિતને આધાર" એમ એ ઉપરના અવતરણમાં બતાવ્યા મુજબ લખે છે; એટલે ઉપરની કલ્પનાને પુષ્ટિ મળે છે. જૂના કવિઓમાં મહાભારતનાં આખ્યાનો રચનારા નાકર, શેધજી, વિષ્ણુદાસ, શિવદાસ, ભાઉ, વૈકુંઠ વગેરેમાં "વિષ્ણુદાસ" જેવો કોઇક જ મહાભારતને વાંચ્યા બાદ કાવ્ય કરનારો છે; બાકીનાઓએ સંસ્કૃતજ્ઞ બ્રાહ્મણો પાસેથી સાંભળીને જ કાવ્યરચન કર્યું હોય છે. જન તાપી પણ પાછલી કક્ષામાં આવે છે; છતાં એ આખ્યાનકારો જેવો જ બહુશ્રુત હોવાથી ભલે ઉચ્ચ પ્રકારની કવિતા નથી આપી શકતો છતાં સામાન્ય રસ પોષાઈ રહે અને પ્રસંગો સહૃદયહૃદયંગમ થાય તેટલું તો અવશ્ય કરે છે.

જન તાપીમાં કવિત્વના અંશો છે, છતાં એ પોતાને કયાંય કવિ કહેતો નથી. લગભગ ઘણાં કડવાંને અંતે તેણે ઊથલાઓમાં પોતાની છાપ આપી છે, એમાં સર્વત્ર "જન તાપી" એવો દીનતાવાચક શબ્દ-પ્રયોગ મળે છે. એનું નામ "તાપીદાસ" છે, પણ તે પોતાને "જન"

---

૧ કેટલીક પ્રતોમાં "હરિ–આધારે" પાઠ છે.

૨ શ્રી. મં. ર. મજમૂદાર–સંપાદિત "અ. આ." પ્રસ્તાવના, પૃ. ૧૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એવા ભક્તપ્રિય નામથી ઉલ્લિખિત કરે છે; "પ્રભુના જન"માંનો દાસત્વનો ધ્વનિ પોતે ઇષ્ટ માને છે. કવિઓ–ભક્તો–દીનતા બતાવવા આવો "જન" શબ્દનો પ્રયોગ કરતા, તેવું ગૂજરાતી સાહિત્યમાંથી પુષ્કળ મળે છે. પ્રેમાનંદ જેવાએ પણ પોતાને કવિ કહેતાં સામાન્ય ભક્તપ્રણાલીને અનુસરી "જન–પ્રેમાનંદ" એમ પોતાના નામ પૂર્વે "જન" શબ્દનો પ્રયોગ કર્યો છે.[૧]

અભિમન્યુ આખ્યાન અદ્ભુતરસનું કાવ્ય છે. એમાં અભિમન્યુના જન્મની કથા એ એવી આશ્ચર્યોત્પાદક છે; પણ એટલા વેગથી કવિ નિરૂપી શકતો નથી. શ્રી. મંજુલાલ ર. મજમૂદારે વાજબી જ કહ્યું છે કે "કવિની વર્ણનશક્તિ મધ્યમ પ્રકારની છે. કાવ્યનું વસ્તુ ઉકેલતાં, કેટલાંક રસબીજનું માત્ર સૂચન કરીને કવિ, કથાનું સૂત્ર પાછું હાથમાં લઈ લે છેઃ કદાચ પોતાના આખ્યાનના અર્ધશિક્ષિત શ્રોતાવર્ગને કંટાળો ન આવે તે સારૂ કાવ્યની આટલી અધિક ખૂબી કવિએ જતી કરી હોય તો અસંભવિત નથી."[૨] કવિ ક્વચિત્ નહિ જેવું જોશ પકડે છેઃ યુદ્ધપૂર્વે રાયકો ઉત્તરાને તેડી લાવવા જાય છે, ત્યારે ઉત્તરાનું સ્વપ્ન કવિ ઠીક આપે છેઃ

"સાંઢ સોળ સજ્જ કરી રે, રાયકો બેઠો ઉપર તાંહે;
પોહોર એક નિર્ગમી રે, ચાલ્યો વિરાટના પુર માંહે. ૧
મધ્ય નિશા સમે રે, ઉત્તરા સૂતી છે સેજાએ;
ભરનિદ્રા વિષે રે, બાઇને સ્વપ્નાંતર તાંહાં થાએ. ૨
ઘન ગર્જે ઘણું રે, દામની દીસે છે ભેઅંકારઃ
મહાવૃષ્ટિએ કરી રે, જળનો પૃથ્વીપર નહિ પાર. ૩
તે મધ્યે સહી રે, ધડ એક મસ્તક વોહોણું તણાય;
ગર્ધવ ઉપરે રે, નગ્ન છે કાલાંતર તેહેની કાય. ૪

૧ પ્રેમાનંદકૃત "અભિ. આ."માં અનેક ઠેકાણે "જન પ્રેમાનંદ કહે કર જોડી" જેવા પ્રયોગ કર્યા છે. વિશેષ માટે જુઓઃ શ્રી મજમૂદાર–સંપાદિત "અભિ. આ."ની પ્રસ્તાવના પૃ. ૧૧

૨ અભિ. આ. પ્રસ્તા. પૃ. ૧૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અભિમન સેનમાં રે, દીસે કરતો મહાસગ્રામ;
વેરી ઘેરી રહ્યા રે, કંથને ભેદે છે ઠામ ઠામ. ૬
નિદ્રા નિર્ગમી રે, જાગી તો કરે છે રુદન;
હું નથી દેખતી રે, માહારો કુશલ કંથ અભિમન. ૭"[1]

એવાં બીજા પણ થોડાક પ્રસંગો ઠીક અપાયા છે.

એક બીજી કૃતિ અપ્રસિદ્ધ "બભ્રૂવાહનાખ્યાન"ની સં. ૧૭૬૮ માં રચ્યાના ઉલ્લેખવાળી નડિયાદ–ડાહીલક્ષ્મી લાઈબ્રેરીમાં છે. ખરું જોતાં તે ૧૭૦૮ ની જ શક્ય છે. આ રીતે તેની ભાષા અર્વાચીન ગૂજરાતીના આરમ્ભકાળની છે. બેશક એનાં ઘણાં ખરાં કાવ્યોમાં એ આરંભકાળની ભાષા હોવા છતાં કોઈ કોઈ પ્રતમાં એ પૂર્વની મધ્ય. ગૂજ. ને ચોથી ભૂમિકાની છાંટ પણ જણાય છે- કવિએ એ જ ભાષામાં કાવ્ય રચ્યું છે કે લહિયાએ જૂની છાંટ મારી છે, એ એકદમ કહેવું મુશ્કેલ છે, તેના જ સમયમાં સં. ૧૭૧૧ આસપાસની અને કવચિત્ તેથી બે ચાર દાયકા જૂની પ્રતોમાં પણ અર્વાચીન ભાષા લખાયેલી મળે છે. આમ થવામાં ઉચ્ચારણવિકલ્પ યા લેખનકવિકલ્પ કારણભૂત હોય. સં. ૧૭૨૬ માં રાણીપના કોઈ વ્યાસે નકલ કરેલી પ્રતમાં ભાષા આ પ્રમાણે મળે છે:

"રાજા રતનુ આવીઆ તેણે કરુ ડંડપ્રણામ રેઃ
બેહે સેહેત્ર સંઢ માહારેઃ કરું કુહુ તે કામ રે. ૧૮"

(કડવું ૧૧મું)

આના ઉપરથી જે કાંઇ વસ્તુ તરી આવે છે તે એ કે એક તો તેના બભ્રૂવાહન આખ્યાનની સં. ૧૭૬૮ એ રચ્યાસાલ સં. ૧૭૦૮ હોવી જોઇયે અને બીજું એ કે તેના સમયમાં હજી જૂની ભાષાના અંશો લેખનમાંથી તદ્દન લુપ્ત થયા નહોતા.

ચરિતસામગ્રી :

૧. અભિમન્યુ આખ્યાન–શ્રી મંજુલાલ ર. મજમૂદાર–સંપાદિત
૨. પ્રાચીન કાવ્ય સુધા–ભાગ ૧લો–શ્રી છ. વિ. રાવળ–સંપાદિત

---

૧ એજન, પૃ. ૩૧–૩૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# મુકુંદ ગૂગળી

[ સં. ૧૭૦૮માં હયાત ]

**હિંદી અને ગૂજરાતી** એ બંને ભાષામાં કાવ્ય કરવાની શક્તિ ધરાવતો કવિ મુકુંદ દ્વારકાનો ગૂગળી બ્રાહ્મણ હતો. આ કવિએ પોતાનાં બંને કાવ્યો: ૧. ગોરક્ષચરિત્ર અને ૨. કબીરચરિત્રને અંતે પોતાનો પરિચય આપ્યો છે; જેવો કે—

(૧) "ઉદિચ્યમાંથી થયા ઉત્પન્ન, **ગુગળી** નામે જાતિ ધન્ય;
પૂજારી પરમેશ્વરના, સેવક પ્રભુ કેરા ઘરના. ૧૧
સેવક પર થાય દેવ કૃપાળ, ત્યારે કવિ મુકુંદ જાણે રસાળ;
પોષ સુદી એકાદશી જાણ, કર્યું **ગોરક્ષનું ગુણગાન.** ૧૨
બુદ્ધિ જેવી આપી રણછોડ, પહોંચ્યા તેવા મનના કોડ:
**સત્તરસેં આઠની** સાલ, ગોરક્ષ–ગુણ ગાયા રસાળ. ૧૩
**કેશવાનંદ** ગુરૂની પાસ, કર્યો કાવ્યનો અભ્યાસ;
ભાષાગ્રંથ શીખ્યો ભલી ભાત, નિજ ભાષામાં ભરી વાત. ૧૪
મુકુંદ કવિ કરે પ્રણામ, છે **દ્વારકા** માંહે વિશ્રામ;
કૃપા કરે શ્રીરણછોડ, માળા કરવા પહોંચે કોડ. ૧૫"

(પ્રા. કા. ગ્રં. ૧૧, પૃ. ૨૧૦–૧૧)

(૨) "ઉદીચ્યસે ઉતપત્તિ, **ગુગલી** સબકી હુઇ,
મુકુંદકી જાત વોહી, મન જાન્યો આનંદ;
ભાષા–પઢાઈ જાનો, ગુરૂગમસે પિછાન્યો,
આનંદ ઉરમે આન્યો, ગુરૂ **કેશવાનંદ**:
**સતરાસેં અષ્ટ સાલ**, માલિકા મંડી રસાલ,
પહિલોહી મેર સાંચો, **કબીર** આનંદકંદ;
**દ્વારિકામેહી** મુકામ, **કેશવસે** જાન્યો નામ,
માલિકાકી દીની હામ, જગ્યો તબ મુકુંદ. ૮"

(કડવું ૧૫મું–એજન, પૃ. ૨૫૪–૫)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ બંને અવતરણો એક સરખી વાત આપે છે કે મુકુંદ જ્ઞાતિએ ગૂગળી બ્રાહ્મણ અને વતની દ્વારિકાનો હતો; તેણે કેશવાનંદ નામના કોઇ સંન્યાસી પાસેથી હિંદી ભાષાનો અભ્યાસ કર્યો હતો અને સં. ૧૭૦૮ના વર્ષમાં તેણે ભક્તોની "માલિકા" રચવાનો આરંભ કર્યો હતો. કબીરચરિત્ર એ માલાનો મેર=પ્રથમ મણકો છે. તેનું ગોરક્ષ-ચરિત્ર તે જણાવે છે તે પ્રમાણે આ માળાનો આઠમો મણકો છે; તે કાવ્યના આરંભમાં આ હકીકત તેણે આપી પણ છે કે—

> "શ્રીમત્ સંત પ્રતાપથી કરવી, ચરિત્રમાળા જાણ;
> મણકો આ અષ્ટમો, કરૂં મુખે કેમ વખાણ." ૧૨
>
> (એજન, પૃ. ૧૮૮)

આ બે ચરિત્ર જોતાં એમ માનવાને દિલ થાય છે કે મુકુંદ એ પદ્ધતિએ ભક્તોનાં ચરિત્રો લખવા માગતો હતો. ગોરક્ષચરિત્ર જોતાં તેણે બધાં મળી આઠ ચરિત્રો લખ્યાં હોય, તેમાં તો જરા જેટલી પણ શંકા નથી. કેશવાનંદ સંન્યાસીના સંપર્કથી તેણે હિંદી ભાષાના નાભાજીની "ભક્તિમાળ" જેવા ચરિત્રગ્રંથો જેમ જોયા હશે તેમ દ્વારિકામાં યાત્રાએ આવતા અનેક ભક્તો પાસેથી જૂના ભક્તોનાં ચરિત્રો સાંભળ્યાં પણ હશે. કબીરના જન્મના વિષયની જુદી જુદી છ આખ્યાયિકાઓ તેણે આપી છે, એ જોતાં તેણે ભક્તોના વિષયમાં જુદા જુદા ગ્રન્થો તેમ જ ભક્તો પાસેથી મળેલી હકીકતનો ઉપયોગ કર્યો હોવો જોઇયે.

"ગોરક્ષચરિત્ર" તેણે નવ કડવાંમાં અને "કબીરચરિત્ર" તેણે ૧૫ કડવાંમાં રચ્યું છે. "ગોરક્ષચરિત્ર" માં એ થોડો જ પ્રસંગ હિંદી ભાષામાં આપે છે, જ્યારે "કબીરચરિત્ર"માં તેણે ગૂજરાતી કરતાં હિંદી તરફ વિશેષ લક્ષ્ય આપ્યું છે. હિંદી ઉપરનો એનો કાબૂ એની કવિતામાં જણાય છે.

એની ગૂજરાતી કવિતામાં પણ જે વેગ છે, તે એના હિંદી ભાષાના જ્ઞાનને આભારી હોય તો તેમાં નવાઇ નથી. ઝડઝમક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લાવવાનો પ્રયત્ન પણ કદાચ એ જ કારણે હશે. ગોરક્ષચરિત્રના આરમ્ભમાં જ જુઓ:

"સંત સાધુ મહંત સેવી, આનંદકંદ ગાય મુકુંદ રે;
શાંત શીતળતા શરીરે, દાંત મહાંત સુચંદ."

આ પદ્ધતિનો છેકાનુપ્રાસ તેમ જ વૃત્ત્યનુપ્રાસ તે ઘણે સ્થળે પ્રયોજે છે.

હિંદીનો પ્રયોગ એણે ચાલુ કાવ્યમાં કર્યો છે, તેમાં ક્વચિત્ કવિત્ત પણ લખ્યાં છે.

"કરમકે માંહી નાંહીં, સા'ય કરે કેસે સાંઇ,
પૂત આયો હસ્તમે સો ગોબરમે ગડચો હે;
ખાનેકો ધમર્યો હે પાસ, લિખ્યો નહિ તૌ ન પૌચે,
આસ ખાસ સંત કહે, આયો હાથ પડચો હે:
પ્રારબ્ધકે પેચ ખડે, મેરે તેરે માંહી લડે.
કર્મહીકે કૂપ પડે, નીકસે ન કડચો હે;
આનંદ સોહી નિકંદ, દુ:ખકો મિલેહી દંદ,
કર્મમંદસે મુકુંદ, સચ્ચો સોહી ખડચો હે. ૪૨"[1]

શબ્દાલંકારોથી કવિતા ભરચક હોવાને કારણે એમાં ઊંચા પ્રકારની કવિતાનાં આપણને દર્શન નથી થતાં, છતાં તેમાં કેટલીક ઉપયોગી ઐતિહાસિક માહિતી મળે છે, ખાસ કરીને "કબીરચરિત્ર"માંથી. લગભગ ત્રણસો વર્ષ પૂર્વે આ કૃતિ રચાયેલી હોવાથી કબીર–રામાનંદથી એ વધુ નિકટનો છે, એટલે તેની માહિતી વધુ ચોક્કસ કહી શકાય. બેશક, પ્રસંગોમાં કવચિત્ આવતા ચમત્કારો ભક્તચરિત્રોમાં પરંપરાગત આપવામાં આવ્યા છે; એટલાથી આ કાવ્યની ઐતિહાસિકતામાં ખામી આવે તેમ નથી.

ચરિતસામગ્રી:

૧. પ્રા. કા. ગ્રં. ૧૧મો (સ્વ. હ. ગો. કાંટાવાળા–સંપાદિત)

૨. ગૂજ. સા. માર્ગ. સ્તંભો (દી. બ. કૃ. મો. ઝવેરીકૃત)

---

૧ પ્રા. કા. ગ્રંથ, ૧૧મો, પૃ. ૧૯૯ (કડવું ૩જું)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# રતનજી

[ સં. ૧૭૧૩માં હયાત ]

**ગૂજરાતની** બહાર રહીને પણ સાહિત્યસેવા કરનારા ગૂજરાતી કવિઓ કવચિત્ થયા છે, તે માંહેનો રતનજી એક છે. એ કવિએ "દ્રૌપદીચીરહરણ" "સગાળશા" અને "વિભ્રંશી રાજાનું આખ્યાન" એ ત્રણ કાવ્યો રચ્યાં છે, જેમાંના પહેલાનો માત્ર નામનિર્દેશ, જ્યારે બીજું ત્રીજું છપાયેલાં પ્રાપ્ત થાય છે.[૧]

આમાંના "સગાળશા" કિંવા "ચેલૈયાનું ચરિત્ર" એ કાવ્યને અંતે એ પ્રકારનો નિર્દેશ મળે છે; જેમકે

(૧) "ગુરૂપ્રતાપે ભણે **રતનદાસ**, કહોને છાડું કીમ,
મોહનને મળવા માટે રે, જાવું વૈકુંઠની વાટે રે."[૨]

(૨) **રતનદા** કે **ભાંણા**–પ્રતાપે તેને છાડીયે કંમ ?
માવાને મળવા માટે રે જાવુ વઇકુંઠની વાટે. ૨૧"[૩]

એક જ કાવ્યની છેલ્લી કડીના આ બે પાઠમાં હ. લિ. પ્રતનો પાઠ "ભાણા–પ્રતાપે" નોંધે છે. "ભાણા" એ કાંતો કોઇ ગુરુનામ છે, યાતો "ભાનુ"=સૂર્ય છે, અને વિભ્રંશી આખ્યાનમાં પોતાને "ભાનુ" "ભાનુસુત" અને "ભાનુ રતનજી આશ્રય થકી" એમ નોંધે છે, જે નીચે અવતરણોમાં આવશે, એ જોતાં નીચે સિદ્ધ થશે તે પ્રમાણે એ, ભણશાલી હોવાને કારણે ભાનુ=સૂર્યનો આશ્રય નિર્દેશે છે. એ કારણે "સગાળશા" એની કૃતિ માનવામાં બાધ નહિ આવે.

---

૧ બૃ. કા. દો. ભાગ ૫મો, પૃ. ૫૨૬, અને પૃ. ૭૭૭ તેમ જ સગાળશા આખ્યાનમાં પૃ. ૧૭૩–૭૫

૨ બૃ. કા. દો. ભાગ ૫મો, પૃ. ૭૦૯

૩ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૨૫૪ ક (સં. ૧૮૯૦ની પ્રત)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કવિએ "વિભ્રંશી રાજાના આખ્યાન"ના અંતમાં તો થોડી ઘણી માહિતી પોતા વિશે આપી છે; જેવી કે–

"સંવત સતર તેરોતરે આ૦ શ્રાવણ વદી આઠેમ. મન૦
એહ કથા પૂરણ થઇ આ૦ નારાયણનું નામ. મન૦
બાગલાણે કવિ ત્યાં વસે આ૦ નેહોર નર શુભ ઠામ. મન૦
રતનજી હરિદાસ–વલ્લભ, આ૦ ગાયા ગુણ પસાય. મન૦
વિપ્રપ્રસાદે ગાઇ છે આ૦ ભાવી વચન પરિગ્રહ. મન૦
ભાનુ રતનજી આશ્રય થકી આ૦ ભાનુ વચન પરિગ્રહ. મન૦
ભાન કહે રે રતનજી, આ૦ કથા કહે પરિગ્રહ. મન૦"

(પૃ. ૬૧૯)

આમાં જણાવ્યા પ્રમાણે તે નાસીક પાસે આવેલા બાગલાણ ગામમાં રહેતો હતો અને ત્યાં એણે વિપ્રપ્રસાદે સં. ૧૭૧૩ ના શ્રાવણ વદિ ૮ ને દિવસે આ આખ્યાન રચ્યું છે. પોતાને એ હરિદાસ–વલ્લભ કહે છે, એનો અર્થ એટલો જ જણાય છે કે તે હરિના ભક્તને વહાલો હતો. એના ઉપરથી તેના પિતાનું નામ "હરિદાસ" હતું તે નક્કી થઈ શકતું નથી. એ પોતાને "ભાનુ" અને "ભાનુસુત" કહે છે; જેમકે

"ભાનુસુત કહે ભગવંત ભજો, અમર આત્મા થાય રે."
(કડવું રજું–છેલ્લી કડી)

અને

"ભાનુ કહે પુષ્પપર્વતણી કથા નારાયણ અર્પણ થઇ."
(કડવું ૧૦મું–છેલ્લેથી ૩જી કડી)

આ ઉપરથી એમ કહી શકાય કે તેના પિતાનું નામ 'ભાનુ" હશે. પણ એવું નામ સંભવિત છે? હોય તો "ભાણજી" સંભવી શકે, પણ તે સાથે એક સંભાવના થાય છે કે "ભાનુ" અને "ભાનુસુત" એમ બંને પ્રાપ્ત થતાં હોવાથી તે "ભણશાલી" તો નહિ હોય? ભણ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શાલીઓ પ્રથમથી જ વ્યાપારી કોમ છે; એ વ્યાપાર અર્થે ગૂજરાત અહાર પ્રાચીન કાળથી જાય છે. એથી બાગલાણમાં જવું "ભણસાલી"ને માટે પણ અશક્ય નથી. પરંતુ કોઈ પણ જાતના નિશ્ચિત પુરાવા વિના એ કલ્પનાને સત્ય કહી ન શકાય.

"સગાળશા" નાનું ૨૧ કડીનું ગેય પદ છે, અને એનો ઢાળ જોતાં કાફીનાં ધીરાંનાં પદો જેવાં ગાઇ શકાય તેમ છેઃ

"ખાંડણિયામાં મસ્તક ખાંડે મળી પિતા ને માય,
આંખડીએ આંસુ નવ આણે, હરખે હાલરડાં ગાય,
ભોજન ભાવતાં કીધાં રે, પીરસી આગળ દીધાં. ૧૫

સતવાદી તમે સાચાં, અમારે 'અટક છે 'કરવું કેમ?
વાંઝિયાનું ભોજન નથી જમતા, અવિનાશી કહે એમ,
મળી તમે નર મે નારી, જુઓ એ વાત વિચારી. ૧૬

સગાળસા કહેઃ પ્રગટચાં મારાં પૂરવ જનમનાં પાપ,
ગુરુ દૂતમાંને ગૌત્રિયા માર્યાં, માર્યાં મા ને બાપ,
ડૂંગરે દવ લગાડચો રે, તેણે મારો ખેલ બગાડચો. ૧૭

ચંગાવતી કહેઃ સ્વામી! મારે પાંચ મહીનાનું ઓધાન,
ભલે પધાર્યા ભવન અમારે આજ તમે, ભગવાન!
ધણી મેં તો તમને ધાર્યા રે તમે મારા અર્થ સુધાર્યા. ૧૮

ચંગાવતીએ પાળી લેઇ મારી પેટ જં ઘાંહ્ય,
અચાનક આવીને સતીની બહુનામીએ ગ્રહી બાંહ્ય,
ભલી સતી ભક્તિ તારી રે, માગ માગ, મુખ કહે મુરારિ. ૧૯"[૧]

આ નાના કાવ્યમાં કાવ્યગત ચમત્કૃતિ નથી છતાં, વર્ણનની દૃષ્ટિએ કરુણરસની છાયા જણાય છે.

વિભ્રંશી આખ્યાન એ મોટાં ૧૩ કડવાંની લાંબી કૃતિ છે, તેમાં કવિએ વૈશંપાયન–જનમેજયના સંવાદમાં અશ્વમેધપર્વમાં આવતી રાજા

---

૧ સગાળશા આખ્યાન, પૃ. ૨૭૫



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિભ્રંશીની કથા વિસ્તારથી આપી છે. એમાં એણે પૌરાણિક દેશીબદ્ધ રચનાનો આશ્રય કર્યો છે. એ કથા તેણે સ્વતંત્ર રીતે મૂળને અનુસરી આપી છે. એણે મૂળ કથા કોઇ વિપ્ર પાસેથી સાંભળી રચી છે, એ તો તેણે અંતે કરેલા ઉલ્લેખથી સ્પષ્ટ છે. અને તેથી જ જૈમિનીય અશ્વમેધમાં આવેલી આ કથા એણે મહાભારતનો ક્રમ સાચવવા વશંપાયન જનમેજયના સંવાદમાં મૂકી લાગે છે.

અદ્ભુત અને વીરરસના આ કાવ્યમાં કવિ કેટલેક પ્રસંગે ઠીક ઠીક ખીલ્યો છે; અર્જુન અને કૃષ્ણ સમુદ્રમાં ફસાઇ ગયા ત્યારેઃ

"કૃષ્ણે સમુદ્ર તેડીઓ, તે આવીયો તેણી વાર;
વેહેલો કરીને કાઢ અમને, દુઃખ થાય અપાર.
નહીં કાઢે તો બાળી મુકુ, કરૂં હવડાં પાત;
સમુદ્ર ઊઠી ચર્ણે લાગ્યો, સ્વામિ સુણીએ વાત.
સમુદ્ર કહે રે સારિંગધર, જળ કોરડું કરૂં જાણ;
નાહાનાં જળચર બાપડાં, તે મરશે ત્યાં નિર્વાણ.
તું ત્યાં માછી થઈ થકરી, નાંખ ગળ ને જાળ;
કાંટે વળગ્યાં મચ્છ એ, એહુ આવશે તત્કાળ.
સમુદ્રે માછી થઇ, ગળ નાંખ્યો તે વાર:
બ્રહ્મરસ ચોપડયો, મચ્છ લાગીયા ત્યાં સાર.
મચ્છ વળગ્યા બ્રહ્મરસે, તે તાણી કાઢયા બાહાર;
કલેવર તેનાં ચીરીયાં, સમુદ્રે તેણી વાર.
એઉ મચ્છ વધેરીઆ, નીસરયો બભ્રુવાહન;
કૃષ્ણ અર્જુન રામ હનુમંત, નીસરયા રામજંન."[1]

આમ પ્રયત્ન કરે છે. બેશક એની પ્રતિભા આમાં ક્યાંય નથી મળતી: એ એક સાદો આખ્યાનકાર જ તરી આવે છે.

આ કવિની વિશેષતા તેટલા પૂરતી કે એ ગૂજરાત બહાર રહ્યો છતાં માતૃભાષાની સેવા કરવા ઉદ્યત રહ્યો છે. અને તે કાળમાં પ્રચ-

---

૧ બૃ. કા. દો. ભાગ ૫મો, પૃ. ૬૧૨-૧૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લિત દેશીઓમાં કાવ્ય બાંધી આપે છે. "સગાળશા" એનું હોવામાં જો મતભેદ ન હોય તો તેણે કાશીનાં પદના જેવો પદબંધ ધીરા પૂર્વે રચી આપ્યો છે, તેટલી વિશેષતા છે.

આ કવિની આ કૃતિઓથી એ સાદા આખ્યાનકારોની હરોળમાં આવી રહી શકે છે.

ચરિતસામગ્રીઃ

૧. બૃ. કા. દો. ભાગ ૫મો-(ગૂજરાતી પ્રિ. પ્રેસ-મુંબઇ)
૨. સગાળશા આખ્યાન-સં. શ્રી. પ્ર. મુ. દેસાઇ (ગૂજ. વર્ના. સો. પ્રકાશન-અમદાવાદ)
૩. ગૂજ. સા. માર્ગ. સ્તંભો-દી. બ. કૃ. મો. ઝવેરીકૃત

शेठ दे. ला. जैन पु... लायब्रेरी. गोपीपुरा, सुरत.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## હામો

[ સ. ૧૭૧૫માં હયાત ]

**કલિયુગના** મહિમા વિશે જુદા જુદા માણભટ્ટોએ જે કાંઈ લખ્યું છે, તેમાં હામો પણ એક છે. એનો "કલિયુગનો મહિમા" એણે સં. ૧૭૧૫ માં રચ્યો છે, જે નીચેના ઉલ્લેખથી જણાય છે:

"સંવત ૧૭ પનરોતરે । તુમે નારાયણ અવતરે ।
પ્રબોધી બાધી પ્રથવી । નરહર ચરણો ન સહ્યા નમી ॥
હાંમો હરીજન હરિને કહે । બાધી હોય તો લાષ જ લહે ।
× × ×
કલયુગમહિમા હાંમો કહે । ખજૂરડીમાં વાસે રહે."[૧]

આ કવિ હિમો નહિ, પણ હામો છે, એમ હાથપ્રત જોતાં માલૂમ પડે છે. આ કવિનું આ કાવ્ય આરંભમાં તૂટક મળતું હોવાથી તેમ તેણે અંતે વિશેષ પરિચય આપ્યો ન હોવાથી કાંઈ વિશેષ માહિતી મેળવી શકાતી નથી; માત્ર તે કોઈ "ખજૂરડી" ગામનો વતની જણાય છે.

એણે સર્વસામાન્ય કલિયુગની સ્થિતિ ગાઈ છે; જેવી કે—

"..............................પ્રદક્ષણા કો નવિ દે ।
ચેહને ગજ કોપીનનુ કામ તે વ્યાજે બાંધિ બેઠા ગામ ।
અડસઠ તીરથ કો નવિ કરે રહ્યો જીવ માયામાં ધરે ।
બહ્મણ કંન્યા વૃધને દે મોઢેં માગ્યાં નાણાં લે ।
ઘર ઘર હીડે જોતા જોસ પોતે ન ગણે પાપ ને દોસ ।
શુદ્ધ પંડીતના સમા આચાર વગડુ સહુ કો વંઠી વાહાર ।
મધ્યમને ધરિ ઉત્તમ જાય કેહેને કહની છોછ ન થાય ।
ટોલે થૈ તમાકુ પીએ કલયુગનો મહિમા બોલીએ ।

૧ ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૩૨૮

P. P. Ac. Gunratnasuri M.S.		Jin Gun Aaradhak Trust

હીંદુના સુત હોકા લીએ આવીને એક સાથ્ય પિએ ।
એંઠી મુમાં ઘાતે નાલ એક પીએ બીજાની લાલ ।
પુસ્તક વાચી કો હેત...પ્રોછ ધરતી માથ્યિ જાશેં છોછ્ય ।
ગુણિકાને ઘેર ગોઠચો કરે ઉત્તમ તાં એવૂ આચરે ।
દાસી સાથે દિલની વાત ઉત્તમ થૈ ચાલે ઉત્પાત ।
બ્રહ્મચાર યોગી શ્રીપાત તેશૂ બેશી ન કરે વાત ।
ચોરેં ઉછવ મંદિર સૂએ ભવાઇ જૈ પરગામે જુએ ।
નારાયણનુ ન લેં નામ કથા કીર્ત્તન ન સુણે કાંન ।
પ્રભાતે પરનિંદા કરે હરીનું ધ્યાન કાને નવિ ધરે ।"[1]

કવિ સં. ૧૭૧૫ જેટલો જૂનો છે; એટલે કે કવિ પ્રેમાનંદની યુવાવસ્થાનો છે. આ જ અરસામાં સં. ૧૭૦૪ માં, એક પૂર્વે આવી ગયેલા કલોલના સુરભટ્ટે સ્વર્ગારોહણીમાં શરૂઆતમાં કલિયુગનો મહિમા ગાયો છે. આ બે મહિમા સરખાવતાં સુરભટ્ટનો મહિમા વિશદ જણાય છે. આ તો માત્ર એક કડવા પૂરતો જ હોય એમ જણાય છે.

એક હેમો નામક, તોરણા ગામનો બ્રાહ્મણ સં. ૧૮૬૪ માં હયાત હતો, તેની "કર્મકથા" નામની કવિતા કહેવાય છે. આ ઉપરાંત પરચૂરણ પદો મળે છે. એની મરણ તિથિનું-એક પદ સં. ૧૮૬૪ ના કાર્તિક સુદિ ૧ ને શનિવારે પહોર દહાડો ચઢતાં થયાનું મળે છે. આ હેમો ઉપરના હામાથી જુદો જ છે.

ખજૂરડી ગામ કયાં આવ્યું, હામો જાતે કેવો હતો, કયારે જન્મ્યો–મર્યો હતો, બીજી કોઇ કૃતિ લખી હતી કે નહિ, એ વગેરે વિષયમાં કશી માહિતી હાલ ઉપલબ્ધ નથી.

ચરિતસામગ્રી:

૧. ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૩૨૮

---

[1] ગૂ. વ. સો. હ. લિ. પુ. નં. ૩૨૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# કુંવર, જન કુંવર કે રામજન કુંવર

[ સં. ૧૭૧૬માં હયાત ]

**કુંવર, જન કુંવર** કે રામજન કુંવર એ નામનો ઉલ્લેખ ઉદ્ધવકૃત રામાયણમાં ભાલણસુત વિષ્ણુદાસના ગણવામાં આવેલા ઉત્તરકાંડના ૫૪ (વચ્ચે બે કડવાંનું એક કડવું થયેલું છે તે જોતાં ૫૫) કડવાંને અંતે કુંવર, જન કુંવર કે રામજન કુંવરની છાપથી થયેલો મળે છે. ભાલણ રામભક્ત હોવાથી વિષ્ણુદાસે એ નામે કાવ્ય લખ્યું છે, એમ માની સંતોષ લેવામાં આવતો હતો.[1] પણ એ જ કવિના કાવ્યની એક હાથપ્રત શ્રી ફાર્બસ ગૂજરાતી સભાની હ. લિ. પુ. યાદી ભાગ ૨ જાના પૃ. ૧૯૮ પર નોંધાયેલી છે, તે પરથી જાણી શકાય છે કે આ નામનો સ્વતંત્ર કવિ થઈ ગયો છે. પોતાના સંબંધમાં લખતાં તે ઉત્તરકાંડને અંતે જણાવે છે કે–

"પદ એકવીસસે છત્રીશ શોએ ॥ શુભ કડવાં ૫૭ વંન હોએ ॥૧૫॥
ભટ બાલકરશ્ણ કરૂણા કરી જાંણા ॥ બૂંધ આપી સીર મૂકો પાંણા ॥
તેહ તણી કીપાએ કરી ॥ ઉતરકંડ કથા વીસ્તરી ॥૧૭॥
શવત ૧૭૧૬ બોત્રા (?) સાર ॥ આસો વદ તૃતીયા સોમવાર ॥૧૮॥
તે દીન પૂરંણા હવૂ આખાંન ॥ શાહ કરી મૂને શ્રીભગવાંન ॥૧૯॥
વાસે સ્તંભતીરથ છે જાંહ ॥ કવિતા ગ્નીનાત મંકૂર કૂંલ મેહે ॥
અકૂખરત્તર મધે મૂઝ વાસ ॥ વઇશ્નવ જનના કાહાવૂં દાસ ॥૨૧॥
કવી કૂઅર કેહે રાધવરાએ ॥ મૂઝને કરજો પરમ કીપાએ ॥૨૨॥"

(ઉત્તરકાંડ, ૫૭)

કુંવરનાં ઉત્તર કાંડનાં છેલ્લાં બે કડવાંને સ્થાને ઉદ્ધવકૃત રામાયણને અંતે છપાયેલા ઉત્તરકાંડમાં ભાલણ–સુત વિષ્ણુદાસનાં બે

---

૧ જુઓ શ્રી રામલાલ ચૂ. મોદી : ભાલણ પૃ. ૬૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કડવાં છે. ગૂજ. વર્ના. સો. ની નં. ૪૮૫ ની હાથપ્રતમાં પણ તે જ સ્થિતિ છે.

કુંવરે પોતાની ત્રણે છાપ વાપરી છે અને કોઈ જાતના નિયમ મુજબ ગમે તેમ કડવાંને અંતે મૂકી છે;

જેમકે—

(૧) "થઇ રહ્યો જયજયકાર ભાઇઓ, તેહમાં કાંઇ સંદેહ નહિ રે:
**શ્રીરામજન કુંવર** કહે હવે, ઋષિ બહુ આવ્યા સહી રે. ૨૫"[૧]

(૨) "હું હણીશ એને સત્ય એવી, ભગવંતે વાણી કહી રે;
**જન કુંવર** કહે સુર ગૃહે ગયા, તે રાક્ષસે જાણ્યું સહી રે. ૩૯"[૨]

(૩) "એવાં વચન કહ્યાં ઋષિજીએ, આણી મન ઉલ્લાસ;
રઘુનંદન રળિયાત થયા, કહે **કુંવર** હરિનો દાસ. ૪૧"[૩]

આ રીતે આ કવિ સુપ્રસિદ્ધ વિષ્ણુદાસના મકરકુલનો વડનગરો નાગર-બ્રાહ્મણ છે અને ખંભાતનો વતની છે. તેણે કાવ્યપ્રસાદી ભટ્ટ બાલકૃષ્ણ[૪] પાસેથી મેળવી છે. આ ભટ્ટ બાલકૃષ્ણ ખંભાતમાં સારો વિદ્વાન હશે. વિષ્ણુદાસના ગુરુ હરિભટ્ટ અને વિશ્વનાથ, વિષ્ણુદાસ અને શિવદાસનો ગુરુ ભૂધર વ્યાસ, એ બધા તે યુગના થોડા થોડા ગાળા ને અંતરે થયેલા વિદ્વાનો જણાય છે.[૫]

કવિ કુંવર વર્ણનો આપવા પ્રયત્ન કરે છે, પણ તે વેગ સાધી શકતો નથી; જ્યાં તેને પ્રસંગ મળે છે ત્યાં પણ તે સાધી શકતો નથી; જુઓ નીચેનો સીતાવિલાપઃ

"સીતા બોલ્યાં રે, સાંભલ લક્ષ્મણ વાત;
વણ અપરાધે રામચંદ્રે, મુજને કાં કીધી ઘાત. સીતા૦ ૧
રાઘવને ચરણે છે મારૂં, સત્ય નિરંતર મન;
એક દિવસ મેં નથી લોપ્યું, રામ તણું વચન. સીતા૦ ૨

---

૧ ઉદ્ધવકૃત-રામાયણ, પૃ. ૬૫૪ (કડવું ૧લું)

૨ એજન, પૃ. ૬૬૩ (કડવું ૫મું)

૩ એજન, પૃ. ૭૧૭ (કડવું ૨૮મું)

૪ આ વિષયમાં ઉપયોગી કેટલીક ચર્ચા માટે જુઓ આ પૂર્વે પૃ. ૩૧૨-૧૩

૫ જુઓ આ પૂર્વે પૃ. ૩૧૧-૧૭, ૪૩૦-૩૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૂર્વે રામ ગયા વન મધ્યે, ત્યારે હું હતી પાસ;
મુજ અરથે રણમાં રાવણનો, તત્ક્ષણ કીધો નાશ. સીતા૦ ૩
સાસુ કેરાં કે'ણ મધ્યે, હું રેહેતી નિરધાર;
વાંક વિના રઘુનાથજીએ, મને કાઢી વન મોઝાર. સીતા૦ ૪
પૂર્વે શાં મેં પાપ કર્યાં છે, આ ભવ પ્રભવે આપ;
એવું કહીને જનકસુતા પછે, કરતી મહાવિલાપ. સીતા૦ ૫
રામ વિના કયમ રહું એકલી, ઋષિ આશ્રમ મોઝાર;
કો મુજને અપરાધ પૂછશે તો, શું કહીશ નિરધાર. સીતા૦ ૬"[1]

આ જ કુંવરની બે વધુ કૃતિ ૧ "મહીરાંગમકથા"[2] સં. ૧૭૧૧માં અને ૨ "તારકાસુરનું આખ્યાન" સં. ૧૭૧૩ માં રચેલ છે.[3] આ કવિ સંસ્કૃત ભાષાનો જાણકાર હશે કે કેશવદાસની માફક કથા સાંભળી આખ્યાન રચી કાઢતો હશે, તે રામાયણના ઉત્તરકાંડ પરથી સમઝી શકાય તેમ છે. વિષ્ણુદાસે જે પ્રમાણે કવિતા પ્રાયઃ મૂળને અનુસરી કરી છે, તે જ ધાટીએ આણે લખી છે. માત્ર આણે વાલ્મીકીય રામાયણ જોઈને લખી હોય એમ જણાય છે, જ્યારે વિષ્ણુદાસે અધ્યાત્મ રામાયણનો આશ્રય કરી લખી છે.

એની ભાષામાં નહિ જેવા જૂના અંશો છે; બાકી અર્વાચીન સ્વરૂપ આવી ગયું છે.

ચરિતસામગ્રી:

૧. ભાલણ: શ્રી રામલાલ ચૂ. મોદીકૃત
૨. ઉદ્ધવકૃત રામાયણ–સ્વ. હ. ગો. કાંટાવાલા–સંપાદિત
૩. શ્રી. ફા. ગુજ. સભાના હ. લિ. પુ. ની યાદી–ભાગ ૨જો

---

૧ એજન, પૃ. ૭૩૫, (કડવું ૩૬મું)
૨ વડોદરા સેન્ટ્રલ લાઇબ્રેરી–હ. નં. ૨૬૯૦ b (લે. સં. ૧૭૩૦)
૩ જુઓ: આ કાવ્યનો અંત ભાગ; શ્રી. ફા. ગુજ. સભા. હ. યાદી–ભાગ ૨જામાં પૃ. ૮૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust